# સ્વાધ્યાય



સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

સ્વાધ્યાય અને સંશોધનનું
ત્રૈમાસિક

પુસ્તક ૩, અંક ૨

વસંતપંચમી, વિ. સં. ૨૦૨૨

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

# સ્વાધ્યાય

પુસ્તક ૩ : અંક ૨ જાન્યુઆરી, ૧૯૬૬

**વસંતપંચમી અંક** વિ. સં. ૨૦૨૨

## અનુક્રમ

**પૃષ્ઠાંક**

૧. ભગવાન શ્રીકૃષ્ણનાં લગ્નો—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ... ... ૧૬૯–૧૮૨

૨. ઇકોતેર એકોતેર = ૧૦૧—ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી ... ... ૧૮૩–૧૮૪

૩. વાક્યપદીયકાર ભર્તૃહરિ—જયદેવ મો. શુક્લ ... ... ૧૮૫–૨૧૨

૪ સંસ્કૃત સાહિત્યમાં મહાકાવ્યો—બિપિનચન્દ્ર હી. કાપડિયા ... ૨૧૩–૨૨૧

૫ તારાપુરની દંતકથા અને પુરાવસ્તુ—રમણલાલ નાગરજી મહેતા ... ૨૨૨–૨૨૭

૬. ગુજરાતનું પ્રાચીન બંદર ખંભાત—નરોત્તમ વાળંદ ... ... ૨૨૮–૨૩૧

૭. કવિ રામની બે પ્રાચીન રચનાઓ—મંજુલાલ મજમુદાર ... ૨૩૨–૨૪૨

૮. ગણિતશાસ્ત્રનું સ્વરૂપ અને તેની ઉપયોગિતા—ન. મા. ભટ્ટ ... ૨૪૩–૨૫૦

૯. ગ્રન્થાવલોકન

   ૧. લિરિક અને લગરિક ... ... ... ... ૨૫૧–૨૫૩

   ૨. સભાશૃંગાર ... ... ... ... ૨૫૩–૨૫૫

### પૂઠા ઉપરનું ચિત્ર

દક્ષિણ ભારતમાં સિત્તાન્નવાસલની જૈન ગુફામાંના એક ચિત્રનું આ રેખાંકન છે. ઈ. સ.ના દશમા સૈકાની ભારતની ચિત્રકળાનો આ ઉત્તમ નમૂનો છે. (ફોટો : 'આર્કયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા'ના સૌજન્યથી.)

સ્વાધ્યાય

વસંતપંચમી, વિ. સં. ૨૦૨૨ પુસ્તક ૩

જાન્યુઆરી, ૧૯૬૬ અંક ૨

# ભગવાન શ્રીકૃષ્ણનાં લગ્નો

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

પ્રચલિત લોકમાન્યતા અને પુરાણો અનુસાર ભગવાન શ્રીકૃષ્ણને આઠ પટરાણીઓ હતી. તદનુસાર મહાભારતની સમીક્ષિત વાચનાના ઉપોદ્ઘાતમાં તેના વિદ્વાન સંપાદક ડૉ. એસ. કે. બેલ્વેલકરે આઠ પટરાણીઓનાં નામ આ પ્રમાણે આપ્યાં છે: (૧) રુક્મિણી. વિદર્ભના રાજાની કુંવરી. (૨) સત્યભામા, સત્રાજિતની પુત્રી. (૩) જામ્બવતી, જામ્બવતની દીકરી. (૪) કાલિન્દી, યમુના નદીના કાંઠે રાજ્ય કરતા કોઈ રાજાની પુત્રી. (૫) મિત્રવિન્દા, અવન્તીના રાજાની કુંવરી. (૬) સત્યા, અયોધ્યાના રાજાની કન્યા. (૭) ભદ્રા, કૈકય રાજાની દીકરી અને (૮) લક્ષ્મણા, મદ્રરાજાની કુંવરી. ('મૌસલપર્વ,' ઉપોદ્ઘાત, પૃ. ૩૧ની ફૂટનોટ. અહીં ડૉ. બેલ્વેલકરે આ આઠ રાણીઓનાં નામ ક્યાંથી લીધાં છે તે દર્શાવતા કોઈ પણ નિર્દેશ આપ્યા નથી. પણ શ્રીમદ્ ભાગવત ૧૦, અ. ૫૨ થી ૫૮ના આધારે આ લખાણ કર્યું હોય એમ જણાય છે.)

'હરિવંશ' શ્રીકૃષ્ણની આઠ પટરાણીઓ હતી એમ જણાવે છે, એટલું જ. પણ પટરાણીઓનાં નામ ગણાવતાં તેમની સંખ્યા ઘણી વધારી દે છે. સાથે જ બે સ્થળે અપાયેલી યાદીઓમાં પણ ઘણું જુદાપણું છે. 'હરિવંશ' ૨–૬૦–૪૦ થી ૪૩માં આઠ પટરાણીઓ ગણાવતાં રુક્મિણી ઉપરાંત કાલિન્દી, મિત્રવિન્દા, નાગ્નજિતી સત્યા, જામ્બવાનની પુત્રી રોહિણી, મદ્રરાજની પુત્રી ભદ્રલોચના (ભદ્રા?) સુશીલા,[1] સાત્રાજિતી સત્યભામા, લક્ષ્મણા અને શૈબ્યા એમ નવ મહિષીઓ કહી છે! જ્યારે 'હરિવંશ' ૨–૧૦૩–૨ થી ૪માં પણ આઠ પટરાણીઓ ગણાવતાં નીચે મુજબ અગીઆર નામ આપ્યાં છે! રુક્મિણી, સત્યભામા, નાગ્નજિતી, શૈબ્યા, સુદત્તા, લક્ષ્મણા, મિત્રવિન્દા, કાલિન્દી, જામ્બવતી, પૌરવી, સુભીમા અને માદ્રી. એ જ અધ્યાયમાં આગળ ચાલતાં શ્રીકૃષ્ણની (પટરાણીઓ સિવાયની?) બીજી છ જેટલી રાણીઓનાં નામ મળે છે:

---

૧ सुतां जाम्बवतश्चापि रोहिणीं कामरूपिणीम् ॥ 'હરિવંશ' ૨–૬૦–૪૧ગદ્ય.
भद्रराजसुतां चापि सुशीलां भद्रलोचनाम् । 'હરિવંશ' ૨–૬૦–૪૨ગદ્ય.

કેટલાક અનુવાદકો જામ્બવાનની પુત્રી અને રોહિણી એમ બે અલગ રાણીઓ એવો અર્થ કરે છે. એમ થાય તો એક રાણી વધે; જ્યારે સુશીલા એ જ ભદ્રા હોવા સંભવ છે. 'વિષ્ણુપુરાણ' ૫–૩૨–૧થી સ્પષ્ટ રીતે જામ્બવતીઅને રોહિણી બંને જુદી રાણીઓ છે એમ દર્શાવે છે.

શ્રુતસેના, બૃહતી, (બીજી) શૈબ્યા, સુદેવા, કૌશિકી સુતસોમા, યૌધિષ્ઠિરી. ('હરિવંશ ૨–૧૬૩ –૧૪ થી ૨૦). આ રીતે 'હરિવંશ' આઠ કરતાં ઘણી વધુ રાણીઓનાં નામ તો આપે જ છે. એ ઉપરાંત બીજાં લગ્નોના ઉલ્લેખ પણ આપે છે. (જેમકે 'હરિવંશ' ૧–૩૯–૩૪).

'વિષ્ણુપુરાણ' (૫–૨૮–૨ થી ૫) રુક્મિણી ઉપરાંત સાત (૫૮) રાણીઓનો નિર્દેશ કરતાં આઠ નામ (અર્થાત્ કુલ નવ) નામ આપે છે! કાલિન્દી, મિત્રવિન્દા, નાગ્નજિતી સત્યા, જામ્બવતી, કામરૂપિણી રોહિણી, મદ્રરાજાની પુત્રી સુશીલા, સત્યભામા અને લક્ષ્મણા. પણ આગળ શ્રીકૃષ્ણની સંતતિના વર્ણનમાં (૫–૩૨–૧ થી ૫) મિત્રવિન્દાને બદલે શૈબ્યાનું નામ આવે છે, અને ૪–૧૫–૩૫માં ચારુહાસિની નામ મળે છે. પણ સંદર્ભો તપાસતાં તે લક્ષ્મણાનું વિશેષણ જણાય છે. એમ હોવા છતાં 'વિષ્ણુપુરાણ' આઠ પટરાણી કહેવા છતાં નવનાં નામ આપે છે, તે નોંધપાત્ર છે.

'શ્રીમદ્‌ભાગવત' આઠ પટરાણીઓનાં નામ, ૧૬૦૦૦ રાણીઓ અને તે બધાંનાં લગ્નોનો ટૂંક ઇતિહાસ આપે છે. રુક્મિણી, સત્યભામા, જામ્બવતી, કાલિન્દી, મિત્રવિન્દા, સત્યા ઉર્ફે નાગ્નજિતી, ભદ્રા અને લક્ષ્મણા ('ભાગવત' ૧૦, અ. ૫૨ થી ૫૯). પણ આગળ નવ મુખ્ય રાણીઓ કહે છે. નવ મુખ્ય રાણીનાં નામ આ પ્રમાણે છે: રુક્મિણી (વૈદર્ભી), ભદ્રા, જામ્બવતી, નાગ્નજિતી, સત્યભામા, કાલિન્દી, શૈબ્યા, રોહિણી અને લક્ષ્મણા ('ભાગવત' ૧૦–૮૩–૬, ૭). અધ્યાયની અંદરનો ઇતિહાસ જોતાં નામોમાં કંઈક ગરબડ ઊભી થયેલી જણાય છે, જે અભ્યાસનો વિષય બની શકે. ('ભાગવત' ૧૦, અ. ૮૩). વળી આગળ એક સ્થળે ('ભાગવત ૧૦-૯૦-૨૯) ૧૬૧૦૦ રાણીઓ જણાવી છે.

**મહાભારતમાં માત્ર છ જ રાણીઓનાં નામોનો નિર્દેશ મળે છે**—રુક્મિણી, સત્યભામા ઉર્ફે સત્યા, ગાન્ધારી, વિદ્યાધરપુત્રીં જામ્બવતી, શૈબ્યા અને હૈમવતી. તેમાં પટરાણી–મહિષી તરીકે રુક્મિણી અને સત્યભામાના જ ઉલ્લેખ છે. બીજી રાણીઓ માટે 'શ્રીકૃષ્ણની બીજી માનીતી રાણીઓ તપ કરવાનો નિશ્ચય કરી વનમાં ગઈ' (૧૬–૮–૭૨) એવો મોઘમ નિર્દેશ માત્ર પ્રાપ્ત થાય છે.

નરકાસુરે અપહરણ કરીને કેદમાં પૂરેલી ૧૬૦૦૦ કન્યાઓને છૂટી કરીને શ્રીકૃષ્ણ વર્યા, તેની સંખ્યા અંગે મહાભારત અને પુરાણોમાં એકંદર ઠીક ઐક્ય છે. મહાભારત ૧૬૦૦૦નો જ આંકડો કહે છે. 'હરિવંશ' પણ ૧૬૦૦૦ દર્શાવે છે. જ્યારે 'વિષ્ણુપુરાણ' ૧૬૦૦૦ (૫–૨૮–૫), ઉપરાંત ૧૬૧૦૧ (૪–૧૫–૩૪), અને 'ભાગવત' ૧૬૦૦૦ (૧૦–૫૯–૩૩; ૬૯–૨; ૯૦–૫), ઉપરાંત ૧૬૧૦૦ (૧૦–૯૦–૨૯) પણ જણાવે છે. એટલે આ ૧૬૦૦૦ની સંખ્યા આશરે છે એમ ગણવું જોઈએ. (મ. ભા.ના ક્ષેપક વિભાગમાં 'સભાપર્વ' પરિશિષ્ટ–૧–૨૧ લીટી ૯૪૧થી-માં શ્રીકૃષ્ણે નરકાસુરને ત્યાંથી ૧૬૧૦૦ રાણીઓ પ્રાપ્ત કર્યાની હકીકત છે, અને આઠ પટરાણીઓના નિવાસસ્થાન વિશે લીટી ૧૨૩૧થી વર્ણન આવે છે, ત્યાં આઠ રાણીઓનાં નામ આ પ્રમાણે છે: રુક્મિણી, સત્યભામા, જામ્બવતી, ગાન્ધારરાજની પુત્રી સુકેશી, સુપ્રભા, લક્ષ્મણા, મિત્રવિન્દા, સુદત્તા).

મહાભારતમાંથી આ રાણીઓ અંગે મળતી માહિતી અહીં સંક્ષેપમાં જોઈએ:

## (૧) રુક્મિણી

રુક્મિણીનો પિતા ભીષ્મક, દાક્ષિણાત્ય દેશના ભોજવંશીઓનો રાજા હતો. અર્થાત્ ભોજોની દાક્ષિણાત્ય શાખાનો રાજા હતો. ઉત્તરીય શાખાના ભોજો તે યાદવો.[1] તેનું બીજું નામ હિરણ્યલોમા કે હિરણ્યરોમા. કુણ્ડિનપુર તેની રાજધાની. તેનો અહૃતિ[2] નામનો એક ભાઈ જામદગ્ન્ય (રામ) જેવો પરાક્રમી હતો. એના વંશજો 'આહૃતિઓ'નો પણ ભીષ્મક અધિપતિ હતો. તેના પુત્રનું નામ રુક્મિ અને પુત્રીનું રુક્મિણી. ભીષ્મકને વારંવાર 'ઇન્દ્રનો સખા' કહેવામાં આવ્યો છે, એ તેની કર્મકાંડી યજ્ઞપરાયણતા સૂચવતું લાગે છે. (૫–૧૫૫–૧ થી; ૨–૧૩–૨૦ થી ૨૪; ૨૮–૪૦ થી; ૩–૧૩–૨૮, ૧૦૩).

ભીષ્મક બલવાન, ઇન્દ્રનો મિત્ર અને શ્રીકૃષ્ણનો સસરો હતો. શ્રીકૃષ્ણ તેના પ્રત્યે પ્રેમપૂર્ણ અને વિનયી વ્યવહાર રાખતા હતા તથા ખૂબ ભાવ રાખતા હતા. પરન્તુ (મૂર્ખાઈ અને ડરથી) પોતાના કુળને કે બળને જાણ્યા વગર જરાસંધનો દીપ્તિમાન યશ જોઈને (તેમાં અંજાઈને), તેનો ભક્ત થઈને, તેને અધીન થઈ રહ્યો હતો. (૨–૧૩–૨૦ થી ૨૩).

જરાસંધના મૃત્યુ પછી આ વિરોધી વલણ પલટાયું હતું! રાજસૂય યજ્ઞ માટે દક્ષિણ દિશાનો દિગ્વિજય કરવા નીકળેલા સહદેવે સુરાષ્ટ્ર[3] તરફ આવી, સુરાષ્ટ્રાધિપતિ કૌશિકાચાર્ય આહૃતિને પ્રથમ વશ કર્યો. પછી ભોજકટ નગરમાં રહેતા ભીષ્મકના મહામાત્ર (રુક્મિ ભીષ્મકનો પુત્ર હતો, અને તેને મહામાત્ર કહ્યો છે. એ દર્શાવે છે કે મહામાત્રનો હોદ્દો રાજ્યમાં સર્વપ્રથમ હશે.) રાજા રુક્મિ તરફ, તથા સાક્ષાત્ ઇન્દ્રના મિત્ર રાજા ભીષ્મક તરફ દૂત મોકલી કર આપવાનો સંદેશો મોકલ્યો, અને આજના રાજશાસકો અને સત્તાઓ જેવા જ સગવડપંથી ભીષ્મકે તથા રુક્મિએ વાસુદેવના તરફ જોઈને (–મુખ્યત્વે તો પ્રભાવથી દબાઈને પણ દેખાવ જાણે કે 'શ્રીકૃષ્ણની સગાઈને લીધે નમીને કર આપીએ છીએ' એવો કર્યો!) પ્રીતિપૂર્વક સહદેવની આજ્ઞા માન્ય કરીને (કરરૂપે) રત્નો આપ્યાં હતાં. (૨–૨૮–૩૯ થી ૪૨).

---

૧ જુઓ, 'ઉત્તરીય ભોજોનાં અઢાર કુલો જરાસંધના ભયથી થાકીને પશ્ચિમ દિશામાં–દ્વારકામાં આવીને રહ્યાં છે.' ૨–૧૩–૨૪.

૨ સુરાષ્ટ્રનો એક રાજા આહૃતિ કૌશિકાચાર્ય, તે જ આ આહૃતિ જણાય છે. ૨–૨૮–૩૯.

૩ (क) અહીં ભૌગોલિક સ્થાનોમાં 'સુરાષ્ટ્ર'નો જે ઉલ્લેખ છે, તે ઉપરથી અનુમાન થાય છે કે, એ 'સુરાષ્ટ્ર' સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યમાં અન્યત્ર વર્ણવાયેલ સુરાષ્ટ્ર કે સૌરાષ્ટ્ર–કાઠિયાવાડ નથી જ. પણ મોનિયેર વિલિયમ્સના સંસ્કૃત-અંગ્રેજી શબ્દકોશમાં 'સુરાષ્ટ્ર'ને હાલના સુરત આજુબાજુનો પ્રદેશ કહ્યો છે, તે ય ચિંત્ય છે. કેમકે પૌરાણિક કાળમાં સુરતનું અસ્તિત્વ નહોતું. એટલું જ નહિ, સંસ્કૃત સુરાષ્ટ્ર > પ્રાકૃત સુરટ્ઠનું 'સુરત' સાથે શાબ્દિક સામ્ય આકસ્મિક છે. વળી મહાભારતમાં અહીં સહદેવના દિગ્વિજયનો જે માર્ગ વર્ણવ્યો છે, તેમાં પણ અર્વાચીન સુરત આસપાસનો પ્રદેશ આવે એ સંભવિત લાગતું નથી. આ બધું વિચારતાં એમ અનુમાન થાય છે કે વિદર્ભમાં અથવા મહારાષ્ટ્રમાં કોઈક સ્થળે 'સુરાષ્ટ્ર' નામનું જનપદ હશે.

(ख) આરણ્યક अ. ૮૬માં દક્ષિણનાં તીર્થવર્ણન કરતાં, ગોકર્ણ પછી સુરાષ્ટ્રનાં તીર્થ વર્ણવતાં પુરોહિત ધૌમ્ય, હાલના સૌરાષ્ટ્રનાં તીર્થ વર્ણવે છે! (૩-૮૬-૧૬ થી) જો કે તે પછી अ. ૮૭માં પશ્ચિમનાં તીર્થોનાં વર્ણન આવે છે જ; આશ્વમેધિક अ. ૮૪માં અર્જુનના અશ્વમેધયજ્ઞ અંગેની વિજયયાત્રામાં દક્ષિણથી પાછા વળતાં અર્જુન [સુરાષ્ટ્ર, ગોકર્ણ અને પછી પ્રભાસ થઈ દ્વારકા આવ્યા તે વધુ સંગત વર્ણન લાગે છે. ૧૩-૮૪-૧૧ થી.

ભગવાન શ્રીકૃષ્ણનાં પટરાણી અંગે મહાભારતમાં આ પ્રમાણે હકીકત મળે છે :[1]

( ૧ ) બુદ્ધિમાન વાસુદેવે રુક્મિણીનું હરણ કર્યું, ત્યારે પોતાના બાહુબળથી ગર્વિષ્ઠ રુક્મિ, "કેશવને માર્યા વિના હું પાછો ( કુણ્ડિનપુરમાં ) નહિ આવું," એવી પ્રતિજ્ઞા કરીને ચતુરઙ્ગિણી સેના સાથે વાર્ષ્ણેયની પાછળ દોડ્યો હતો. યુદ્ધમાં યોગના ઇશ્વર શ્રીકૃષ્ણે તેને હરાવ્યો એટલે લજ્જાનો માર્યો પાછો કુણ્ડિનપુર ન ગયો, પણ શ્રીકૃષ્ણે તેને જીત્યો હતો તે જ સ્થળે તેણે ભોજકટ ( = ભોજોએ વસાવેલું. कट એ સંસ્કૃત कृतनुं પ્રાકૃત રૂપ છે. અને कट પદાન્તવાળાં બીજાં અનેક નામો પ્રાચીન ઇતિહાસમાં મળે છે. ) નામનું નગર વસાવ્યું હતું. આ રુક્મિ વાસુદેવનું પ્રિય કરવા માટે એક અક્ષૌહિણી સેના લઈને પાંડવોને મદદ કરવા આવ્યો હતો. પરંતુ તેના અભિમાનભર્યા પ્રસ્તાવને કારણે પાંડવોએ મદદ સ્વીકારી નહોતી. ( ૫–૧૫૫–૧૦ થી. પછી દુર્યોધનને મદદ કરવા ગયો પણ આ જ કારણથી તેણે ય રુક્મિની મદદ નકારી હતી. )

( ૨ ) "એ શ્રીકૃષ્ણ એક રથ વડે જ ( એટલા જ ટાંચા સાધનથી ) ભોજ્યા રુક્મિણીનું રાજાઓની વચ્ચેથી બલાત્કારે હરણ કરીને, યશથી દીપતી એવી તેને ભાર્યા તરીકે લાવ્યા હતા, જેમાં મહાત્મા રૌક્મિણેય–પ્રદ્યુમ્ન જન્મ્યા છે." ( ૫–૪૭–૬૮. યુદ્ધ અગાઉ અર્જુને શ્રીકૃષ્ણનાં પરાક્રમ વર્ણવેલાં તેનો અહેવાલ સંજયે કૌરવસભામાં આપ્યો તેમાં. )

( ૩ ) રાજસૂય યજ્ઞમાં શિશુપાલના અપરાધો વર્ણવતાં શ્રીકૃષ્ણે કહ્યું, "મરવા પડેલા આ મૂર્ખે રુક્મિણીની તૃષ્ણા કરી હતી. પણ 'શૂદ્રને જેમ વેદ-શ્રુતિ ન મળે' તેમ રુક્મિણી તેને મળી નહોતી."[2] ( ૨-૪૨-૧૫ ). આના જવાબમાં શિશુપાલે કહ્યું હતું, "કૃષ્ણ ! પૂર્વે મારે માટે નક્કી થયેલી રુક્મિણી વિશે સંસદમાં–તેમાંય ખાસ કરીને રાજાઓની આ સભામાં વાત કરતાં તને શરમ નથી આવતી ? ખરેખર, તારા વિના બીજો કયો પુરુષ સજ્જનો સમક્ષ પોતાની સ્ત્રીને અન્યપૂર્વા કહી શકે ?" ( ૨-૪૨-૧૮, ૧૯ ).

( ૪ ) "...પર્જન્ય જેવા ઘોષવાળા અને સૂર્ય જેવા તેજસ્વી રથમાં બેસીને રુક્મિને

---

૧ ( क ) 'આદિપર્વ' ક્ષેપક ૫૬૬ પ્રમાણે તેમને શ્રીના-લક્ષ્મીના અંશ તરીકે વર્ણવ્યાં જણાય છે પણ વસ્તુતઃ મહાભારતમાં દ્રૌપદીને જ શ્રીના અંશ તરીકે વર્ણવ્યાં છે. ( ૧-૬૧-૯૫ થી ૯૭ ).

( ખ ) ૧-૫૫-૩૪માં 'જેમ કૃષ્ણની સાથે શ્રી ( પત્ની તરીકે ) જોડાયેલાં છે......' એવી ઉપમા છે. તે રુક્મિણીને અનુલક્ષીને સંભવે છે.

( ग ) મહાભારતમાં એક રુક્મિણીના આશ્રમનો ઉલ્લેખ છે. જ્યાં રુક્મિણી ક્રોધમુક્ત થઈ શાન્ત થયાં હતાં. ૩-૧૩૦-૧૫. આ રુક્મિણી કોણ, તે નક્કી થઈ શકતું નથી.

૨ न च तां प्राप्तवान्मूढः शूद्रो वेदश्रुतिं यथा ॥ ૨-૪૨-૧૫ગઘ આ કહેવત જેવું વાક્ય, મહાભારતનો આ ભાગ લખાયો ત્યારે, ખૂબ રૂઢ બની ગયું હશે. ખરેખર તો શ્રીકૃષ્ણનું જીવન, સ્ત્રીઓ, વૈશ્યો, શૂદ્રોના ઉત્થાનમાં ગયેલું. તેમના મુખમાં મુકાયેલ આ કહેવત અડવી લાગે છે. શ્રીકૃષ્ણનું તેજ તો નીચેના નાના પ્રસંગમાં દેખાય છે.

વિદુરને ક્ષત્તા–દાસીપુત્ર કહીને વારંવાર અપમાનવામાં આવતા. પણ શ્રીકૃષ્ણે તો, રૂઢિચુસ્ત સ્મૃતિ-નિયમો અનુસાર, કેવળ બ્રાહ્મણને જ પૂછી શકાય એવા કુશળપ્રશ્નોથી, હસ્તિનાપુરથી દ્વારકા જતાં અગાઉ વિદાય લેતાં, તેમની કુશળતા પૂછી હતી. ૧૪-૫૧-૩૦. કુશળપ્રશ્નોના ધર્મશાસ્ત્રવિહિત નિયમ અંગે જુઓ મનુ. ૨-૧૨૭.

યુદ્ધમાં હરાવી, તમે ભોજ્યાને–ભોજરાજાની પુત્રી રુકિમણીને મહિષી તરીકે પ્રાપ્ત કરી હતી." ( ૩-૧૩-૨૮. વનવાસમાં શ્રીકૃષ્ણનાં પરાક્રમ વર્ણવતાં, અર્જુનનાં વચનોમાંથી ).

( ૫ ) "...કૃષ્ણ! જેમ તમે ભીષ્મકાત્મજા રુકિમણીને જીતી લાવ્યા હતા, તેવી જ રીતે સવ્યસાચી–ડાબે હાથે બાણ ફેંકી શકનાર, અર્જુને મને મેળવી છે." ( ૩-૧૩-૧૦૨. દ્રૌપદીસ્વયંવર પછી અર્જુન–ભીમને રાજાઓ સાથે લડવું પડયું હતું તેનો ઉલ્લેખ છે. જુઓ 'આદિપર્વ' અ. ૧૮૦, ૧૮૧. વનવાસમાં શ્રીકૃષ્ણ પાંડવોને મળવા આવ્યા ત્યારે દ્રૌપદીએ તેમની આગળ દિલ ઠાલવતાં કહ્યું તેમાં.)

( ૬-૧ ) પશુભર્તા–જીવોના અધિપતિ શંકરનું બાર વર્ષનું આરાધન કર્યા પછી શ્રીકૃષ્ણને રુકિમણીથી ચારુદેષ્ણ, સુચારુ, ચારુવેષ, યશોધર, ચારુશ્રવા, ચારુયશા, પ્રદ્યુમ્ન અને શંભુ એ આઠ પુત્રો થયા હતા. (૧૩-૧૪-૧૭). આ પૈકી પ્રદ્યુમ્ને શમ્બરને માર્યો,[1] તે પછી બાર વર્ષે જામ્બવતીએ રુકિમણીના પુત્રો જેવો એક પુત્ર મેળવવા શ્રીકૃષ્ણની પ્રાર્થના કરી હતી. ( ૧૩-૧૫-૧૨ થી. )

( ૭-૨ ) શ્રીકૃષ્ણે બાર વર્ષનું મહાઘોર બ્રહ્મચર્ય પાળીને હિમાલયની પડોશમાં તપ કર્યું તે પછી સમાનવ્રતચારિણી રુકિમણીમાં તેજસ્વી સનત્કુમાર ( –૧° જેવો, ૨°નો અવતાર ) પ્રદ્યુમ્ન જન્મ્યો હતો. ( ૧૦-૧૨-૨૯, ૩૦ ).

*  *  *

રુકિમણી ઘણાં પ્રેમાળ હતાં. વનવાસમાં પાંડવોને મળવા ગયેલાં સત્યભામાએ દ્રૌપદીને તેમના પુત્રોના—પોતાના સગા મામા ધૃષ્ટદ્યુમ્નને ત્યાં ન ગમવાથી ઓરમાન મામા શ્રીકૃષ્ણને ત્યાં ગયેલા તે—સમાચાર આપતાં કહ્યું હતું, "...વળી પદ્યુમ્નની જનની રુકિમણી તમારા પુત્રોનું સર્વ રીતે પ્રેમથી લાલનપાલન કરે છે." ( ૩–૨૨૪–૧૩ ). આગળ ચાલતાં સત્યભામાએ કહ્યું, "કેશવ, મારા સસરા વસુદેવ અને બલરામ વગેરે યાદવો તમારા પુત્રો ઉપર પ્રદ્યુમ્નના જેટલો જ પ્રેમ રાખે છે;" ( ૩–૨૨૪–૧૪ ). આ પ્રદ્યુમ્ન યાદવોનો કેટલો લાડકો હતો એ દર્શાવે છે.

*  *  *

બ્રાહ્મણસત્કારનું માહાત્મ્ય સમજાવતાં મહાભારતના 'અનુશાસન પર્વ' અ. ૧૪૪માં એક પૌરાણિક કથા આપી છે. તેમાં અપાર ક્રોધી દુર્વાસા મુનિનું શ્રીકૃષ્ણે રુકિમણી સહિત આરાધન કર્યું તેની હકીકત છે. આ ક્રોધી બ્રાહ્મણે શ્રીકૃષ્ણની કેટલીય પજવણી કર્યા બાદ પોતાના એઠા દૂધપાકથી સર્વાંગે ખરડાયેલા અંગવાળાં કૃષ્ણ-રુકિમણીને રથમાં જોડયાં તથા દ્વારકામાં ફર્યો, અને રુકિમણીને શ્રીકૃષ્ણના દેખતાં જ ચાબૂકથી, રથમાં જોડેલા ઘોડાને જેમ ફટકારે તેમ ફટકાર્યાં, તથા તેથી પણ ઘણો વધુ ઉપદ્રવ કર્યો. છતાં શ્રીકૃષ્ણ ગુસ્સે ન થયા ત્યારે પ્રસન્ન થઈ ને કૃષ્ણ-રુકિમણીને વરદાન આપ્યાં. તેમાં રુકિમણીને કહ્યું, "સર્વ સ્ત્રીઓમાં તારો યશ શ્રેષ્ઠ થશે. જગતમાં તું સર્વોત્તમ કીર્તિ પ્રાપ્ત કરીશ. વૃદ્ધાવસ્થા, રોગ કે વૈવર્ણ્ય–કુરૂપતા તને પ્રાપ્ત નહિ થાય. તું પવિત્ર સુવાસવાળી થઈશ. તું કૃષ્ણનું આરાધન કરીશ. અને કેશવની ૧૬૦૦૦ પત્નીઓમાં સર્વ કરતાં શ્રેષ્ઠ-વરિષ્ઠ થઈશ. તથા કેશવના સમાન લોકોને પ્રાપ્ત થઈશ." ( ૧૩–૧૪૪–૪૦ થી ૪૩ ).

---

૧ બાળક પ્રદ્યુમ્નને શમ્બર હરી ગયેલો. શમ્બરની પત્ની માયાવતીએ તેને ઉછેરી મોટો કર્યો. મોટો થતાં તેણે શમ્બરને માર્યો અને દ્વારકા પાછો આવ્યો, એવી કથા છે. 'હરિવંશ' વિષ્ણુપર્વ અ. ૧૦૪ થી ૧૦૮; 'વિષ્ણુપુરાણ' ૫, અ. ૨૭; 'ભાગવત' ૧૦, અ. ૫૫.

આ કથા બ્રાહ્મણોનું વર્ણગત ભારે મહત્ત્વ દર્શાવવા લખાયેલી છે, તે સ્પષ્ટ છે.

* * *

શ્રી પદ્મા-લક્ષ્મીદેવી કેવાં સદ્‌ગુણી સ્ત્રી કે પુરુષમાં વસે છે, તે અંગે રુક્મિણી અને નારાયણના પડખે બેઠેલાં તેજસ્વી, તથા કમળસમાન મુખવાળાં શ્રી દેવીનો સંવાદ ‘ અનુશાસનપર્વ ’ અ. ૧૧માં છે. આ શ્રી-રુક્મિણીસંવાદ ગરુડધ્વજ શ્રીકૃષ્ણની સમક્ષ થયેલો. અર્થાત્ આ કથાનક શ્રીકૃષ્ણ નારાયણના અવતાર મનાયા તે અગાઉની પરંપરાનું છે.

એ સંવાદમાં શ્રીએ પોતે કેવાં સદ્‌ગુણી, કર્તવ્યપરાયણ અને સંયમી સ્ત્રી-પુરુષોમાં, કયા સુંદર, મનોરમ, રમણીય, પવિત્ર અને કાવ્યમય સ્થળોમાં અને ઘટનાઓમાં વસે છે તે દર્શાવ્યું અને પછી કહ્યું, “ ...પણ નારાયણમાં તો હું સર્વભાવથી શરીર ધારણ કરીને એકચિત્તે વસું છું, કારણ તેમના એકમાં જ મહાન ધર્મ, પવિત્રતા અને પ્રિયપણું (પૂર્ણતાએ) રહેલું છે.” (૧૩-૧૧-૯). આ સંવાદમાં શ્રીને ‘ મહર્ષિકન્યે ! ’ એમ ( ૧૩-૧૧-૪ ) સંબોધન કર્યું છે. ૧-૬૦-૧૩માં દક્ષપુત્રી અને ધર્મપત્ની તરીકે ઉલ્લિખિત લક્ષ્મી અહીં સંમીલિત થઈ હોય એમ સંભવે.

આ સંવાદ અને આની અગાઉ મૂકેલો પૌરાણિક પ્રસંગ જોતાં, રુક્મિણી શ્રીકૃષ્ણનું ગૃહજીવન સુવ્યવસ્થિત રાખી, સહકાર આપી પ્રેમપૂર્વક અજવાળતાં હશે. તેમનું વ્યક્તિત્વ બહિર્મુખી નથી દેખાતું.

* * *

યાદવાસ્થળી પછી અર્જુન યાદવોની સ્ત્રીઓ તથા બાળકોને લઈ જવા દ્વારકા આવ્યા ત્યારે અનાથ બનેલી વાસુદેવની ૧૬,૦૦૦ સ્ત્રીઓ, સત્રાજિતની પુત્રી સત્યા (સત્યભામા) અને રુક્મિણી વગેરે તેમને વીંટાઈ વળીને પછાડ ખાઈને રડી હતી. પછી તે સર્વે અર્જુનને કાંચનપીઠ—સોનાના બાજઠ ઉપર બેસાડીને ઊભી રહી. એટલે અર્જુને શ્રીકૃષ્ણનાં ગુણગાન કરીને, તેમના પ્રસંગો કહીને એ સ્ત્રીઓને આશ્વાસન આપ્યું. ( ૧૬-૬-૫ થી ૧૫ ).

* * *

અર્જુન દ્વારકાથી બધાંને લઈને નીકળ્યા. રસ્તામાં લૂંટાયા. ત્યાંથી ઇન્દ્રપ્રસ્થ તરફ આવતાં, કૃતવર્માના પુત્રને અને અપહરણ થતાં બચેલી ભોજરાજની ( = ઉગ્રસેનની ? ) સ્ત્રીઓને માર્તિકાવતમાં રાખી, ( ૧૬–૮–૬૬, ૬૭ ). પછી ઇન્દ્રપ્રસ્થમાં શ્રીકૃષ્ણના પૌત્ર વજ્રને ( ૧૬–૮–૩૭, ૩૮. ‘ હરિવંશ ’ ૨–૧૦૩–૨૮ પ્રમાણે શ્રીકૃષ્ણ > પ્રદ્યુમ્ન > અનિરુદ્ધ > સાનુ > વજ્ર એટલે કે પૌત્રનો પણ પૌત્ર ગણાય. ) રાજ્ય આપ્યું. તે પછી રુક્મિણી, ગાન્ધારી, શૈબ્યા, હૈમવતી અને જામ્બવતીએ અગ્નિપ્રવેશ કર્યો તથા સત્યભામા અને શ્રીકૃષ્ણની બીજી માનીતી રાણીઓ તપ કરવાનો નિશ્ચય કરી વનમાં ગઈ—એટલે કે તેમણે વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો.[1] ( ૧૬–૮–૬૯ થી ૭૨ ).

## ( ૨ ) સત્યભામા

સત્રાજિત યાદવનાં દીકરી સત્યભામા ઉર્ફે સત્યા[2] શ્રીકૃષ્ણનાં પ્રિય મહિષી હતાં. ( ૩–૨૨૨–૩ થી ૧૦; ૪–૮–૧૭ વ. ) મહાભારતના ઉલ્લેખો મુજબ શ્રીકૃષ્ણની સાથે પ્રવાસમાં ( મુખ્યત્વે ) સત્યભામા હોય છે. વળી એ નિર્દેશો સત્યભામાનો મોજીલો રાજસી સ્વભાવ પણ અમુક અંશે વ્યક્ત કરે છે.

---

૧ આ સંન્યાસ નહિ હોય. અક્રૂરની પત્નીએ સંન્યાસ લીધેલો. वज्रेणाक्रूरदारास्तु वार्यमाणाः प्रवव्रजुः ॥ ૧૬–૮–૭૦ગ઼ઘ. શ્લોકમાં अक्रूर ને બદલે अक्रुर લખ્યું છે તે ભૂલ જણાય છે.

સત્યભામા અંગે મહાભારતમાં આ પ્રમાણે માહિતી છે: (૧) વનવાસ દરમ્યાન પાંડવો કામ્યક વનમાં હતા, ત્યારે ઇન્દ્ર અને પૌલોમિની જેમ, શ્રીકૃષ્ણ-સત્યભામા તેમને મળવા આવ્યાં અને ત્યાં માર્કંડેયે શ્રીકૃષ્ણની વિનંતીથી પાંડવો અને સત્યભામાસહિત સૌ શ્રોતાઓને પુરાણોની સુંદર કથાઓ અને સદાચારની વાતો કહી. (૩–૧૮૦–૬, ૭ થી; ૪૦, ૪૧ થી).

એ વાતો ચાલતી હતી, દરમિયાન દ્રૌપદી અને સત્યભામા બન્ને સખીઓ એકાન્ત સ્થળમાં ગંઈ અને જાતજાતની મધુર વાતો કરવા માંડી. વાતો કરતાં શ્રીકૃષ્ણની પ્રિય મહિષી સત્યભામાએ યાજ્ઞસેની દ્રૌપદીને પૂછ્યું, "હે દ્રૌપદી! લોકપાલ જેવા આ પાંડવો કેવી રીતે તમારે વશ થઈને રહ્યા છે, અને તમારું જ મોં જોયા કરે છે? એ વશીકરણ કયા વ્રત, તપ, સ્નાન, મન્ત્ર, ઔષધિ, વિદ્યા, મૂળિયાનો પ્રભાવ, જપ, હોમ અને ઓસડિયાંથી થયું છે? તે મને કહો, એટલે કૃષ્ણ પણ મને જ વશ થઈને રહેશે!" (૩-૨૨૨-૧ થી ૮; જુઓ ૧-૨-૪૫, ૧૨૫).

જવાબમાં પતિવ્રતા દ્રૌપદીએ સત્યભામાને આવો, દુષ્ટ સ્ત્રીઓનો આચાર પૂછવા માટે ઠપકો આપ્યો અને પછી પોતે સંપૂર્ણ ભાવપૂર્વક પાંડવોમાં કેવી રીતે ઓતપ્રોત થઈ ગઈ છે તે વર્ણવીને છેવટે કહ્યું, "રાત હોય કે દિવસ પણ હું આ કુરુવંશીઓને ભૂખ-તરસમાં (સુખ-દુઃખમાં) સહાય કરું છું. તેમની સેવા કરવામાં મને રાત અને દિવસ સરખાં જ છે. હું કાયમ સર્વથી પહેલી જાગું છું અને સૌથી છેલ્લી સૂઈ રહું છું. હે સત્યા! આ જ મારું વશીકરણ છે. પતિને વશ કરનાર આ એક જ વશીકરણ હું જાણું છું." (૩-૨૨૨-૫૫, ૫૬).

અને સત્યભામા પણ દ્રૌપદીને વશ થઈ ગયાં! ક્ષમા માગી, તથા 'સખીઓ ઉપહાસમાં ગમે તેમ બોલે' કહી વાતને રોળીટોળી નાખી! (૩-૨૨૨-૫૮, ૫૯).

પછી દ્રૌપદીએ સત્યભામાને શ્રીકૃષ્ણની સર્વાત્મભાવે આરાધના કરવાનું સૂચવતાં અનેક રીતે પતિને પ્રસન્ન કરવાના ઉપાયો બતાવતાં કહ્યું કે, "આમ કરતાં, 'હું આને જ પ્રિય છું' જાણીને કૃષ્ણ પણ તમને જ વળગી રહેશે....ઇ." (૩, અ. ૨૨૩).

માર્કંડેય વગેરે બ્રાહ્મણો સાથેની વાતો પૂરી થઈ. પછી શ્રીકૃષ્ણે પાંડવો સાથે ખાનગી મન્ત્રણા કરી અને તેઓ દ્વારકા જવા નીકળ્યા. દ્રૌપદીની વિદાય લેતાં સત્યભામાએ ભાવપૂર્વક ભલામણો કરી, આશ્વાસન આપ્યાં, તેના પુત્રોના સમાચાર આપ્યા અને મીઠાશથી ભાવિનાં મંગળ એંધાણ આપ્યાં. દ્રૌપદીના પુત્રોના સમાચાર આપતાં સત્યભામાએ પોતાના પુત્ર ભાનુનો ઉલ્લેખ કરતાં કહ્યું, 'કેશવ પોતે ભાનુ વગેરે[2] પુત્રો કરતાં પણ તેમની વિશિષ્ટ કાળજી રાખે છે.' (૩-૨૨૪-૧૩). એ પછી પોતે શ્રીકૃષ્ણનાં પટરાણી (હતાં છતાં દ્રૌપદી પ્રત્યેના ગુણાનુરાગથી) કૃષ્ણાની પ્રદક્ષિણા કરી રથમાં બેઠાં. (૩-૨૨૪-૧૬).

(૨) પાંડવોની છાવણીમાં દૂતકાર્ય કરવા ગયેલો સંજય, કૃષ્ણાર્જુનને ધૃતરાષ્ટ્રનો સંદેશો કહેવા તેમના અંતઃપુરમાં ગયેલો. એ અંતઃપુરમાં અભિમન્યુ, નકુલ અને સહદેવ (અર્થાત્ નાની

---

૧ 'સત્યા' નામ માટે જુઓ, ૧-૨-૧૨૫; ૩-૨૨-૯, ૫૬, ૫૮; ૩-૨૨૪-૨; ૫-૫૮-૭.

૨ ભાનુ સત્યભામાનો પુત્ર હતો. જુઓ 'હરિવંશ' ૨-૧૦૩-૭, ૮; 'ભાગવત' ૧૦-૬૧-૧૦, ૧૧. મહાભારત ભાનુ કયી રાણીનો પુત્ર હતો તે વિષે મૌન છે.

ઉંમરના માણસો ) નહોતાં આવતાં. ત્યાં તેણે કૃષ્ણ-સત્યભામા અને અર્જુન-દ્રૌપદીને મધુપુષ્પનો આસવ—એક જાતનું હળવું મદ્ય, પીને આનંદથી બેઠેલાં જોયાં હતાં. ( ૫–૫૮–૩ થી ). બન્ને મિત્ર કૃષ્ણાર્જુન અને તેમની પત્નીઓની ગાઢ મૈત્રી આ બીનાથી સૂચિત થાય છે.

( ૩ ) દ્રૌપદી વનવાસના ગુપ્તનિવાસવાળા વર્ષમાં વિરાટ રાજાની રાણી સુદેષ્ણાને ત્યાં, ' પૂર્વે હું કૃષ્ણની પ્રિય મહારાણી સત્યભામા અને પાંડવોની પરમ સુંદર પત્ની કૃષ્ણાની સેવામાં હતી ' ( ૪–૮–૧૭ ) એમ કહીને માલિની નામની સૈરન્ધ્રી—કલાકાર દાસી—તરીકે રહી હતી. આ પ્રસંગ સત્યભામા અને દ્રૌપદીની કલાજ્ઞતા અને કલાસૂઝની વિખ્યાતિનો નિદર્શક છે.

( ૪ ) સત્યભામાના શ્રીકૃષ્ણ સાથેના લગ્ન અંગેનો એક જ આછો નિર્દેશ મહાભારતમાં છે. યાદવો તીર્થયાત્રા માટે અને ખાસ તો મદ્યની મોજ માણવા માટે પ્રભાસમાં આવ્યા. ત્યાં સારી પેઠે પીને ચકચૂર બન્યા. ગાનતાન ચાલવા માંડ્યાં. ભાન ભૂલવા માંડ્યા. બ્રાહ્મણભોજન માટેનું અન્ન સુરા મેળવીને વાનરોને ખવડાવી દીધું ! ઠઠ્ઠામશ્કરી શરૂ થઈ. તેમાંથી સાત્યકિ અને કૃતવર્મા વચ્ચે ચકમક ઝરી. આક્ષેપ—પ્રતિઆક્ષેપ થયા. તેમાં કૃતવર્માએ સાત્યકિને, તેણે ડાબો હાથ કપાઈ ગયા પછી પ્રાયોપવેશન કરી બેઠેલા ભૂરિશ્રવાને મારી નાખ્યો હતો તે અધાર્મિક કૃત્યની યાદ આપી. ( ૧૬–૪–૬ થી ૨૦; ભૂરિશ્રવાના વધના પ્રસંગ માટે જુઓ ૭, अ. ૧૧૭ થી ૧૧૯. ) એ અધાર્મિક કૃત્યમાં શ્રીકૃષ્ણની સંમતિ નહોતી, તેથી સાત્યકિ પોતાનો ખાસ માણસ હતો છતાં તેના તરફ તેમણે ક્રોધભરી વક્રદૃષ્ટિથી જોયું અને દારૂથી ગાંડા બનેલા સાત્યકિએ તરત જ, સત્રાજિતના સ્યમન્તક મણિની વાત શ્રીકૃષ્ણને યાદ કરાવી શ્રીકૃષ્ણ અને કૃતવર્મા બન્નેનું અપમાન કર્યું. આ સાંભળી સત્યભામા ખૂબ ચિડાયાં અને શ્રીકૃષ્ણને કોપાવતાં, તેમના પડખામાં ઊભાં રહ્યાં. ( ૧૬–૪–૨૧ થી ૨૩ ). પણ સાત્યકિનો આશય તો દ્રૌપદીના—સત્યભામાં અને શ્રીકૃષ્ણની સખીના—પુત્રો વગેરેનું વેર લેવાનો હતો, કંઈ સત્યભામાને ચીડવવાનો નહોતો. એટલે તેણે સત્યભામાને ઉદ્દેશીને પોતાનો આશય કહી સંભળાવી, કૃતવર્માને મારી નાખ્યો.[૧] ( ૧૬-૪-૨૪ થી ).

( ૫ ) યાદવ સ્ત્રી-બાળકોને લેવા અર્જુન દ્વારકા આવ્યા ત્યારે રુક્મિણી વગેરેની સાથે સત્યભામા પણ તેમની આગળ પછાડ ખાઈને રડયાં હતાં. ( ૧૬-૬-૫ થી ૧૫. જુઓ ઉપર ' રુક્મિણી ' વિભાગના અંતે ) અને ઇન્દ્રપ્રસ્થ પહોંચ્યા પછી શ્રીકૃષ્ણની બીજી માનીતી રાણીઓ સાથે વનમાં ગયાં હતાં—વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો હતો. ( ૧૬-૮-૭૧, ૭૨ ).

## ( ૩ ) જામ્બવતી

મહાભારતમાં એમને કપીન્દ્રપુત્રી અને વિદ્યાધરેન્દ્રની પુત્રી તરીકે ઓળખાવ્યાં છે.[૧] તેમણે રુક્મિણીના પુત્રો જોઈને શ્રીકૃષ્ણને તેમના જેવો જ બલવાન, ગુણવાન, રૂપાળો અને નિર્દોષ એક

---

૧ (क) સાત્યકિ અર્જુનનો પ્રિય શિષ્ય અને મિત્ર હતો તેમ જ શ્રીકૃષ્ણનો પણ પ્રિયપાત્ર હતો.

(ख) સ્યમન્તકમણિ, તેને લીધે શ્રીકૃષ્ણ ઉપર આવેલાં મિથ્યાકલંક, સત્રાજિતની હત્યા અને સત્યભામાના લગ્નની વિગત માટે જુઓ લેખને અંતે પરિશિષ્ટ ૧. સત્રાજિતની હત્યામાં અક્રૂર ઉપરાંત કૃતવર્મા કારણભૂત હતો એમ વિષ્ણુપુરાણ ( ૪-૧૩-૬૭થી ) અને ' ભાગવત ' ( ૧૦-૫૭-૩ થી )માં છે. ' હરિવંશ ' અક્રૂર ( વગેરે ) લખે છે ત્યાં કૃતવર્માનું નામ નથી, પણ મહાભારતનો પ્રસંગ જોતાં કૃતવર્મા હત્યા કરાવવામાં કારણભૂત વર્તાય છે ( હરિવંશ ' ૧, अ. ૩૯ ).

પુત્ર આપવા વિનંતી કરી. (૧૩-૧૪-૧૧ થી). પછી કપીન્દ્ર અને વિદ્યાધરની પુત્રી જામ્બવતીની આજ્ઞા લઈને તથા શુભેચ્છાઓ સ્વીકારીને શ્રીકૃષ્ણ હિમાલય પર શંકરનું તપ કરવા ગયા (૧૩-૧૪-૧૯ થી). તપ કર્યું, અને શિવને પ્રસન્ન કરી, જામ્બવતી માટે સામ્બ નામનો પુત્ર (૧૩-૧૪-૧૧; ૧૬-૫) તથા બીજાં વરદાનો મેળવ્યાં. આ સામ્બની વિક્રમશીલતાનો ઉલ્લેખ આ પ્રમાણે કરાયો છે: "તેણે બાલ્યાવસ્થામાં જ શમ્બર દૈત્યના સૈન્યને સહસા કચરી નાખ્યું હતું, ગોળ ઊરુ અને પુષ્ટ લાંબા હાથવાળા અશ્વચક્રને માર્યો હતો[2]... એના સપાટામાં આવેલો કોણ પાછો ફરી શકે? વગેરે." (૩–૧૨૦–૧૨ થી ૧૪).

આ જામ્બવતી રાણીએ પણ શ્રીકૃષ્ણની બીજી રાણીઓ સાથે અગ્નિપ્રવેશ કરેલો. (૧૬–૮–૭૧).

## (૪) ગાન્ધારી

ગાન્ધારી નામની પટરાણી અંગે મહાભારતમાં આટલી ટૂંકી વિગત છે:

દ્રોણવધ પછી ધૃતરાષ્ટ્ર શ્રીકૃષ્ણનાં પરાક્રમ વર્ણવતાં કહે છે, "...વળી કમળ જેવાં નેત્રવાળા વીર શ્રીકૃષ્ણ ગાન્ધારરાજની પુત્રીને, જે સ્વયંવરમાં અન્ય રાજાઓને જીતીને લાવ્યા છે, અને જે રાજાઓ (એટલે કે ક્ષત્રિયો) અસહનશીલ હતા (સામા થયા) તેમને જાતવાન ઘોડાઓની જેમ પોતાના વિવાહના રથમાં—વહેલમાં જોડીને ચાબૂકથી સોળ ઉઠાડયા હતા. (૭–૧૦–૧૦, ૧૧).

મ.ભા. 'સભાપર્વ' ક્ષેપક પરિશિષ્ટ ૧–૨૧ (લીટી ૧૨૪૯થી)માં ગાન્ધારરાજની કુલીન કન્યા સુકેશી તરીકે આ રાણીનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

'હરિવંશ' ૨-૧૦૨-૧૬માં ગાન્ધારીના લગ્ન અંગે એક ઉલ્લેખ છે: "આ વીર શ્રીકૃષ્ણ રણભૂમિમાં એકસો મહાત્મા રાજાઓનો વધ કરીને પોતાની પ્રિયદર્શના મહિષી ગાન્ધારીને લાવ્યા હતા." તે મહાભારતની વિગતને મળતો છે.[3] (થોડા ફેરફાર સાથે આ હકીકત 'સભાપર્વ' ક્ષેપક પરિશિષ્ટ ૧-૨૧, લીટી ૧૫૬૫, ૧૫૬૬માં છે.)

આ દેવી ગાન્ધારીએ પણ રુક્મિણી વગેરેની સાથે અગ્નિપ્રવેશ કર્યો હતો. (૧૬-૮-૭૧).

---

૧ પૌરાણિક અને સામાન્ય લોકમાન્યતા મુજબ તે રામાયણપ્રસિદ્ધ ઋક્ષરાજ જામ્બવાનનાં પુત્રી હતાં. તેથી જામ્બવતી કહેવાયાં. તેમના વિવાહની આ પૌરાણિક વિગત માટે જુઓ પ્રકરણના અંતે પરિશિષ્ટ નં. ૧.

૨ શમ્બરને પ્રદ્યુમ્ને મારી નાખ્યો હતો, તેમ મહાભારત અને અન્યત્ર પ્રસિદ્ધ છે, પણ આ શમ્બરની સેનાની વાત છે. તેથી શમ્બર પછી તેના વંશજ સાથેના યુદ્ધની વિગત હોઈ શકે. અશ્વચક્ર પણ કોઈ રાજાનું નામ લાગે છે.

૩ સર૦ દૂત સંજયે હસ્તિનાપુરમાં કૌરવોની સભામાં દૂતકાર્યનો અહેવાલ આપતાં, અર્જુનનો સંદેશો ટાંકયો, તેમાં કહ્યું: "એ શ્રીકૃષ્ણે ગાન્ધારોને વેગથી મથી નાખી, નગ્નજિતના સર્વ પુત્રોને જીતીને કેદ કરેલા, રડતા, દેવોને પણ શ્રેષ્ઠ તરીકે માન્ય (એવા સદ્ગુણી) તથા અત્યંત રૂપાળા—સુદર્શનીય, તેને (નગ્નજિતને ?) બલપૂર્વક છોડાવ્યો હતો." (૫-૪૭-૬૯).

આ નિર્દેશમાં ગાન્ધારીનું નામ નથી, પણ તેની સાથેના લગ્નપ્રસંગનો ઈશારો હોય એવો ભાસ થાય છે. ગાન્ધારના રાજાઓમાં નગ્નજિત નામ પ્રચલિત હતું. ધૃતરાષ્ટ્રની પટરાણી ગાન્ધારીના દાદાનું નામ નગ્નજિત હતું:

## (૫-૬) શૈબ્યા અને હૈમવતી

આ બંને રાણીઓએ યાદવાસ્થળી પછી ઇન્દ્રપ્રસ્થ પહોંચ્યા બાદ અગ્નિપ્રવેશ કર્યો હતો (૧૬-૮-૭૧). તે સિવાય એમના વિશે કંઈ પણ વધુ માહિતી મહાભારતમાં નથી.

## (૭) ૧૬૦૦૦ રાણીઓ

શ્રીકૃષ્ણની ૧૬૦૦૦ રાણીઓ હોવા વિશે મહાભારતમાં મુખ્ય ઉલ્લેખો આ પ્રમાણે છે:

(૧) પૌરાણિક રીતે તેમનું—૧૬૦૦૦ રાણીઓનું—અંશાવતરણ વર્ણવતાં કહ્યું છે: "મેં (વૈશંપાયને) જે અપ્સરાઓનો ગણ કહ્યો છે, (જુઓ ૧-૫૯-૪૭ થી. દક્ષપુત્રી પાવા અને કશ્યપ ઋષિથી અપ્સરાઓનો વંશ થયો.) તેમનો અંશ ઇન્દ્રની આજ્ઞાથી પૃથ્વી ઉપર, ૧૬૦૦૦ દેવીઓ રૂપે જન્મ્યો અને મનુષ્યલોકમાં તેઓ નારાયણ-કૃષ્ણની પત્નીઓ થઈ." (૧-૬૧-૯૩, ૯૪).

(૨) હૃષીકેશે મુરુ દૈત્યના પાશો કાપી નાખીને, સામર્થ્યપૂર્વક મુરુને મારી નાખી, ભૌમ (= ભૂમિના પુત્ર) નરકને જીતીને, ત્યાંથી મણિનાં કુંડલો, ૧૬૦૦૦ સ્ત્રીઓ, વિવિધ રત્નો અને ઉત્તમ શાર્ઙ્ગ ધનુષ્ય મેળવ્યાં હતાં. (૫-૧૫૫-૮, ૯).

(૩) જામ્બવતી માટે પુત્ર મેળવવા, શ્રીકૃષ્ણે હિમાલયમાં તપ કરીને શિવ-પાર્વતીને પ્રસન્ન કરી વરદાન મેળવ્યાં. તેમાં જગન્માતા દેવી શર્વાણી—પાર્વતીએ શ્રીકૃષ્ણે માગ્યા ઉપરાંતનાં વરદાન આપ્યાં તેમાં કહ્યું કે, '...તને ૧૬૦૦૦ પત્નીઓ પ્રાપ્ત થશે અને તેમના ઉપર અક્ષય પ્રીતિ રહેશે.' (૧૩-૧૬-૭.).

(૪) દુર્વાસાએ રુક્મિણીને વરદાન આપતાં કહેલું, '...તું કેશવની ૧૬૦૦૦ પત્ની-ઓમાં સર્વ કરતાં શ્રેષ્ઠ—વરિષ્ઠ થઈશ.' (૧૩-૧૪૪-૪૨. જુઓ ઉપર 'રુક્મિણી' વિશે).

(૫) યાદવ સ્ત્રી-બાળકોને લેવા માટે અર્જુન દ્વારકા આવ્યા ત્યારે, '...તે વીરે દ્વારકાને મરણ પામેલા પતિવાળી વિધવા સ્ત્રી જેવી જોઈ. તે નગરમાં પૂર્વે જે સ્ત્રીઓ લોકનાથને (શ્રીકૃષ્ણ) લીધે નાથવતી હતી, તે અનાથ સ્ત્રીઓ, રક્ષક અર્જુનને જોઈને પોક મૂકીને રડવા લાગી. અર્જુનને આવેલા જોઈને વાસુદેવની ૧૬૦૦૦ સ્ત્રીઓમાં મહાન આક્રંદ થઈ રહ્યું.' (૧૬-૬-૪ થી ૬).

(૬) અર્જુન દ્વારકાથી ઇન્દ્રપ્રસ્થ જવા નીકળ્યા, તેના વર્ણનમાં આવે છે, "૧૬૦૦૦ સ્ત્રીઓનું વાસુદેવનું અંતઃપુર શ્રીકૃષ્ણના પૌત્ર વજ્રને આગળ કરીને નીકળ્યું." (૧૬–૮–૩૭).

* * *

---

प्रह्लादशिष्यो नग्नजित्सुबलश्चाभवत्ततः ।
तस्य प्रजा धर्महन्त्री जज्ञे देवप्रकोपनात् ॥ १–६७–९३.

જૈન પરમ્પરામાં પણ ગાન્ધારનો નગ્ગઈ>નગ્નજિત>નગ્નજિત રાજા 'પ્રત્યેક બુદ્ધ,' 'સહસંબુદ્ધ' અથવા 'સ્વયં સંબુદ્ધ' હતો. (ગુરુના ઉપદેશ વિના કે તપશ્ચર્યા વિના જીવનના કોઈ તીવ્ર પ્રસંગે જેમને એકાએક જ્ઞાનપ્રાપ્તિ થાય છે, તેઓ 'સ્વયં સંબુદ્ધ' તરીકે ઓળખાય છે. વધુ માટે જુઓ 'ઉત્તરાધ્યયન સૂત્ર' ગુજરાતી અનુવાદઃ ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, ૧૯૫૨, પૃ. ૬૫); આ લેખને અંતે જુઓ પરિશિષ્ટ ૨.

૫-૪૭-૬૯ની આગળના જ શ્લોક ૫-૪૭-૬૮માં શ્રીકૃષ્ણ પરાક્રમપૂર્વક રુક્મિણીને પરણ્યા તેની વિગત છે, જે આ ભાસને ટેકો આપે છે.

૧૬૦૦૦ અપહૃતા કન્યાઓ જેની પાસેથી મળી હતી તે નરકાસુર-વધના સંખ્યાબંધ ઉલ્લેખો મહાભારતમાં છે. ( ૩–૧૩–૨૫, ૨૬; ૫–૪૭–૭૪, ૭૫, ૭૯; ૫–૬૬–૪; ૫–૧૨૮–૪૩, ૪૪; ૫–૧૫૫–૮, ૯; ૭–૧૦–૫, ૨૨, ૨૩; ૭–૨૮–૨૯ થી ૩૫; ૧૨–૩૨૬–૮૪, ૮૫; 'સભાપર્વ' ક્ષેપક પરિશિષ્ટ ૧–૨૧ લીટી ૯૪૧ થી; આરણ્યક ક્ષેપક પરિશિષ્ટ ૧–૧૬; ઉદ્યોગ ક્ષેપક ૪૮૮; દ્રોણ ક્ષેપક ૨૧૫, ૨૧૬ વગેરે. નરકવધ ઉપરાંત મુરુવધ, ઇંદ્ર પાસેથી પારિજાતક લાવ્યા, અદિતિનાં મણિકુંડલ પાછાં લાવ્યા વગેરે નરકવધ સાથે સંબંધ ધરાવતા પ્રસંગોના બીજા અનેક ઉલ્લેખો મહાભારતમાં અવારનવાર મળે છે. )

નરકવધ અંગેના આ બધા ઉલ્લેખો મહદંશે પૌરાણિક શૈલીમાં છે. તેમાં ઇતિહાસનું પ્રમાણ અલ્પ જણાય છે. મહાભારતમાંના જ એક સંદર્ભથી આ પૌરાણિકતા સ્પષ્ટ થાય છે.

'પાંડવો વનવાસ ગયા છે' એવું સાંભળી શ્રીકૃષ્ણ અને બીજા યાદવો પાંડવોને મળવા વનમાં આવ્યા ત્યારે કૌરવોના આ અન્યાયથી 'જાણે પ્રજાઓને બાળી નાખવા ઇચ્છતા હોય એમ દેખાતા સંક્રુદ્ધ જનાર્દનને' શાન્ત કરતાં અર્જુન તેમના પૂર્વાવતારોમાં કરેલાં કર્મોનું કીર્તન કરવા માંડયા. તેમાં અર્જુન કહે છે ( ૩–૧૩–૭ થી ૯ ) : '. .તમે ભૌમ-ભૂમિપુત્ર નરકને મારીને ( અદિતિનાં ) મણિકુંડલ લાવ્યા હતા.' ( ૩–૧૩–૧૬ ). પછી આગળ ચાલતાં વળી કહ્યું, 'તમે આંતરડાની તાંતના પાશો ( मौरवाः पाशाः ) તોડી નાખીને નિસુન્દ તથા નરકને હણ્યા હતા, અને પ્રાગ્જ્યોતિષ નગર તરફનો માર્ગ પુનઃ નિર્ભય બનાવ્યો છે.' ( ૩–૧૩–૨૬ ). આ સંદર્ભ સ્પષ્ટ રીતે શ્રીકૃષ્ણનાં –ભગવાન વિષ્ણુનાં પૂર્વાવતારનાં પરાક્રમ વર્ણવે છે.[૧]

આમ છતાં આ પૌરાણિક કથાવસ્તુમાં ભારતના અત્યંત પ્રાચીન ઇતિહાસની કોઈ મહાન દુઃખદ ઘટના છૂપાયેલી લાગે છે.

હરિવંશાદિ પુરાણોનું કથાવસ્તુ આ પ્રમાણે છે: 'પ્રાગ્જ્યોતિષના રાજા નરકાસુરે ( તેની માતાનું નામ 'ભૂમિ' હતું તેથી તે ભૌમાસુર પણ કહેવાતો. ) જગતમાં રત્નોની લૂંટ ચલાવી; અને એમ બીજાં રત્નોની જેમ ૧૬૦૦૦ સ્ત્રીઓનું પણ હરણ કર્યું તથા તેમને પોતાને ત્યાં કેદ કરી રાખી હતી. વળી તેણે દેવરાજ ઇન્દ્રની માતા અદિતિનાં બે મણિકુંડલ પણ હરી લીધાં હતાં. એટલે એક સમયે દેવરાજ ઇન્દ્ર શ્રીકૃષ્ણ પાસે આવ્યો, નરકનાં અપકૃત્યો જણાવ્યાં અને ગરુડ આપીને કહ્યું કે, 'તમે એ પાપી પુરુષનો નાશ કરો. આ તમને નરકના નગરમાં પહોંચાડી દેશે.' ('હરિવંશ' ૨–૬૩–૩૫, ૩૬. શ્રીકૃષ્ણ પાસે તે સમય સુધી ગરુડ નહોતો એમ આ પુરાણકથા સ્પષ્ટ કરે છે. ) શ્રીકૃષ્ણ પ્રાગ્જ્યોતિષ ગયા. ત્યાં નગરરક્ષક મુરુને સપરિવાર મારીને તેના છ હજાર પાશોને છેદી નાખ્યા ('હરિવંશ' ૨–૬૩–૪૬ થી ૫૬ ઇ.; મ. ભા. ૩–૧૩–૨૬; પણ તેમાંના

---

૧ ( क ) ૩–૧૩–૨૬. આ અગાઉનું ક્ષેપક ૪૮ સર૦ :

'હે વિભુ! હે કૃષ્ણ! તમારા તે તે હજારો અવતારોમાં તમે અધર્મમાં રુચિવાળા સેંકડો અસુરોને માર્યા હતા.'

( ख ) એમ છતાં શ્રીકૃષ્ણ ( યુદ્ધ કે બીજા કોઈ કારણસર ) પ્રાગ્જ્યોતિષપુર ગયેલા ખરા. જુઓ શિશુપાલવધના પ્રસંગમાં શ્રીકૃષ્ણનાં વચનો : 'હે રાજાઓ ! આ સાત્વતીપુત્ર શિશુપાલ અમારો કટ્ટો શત્રુ છે. અનપકારી યાદવોને એ નૃશંસાત્મા હિતકારી નથી. હે નરેન્દ્રો ! અમને પ્રાગ્જ્યોતિષપુર ગયેલા જાણીને, અમારો ભાણેજ હોવા છતાં, એ ક્રૂરકર્મીએ દ્વારકાને બાળી મૂકી હતી.' ૨–૪૨–૬, ૭.

એક બીજા સંદર્ભ પ્રમાણે શ્રીકૃષ્ણે ૭ હજાર મોટા અસુરોને પાશથી બાંધ્યા હતા. ૫–૧૨૮–૪૩). પછી નરકાસુરને માર્યો. અદિતિનાં કુંડલ લીધાં. નરકનો ધનભંડાર લીધો તથા મુખ્ય ગન્ધર્વો અને દેવોની પ્રિય પુત્રીઓને છોડાવી.[1] આ સર્વે એક વેણીવાળી હતી અને વ્રતોપવાસ કરતી હતી —વિધવા જેવું શોકમય જીવન જીવતી હતી. ('હરિવંશ', ૨–૬૪–૨૭, ૨૮). શ્રીકૃષ્ણને જોઈને આ બધી નારીઓએ તેમને જ પતિ તરીકે સ્વીકારવાનો સંકલ્પ કર્યો, અને શ્રીકૃષ્ણને જણાવ્યો. મધુસૂદન કૃષ્ણે તેમનું યોગ્યતા મુજબ સન્માન કર્યું. વાતો કરી. અને શિબિકાઓમાં તેમને દ્વારકા મોકલી ('હરિવંશ', ૨–૬૪–૨૯ થી ૩૮; વિસ્તૃત કથા માટે જુઓ 'હરિવંશ', ૨, અ. ૬૩, ૬૪; વિષ્ણુ. પુ. ૫, અ. ૨૯, ૩૧; ભાગવત પુ. ૧૦, અ. ૫૯ ).

આ પુરાણકથા ઉપરથી એમ લાગે છે કે કોઈ જુલ્મી રાજાએ હજારો નારીઓનાં અપહરણ કરીને પોતાના અંતઃપુરમાં પૂરેલી. એ યુગના ભારતીય સમાજના જૂનવાણી રૂઢિચુસ્તો અત્યારના જેવા જડસુ હશે એમ લાગે છે. જેમ પાકિસ્તાન થયા પછી, ત્યાંથી પાછી મેળવાયેલી અપહૃતાઓને સ્વીકારવા કૂપમંડૂક, જડ તથા ધાર્મિકતાના ઓઠા નીચે અધાર્મિક અને કાયર સમાજ નિષ્ફળ ગયો હતો, તેમ એ યુગમાં પણ કોઈ આવો બનાવ બન્યો હોય તેના પડઘા આ કથાનકમાં સંભળાય છે. સમાજના અપકૃષ્ટ સહિત તમામ સ્તરોના મિત્ર એવા સાત્વતોએ સર્વ ક્રાન્તિઓના પ્રતીકસમા ભગવાન શ્રીકૃષ્ણને આ અપહૃતાઓને સ્વીકારી પાવન કરનાર તરીકે જોયા હોય અને તેથી એવા નિરૂપ્યા હોય એમ જણાય છે. આ અપહૃતાઓ ક્યાં જાય? એમને કોણ સ્વીકારે? ભગવાન શ્રીકૃષ્ણે એમને પોતાની પ્રતાપી છાયામાં લીધી, જ્યાં કોઈ એમનું નામ તો ન લઈ શકે, પણ તેઓને પૂજ્ય ગણે.

આ પૂજ્યતાની ભાવનાએ પુરાણોમાં આ અપહૃતા સ્ત્રીઓને 'કન્યાઓ અને દુહિતાઓ' કહી વર્ણવી છે, કારણ 'ભગવાન કંઈ અપહૃતા પત્નીઓને સ્વીકારે?' એવો કોઈક મનોભાવ હશે. પણ હજારોનું અપહરણ કરનાર નરરાક્ષસ માત્ર કન્યાઓને જ હરી લાવે અને ભાર્યાઓને બાકી રાખે એ બને એવું છે ખરું?

જરાસંધે પશુપતિનાથ શિવને બલિદાન આપવા માટે પકડેલા ૮૬ રાજાઓને[2] શ્રીકૃષ્ણે એમની ક્રાન્તદૃષ્ટિ, ચાતુરી અને કર્મયોગની ભાવનાથી છોડાવેલા. એ છૂટેલા રાજાઓએ તેમની કાંઈ પણ સેવા કરવાની માગણી કરી, જે એમણે 'ધર્મમાં પ્રવૃત્ત થયેલા રાજા યુધિષ્ઠિરના યજ્ઞમાં આપ સર્વે સહાય કરજો' (૨-૨૨-૩૫, ૩૬) એમ કહીને નકારેલી. પછી નજરાણાં આપવા માંડ્યા તે कृच्छ्राज्जग्राह गोविन्दस्तेषां तदनुकम्पया। ૨-૨૨-૩૮. ભારે આનાકાની પછી ગોવિન્દે તેમના તરફની

---

૧ तत्र ता वरहेमाभा ददर्श मधुसूदनः।
गन्धर्वसुरमुख्यानां प्रिया दुहितरस्तथा ॥ 'હરિવંશ', ૨–૬૪–૨૪ = મ. ભા. ક્ષેપક 'સભાપર્વ', પરિશિષ્ટ ૧–૨૧, લીટી ૧૦૮૪, ૧૦૮૫.

કેટલાક આ શ્લોકનો અર્થ 'મુખ્ય ગન્ધર્વો અને દેવોની પ્રિયાઓ—ભાર્યાઓ અને પુત્રીઓને' એવો પણ કરે છે.

૨ ૨-૧૪-૧૯; 'ભાગવત' (૧૦-૭૩-૧)માં રાજાઓની આ સંખ્યા अयुते द्वे शतान्यष्टौ, વીસ હજાર આઠસોની થઈ જાય છે।

અનુકમ્પાને લીધે–માઠું ન લાગે માટે–તે ભેટો સ્વીકારી. આવા નિઃસ્પૃહ શ્રીકૃષ્ણે ‘(આમને કોઈ સ્વીકારનાર નથી તેથી) આ અપહૃતા મહિલાઓ ક્યાં જશે? એવી અનુકમ્પાથી એમને સ્વીકારી લીધી’ એમ સાત્વતોએ નિરૂપ્યું હોઈ શકે.

આ કથાનકમાં શ્રીકૃષ્ણની અડગ કર્તવ્યપરાયણતાની વિશ્વંભરા મ્હેંક આવ્યા કરે છે.

## પરિશિષ્ટ ૧

### સ્યમન્તકમણિ અને સત્યભામાના લગ્નની વિગત–મુખ્યત્વે ‘હરિવંશ’ના આધારે

સૂર્યોપાસક યાદવ સત્રાજિતને સૂર્યે સ્યમન્તક મણિ આપેલો. સત્રાજિતે આ મણિ પોતાના ભાઈ પ્રસેનજિતને પ્રેમપૂર્વક આપી દીધો હતો. આ સ્યમન્તક મણિ સોનું ઝરતો (સર° ‘સભાપર્વ’ ક્ષેપક ૧૫૯ લીટી ૫, ૬) અને તેના પ્રભાવથી વરસાદ સમયાનુસાર વરસતો, તેમ જ રોગનો ઉપદ્રવ થયો નહિ. શ્રીકૃષ્ણે તે મણિ મેળવવા ઇચ્છ્યું હતું પણ પ્રસેને ન આપ્યો. શ્રીકૃષ્ણ સમર્થ હતા તો પણ તેમણે તે પડાવી લીધો નહિ. (‘વિષ્ણુપુરાણ’ અને ‘ભાગવત’ મુજબ શ્રીકૃષ્ણે ઉગ્રસેન રાજા હોઈ તેને માટે મણિ માગેલો. ‘વિષ્ણુ-પુ.’ ૪–૧૩–૨૭; ‘ભાગવત’ ૧૦–૫૬–૧૨). એક વખતે પ્રસેન શિકારે ગયો ત્યાં મણિને કારણે જંગલી સિંહે તેને મારી નાખ્યો. તે સિંહને ઋક્ષરાજ જામ્બવાને મારીને મણિ પડાવી લીધો.

પ્રસેનજિત ગૂમ થવાથી યાદવો તેની હત્યા માટે શ્રીકૃષ્ણ ઉપર વહેમાયા, કે ‘મણિ લેવા માટે જ આમણે પ્રસેનને મારી નાખ્યો હશે.’ એટલે આ મિથ્યા કલંક દૂર કરવા તેનું પગેરું કાઢીને શ્રીકૃષ્ણે તપાસ કરી. તપાસને અન્તે જામ્બવાન સાથે એકવીસ દિવસ સુધી યુદ્ધ કરી તેને હરાવ્યો, મણિ તથા તેની કન્યા જામ્બવતીને પત્ની તરીકે મેળવી દ્વારકા પાછા આવ્યા અને યાદવોની સભામાં પોતાનું નિર્દોષપણું દર્શાવી મણિ સત્રાજિતને આપી દીધો. સત્રાજિતે સંબંધ સાચવવા પોતાની કન્યા સત્યભામા શ્રીકૃષ્ણને પરણાવી (‘હરિવંશ’ ૧–૩૮–૧૩ થી; ‘વિષ્ણુ. પુ.’ ૪–૧૩–૧૧ થી ૬૬; ‘ભાગવત’ ૧૦, અ. ૫૬).

પણ વાત આટલેથી અટકી નહિ. અક્રૂર (બભ્રુ) સત્યભામા અને સ્યમન્તક મણિ બન્નેને ઇચ્છતા હતા (‘વિષ્ણુપુરાણ’ અનુસાર અક્રૂર ઉપરાંત કૃતવર્મા અને શતધન્વા પણ સત્યભામાને ઇચ્છતા હતા). સત્યભામાનું લગ્ન તો થઈ ગયું પરન્તુ મણિ પડાવી લઈ શકાતો હતો. અક્રૂરે શતધન્વા યાદવ મારફતે સત્રાજિતની હત્યા કરાવી મણિ પડાવી લીધો. શ્રીકૃષ્ણ એ વખતે પાંડવો લાક્ષાગૃહમાં બળી ગયા જાણી તેમની શ્રાદ્ધાદિ લૌકિક ક્રિયાઓ કરવા હસ્તિનાપુર ગયા હતા. (‘વિષ્ણુપુરાણ’ અનુસાર વારણાવત ગયા હતા. ‘હરિવંશ’ ૧-૩૯-૮ થી; ‘વિષ્ણુ. પુ.’ ૪-૧૩-૬૭ થી; ‘ભાગવત’ ૧૦-૫૭-૧ થી. મહાભારત આ અંગે મૌન છે.) તેથી સત્યભામા હસ્તિનાપુર ગયાં અને શ્રીકૃષ્ણને પિતાની હત્યાના સમાચાર આપ્યા. શ્રીકૃષ્ણ અને બલરામે શતધન્વાનો પીછો પકડ્યો. માર્ગમાં બલરામને થોભાવી એકલા શ્રીકૃષ્ણે શતધન્વાને મિથિલાની પાસે મારી નાખ્યો પણ મણિ મળ્યો નહિ! શ્રીકૃષ્ણ ખાલી હાથે પાછા આવ્યા. પાછા આવતાં બલરામે (વડિલ ભાઇના દાવે) મણિ માગ્યો. શ્રીકૃષ્ણે વસ્તુસ્થિતિ જણાવી. આ સત્ય વાત બલરામને અસત્ય લાગતાં રોષે ભરાયા અને શ્રીકૃષ્ણને ખૂબ ફિટકાર આપી રિસાઇને મિથિલા ચાલ્યા ગયા.

આ બાજુ અક્રૂર ડરને લીધે પોતાના કેટલાક અંગત કુટુંબીઓને લઇને દ્વારકામાંથી (સંભવતઃ પોતાના મોસાળ કાશી) નાસી ગયા. ત્યાં પણ પોતાનું રક્ષણ થાય માટે યજ્ઞદીક્ષારૂપ કવચ ધારણ કરી–યજ્ઞમાં બેઠેલા સાથે કોઈ વૈર રાખે નહિ એ પરિપાટી અનુસાર, યજ્ઞો કરવા લાગ્યા. યાદવોમાં ફૂટ ન પડે માટે શ્રીકૃષ્ણે અક્રૂરની ઉપેક્ષા કરી. પણ એવામાં દ્વારકામાં અનાવૃષ્ટિ થતાં આ 'પુણ્યશાળી દાનપતિ' (?)ને યાદવો સમજાવીને દ્વારકા લાવ્યા. ડરને લીધે અક્રૂરે પોતાની બહેનને શ્રીકૃષ્ણ સાથે પરણાવી. આ સંબંધ થવાથી શ્રીકૃષ્ણને (સંભવતઃ પત્ની મારફતે) ખબર પડી કે મણિ તો અક્રૂર પાસે છે. તેથી એક વખત સભામાં બેઠેલા અક્રૂરને કહ્યું કે, "અનાર્યપણું ન કરો. મણિ મને મળવો જોઈએ. (જામ્બવાન પાસેથી પાછો લાવનાર તેમ જ સત્રાજિતના વારસ તરીકે)." અક્રૂરે મણિ આપ્યો. શ્રીકૃષ્ણે મણિ લીધો તો ખરો, (પણ તેમને લાલચ નહોતી, પોતાના ઉપર આવેલું કલંક દૂર કરી જનવાદ દૂર કરવો હતો અને રિસાયેલા બલરામને ખાત્રી કરાવવી હતી) પણ ફરી તે અક્રૂરને જ પાછો આપી દીધો!–જેને ઉલ્લાસપૂર્વક ગળામાં બાંધીને પછીથી ગાન્દિનીપુત્ર અક્રૂર સૂર્યની જેમ શોભતો હતો!

आबद्धय गान्दिनीपुत्रो विरराजांशुमानिव ॥ 'હરિવંશ', ૧-૩૯.૪૦; સર૦ 'વિષ્ણુપુરાણ', ૪-૧૩-૧૬૧.

(સંપૂર્ણ કથાનક માટે જુઓ 'હરિવંશ', अ. ૩૮, ૩૯; 'વિષ્ણુપુરાણ', ૪, अ. ૧૩; 'ભાગવત', ૧૦, अ. ૫૬, ૫૭).

## પરિશિષ્ટ ૨

### જૈન પરમ્પરા અનુસાર રાણી ગાન્ધારી અંગે કેટલીક માહિતી

આચાર્ય હેમચન્દ્રકૃત 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં શ્રીકૃષ્ણના વિવાહપ્રકરણમાં ગાન્ધારી રાણી વિશે થોડીક માહિતી છે, તે અહીં પૂરક પ્રમાણ તરીકે મૂકી છે:

"ગાન્ધાર દેશમાં પુષ્કલાવતી નગરીને વિશે નગ્નજિત્ રાજાનો પુત્ર ચારુદત્ત નામે રાજા હતો; તેને ગાંધારી નામે સુંદર બહેન હતી. તે લાવણ્યસંપત્તિથી ખેચરીઓને પણ હરાવતી હતી. ચારુદત્તનો પિતા નગ્નજિત્ મૃત્યુ પામ્યા પછી તેના (રાજ્યના?) ભાગીદારોએ ચારુદત્તને જીતી લીધો એટલે તેણે દૂત મોકલીને શરણ કરવા યોગ્ય કૃષ્ણનું શરણ લીધું. કૃષ્ણે ગાંધાર દેશમાં આવી તેના ભાગીદારોને મારી નાખ્યા, અને ચારુદત્તને રાજ્યે સ્થાપન કર્યો, એટલે ચારુદત્તે પોતાની બહેન ગાંધારીને કૃષ્ણની વેરે પરણાવી. કૃષ્ણ તેને દ્વારકામાં લાવ્યા, અને પદ્માવતી (રાણી)ના મંદિરની પાસે તેને એક પ્રાસાદ આપ્યો. આ પ્રમાણે કૃષ્ણને આઠ પટરાણીઓ થઈ." ('ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર' આચાર્ય હેમચન્દ્રકૃત, ગુજરાતી અનુવાદ, પર્વ ૬, પૃ. ૧૩૬. જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર, સં. ૧૯૭૨.) ઉપરની કંડિકામાં કૌંસમાંનું લખાણ મારું છે.

શ્રીકૃષ્ણની આઠ પટરાણીઓનાં નામ 'ત્રિષષ્ટિ૦'માં આ પ્રમાણે છે: રુક્મિણી, સત્યભામા, જાંબવતી, લક્ષ્મણા, સુસીમા, ગૌરી, પદ્માવતી અને ગાંધારી. ('ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર', પર્વ ૬).

# ઇકોતર, એકોતર = ૧૦૧

ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી

નરસિંહ મહેતાના "વૈષ્ણવ જન તો..." એ ભજનમાં અન્તમાં "કુળ **ઇકોતેર** તાર્યાં રે" એવો પાઠ હાલ મળે છે. આ **ઇકોતેર** તે ૭૧ નહિ, પણ ૧૦૧—એકોત્તર શત.

મધ્યકાલીન ગુજરાતીમાં 'એકોત્તર' કે 'એકોત્તર' શબ્દ આપણને મળે છે. એકસો એકની સંખ્યાનાં કુળના ઉદ્ધરણ કે તારણની વાત આવે ત્યારે આ શબ્દ વપરાય છે. ઉદાહરણોથી આ વાત સ્પષ્ટ થશે.

સોળમી સદીમાં થઈ ગયેલ માંડણ બંધારો એની રચેલી '**પ્રબોધ-બત્રીશી**'ના છપ્પા સં. ૩૫૭માં પાંચમા ચરણમાં લખે છે: "**એકોત્તર** પૂર્વજ હરખીયા."

સં. ૧૫૮૪માં રચાયેલ કવિ ગણપતિકૃત 'માધવાનલ-કામકંદલા પ્રબંધ'માં પણ 'એકોત્તર' શબ્દ મળે છે.

"બંધન સઘલાં છોડવઇ, જુ હુઇ સુત સાર,
**એકોત્તર-સુ** ઉદ્ધરઇ, પિતા-તણિ કુલિ પાર." (અંગ ૧, દુહો ૫૮)

"આજ **એકોત્તર** ઉદ્ધરિયાં" (અંગ ૪, દુહો ૪૬)

આ પૈકીના પહેલા અવતરણમાં 'એકોત્તર-સુ' એટલે એકસો એક નિર્વિવાદ છે, અને બીજા અવતરણમાં 'એકોત્તર'નો પણ એ જ અર્થ છે. બન્ને અવતરણોમાં કથયિતવ્ય પણ લગભગ એક છે, એ વસ્તુ પણ ઉપર્યુક્ત અર્થને પોષક બને છે.

'સંવત સતર સીતોતરે'. કરવા માંડેલી અને 'સંવત અઢાર એકલંતરે' પૂરી થયેલી પોતાની 'વેતાલપચીશી'માં શામળ ભટ્ટ 'ઇકોતર' શબ્દ વાપરે છે.

"ગુરુકૃપાથી ઉધરે, **ઇકોતર શત**થી ઘણાં" (કથા ૧, કડી ૧૩).

"**ઇકોતર શત** ઉધરાં રુડાં તે ઘર-સુત્ર" (કથા ૧, કડી ૧૨૩).

"જેણે કીધાં પુન્ય, તેહના **ઇકોતર** તરીયા" (કથા ૨૫, કડી ૧૩૬).

અહીં 'ઇકોતર શત' અને 'ઇકોતર' બન્ને પ્રયોગો સદ્ભાગ્યે મળે છે.

કવિ દલપતરામ 'વેનચરિત્ર'માં **એકોતેર** શબ્દ વાપરે છે.

"નહિ તો તેનાં કુળ **એકોતેર**, નરકે જાતાં નરખ્યાં જી."
(પદ ૩૬, દેશી ૩૭, કડી ૭)

આ ઉદાહરણો ઉપરથી એમ માની શકાય કે મૂળ 'એકોત્તર શત'માંથી 'શત' વપરાતું બંધ થતાં 'એકોત્તર' રહ્યું; તેનું 'એકોતર' થયું, અને તેનાં રૂપાન્તરો તરીકે 'ઇકોતર' અને 'એકોતેર' અને સરવાળે 'ઇકોતેર' પ્રચલિત બન્યા.

કવિ દયારામ 'વસ્તુવૃન્દદીપિકા'માં એકસો ને એક કુળ ગણાવતાં લખે છે:

"પિતા પચ્ચય ચોઇસ, વીસ માતા પુનિ જાંનો;
ત્રિયા સોલ પરમાન, પુત્રિક બાર બખાંનો;
એકાદશ કુલ ભગ્નિ, ફુફિનકે દસ કિલ લેખો;
જનનિસ્વસા કુલ અષ્ટ, સ્પષ્ટ શ્રુતિસંમત દેખો;
ગિન પ્રમાન ઇકશત એકકો, દયારામ હરિજન કહ્યો;
હરિભક્ત હોય જા બંસ મેં સપ્ત ગોત્ર તારે લહ્યો."

હરિનો ભક્ત—સાચો વૈષ્ણવજન એનાં પિતા, માતા, પત્ની, પુત્રી, ભગિની, ફોઈ અને માસી એ સાત ગોત્રોનાં અનુક્રમે ૨૪, ૨૦, ૧૬, ૧૨, ૧૧, ૧૦ અને ૮ મળીને કુલ ૧૦૧ કુળને તારે છે.

આ 'એકોતર'ના જેવો 'અઠોતર' (= ૧૦૮) શબ્દ પણ આપણને ઘણે સ્થળે મળે છે.

આંકના પાડા બોલવાની આપણી જૂની પદ્ધતિ પણ આ અંગે ધ્યાનમાં લેવા જેવી છે, જેમાં

| | | |
|---|---|---|
| બાર નવા | **અઠ્ઠોતેરસો** | (૧૨ × ૯ = **૧૦૮**) |
| તેરે આઠ | **ચારોતેરસો** | (૧૩ × ૮ = **૧૦૪**) |
| પંદરે સતાં | **પાંચોતેરસો** | (૧૫ × ૭ = **૧૦૫**) |
| સત્તર છગ | **બિલંતેરસો** | (૧૭ × ૬ = **૧૦૨**) |

જેવા પ્રયોગો આપણને મળે છે.

# વાક્યપદીયકાર ભર્તૃહરિ

જયદેવ મો. શુક્લ

૧

ભારતીય દર્શનપરંપરાના ઇતિહાસમાં મહાવૈયાકરણ ભર્તૃહરિનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. વૈદિક કે અવૈદિક પરંપરામાં એવો કોઈ મહત્ત્વનો લેખક નથી જેણે ભર્તૃહરિના અભિપ્રાયનો તેના ખંડન માટે કે સ્વાભિપ્રાયના મંડન માટે સીધો કે આડકતરો ઉલ્લેખ કર્યો નહિ હોય. દિઙ્નાગ, ધર્મકીર્તિ, ભવ્ય, શાન્તરક્ષિત અને ધર્મોત્તર જેવા પ્રસિદ્ધ બૌદ્ધ નૈયાયિકો પોતાની કૃતિઓમાં ભર્તૃહરિના મતને ઉલ્લેખે છે. મલ્લવાદીથી પ્રભાચંદ્ર સુધીના અનેક જૈન દાર્શનિકો ભર્તૃહરિના શબ્દબ્રહ્મવાદનું ખંડન કરે છે. વૈદિક પરંપરાનાં દર્શનોમાં બધા જ મહાન તત્ત્વજ્ઞો ભર્તૃહરિના સિદ્ધાંતને અનુસરે છે અથવા તેના મતનું ખંડન કરે છે. ન્યાયવૈશેષિક દર્શનમાં શ્રીધરથી જયન્ત સુધીના ચિન્તકો ભર્તૃહરિનું ખંડન કરે છે. મીમાંસકશિરોમણી કુમારિલનું 'શ્લોકવાર્તિક' ભર્તૃહરિના 'વાક્યપદીય'માંની કારિકાઓ અને તેના ખંડનમંડનથી સુમંડિત છે. અદ્વૈતવેદાન્તના આદ્ય પ્રસ્થાપકોમાં ભર્તૃહરિને સુખેથી ગણાવી શકાય. 'યોગસૂત્ર'ના ભાષ્યકાર વ્યાસ પણ ભર્તૃહરિની કારિકાઓનો ઉલ્લેખ કરે છે.

વ્યાકરણશાસ્ત્ર અને વ્યાકરણદર્શનને તો ભર્તૃહરિ વિના ચાલે તેમ નથી. 'મહાભાષ્ય'ના પ્રસિદ્ધ ટીકાકાર કૈયટ તો "ભર્તૃહરિએ તૈયાર કરી આપેલા સેતુ ઉપર થઈને જ ભાષ્યરૂપી સાગરને પાર કરી શક્યા છે." નાગેશની 'લઘુમંજુષા'નું એક પણ પાનું એવું નથી જે હરિ-કારિકાઓથી શોભતું ન હોય. વામન-જયાદિત્ય, હરદત્ત, ભટ્ટોજી દીક્ષિત, કોન્ડભટ્ટ અને બીજા અનેક વૈયાકરણોને મન ભર્તૃહરિ સ્વજન હોય તેમ તેઓ તેના વાક્યપદીયનો સુખેથી ઉપયોગ કરે છે અને પોતાના સિદ્ધાન્તસ્થાપનને વિભૂષિત કરે છે.

ભર્તૃહરિ અને તેની કૃતિઓનો આદ્ય પરિચય ચીની યાત્રિક ઈ-ચીંગ (Itsing) પાસેથી મળે છે.[૧]

ઈ-ચીંગ ચીની વિદ્વાન હતો. ભારત આવવાનું તેનું ધ્યેય ગૌતમ બુદ્ધની જન્મભૂમિનાં દર્શન કરવાનું અને તથાગતની પવિત્ર પદપંક્તિથી શુદ્ધ થયેલાં સ્થળોની મુલાકાત લેવાનું હતું. યાત્રા તેનું આદ્ય ધ્યેય હતું. ચીનમાં તે વખતે 'વિનયપિટક'ના વિચારોનો અપપ્રયોગ થતો હતો; તેથી 'વિનય'નો અભ્યાસ કરવો એ તેનું બીજું ધ્યેય હતું. આ ધ્યેયની પરિપૂર્તિ માટે પ્રસિદ્ધ બૌદ્ધ તત્ત્વજ્ઞોના સંગમાં રહેવાનું અને બૌદ્ધ વિદ્યાધામોમાં નિવાસ કરીને પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત

---

૧ A Record of the Buddhist Religion as practised in India and Malaya Archipelago (A.D. 671-695) by Itsing, translated by J. Takukusu B.A.; Ph.D. Oxford, Clarendon Press 1896.

કરવાનું તેણે નક્કી કર્યું હતું. ઈ. સ. ૬૭૧માં તે ભારત આવવા નીકળ્યો અને ઈ. સ. ૬૭૩માં હુગલીના મુખ પાસે તામ્રલિપ્તિ બંદરે ઉતર્યો. ભારતમાં તેના નિવાસ દરમ્યાન અનેક બૌદ્ધ ગ્રંથો તેણે એકઠા કર્યા. શ્રીવિજય (સુમાત્રા)માં પણ અભ્યાસ નિમિત્તે તે રહ્યો. સ્વદેશ પાછા ફરીને ફરી એકવાર તે શ્રીવિજય આવીને રહ્યો અને ઈ. સ. ૬૯૫માં તે પાછો ગયો.

ઈ-ચીંગના યાત્રાવૃત્તાન્તનું તત્ત્વદર્શન કરવા માટે બે વાત યાદ રાખવી જરૂરી છે. તેને બૌદ્ધ ધર્મ તરફ અત્યંત પક્ષપાત હતો. ભારત આવવાનું અને તેનાં વિશાળ સ્થાનોમાં પરિભ્રમણ કરવાનું તેનું ધ્યેય ધર્માનુપ્રેરિત હતું. આને પરિણામે ભારતમાંની બધી બૌદ્ધ બાબતો–ગ્રંથો, વ્યક્તિઓ, સ્થાનો–તરફનું તેનું વલણ એકમાર્ગી અને પક્ષપાતભર્યું હતું. વળી તે બૌદ્ધ વિદ્વાનોના સંગમાં અને બૌદ્ધ વાતાવરણમાં વસતો હતો અને ફરતો હતો. આ બધાંને પરિણામે તેનો યાત્રા-વૃત્તાન્ત બૌદ્ધ ધર્મ તરફના પક્ષપાતથી ભરેલો છે. બૌદ્ધ સંતો અને વિદ્વાનો વિષે તેણે કરેલા ઉલ્લેખો પક્ષપાતપ્રેરિત અતિશયોક્તિથી ભરેલા છે, અને બૌદ્ધેતર વિદ્વાનો વિષેના તેના ઉલ્લેખો મોટે ભાગે અવિશ્વસનીય છે. તેના યાત્રાવૃત્તાન્તમાંથી આ વાત સ્પષ્ટપણે તરી આવે છે. તેના સમયની ભારતની સંસ્કૃતિનું ચિત્ર ભલે સાચું અને ઉપયોગી હોય પરંતુ ભારતીય વિદ્વાનો, તેમાંય ખાસ કરીને બૌદ્ધેતર વિદ્વાનો અને ગ્રંથો વિષેના, તેના ઉલ્લેખો પૂરેપૂરી ચકાસણી પછી જ સ્વીકાર્ય બની શકે.

ઈ-ચીંગે રજૂ કરેલા વૃત્તાન્ત વિષે બીજી એક વાત યાદ રાખવી જોઈએ. ભારતમાંથી લીધેલાં ચારસો પુસ્તકોમાંથી તેણે છપ્પન કૃતિઓનો અનુવાદ કર્યો હતો તે સાચું પરંતુ બૌદ્ધ કે બ્રાહ્મણ દર્શનોના વિદ્વાન તરીકે તે જાણીતો નથી. આ દર્શનપરંપરાઓમાંની કોઈ પણ એકનું તેને વિશેષ જ્ઞાન હતું તેવું તેણે જાહેર કર્યું નથી. ખંડનમંડનની ભારતીય, ચીની કે મોંગોલ પરંપરામાં તેનું સ્થાન નહિવત્ છે. આ બધી દૃષ્ટિએ વિચારતાં ભર્તૃહરિ અંગેના ઈ-ચીંગના ઉલ્લેખો કેટલા વિશ્વસનીય છે તેનો વિચાર કરીશું. ભર્તૃહરિ વિષે તેણે કરેલા ઉલ્લેખોમાંથી નીચેના મુદ્દાઓ ફલિત થાય છે.

૧ ૨૫,૦૦૦ શ્લોકપ્રમાણ એવા 'ભર્તૃહરિશાસ્ત્ર' નામના ગ્રંથનો તે લેખક હતો. આ ગ્રંથ ચૂર્ણિ ('મહાભાષ્ય') ઉપરની ટીકા હતી. આ ટીકાગ્રંથમાં વ્યાકરણશાસ્ત્રના સિદ્ધાન્તો અને માનવવ્યવહારના નિયમોનું પરિશીલન થયું છે. તેમાં અનેક (રાજ)વંશોના ઉદયાસ્તની કહાની છે.

૨ ભર્તૃહરિ બૌદ્ધોની વિદ્યામાત્ર શાખાનો અનુયાયી હતો અને તેણે 'હેતુ' અને 'ઉદાહરણ'ની ચર્ચા કરી છે.

૩ તે ભારતની પાંચે દિશામાં પ્રસિદ્ધ હતો અને તેના ઉત્તમ ગુણો સર્વત્ર જાણીતા હતા.

૪ તેને 'રત્નત્રય'માં પૂર્ણ શ્રદ્ધા હતી અને હમેશાં તે શૂન્યતાદ્વયનું મનન કરતો હતો.

૫ તેને બૌદ્ધધર્મની દીક્ષા ગ્રહણ કરવાનું વારંવાર મન થતું, પરંતુ સાંસારિક આકર્ષણોથી લલચાઈને તે ગૃહસ્થધર્મમાં પાછો ફરતો. તેણે સાત વાર દીક્ષા લીધી અને સાત વાર ફરી પાછો ગૃહસ્થ બન્યો.

૬ તે ધર્મપાલનો સમકાલિક હતો.

૭ મૃત્યુ સમયે તે શ્રાવક હતો.

૮ 'ભર્તૃહરિશાસ્ત્ર' ઉપરાંત તેણે 'વાક્યપદીય' રચ્યું હતું તેમાં સાતસો શ્લોક છે; તેનો ટીકા ભાગ ૭૦૦૦ શ્લોકપ્રમાણ છે. અનુમાનપ્રમાણ અંગેનો તે ગ્રંથ છે.

૯ તેનો ત્રીજો ગ્રંથ 'પેઈ-ન' (Pei-na) છે. તે ત્રણહજાર શ્લોકપ્રમાણ છે. તેનો ટીકા ભાગ ચૌદ હજાર શ્લોકપ્રમાણ છે. આ ગ્રંથનો પદ્ય ભાગ ભર્તૃહરિની કૃતિ છે જ્યારે ગદ્ય ભાગ (ટીકા ભાગ) ધર્મપાલે રચ્યો છે. આ ગ્રંથમાં સંસાર તેમજ સ્વર્ગના અનેક ગૂઢ સિદ્ધાન્તો ચર્ચાયા છે અને માનવજીવનના તત્ત્વદર્શનને તે રજૂ કરે છે. આ ગ્રંથનું અધ્યયન કરનાર વ્યાકરણશાસ્ત્રનો મહાપંડિત બની શકે.

૧૦ તે ઈ. સ. ૬૫૧માં મરણ પામ્યો.

ભર્તૃહરિ વિષેનો આ ઉલ્લેખ ઈ-ચીંગના પોતાના જ શબ્દોમાં અને વિગતે અહીં આપવામાં આવ્યો છે. એના ઉપરથી જોઈ શકાશે કે આ ઉલ્લેખમાંનાં વિધાનો મહદંશે અસ્પષ્ટ, અધૂરાં, અપૂરતી માહિતીવાળાં, પરસ્પર વિરોધી અને ધાર્મિક પક્ષપાતથી અનુપ્રાણિત છે.

મુદ્દા નં. ૨, ૪, ૫ અને ૭માં ભર્તૃહરિને બૌદ્ધ જણાવવામાં આવ્યો છે. ભર્તૃહરિની બે કૃતિઓ—'વાક્યપદીય' અને 'પ્રદીપિકા'ના સામાન્ય અભ્યાસથી પણ જણાઈ આવે તેમ છે કે તે અદ્વૈતવેદાન્તતરફી વૈદિક હતો. આ વિચારનો આગળ વિસ્તાર કરવામાં આવશે. વૈદિક સંહિતા, બ્રાહ્મણગ્રંથો, શ્રૌતસૂત્રો અને મીમાંસાના ગ્રંથો તેને જિહ્વાગ્રે હતા. આગમને જ—વેદને જ—તે પ્રમાણ માનતો હતો અને અનુમાનને મુખ્ય પ્રમાણ સમજનારનું પતન દુર્લભ નથી. (अनुमानप्रधानेन विनिपातो न दुर्लभः।) એમ ઠસાવનાર હતો.

ત્રીજા મુદ્દામાં એની ખ્યાતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બૌદ્ધ વિદ્વાનોમાં અને બૌદ્ધ વિદ્દ્મંડળોમાં તેની ખ્યાતિ હતી તે સાચું; પરંતુ વ્યાકરણપરંપરામાં તેને પોતાને કોઈ સાક્ષાત્ શિષ્ય ન હતો. તેના સમયમાં જ તેની કૃતિઓ વિચ્છિન્ન થઈ હતી, કારણ કે 'વાક્યપદીય'ના પદકાંડમાંના બે વિભાગ (સમુદ્દેશ) તેના સમય પછી તરત જ નષ્ટ થયા હતા. આ બાબતમાં તેની સ્થિતિ ધર્મકીર્તિ જેવી ગણાવી શકાય.

૬. તે ધર્મપાલનો સમકાલિક હતો તે પણ કહેવું મુશ્કેલ છે, કારણ કે બીજાં અનેક પ્રમાણોથી આપણે સાબિત કરી શકીશું કે ધર્મપાલ કરતાં ભર્તૃહરિ બસો વર્ષ જેટલો પ્રાચીન હતો. વળી ઈ-ચીંગ ભારત આવ્યો ત્યારે કદાચ ધમપાલ જીવંત ન હતા.

મુદ્દા નં ૯માં ઉલ્લેખેલ 'પેઇન્ન' અથવા 'પ-ઈ-ન' નામે ગ્રંથના, ધર્મપાલ સાથેના તેના સહકર્તૃત્વ વિષે કશું સ્પષ્ટ કહી શકાય તેમ નથી. ભર્તૃહરિના 'વાક્યપદીય'ના તૃતીયકાંડનું નામ 'પ્રકીર્ણકાંડ' પણ પ્રસિદ્ધ છે. આ 'પ્રકીર્ણ'ને ઈ-ચીંગે 'પઈન' કહ્યું હોય તેમ સંભવે. એના ઉપરની ધર્મપાલની ટીકાનો કશો ઉલ્લેખ મળતો નહિ હોવાથી આ ઉલ્લેખમાં ઈ-ચીંગે સાંભળેલી અથવા તેની સ્મૃતિમાં પણ વિપરિણામ પામેલી વાતનો ઉલ્લેખ કર્યો હોય તે સંભવે છે.

ઈ-ચીંગના ભર્તૃહરિની બે કૃતિઓના ઉલ્લેખને સાચો જણાવી શકાય. આ બે કૃતિઓ તે ‘ વાક્યપદીય ’ ( સ્વોપજ્ઞવૃત્તિસહિત ) અને ‘ પ્રદીપિકા ’ ( મહાભાષ્યટીકા ). આ બંને કૃતિઓ વિષેનું તેનું વર્ણન પણ અપ્રમાણ છે, કારણ કે વ્યાકરણશાસ્ત્રના ગ્રંથોને રાજવંશના ઉદયાસ્તોની સાથે કશો સંબંધ નથી.

‘ વાક્યપદીય ’ અને ‘ પઈન ’ વિષેના ઉલ્લેખોને સાથે વાંચતાં એમ કહી શકાય કે ‘ વાક્યપદીય ’ એટલે બ્રહ્મકાંડ અને વાક્યકાંડ જેટલો વિભાગ; અને ‘ પ્રકીર્ણ ’ અથવા ‘ પદકાંડ ’ને સ્વતંત્ર ગ્રંથ ગણવો.

ભારતીય વાઙ્મયમાં ‘ ભર્તૃહરિ ’ નામ જાણીતું છે. ચાર ભર્તૃહરિઓ વિષે તો આપણે જાણીએ છીએ જ. એક ભર્તૃહરિ તે મહાવૈયાકરણ ભર્તૃહરિ જેમણે મહાભાષ્ય ઉપર ‘ પ્રદીપિકા ’ નામે ટીકા અને ‘ વાક્યપદીય ’ એમ બે ગ્રંથો રચ્યા છે. બીજા ભર્તૃહરિ તે દંતકથાના રાજા ભર્તૃહરિ. માળવાના રાજા તરીકે તેમનો ઉલ્લેખ દંતકથા કરે છે. તેમનો સમય નિશ્ચિત નથી. ત્રીજા ભર્તૃહરિ તે કાનફટ્ટા યોગીઓની પરંપરામાં મત્સ્યેન્દ્રનાથ અને ગોરખનાથ સાથે જેમનો ઉલ્લેખ કરવામાં આવે છે તે. અને ચોથા ભર્તૃહરિ તે ‘ શતકત્રય ’ના કવિ ભર્તૃહરિ.

‘ ભર્તૃ ’ એવા સંસ્કૃત કે પ્રાકૃત ( ભટ્ટિ ) નામધારી લેખકો અને ‘ ભર્તૃ ’ એવા પૂર્વાંગ કે અનુગવાળા લેખકો સંસ્કૃત વાઙ્મયના ઇતિહાસમાં જાણીતા છે; તેમાં ભર્તૃદામન્, ભર્તૃપ્રપંચ ( ‘ બ્રહ્મસૂત્ર ’ના એક ટીકાકાર ), ભર્તૃમિત્ર ( કુમારિલના પૂર્વકાલિક અને ઉપવર્ષના અનુકાલિક એવા એક ટીકાકાર ) વગેરે નામ જાણીતાં છે.

‘ ભટ્ટિકાવ્ય ’ના કર્તા કવિ ભટ્ટિ સાથે વાક્યપદીયકાર ભર્તૃહરિને કશું સામ્ય નથી. ભટ્ટિની અલંકારપ્રધાન અને વ્યાકરણના અપવાદપ્રયોગોથી સભર શૈલીમાં અને ‘ વાક્યપદીય ’ની આર્ષ પ્રયોગોવાળી શૈલીમાં કશું સામ્ય નથી; વળી વ્યાકરણના અપવાદનિયમોને ઉદાહૃત કરવા ‘ વ્યાખ્યાગમ્ય ’ કાવ્ય લખનાર કવિ ભટ્ટિ ‘ ભટ્ટિકાવ્ય ’ના પ્રથમ શ્લોકના પ્રથમ શબ્દમાં ( **अभून्नृपो विबुधसखः प्रतापवान्** એમાં ‘ **अभूत्** ’ એ ક્રિયાપદપ્રયોગમાં પ્રમાદ છે ) જેવી ભૂલ કરે છે તેવી ભૂલ વાક્યપદીયકાર કરે નહિ; વળી વાક્યપદીયનો અનુષ્ટુપ પણ પ્રાચીન છે. યોગી ભર્તૃહરિ અને માળવાના રાજા અને પિંગલાપતિ ભર્તૃહરિ વિષેની ચર્ચા અહીં ઉપયોગી નથી. ‘ શતકત્રય ’કાર કવિ ભર્તૃહરિનાં સમય તથા વ્યક્તિત્વ વિશે કશી માહિતી ઉપલબ્ધ નથી. તેનાં શતકોમાં કેવલાદ્વૈત અને શૈવ વિચારસરણીનો રણકો છે. ‘ શતકો ’માંથી આન્તર પુરાવા પણ કશું સિદ્ધ કરતા નથી. તેનાં સુભાષિતોની વિશ્વસનીય વાચના પણ હજૂ ચોક્કસ થવાની બાકી છે અને ‘ ત્રિશતી ’ એક સુભાષિત સંગ્રહ જ હોવાથી કોઈ પણ પ્રકારના અનુમાનને અવકાશ નથી. ભર્તૃહરિ વિશેની દંતકથાઓ—શબરસ્વામીનો શૂદ્રા સ્ત્રીથી થયેલ પુત્ર તે હતો અથવા વિક્રમાદિત્યનો તે પિતા હતો—પણ નિરાધાર અને મુર્ખાઈભરેલી છે. આમ મહાવૈયાકરણ ભર્તૃહરિ વિશેના આપણા જ્ઞાનમાં વિશેષ ફેરફાર થવાની શક્યતાઓ નહિવત્ છે; તેથી ભર્તૃહરિને આપણે વૈદિક પરંપરાના પુરસ્કર્તા અને ‘ વાક્યપદીય ’ તથા ‘ પ્રદીપિકા ’ના કર્તા તરીકે સમજીશું.

ભર્તૃહરિના જીવન વિષે કશા ઉલ્લેખો નથી. ‘ વાક્યપદીય ’ના દ્વિતીય કાંડ—વાક્યકાંડ-ને

અંતે ટીકાકાર પુણ્યરાજે કાંડના વિષયોની સંગતિ આપી છે.[૧] ભર્તૃહરિ માટે પુણ્યરાજ ટીકાકાર[૨] શબ્દ વાપરે છે. તેને અનુસરીને ભટ્ટોજી દીક્ષિત પણ 'વૈયાકરણસિદ્ધાન્તકારિકા'માં ભર્તૃહરિ માટે ટીકાકૃત્ અથવા ટીકાકાર શબ્દ વાપરે છે, જે મહાભાષ્ય ઉપરની 'પ્રદીપિકા' નામે ટીકાનો દ્યોતક છે. તેના ગુરુનું નામ વસુરાત હતું. બૌદ્ધ પરંપરામાં પણ આ વસુરાત પ્રસિદ્ધ છે. પરમાર્થે ચીની ભાષામાં વસુબંધુનું ચરિત્ર લખ્યું છે. તેમાં જણાવ્યું છે કે મહાવૈયાકરણ વસુરાતે વસુબંધુએ રચેલા 'અભિધર્મકોશ' નામે ગ્રંથમાં વ્યાકરણ સંબંધે દોષોને દર્શાવ્યા હતા. વસુરાતનો ભર્તૃહરિના ગુરુ તરીકેનો પ્રથમ ઉલ્લેખ જૈન આચાર્ય મલ્લવાદીના 'નયચક્ર'માં મળે છે: "इति भर्तृहर्यादि मतम् । वसुरातस्य भर्तृहर्युपादयायस्य मतं तु..."। અને 'एवं तावेद भर्तृहर्यादि-दर्शनमयुक्तम् । यत्तु वसुरातो भर्तृहरेरुपाध्यायः..।'[૩] પુણ્યરાજ પણ वाक्यकांडની સંગતિમાં 'આચાર્ય વસુરાતે વ્યાકરણાગમ રચ્યો એમ જણાવે છે.[૪] ભર્તૃહરિ પોતે આ વાતને ટેકો આપતાં જણાવે છે કે "ન્યાયમાર્ગોનો તથા પોતાના દર્શનનો અભ્યાસ કરીને અમારા ગરુએ આ આગમ સંગ્રહની રચના કરી."[૫] આ શ્લોકને રજૂ કરતાં પુણરાજ જણાવે છે કે "ભગવાન વસુરાત ગુરુએ વાત્સલ્યથી વ્યાકરણાગમ રચ્યો એમ કહીને પોતે રચેલા ગ્રંથ (વાક્યપદીય)નું ગુરુપરંપરાનુસરણ બતાવતાં કહે છે."[૬] આ ઉપરાંત ભર્તૃહરિ પોતાના પૂર્વકાલીન વૈયાકરણો જેવા કે સંગ્રહકાર વ્યાડિ અને પતંજલિને–તેમના ગ્રંથો તેના સમયમાં અસ્ત પામ્યા હોવાથી અને વિચ્છિન્ન તથા વિપ્લાવિત થયા હોવાથી–નિરાશા સાથે સ્મરે છે. અને જણાવે છે કે શુષ્ક તર્કનું અનુસરણ

---

૧ वाक्यपदीयम्: અભ્યંકર અને લિમયે; પૂના, ૧૯૬૫. પરિશિષ્ટ ૨, શ્લોક ૧ થી ૫૯

૨ એજન ૨

अवतारोऽपि भाष्यस्य संग्रहेऽस्तमुपागते ।
निबन्धहैतौ शास्त्रस्य टीकाकारेण कीर्तितः ॥ શ્લોક ૫૦

૩ 'દ્વાદશારનયચક્ર': મુનિરાજ જમ્બૂવિજયજી મહારાજ; શ્રી આત્માનંદ પ્રકાશ પુસ્તક ૪૫, અંક ૧૦, પૃષ્ઠ ૧૮૪.

૪ आचार्यवसुरातेन न्यायमार्गान्विचिन्त्य सः । ૫૩બ
प्रणीतो विधिवचायं मम व्याकरणागमः । ૫૪અ

૫ न्यायप्रस्थानमार्गास्तानभ्यस्य स्वं च दर्शनम् ।
प्रणीतो गुरुणाऽस्माकमयमागमसङ्ग्रहः ॥ વાક્યપદીય ૨. ૪૮૪

૬ (અ) अथ कदाचिद्योगतो विचार्य तत्र भगवता वसुरातगुरुणा ममायमागमः वात्सल्या-प्रणीत इति स्वरचितस्यास्य ग्रन्थस्य गुरुपूर्वक्रममभिधातुमाह ।
પુણ્યરાજટીકા વાક્યપદીય ૨. ૪૮૪

(બ) तत्र ह्युपलतले रावणविरचितो मूलभूतव्याकरणागमस्तिष्ठति केनचिच्य ब्रह्मरससानीय चन्द्राचार्यवसुरातगुरुप्रभृतीनांदत्तइति । પુણ્યરાજટીકા, વાક્યપદીય ૨. ૪૮૩

(ક) न तेनास्मद्गुरोस्तत्रभवतो वसुरातादन्यः कश्चिदिमं भाष्यार्णवमवगाहितुमलमित्युक्तं भवति । પુણ્યરાજટીકા, વાકયદીય ૨. ૪૮૦

કરનારા બૈજિ, સૌભવ, હર્યક્ષ વગેરે વૈયાકરણોની તર્કપરંપરાને પરિણામે મહાભાષ્ય જેવો આર્ષ ગ્રંથ વિપ્લાવિત થયો. આ ગ્રંથની પરંપરા પતંજલિની શિષ્યપરંપરામાં ભ્રષ્ટ થઈ પરંતુ દક્ષિણમાં તે પરંપરા કેવળ ગ્રંથરૂપે અસ્તિત્વ ધારણ કરતી રહી.[1] ભર્તૃહરિ વિષેના ઈ-ત્સીંગે કરેલા ઉલ્લેખો તો આપણે નિરાધાર સાબિત કર્યા જ છે.

## ૨

## ભર્તૃહરિની કૃતિઓ

### વાક્યપદીય :

ભર્તૃહરિની ઉત્તમ રચના તે 'વાક્યપદીય'. ભર્તૃહરિની વૈયાકરણ પ્રતિભાનું તે ઉત્તમ પુષ્પ છે. આ જ ગ્રંથે વ્યાકરણશાસ્ત્રને દર્શનની કક્ષાએ પહોંચાડવામાં મદદ કરી છે. તેને ધર્મકીર્તિના 'પ્રમાણવાર્તિક' સાથે, કુમારિલ ભટ્ટના 'શ્લોકવાર્તિક' સાથે અને શંકરાચાર્યના 'બ્રહ્મસૂત્રભાષ્ય' સાથે સરખાવી શકાય. ભારતીય વાઙ્મયમાં એવો કોઈ મહત્ત્વનો દર્શનગ્રંથ નથી જેમાં 'વાક્યપદીય'ની કારિકાઓ ઉદ્ધૃત થઈ ન હોય. આ જ ગ્રંથની તત્ત્વચર્ચાથી પ્રભાવિત થઈને અભિનવગુપ્ત જેવા આલંકારિકો અને ભટ્ટોજી દીક્ષિત જેવા વૈયાકરણો ભર્તૃહરિ માટે 'ભગવાન' શબ્દનો પ્રયોગ કરે છે.

'વાક્યપદીય'નો વ્યાકરણ ગ્રંથોમાં પ્રથમ નામોલ્લેખ પાણિનીય સૂત્રો ઉપરની 'કાશિકા વ્યાખ્યા'માં મળે છે. તેને 'શબ્દાર્થસંબંધીયં પ્રકરણં' કહેવામાં આવ્યું છે.[2]

કાશિકાકારનો આ ઉલ્લેખ 'વાક્યપદીય'ને જ લાગુ પડે છે, આ ગ્રંથ (પ્રકરણ) શબ્દ અને અર્થ સંબંધે હોવાથી. બ્રહ્મકાંડ શબ્દ, અર્થ અને તેના સંબંધની ચર્ચા કરે છે અને વાક્યકાંડ વાક્યમાંના શબ્દોની ચર્ચા કરે છે. મહાભાષ્યના ટીકાકાર કૈયટ પોતાની ટીકા 'મહાભાષ્ય પ્રદીપ'માં જાહેર કરે છે કે હરિએ બાંધી આપેલા પૂલ ઉપરથી પંગુની જેમ ચાલતાં ચાલતાં મેં મહાભાષ્યરૂપી સમુદ્ર પસાર કર્યો છે.[3] 'પ્રદીપ'માંની ચર્ચા 'પ્રદીપિકા' (પહેલાં સાત આહ્નિક સુધીની) અને 'વાક્યપદીય' ઉપર જ આધાર રાખે છે. 'પ્રદીપ'માં 'પ્રદીપિકા'માંનાં તેમ જ 'વાક્યપદીય'માંનાં અસંખ્ય વચનો નજરે ચઢે છે. ભટ્ટોજી દીક્ષિતના બે ગ્રંથો 'શબ્દકૌસ્તુભ'

---

૧ अलब्धगाधे गाम्भीर्यादुत्तान इव सौष्ठवात् ।
तस्मिन्नकृतबुद्धीनां नैवावस्थित निश्चयः ॥
बैजिसौभवहर्यक्षैः शुष्कतर्कानुसारिभिः ।
आर्षे विप्लाविते ग्रन्थे संग्रहप्रतिकञ्चुके ॥
यः पतञ्जलिशिष्येभ्यो भ्रष्टो व्याकरणागमः ।
काले स दाक्षिणात्येषु ग्रन्थमात्रे व्यवस्थितः ॥ વાક્યપદીય ૨. ૪૮૦-૪૮૨

૨ કાશિકા, પા. સૂ. ૪-૩-૮૮ शब्दार्थसंबन्धीयं प्रकरणम् । वाक्यपदीयम् ।

૩ तथापि हरिबद्धेन सारेण ग्रन्थसेतुना ।
क्रममाणः शनैः पारं तस्ययातोऽस्मि पङ्गुवत् ॥ 'પ્રદીપ', મંગલશ્લોક ૭

અને 'વૈયાકરણસિદ્ધાન્તકારિકા'માં 'વાક્યપદીય'માંની કારિકાઓ ઉદ્ધૃત છે. આ ઉપરાંત હરિકારિકાઓ અનેક બૌદ્ધ, જૈન અને બ્રાહ્મણ દાર્શનિકોના ગ્રંથોને શોભાવે છે.

'વાક્યપદીય' ત્રણ 'કાંડ'માં વિભક્ત છે; પ્રથમ કાંડ અથવા બ્રહ્મકાંડ, દ્વિતીય કાંડ અથવા વાક્યકાંડ અને તૃતીય કાંડ અથવા પદકાંડ. પદકાંડનું પ્રકીર્ણકાંડ અથવા 'પ્રકીર્ણ' એવું નામ પણ પ્રસિદ્ધ છે. પ્રથમ અને દ્વિતીય કાંડને 'વાક્યપદીય' નામ મળ્યું હોય અને તૃતીય કાંડ સ્વતંત્રરૂપે પ્રચલિત હોય તેવો સંભવ પુણ્યરાજે રજૂ કરેલી બીજા કાંડના અંત ભાગે આવતી વિષય સંગતિ ઉપરથી તથા વર્ધમાનના 'ગણરત્નમહોદધિ'ના ઉલ્લેખ ઉપરથી સૂચિત થાય છે.[1] આમ છતાં ત્રણેય કાંડ 'વાક્યપદીય' નામથી પ્રસિદ્ધ હતાં એવો સંભવ સ્વીકારી શકાય, કારણ કે તૃતીય કાંડ અથવા પદકાંડના ટીકાકાર હેલારાજની[2] તૃતીય કાંડની હેલારાજીય ટીકા (પ્રકીર્ણપ્રકાશ)ને અંતે મળતા શ્લોકો પણ ભર્તૃહરિના ત્રણેય કાંડોના કર્તૃત્વને સિદ્ધ કરે છે.[3] આમાં કાંઈ પણ સંશય હોય તો ભર્તૃહરિ પોતે જ દ્વિતીય કાંડની કારિકા ૪૮૫માં જાહેર કરે છે કે તૃતીય કાંડમાં બાકીના સિદ્ધાન્તોની ચર્ચા પૂરેપૂરી થશે.[4]

'વાક્યપદીય'નાં ત્રણ કાંડોમાં વિસ્તારમાં સૌથી મોટું પદકાંડ છે, તેની ૧૩૨૩ કારિકાઓ છે. બીજે નંબરે વાક્યકાંડ આવે છે, જેમાં ૪૮૭ કારિકાઓ છે[5] અને ત્રીજે નંબરે તેનું સૌથી નાનું અને સૌથી વધારે પ્રસિદ્ધ એવું બ્રહ્મકાંડ અથવા આગમ કાંડ છે જેમાં, ૧૫૬ કારિકાઓ છે. ભર્તૃહરિનો ગ્રંથ બૌદ્ધ વિદ્યાવ્યાસંગીઓમાં પ્રસિદ્ધ હતો, પરંતુ વ્યાકરણપરંપરામાં તેના અભ્યાસીઓની સંખ્યા પરિમિત હતી એમ જણાય છે. તૃતીય કાંડ અથવા પદકાંડ કે પ્રકીર્ણકાંડ જેમાં ચૌદ વિષયોનું ચૌદ સમુદ્દેશોમાં નિરૂપણ થયું છે, કદાચ ભર્તૃહરિના અવસાન પછી થોડા જ સમયમાં વિપ્લાવિત થઈ ગયો હોય એમ લાગે છે. આપણને પ્રાપ્ત થતા તેના ચૌદ સમુદ્દેશો ઉપરાંત બીજા કેટલાક સમુદ્દેશો પણ તેમાં હતા જે અત્યારે આપણને ઉપલબ્ધ નથી. આવા નાશ પામેલા સમુદ્દેશોમાં એક 'બાધાસમુદ્દેશ' હતો અને બીજો હતો મીમાંસાના વિષયોનું

---

૧ पुण्यराजेन तस्योक्ता सङ्गतिः कारिकाश्रिता ।
૫૮ બ, વાક્યપદીય, અભ્યં. અને લીમ. પરિ. ૨, પૃ. ૧૯૬

૨ भर्तृहरिः वाक्यप्रदीयप्रकीर्णकयोः कर्ता त्रिपाद्या च व्याख्याता ।

૩ काण्डद्वये यथावृत्ति सिद्धान्तार्थसतत्त्वतः ।
प्रबन्धो विहितोऽस्माभिरागमार्थानुसारिभिः ॥
तच्छेषभूते काण्डेऽस्मिन्सप्रपञ्चे स्वरूपतः ।
श्लोकार्थद्योतानपरः प्रकाशोऽयं विधीयते " 'પ્રકીર્ણપ્રકાશ' મંગલશ્લોક ૨-૩,
[ સુબ્રહ્મણ્ય ઐયર, પૂના. ૧૯૬૩ ]

૪ त्रैलोक्यगामिनी येन त्रिकाण्डी त्रिपदीकृता ।
तस्मै समस्तविद्याश्रीकान्ताय हरये नमः ॥ શ્લોક ૪, પૃ. ૨૭૨
[ વાક્યપદીયપ્રકીર્ણપ્રકાશ સહ; ત્રિવેન્દ્રમ્, ૧૯૪૨ ]

૫ वर्तम्नमत्र केषांचिद्वस्तुमात्रमुदाहृतम् ।
काण्डे तृतीये न्यक्षेण भविष्यति विचारणा ॥ વાક્યપદીય ૨. ૪૮૫

નિરુપણ કરનારો 'લક્ષણ સમુદ્દેશ'. ભર્તૃહરિનો મીમાંસા તથા બ્રાહ્મણ ગ્રંથોના વિષયો તરફનો પક્ષપાત તેમની મહાકાવ્ય વ્યાખ્યા 'પ્રદીપિકા'માં સ્પષ્ટ દેખાઈ આવે છે. ભર્તૃહરિથી સુપરિષ્કૃત થયેલા વ્યાકરણાગમનો ભ્રંશ થવાથી કે લેખકો (લહિયાઓ)ના પ્રમાદને કારણે આવી સ્થિતિ થયાનો સંભવ છે એ વાત પુણ્યરાજની ટીકાનાં વચનો ઉપરથી પણ સ્પષ્ટ થાય છે.[1] લક્ષણ સમુદ્દેશ માટે તો ભર્તૃહરિ પોતે સ્વોપજ્ઞવૃત્તિમાં જણાવે છે કે 'બાર, છ અથવા ચોવીસ લક્ષણો અત્રે લક્ષણ સમુદ્દેશમાં બરાબર ચર્ચીશું.'[2]

## બ્રહ્મકાંડની વિષયવ્યવસ્થા[3]

| | | |
|---|---|---|
| કારિકા | ૧–૪ | શબ્દબ્રહ્મનું સ્વરૂપચિન્તન |
| | ૫ | શબ્દબ્રહ્મની પ્રાપ્તિનો ઉપાય |
| | ૬–૧૦ | વેદ, સ્મૃતિ અને તેમના પર નિર્ભર દર્શનભેદો |
| | ૧૧–૨૨ | વ્યાકરણનું મહત્ત્વ |
| | ૨૩ | શબ્દ, અર્થ અને તેમના સંબંધનું નિત્યત્વ |
| | ૨૪–૨૬ | અપોદ્ધાર પદાર્થ |
| | ૨૭–૨૯ | શબ્દોનું અનાદિત્વ |
| | ૩૦–૩૧ | ધર્મવ્યવસ્થા માટે આગમની આવશ્યકતા |
| | ૩૨–૩૪ | અર્થપ્રાપ્તિ માટે અનુમાનની નિષ્ફળતા |
| | ૩૫–૪૩ | અભ્યાસ પ્રત્યક્ષ, યોગજ પ્રત્યક્ષ; આગમના પ્રામાણ્ય અંગે હેતુવાદની નિષ્ફળતા |
| | ૪૪–૭૭ | બે પ્રકારના ઉપાદાન શબ્દો |
| | ૭૮–૮૦ | શબ્દાભિવ્યક્તિ પ્રક્રિયા; ત્રણ મતો |

---

૧ (અ) तत्र षट् द्वादश चतुर्विंशतिर्वा एतानि लक्षणानि तावदिह प्रदर्श्यन्ते। एतेषां च वितत्य सोपमत्तिकं सनिदर्शनं स्वरूपं पदकाण्डे **लक्षणसमुद्देशे** विनिर्दिष्टमिति ग्रन्थकृतैव स्ववृत्तौ प्रतिपादितम्। आममभ्रंशाद्वा लेखकप्रमादादिना वा **लक्षण-समुद्देशश्च** पदकाण्डमध्ये न प्रसिद्धः।

વાકયપદીય, પુણ્યરાજટીકા ૨-૭૯-૮૫ બનારસ, પૃ. ૧૦૧

(બ) બાધાસમુદ્દેશ, જે પુણ્યરાજને પ્રાપ્ત હતો તેને વિશે તે લખે છે: एषा च टीका-कृता स्ववृत्तौ सा च तुल्यबलेष्वसंभवादित्यादिना तत्र दर्शिता।

વાકયપદીય, પુણ્યરાજટીકા ૨-૭૯-૮૫ બનારસ, પૃ. ૧૦૬

૨ तत्र द्वादश षट् चतुर्विंशतिर्वा लक्षणानीति लक्षणसमुद्देशे सापदेशं सविरोधं व्यख्यास्यते।

વાકયપદીય, સ્વોપજ્ઞવૃત્તિ; ચારુદેવશાસ્ત્રી. પૃ. ૪૫

૩ અહીં ક્રમરજૂઆત પ્રો. અભ્યંકર અને આ. લીમયેના 'વાકયપદીય'ને અનુસરે છે.

૮૧ અભિવ્યક્તિવાદીઓના અન્ય ત્રણ મતો
૮૨–૧૦૬ સ્ફોટ અને ધ્વનિ
૧૦૭–૧૦૯ વાયુની શબ્દભાવપ્રાપ્તિ
૧૧૦–૧૧૧ અણુઓની શબ્દભાવપ્રાપ્તિ
૧૧૨–૧૧૫ જ્ઞાનની શબ્દભાવપ્રાપ્તિ
૧૧૬ ધ્વનિનું સર્વાન્તર્યામિત્વ
૧૧૭ શબ્દનાં અધિષ્ઠાન
૧૧૮ શબ્દનું વિશ્વશક્તિરૂપત્વ અને સર્વજનકત્વ
૧૧૯–૧૩૧ શબ્દનું સર્વવ્યાપિત્વ અને સર્વબોધકત્વ
૧૩૨ શબ્દસંસ્કાર એટલે પરમાત્માની સિદ્ધિ; તેના જ્ઞાતાને શબ્દબ્રહ્મની પ્રાપ્તિ
૧૩૩–૧૪૭ આગમ, આમ્નાય, વ્યાકરણ, સ્મૃતિ
૧૪૮–૧૫૬ અપભ્રંશ શબ્દોનું વાચકત્વ.

## વાક્યકાંડની વિષયવ્યવસ્થા

૧–૨ વાક્ય વિષે આઠ મતો
૩–૬ મીમાંસકોનો અને કાત્યાયનનો મત
૭–૧૪ અખંડ સ્ફોટરૂપ વાક્ય
૧૫–૧૮ સંઘાત; અભિહિતાન્વય અને અન્વિતાભિધાન
૧૯–૨૯ સંઘાતવર્તિની જાતિ
૩૦–૩૩ બુદ્ધ્યનુસંહૃતિ
૩૪–૪૦ પદવાદીનું ખંડન
૪૧–૪૯ સંઘાત
૫૦–૫૪ ક્રમ
૫૫–૫૭ પુનઃકથન; સંઘાત, ક્રમ, એક અન્વય શબ્દ
૫૮–૮૯ પદવાદી વડે અખંડ વાક્યવાદીનું ખંડન
૯૦–૧૧૮ પદવાદીનું ખંડન
૧૧૯ પ્રતિભાવાક્યાર્થ
૧૨૦–૧૪૪ શબ્દ વિષે અને તેના અર્થ વિષે બાર મતો
૧૪૫–૧૫૩ ૭ પ્રકારની પ્રતિભા
૧૫૪–૧૬૪ શબ્દાર્થ

| | |
|---|---|
| ૧૬૫–૧૮૮ | પ્રકૃતિ પ્રત્યયાર્થ |
| ૧૮૯–૧૯૨ | ઉપસર્ગો |
| ૧૯૩ | સ્વાર્થિક પ્રત્યયો |
| ૧૯૪–૧૯૮ | નિપાત |
| ૧૯૯–૨૦૪ | કર્મપ્રવચનીય |
| ૨૦૫–૨૪૯ | પદવાદીનું ખંડન |
| ૨૫૦–૩૧૮ | ગૌણમુખ્યાર્થ |
| ૩૧૯–૩૨૫ | પદપદાર્થનું ખંડન અને વાક્યસ્ફોટનું સ્થાપન |
| ૩૨૬–૩૩૧ | આખ્યાત શબ્દ, વાક્યમ્ |
| ૩૩૨–૩૭૬ | વાક્યપક્ષનું સ્થાપન |
| ૩૭૭–૩૮૯ | પ્રત્યેક વાક્યપરિસમાપ્તિ અને સમુદાયેવાક્યપરિસમાપ્તિ |
| ૩૯૦–૪૭૭ | વાક્યપક્ષનું સ્થાપન |
| ૪૭૮–૪૮૭ | મહાભાષ્યના અભ્યાસની અવનતિ, ચન્દ્રાચાર્ય વડે તેની પુનઃપ્રતિષ્ઠા, ભિન્ન આગમદર્શનોના અભ્યાસથી પ્રજ્ઞાને વિવેકની પ્રાપ્તિ, વૃદ્ધોપાસનાથી વિદ્યાપ્રાપ્તિ. |


## પદકાંડની વિષયવ્યવસ્થા

### ૧ જાતિસમુદ્દેશ


| | |
|---|---|
| ૧ | પદવિભાગ |
| ૨ | જાતિ અને દ્રવ્ય |
| ૩–૧૩ | જાતિવિચાર |
| ૧૪–૧૮ | જાતિવિચાર (વૈશેષિક મત) |
| ૧૯–૨૧ | જાતિવિચાર (વિજ્ઞાનવાદી મત) |
| ૨૨–૪૦ | જાતિવિચાર (વેદાન્ત મત) |
| ૪૧–૫૧ | જાતિગત ધર્મ |
| ૫૧–૯૨ | લક્ષણા |
| ૯૩–૯૮ | વૈશેષિક અને સાંખ્યમતમાં વ્યતિરિક્તા જાતિ |
| ૯૯–૧૦૧ | બૌદ્ધમતે જાતિ |
| ૧૦૨–૧૦૬ | સારસંગ્રહ |


### ૨ દ્રવ્યસમુદ્દેશ


| | |
|---|---|
| ૧ | દ્રવ્ય વિષે મતાન્તર |
| ૨–૧૮ | દ્રવ્ય પરમ તત્ત્વ તરીકે |

**૩ સંબંધસમુદ્દેશ**

૧–૨ શબ્દાર્થસંબંધ; નિત્ય કે સ્વાભાવિક ?

૬–૨૮ શબ્દાર્થસંબંધ, સંયોગ પણ નહિ તેમ સમવાય પણ નહિ

૨૯–૫૯ શબ્દાર્થસંબંધ નિત્યત્વ

૬૦–૭૩ અભાવ

૭૪–૭૭ અભાવ વૈશેષિકમતમાં

૭૯–૮૮ શબ્દાર્થસંબંધનિત્યત્વ; સારસંગ્રહ.

**૪ (ભૂયો) દ્રવ્યસમુદ્દેશ**

૧–૨ પદવિભાગ

૩ દ્રવ્યની વ્યાખ્યા

**૫ ગુણસમુદ્દેશ**

૧–૯ ગુણ; તેનું સંસર્ગિત્વ, ભેદકત્વ અને પ્રકર્ષે સખ્યાપારત્વ

**૬ દિક્ સમુદ્દેશ**

૧ દિક્, સાધન, ક્રિયા અને કાલનું ઔચિત્ય

૨–૨૭ દિક્

**૭ સાધનસમુદ્દેશ**

૧–૧૪ સાધન:( કારક ) શક્તિવિશેષ તરીકે; મીમાંસક અને નૈયાયિક મત

૧૫–૨૩ ભાષ્યકારના મતમાં સાધન

૨૪ હેતુ

૨૫–૨૭ હેતુ અને કરણ; હેતુ અને તાદર્થ્ય

૨૮–૩૩ સાધન, સામાન્ય વિવરણ

૩૪ કાલ, અપૂર્વ અને ક્રિયા, સાધનાંગ તરીકે

૩૫–૪૩ સાધન, શક્તિવિશેષ તરીકે

૪૪ કારકવિભાગ

૪૫–૬૬ કર્મ, તેના પ્રકાર, નિવર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય

૬૭–૮૯ કાલ, ભાવ, અધ્વ

૯૦–૧૦૦ કરણ

૧૦૧–૧૨૪ કર્તા

૧૨૫–૧૨૮ હેતુ

૧૨૯–૧૩૫ સંપ્રદાન
૧૩૬–૧૪૭ અપાદાન
૧૪૮–૧૫૫ અધિકરણ
૧૫૬–૧૬૨ શેષ
૧૬૩–૧૬૭ સંબોધન અને સારસંગ્રહ

**૮ ક્રિયાસમુદ્દેશ**

૧–૧૯ ક્રિયા; વ્યક્તિપક્ષ
૨૦–૨૧ ક્રિયા; જાતિપક્ષ
૨૨–૪૨ નિત્યાપ્રવૃત્તિ ક્રિયા
૪૩–૬૪ સાધ્ય અને સાધન

**૯ કાલસમુદ્દેશ**

૧–૧૫ કાલ; પ્રતિબન્ધ અને તિરોભાવનું કારણ
૧૬–૨૦ કાલ, ઉત્પત્તિ
૨૧–૨૩ કાલ, સ્થિતિ
૨૪–૨૬ કાલ, પ્રતિબંધ
૨૭–૩૬ કાલ; ધીમું, ઝડપી વગેરે વિચારોનો દ્યોતક
૩૭–૩૮ કાલવિભાગ; ભૂત, ભવિષ્ય, વર્તમાન
૩૯–૪૫ કાલ; ક્રમરૂપતા માટે જવાબદાર
૪૬–૪૭ કાલ; અદ્વૈતમત
૪૮–૫૬ ભૂત, ભવિષ્ય, વર્તમાન
૫૭ કાલ, બૌદ્ધમત
૫૮–૬૧ કાલનું જ્ઞાનાનુગતશક્તિત્વ અને વ્યવહારોપયોગિત્વ
૬૨ કાલ; અન્ય મતો
૬૩–૭૯ કાલ, દરેક ક્રિયાના માન માટે જવાબદાર
૮૦–૯૧ વર્તમાનકાલ
૯૨–૧૧૧ धातुसंबन्धे प्रत्ययाः ( ૩–૪.૧ ) સૂત્રની વ્યાખ્યા
૧૧૨–૧૧૪ વર્તમાનમાં ભૂત અને ભવિષ્યનું નિહિતત્વ

**૧૦ પુરુષસમુદ્દેશ**

૧–૯ ત્રણ પુરુષ; પ્રથમ, મધ્યમ, ઉત્તમ

## ૧૧ સંખ્યા સમુદ્દેશ

૧–૧૪ ભેદાભેદનિબન્ધના સંખ્યા
૧૫–૩૨ એક વગેરે સંખ્યા.

## ૧૨ ઉપગ્રહ સમુદ્દેશ

૧ ઉપગ્રહ; વ્યાખ્યા
૨–૪ સાધન, સાધનવિશેષણ અને ક્રિયાવિશેષ સાધન તરીકે
૫–૨૭ આત્મનેપદ અને પરસ્મૈપદ

## ૧૩ લિંગ સમુદ્દેશ

૧–૩ લિંગ; સાત પ્રકાર
૪–૧૨ લિંગ; લૌકિક મત
૧૩–૩૧ લિંગ; વૈયાકરણ મત

## ૧૪ વૃત્તિસમુદ્દેશ

૧–૫ તદ્ધિત વૃત્તિ
૬–૨૭ સુપ વૃત્તિ
૨૮–૩૫ એકશેષ વૃત્તિ
૩૬–૮૭ સમાસ અને વાક્ય
૮૮–૧૦૯ સમાસમાં ગુણગુણી ભાવ
૧૧૦–૧૩૩ સમાસમાં સંખ્યાતત્ત્વ
૧૩૪–૧૫૮ विशेषणानां चाजातेः ( પા. ૧,૨.૫૨ )। સૂત્રની વ્યાખ્યા
૧૫૯–૧૬૭ अतिशायने तमबिष्ठनौ ( પા. ૫.૩.૫૫ ) સૂત્રના વાર્તિક અને ભાષ્યનું વ્યાખ્યાન
૧૬૮–૧૮૯ स्त्रियाम् ( ૪-૧-૩ ) સૂત્રના વાર્તિક અને ભાષ્યનું વ્યાખ્યાન
૧૦૯–૨૦૭ દ્વન્દ્વ સમાસમાં લિંગવચનના અતિદેશનો ઉપયોગ
૨૦૮–૩૧૪ નઞ્ સમાસમાં લિંગવચનના અતિદેશનો વિચાર
૩૧૫–૩૪૬ જાતિ અને દ્રવ્ય મતમાં લિંગવચનાતિદેશવિચાર.
૩૫૭–૪૨૫ ઉપમાન સમાસ
૪૨૬–૪૩૦ उपमितं व्याघ्रादिभिः सामान्याप्रयोगे ( ૨-૧-૫૬ ) સૂત્રના ભાષ્યનો વિચાર
૪૩૧–૫૨૧ વત્યર્થ વિચાર
૫૨૨–૫૪૮ तत्र तस्येव ( ૫-૧-૧૧૬ ) સૂત્રનો વિચાર
૫૪૯–૫૭૩ અર્હા વિચાર

૫૭૪–૫૮૯ અનુપમાન વત્નો વિચાર

૫૯૦–૬૦૩ ઉપમાન અને ઉપમેયમાં સંખ્યાપરક ભેદ

૬૦૪–૬૧૨ समासाच्च ताद्विषयात् ( ૫-૩-૧૦૬ )માં છાવિધિ

૬૧૩–૬૨૭ प्रकारवचने कन् ( ૫-૪-૩ )માં કન્‌વિધિ

'વાકયપદીય' ગ્રંથનો કારિકાસમૂહ કેટલે અંશે ભર્તૃહરિની જ સ્વનિર્મિતિ છે તે વાત આપણે કદાચ કદાપિ સિદ્ધ કરી શકીશું નહિ. હરિકારિકાઓની પરંપરા અંગે હસ્તપ્રતોની માહિતી, પહેલાં બે કાંડ પૂરતી સ્વોપજ્ઞ ટીકામાંના નિર્દેશો, પુણ્યરાજ-હેલારાજ કે હરિવૃષભ વગેરેના નિર્દેશો અને વ્યાકરણના તેમ જ અન્ય દર્શનગ્રંથોમાં હરિકારિકાઓની ઉપસ્થિતિ કશું સિદ્ધ કરી શકશે નહિ. ઈસુની પંદરમી સદીની લગભગ બધી હસ્તપ્રતોમાં વ્યક્તિગત લહિયાના પ્રમાદને બાદ કરતાં કારિકાઓની સંખ્યા અને ક્રમ સમાન છે. વારાણસીના સંપાદકે બે પ્રતો સિવાય બીજી પ્રતો જોવાની તસ્દી લીધી નથી, એટલું જ નહિ પરંતુ કારિકાઓનાં પૌર્વાપર્ય અને ક્રમ બાબતમાં નિષ્કાળજી જ દાખવી છે.

પરંપરાને ચુસ્તપણે વળગી રહીને પૂર્વસૂરિના લખાણમાંથી નોંધપાત્ર ભાગનો સ્વલેખનમાં અવતાર કરવો એવી સ્થિતિ ભારતીય દર્શનશાખાઓમાં જોવા મળે છે. આ સ્થિતિ વ્યાકરણ-શાસ્ત્રના વિકાસ પૂરતી તો અસંત સ્પષ્ટ છે. 'મહાભાષ્ય,' 'ચંદ્રવૃત્તિ,' 'કાશિકા' એમ સળંગ રીતે વ્યાકરણચર્ચા એક સરખા શબ્દોમાં અને સમાન ઉદાહરણો રજૂ કરીને આગળ વધી છે. પાણિનીય સૂત્રોનો અવતાર અન્ય સર્વ વ્યાકરણપરંપરાઓએ કર્યો છે. વૃત્તિગ્રંથો અને ટીકાગ્રંથો પણ આનાથી મુક્ત નથી. ભર્તૃહરિનો 'પ્રદીપિકા'નો પોતાના 'પ્રદીપ'માં પૂર્ણ અવતાર કરાવનાર કૈયટ આના જ્વલંત ઉદાહરણરૂપે છે. વ્યાડિના ગ્રંથને તો 'સંગ્રહ' એવું સ્પષ્ટ નામ મળ્યું છે. 'કાશિકાવૃત્તિ'ના લેખકો જણાવે છે કે विप्रकीर्णस्य तन्त्रस्य क्रियते सारसंग्रहः[1] વેરવિખેર તંત્રના અમે સારસંગ્રહ કરીએ છીએ.

'વાકયપદીય'ને વિષે પણ તે સંગ્રહગ્રંથ હોવાની શંકાનો પૂર્વપક્ષ પુરાવા વિનાનો છે. સ્વોપજ્ઞવૃત્તિમાં ટીકાનું માન નહિ પામેલા અને જેને વિષે ભર્તૃહરિ કેવળ इत्यैवमादि सर्वमनुगन्तव्यम्।[2] એટલું જ કહે તેવા શ્લોકોનું કે अथापर आगमोऽनुगम्यते[3] વગેરે શબ્દોથી શરૂ થતી વૃત્તિવાળી કારિકાઓનું કર્તૃત્વ ભર્તૃહરિનું નથી એવી દલીલ કરવામાં આવે છે. આવાં 'પ્રતીકો'માં 'एकेषामागमः'। 'अमरेषां दर्शनम्'। કે 'अन्येषां दर्शनम्' મુખ્ય છે. આગમ કાંડની પુષ્પિકા 'आगमसमुच्चयो नाम ब्रह्मकाण्डं समाप्तम्'। અથવા 'प्रणीतो गुरुणास्माकमयमागमसंग्रहः'।[4] જેવાં વચનો પણ આ દિશામાં કશી સિદ્ધિ મેળવી શકે તેમ નથી. પૂર્વાચાર્યોનાં મન્તવ્યો

૧ મંગલશ્લોક ૧, 'કાશિકા', બનારસ, ૧૯૨૮

૨ 'વાકયપદીય', સ્વવૃત્તિ ૧-૧૧૬; પૃ. ૧૦૪, ચારુદેવશાસ્ત્રી; લાહોર, ૧૯૩૪

૩ 'વાકયપદીય' સ્વવૃત્તિ ૧ ૧૧૭; પૃ. ૧૦૫, ચારુદેવશાસ્ત્રી; લાહોર, ૧૯૩૪

૪ 'વાકયપદીય' ૨. ૪૮૪૫

કે અન્ય તીર્થદર્શીઓના મતોના ઉલ્લેખ માત્રથી જ કૃતિ સંગ્રહગ્રંથ બનતી નથી. આ બધી દલીલો 'વાક્યપદીય'ની પદ્ધતિની સર્વગ્રાહિતા અને પરિપૂર્ણતા સાબિત કરે છે.

ભર્તૃહરિના નામે ઉદ્ધૃત થયેલી અનેક કારિકાઓ ઉપલબ્ધ ગ્રંથ 'વાક્યપદીય'માં મળતી નથી. આવી કારિકાઓનાં, તેમના સંદર્ભનો વિચાર કરતાં, સ્થાન નિશ્ચિત કરી શકાય. ભર્તૃહરિના 'વાક્યપદીય'નો કેવો ગ્રંથપાત થયો હતો તેના આવી કારિકાઓ પુરાવા છે.

'વાક્યપદીય'ની હરિકારિકાઓને નાગાર્જુનની (ઈ. સ. ૨૦૦) 'મધ્યમકવૃત્તિ'ની દિગ્નાગ (ઈ. સ. ૪૫૦)ના 'પ્રમાણસમુચ્ચય'ની કુમારિલ (ઈ. સ. ૫૫૦)ના 'શ્લોકવાર્તિક'ની અને ધર્મકીર્તિ (ઈ. સ. ૬૦૦)ના 'પ્રમાણવાર્તિક'ની, કારિકાઓ સાથે સરખાવી શકાય. નાગાર્જુનની તર્કબદ્ધતા અને અપરિહાર્ય દલીલની સ્પષ્ટતા તરત જ ધ્યાન ખેંચે છે. દિગ્નાગની કારિકાઓ પણ અર્થઘન અને સુઘટ્ટ છે; એની દલીલશક્તિ પણ એવી જ સર્વગ્રાહી અને સર્વવિજયી છે. તેની સારગર્ભપણાનાં અંતિમ લક્ષ્યો સિદ્ધ કરવાની સહજ ચતુરાઈ અર્થબોધને સરલ બનાવતી નથી. શાન્તરક્ષિત (ઈ. સ. ૭૦૦ થી ૭૬૦) અને હેમચન્દ્રની (ઈ. સ. ૧૧૩૦) કૃતિઓની જેમ તેમાં પ્રતિસ્પર્ધીને માટે કઠોર શબ્દાવલી નજરે ચઢે છે. કુમારિલની કારિકાઓ હાસ્ય, કટાક્ષ, નર્મ અને હળવાસના તરંગોથી દોલાયમાન છે. પ્રતિસ્પર્ધીના દોષોનું ઉદ્ભાવન કરવાની તેમની મુખ્ય નેમ છે; કોઈક વાર આવા દોષપ્રદર્શન માટે તર્કબદ્ધતાને તે કોરે મૂકે છે અને કટાક્ષનો આશ્રય લે છે. ધર્મકીર્તિની કારિકાઓ દુર્બોધતામાં આ બધાથી ચઢી જાય છે. ક્રિયાપદના રૂપનો અલ્પ ઉપયોગ, દલીલોનું પરસ્પર અણઉકેલ ગુંફન અને ઉચ્ચતમ તર્કશક્તિ આ કારિકાઓને દર્શનગ્રંથોમાં અગ્રસ્થાન અપાવે છે. ભર્તૃહરિની શૈલી સરલ, પ્રૌઢ અને પ્રાચીન પરિભાષાથી સુશોભિત છે.[1] તેમાં કવિનું કાવ્ય છે અને યોગીની આર્ષવાણી છે.[2]

બ્રહ્મકાંડની કારિકાઓ સુસ્પષ્ટ છે. પદ્ય-ઉપનિષદોના શ્લોકો જેવી પ્રૌઢી તેમાં જણાય છે. સરળ અર્થપ્રવાહ, સુબદ્ધ અર્થવિચાર અને દર્શનગ્રંથની સમતુલા એમાં સિદ્ધ થઈ છે. અસ્પષ્ટ મુદ્દાને કે દુર્બોધ તત્ત્વવિચારને પુનઃકથનદ્વારા કે અન્યાન્ય ઉદાહરણો દ્વારા તે સ્પષ્ટ રીતે સમજાવે છે. નવીન ચર્ચા શરૂ કરતાં પહેલાં અન્ય તીર્થદર્શીઓના મતો તેમણે જણાવ્યા છે. એક વૈયાકરણ તરીકે તે આચાર્યત્રયીને અનુસરે છે. તેમનું અંતિમ પ્રમાણ અને ધ્રુવતારક પાતંજલ

---

૧ સરખાવો વાક્યપદીયના કેટલાક શબ્દો: अधिकृतु (૨-૨૫૪), अनुकार (૧-૫), अवग्रह (૧-૯૧), अव्ययवर्ग (૩-૩-૮), असंविद् (૨-૯૧), उपव्यंजन (૨-૧૮; ૩-૧૪-૮૫), प्रख्या (૩-૧૪-૨૮, ૪૦૫, ૫૭૫), प्रष्ठ (૩-૧૪-૮૫, ૧૫૨), बुद्ध्यनुसंहृति (૨-૧), षडवस्था (૩-૧-૩૬), सोढत्व (૧-૮૨; ૩-૭-૫૩) વગેરે.

૨ (અ) तस्माद्यः शब्दसंस्कारः सा सिद्धिः परमात्मनः ।
तस्य प्रवृत्तितत्त्वज्ञस्तद्ब्रह्मामृतमश्नुते ॥ વાક્યપદીય ૧.૧૩૨

(બ) प्रज्ञा विवेकं लभते भिन्नैरागमदर्शनैः ।
कियद्वा शक्यमुन्नेतुं स्वतर्कमनुधावता ॥

(ક) तत्तदुत्प्रेक्षमाणानां पुराणैरागमैर्विना ।
अनुपासितवृद्धानां विद्या नाति प्रसीदति ॥ વાક્યપદીય ૨. ૪૮૬-૪૮૭

'મહાભાષ્ય' છે જેને માટે તે 'अलब्धगाधे गाम्भीर्यादुत्तान इव सौष्ठवात्'।[1] જેવા માનપૂર્ણ શબ્દો વાપરે છે. 'વાક્યપદીય'ની કારિકાઓની સરખામણી 'મહાભાષ્ય'માં મળતાં શ્લોક-વાર્તિકો (પદ્યવાર્તિકો) સાથે અથવા પતંજલિએ ઉદ્ધૃત કરેલાં અન્ય પદ્યો સાથે સરખાવી શકાય. 'સંગ્રહ'ની જે કારિકાઓ આપણને મળે છે તેમની સાથે હરિકારિકાઓનું આશ્ચર્યજનક મળતાપણું છે. ભર્તૃહરિની નજર સામે વસુરાતનો અથવા અન્ય વૈયાકરણનો કોઈક વ્યાકરણાગમ હોવો જોઈએ જેની પરંપરાને તે અનુસરતા લાગે છે (प्रणीतो गुरुणास्माकमयमागमसंग्रहः ।)[2]

બૌદ્ધ વિદ્વાનો સાથે તેમને સંપર્ક, મૈત્રી અને જ્ઞાનવિનિમયનો સંબંધ હોવો જોઈએ. હરિકારિકાઓ બૌદ્ધ ગ્રંથકારોએ વારંવાર ઉદ્ધૃત કરી છે એ વાત જાણીતી છે. ભર્તૃહરિ પણ બૌદ્ધ ગ્રંથો અને તેમની પદ્ધતિની અસર નીચે આવ્યા હોય તે શક્ય છે. વિજ્ઞાનવાદીઓના મતોને તો તેમણે અનેક સ્થળોએ રજૂ કર્યા છે; તે ઉપરાંત નાગાર્જુનની રજૂઆતપદ્ધતિની અસર પણ તેમના પર પડી હોય તેમ લાગે છે.[3]

હરિકારિકાઓની પ્રાચીનતા અને વ્યાકરણ આગમનું તેમનું અનુસરણ સામાન્ય વાચકને માટે ઘણી મુશ્કેલીઓ ઊભી કરે છે. આ કારિકાઓ મહદંશે વ્યાખ્યાગમ્ય છે. સૂત્ર, વાર્તિક અને ભાષ્યનાં તત્ત્વોનું તેમાંનું પરિશીલન ઘણી વાર અત્યંત શાસ્ત્રીય બની જાય છે. આવી શાસ્ત્રીય ચર્ચાનો તાગ મેળવવા ઇચ્છનાર અધિકારિજને સૂત્રવાર્તિકભાષ્યનું આકંઠ પાન કર્યું હોવું જોઈએ. તદુપરાંત પ્રાચીન ભારતીય વૈદિક તેમજ અવૈદિક દર્શનપરંપરાનો તે સૂક્ષ્મ અભ્યાસી હોવો જોઈએ; તદુપરાંત બ્રાહ્મણગ્રંથો, શ્રૌતસૂત્રો અને મીમાંસાનો તે જ્ઞાતા હોવો જોઈએ. 'પ્રદીપિકા'-ની જેમ 'વાક્યપદીય'માં પણ ભર્તૃહરિ વૈદિક પરંપરાનું અનુસરણ કરે છે. એમની ચર્ચાના મુદ્દાને સ્પષ્ટ કરવા વૈદિક ઉદાહરણો, યજ્ઞપરક પ્રસંગો અને 'બ્રાહ્મણો' અને 'શ્રૌતસૂત્રો'માંથી વચનો ઉદ્ધૃત કરે છે. આને પરિણામે 'વાક્યપદીય'નું અધ્યયન કેવળ વિદ્વદ્ભોગ્ય રહ્યું છે. આવો વિદ્વાન વાક્યપદીયના અધ્યયનથી સમજે છે કે એવો કોઈ પ્રત્યય નથી જે શબ્દાનુગત ન હોય.[4] બધું જ જ્ઞાન શબ્દાનુવિદ્ધ છે. આવી વ્યક્તિને માટે વ્યાકરણદર્શન મોક્ષની પ્રાપ્તિનો એક માત્ર સરલ રાજમાર્ગ છે.[5] શબ્દસંસ્કાર એ તો પરમાત્માની સિદ્ધિ છે, તેની પ્રવૃત્તિના તત્ત્વને જાણનાર શબ્દબ્રહ્મની પ્રાપ્તિરૂપી અમૃતનો આસ્વાદક બને છે.[6]

---

૧ વાક્યપદીય ૨. ૪૮૦અ

૨ વાક્યપદીય ૨. ૪૮૪બ

૩ यत्पृथक्त्वमसंदिग्धं तदेकत्वान्न भिद्यते ॥
यदेकत्वमसंदिग्धं तत्पृथक्त्वान्न भिद्यते ॥ — વાક્યપદીય ૩-૭-૪૦.

૪ न सोऽस्ति प्रत्ययो लोके यः शब्दानुगमादृते ।
अनुविद्धमिव ज्ञानं सर्वं शब्देन भासते ॥ — વાક્યપદીય ૧.૧૨૩

૫ इदमाद्यं पदस्थानं सिद्धिसोपानपर्वणाम् ।
इयं सा मोक्षमाणानामजिह्मा राजपद्धतिः ॥ — વાક્યપદીય ૧-૧૬

૬ तस्माद्यः शब्दसंस्कारः सा सिद्धिः परमात्मनः ।
तस्य प्रवृत्तितत्त्वज्ञस्तद् ब्रह्मामृतमश्नुते ॥ — વાક્યપદીય ૧-૧૩૨

## પ્રદીપિકા ( મહાભાષ્યવ્યાખ્યા )

પાતંજલ મહાભાષ્ય ઉપરની કૈયટપૂર્વ ટીકાનો સૌ પ્રથમ ઉલ્લેખ કીલહૉર્ને કર્યો છે. તેમણે નોંધેલી માહિતી પ્રમાણે 'પ્રદીપિકા'ની બર્લિનમાંથી એકમાત્ર હસ્તપ્રતમાં તેને વિષે અનેક નામ—દીપિકા, ભર્તૃહરિ ટીકા, મહાભાષ્ય ટીકા ભર્તૃહરિવિરચિતા મળે છે.[1]

આ ટીકાનો[2] પ્રારંભ મહાભાષ્યનાં વચનો: **लौकिकानां वैदिकानां च।**ની ટીકાથી થાય છે અને તેનો અંત પાણિનીય સૂત્ર **अनेकाल् शित्सर्वस्य** (૧-૧-૫૫) ઉપરના ભાષ્યની સમાપ્તિ પછી થાય છે, અર્થાત્ મહાભાષ્યનાં પ્રથમ સાત આહ્નિક સુધીના ભાષ્ય ઉપર આ અત્યંત વિસ્તૃત ટીકા મળે છે. વળી નીચેનાં સ્થળોએ ભાષ્ય ઉપરનો ટીકાગ્રંથ પ્રાપ્ત થતો નથી.

૧ **वृद्धिरादैच्**, (૧-૧-૧) **अदेङ् गुणः**, (૧-૧-૨) (૧-૧-૩) **इको गुणवृद्धी**માં વાર્તિક **इग्ग्रहणमात्संध्यक्षरनिवृत्त्यर्थम्।** ઉપરનાં ભાષ્ય સુધી, કીલહૉર્ન પૃ. ૩૭-૪૩.

૨ **अदसो मात्।** (૧-૧-૧૨) સૂત્ર ઉપરના ભાષ્ય પર પૃ. ૬૮. પં. ૧૨ થી પૃ. ૭૦. પં. ૩

૩ **दाधाघ्वदाप्** (૧-૧-૨૦) સૂત્ર ઉપરના ભાષ્ય પર પૃ. ૭૫. ૫ થી ૭૯.૧૦ વાર્તિક ૫ થી **आद्यन्तवदेकस्मिन्** (૧-૧-૨૧) સૂત્ર પરના ભાષ્ય સુધી.

૪ **बहुगणवतुडति संख्या** (૧-૧-૨૩) સૂત્ર, વાર્તિક ૩ થી **क्तक्तवतू निष्ठा** (૧-૧-૨૬) સૂત્રભાષ્ય સુધી પૃ. ૮૦-૧૫ થી ૮૫.

૫ **स्थानेऽन्तरतमः** (૧-૧-૫૦) સૂત્ર વાર્તિક ૫ થી સૂત્રના અંત સુધીના ભાષ્ય પર પૃ. ૧૨૨.૧૯ થી ૧૨૫.૧૫.

બનારસ, ૧૯૬૫; અને ભાંડારકર જર્નલમાં પ્રોફે. કે. વી. અભ્યંકર અને શ્રી. વી. પી. લીમયે એને ક્રમશઃ પ્રગટ કરી રહ્યા છે.

ભાષ્યનાં પ્રતીકો લઈને ટીકા કરવાની પદ્ધતિ ભર્તૃહરિએ 'પ્રદીપિકા'માં સ્વીકારી છે. ભર્તૃહરિ સમક્ષ મહાભાષ્યની અનેક ટીકાઓ અને વૃત્તિઓ હતી જેમનો તે **अनेकं दर्शनम्** (પૃ. ૭), **अन्येषां दर्शनम्** (૧૮), **केचिन् मन्यन्ते** (૭), **अन्ये मन्यन्ते** (૯૬, ૧૦૧, ૧૦૨, ૧૨૫), **अपरे आहुः** (૪૦), **अन्ये आहुः** (૪૦), **केषांचिद् दर्शनम्** (૬૮), **कश्चिदाह** (૮), **अपरे ब्रुवते** (૧૯), **अपरे आह** (૨૦), **अन्ये वर्णयन्ति** (૬૩), **अपरे मन्यन्ते** (૧૨૫), **अपरे वर्णयन्ति** (૨૦), **केचिद् वर्णयन्ति** (૧૨૧), **केचिद् वक्ष्यन्ति** (૨૨૫), **केचिद् व्याख्यातारः** (૪૪૪), **व्याख्यानकारोः** (૪૯૦), એવા શબ્દોથી ઉલ્લેખ કરે છે. કીલહૉર્ન પણ આ વાત સ્વીકારે છે.[3]

---

૧ 'વ્યાકરણ મહાભાષ્ય' વૉ. ૨; પ્રસ્તાવના પૃ. ૧૨; કીલહૉર્ન મુંબઈ ૧૯૦૬.

૨ અહીં નોંધલા ઉલ્લેખો બર્લિનની હસ્તપ્રત ઉપરથી તૈયાર કરેલી અડચાર લાયબ્રેરીની કાગળ ઉપરની ગુજરાત વિદ્યાનસભાની હસ્તપ્રતનાં પૃષ્ઠોનાં છે. બનારસથી શ્રી સ્વામીનાથને 'પ્રદીપિકા'નાં ચાર આહ્નિક પ્રગટ કર્યાં છે.

3 "That Bhartṛhari had access to a very extensive commentatorial literature superseded by his own work as his only writings have in turn been superseded by those of later authors, is proved by almost every page of his commentary"—કીલહૉર્ન મહાભાષ્ય, પ્રસ્તાવના, પૃ. ૨૦

'પ્રદીપિકા'માં અનેક પુરોગામીઓ, પ્રાચીન શાખાન્તરો, મતો અને કૃતિઓના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.[૧] તે એક વૃત્તિકારનો વારંવાર ઉલ્લેખ કરે છે. આ વૃત્તિકારે પાણિનીય સૂત્ર **तद्धितश्चासर्वविभक्तिः** (૧-૧-૩૮)ની વ્યાખ્યા કરી છે.[૨] બીજા વૈયાકરણોના મતોની ચર્ચા કરતાં તે उभ અને उभय વિષે ચાર મતો રજૂ કરે છે (પૃ. ૪૧૨) અને 'સન્દયસર' એ સંજ્ઞાને પૂર્વાચાર્યસંજ્ઞા જણાવે છે. આપિશલીએ 'સર્વાદિગણ'ની, વ્યવસ્થા કરી એમ જણાવે છે.

ભર્તૃહરિ સામે 'ભાષ્ય'ની જે વાચના હતી તે આપણને ઉપલબ્ધ વાચના (કીલહૉર્ન વાચના)થી કેટલેક અંશે જુદી પડતી હતી. ભર્તૃહરિ કાત્યાયનને વાર્તિકકાર કહે છે અને ભાષ્યકારને ચૂર્ણિકાર (૩૧૩) તરીકે ઓળખાવે છે. ભાષ્યને અનુસરીને તે વિભાગ માટે 'કાંડ' શબ્દ વાપરે છે.[૩] તે એક 'ન્યાસ' નામના ગ્રંથનો ઉલ્લેખ કરે છે[૪] અને તે ન્યાસકારે આપેલા, નિત્યતાના ત્રિવિધ ભેદ, જણાવે છે.[૫] ભર્તૃહરિમાં ગદ્યશૈલી કેવી વિકસી છે તેનો પરિચય નીચેના ફકરા પરથી મળે છે :

**अथ कथमनित्येऽर्थे संबन्धो नित्यः स्यात्। उच्यते। समवायात्। यथा समवायो नित्यविषयो नित्यानित्यविषयः अनित्यविषयश्च। एवमपि अयं स्यात्। [द्रव्यं हि नित्यम्] नित्या पृथिवीधातुः। पृथिवीधातौ किं सत्यम्। विकल्पः। विकल्पे किं सत्यम्। ज्ञानम्। ज्ञाने किं सत्यम्। अथ तद् ब्रह्म। तदेतदुक्तं भवति। अतः परं शब्दार्थव्यवहारो निवर्तते** (પૃ. ૫૮).[૬]

ભર્તૃહરિએ 'પ્રદીપિકા'માં 'મહાભાષ્ય'ની શૈલી અપનાવી છે.[૭] ભાષ્યકારના સિદ્ધાન્તોની તે સર્વતોમુખી ચર્ચા કરી શકે છે અને તેને માટે તે અનેક પૂર્વાચાર્યમતોને ઉદ્ધૃત કરે છે.

---

૧ तैत्तिरीयाः (१), सांख्य (६१), मीमांसक (४९) અને मीमांसकदर्शन (४९), वैद्यक (७५), वैशेषिकदर्शन (४४), व्याडि (३७, ४०, ५१), वाक्यकार (१११), वाजप्यायन, (७, ३५, ३७, ४१), चरक (७५), याज्ञवल्क्य (८०), मैत्रायणीयकल्प (७४), निरुक्त (७५), आश्वलायनसूत्र (२७), शब्दपारायणं नाम ग्रन्थः (३९), बह्वृचसूत्रभाष्य (२७), वासुदेव-दुर्योधन-कौरव (५०), बलदेव-यमार्जुनौ-जामदग्न्य-कार्तवीर्यै (५१)

૨ આ વૃત્તિકાર કુણિ હોવાનો સંભવ છે. સરખાવો કૈયટ, एङ्प्राचां देशे (१-१-७५) સૂત્રભાષ્ય ઉપર, भाष्यकारस्तु कुणिदर्शनमशिश्रयत्।

૩ समासकाण्ड, एकवद्भावकाण्ड (पृ. ४६४)

૪ न्यासे तु प्रयोजनमन्तग्रहणस्योक्तम्। (पृ. ४७२)

૫ अनेन ग्रन्थेन त्रिविधामनित्यतामाह। (पृ. ४८१)
આ નિત્યતાના ત્રણ પ્રકાર કૈયટે सिद्धे शब्दार्थसंबन्धे...। વાર્તિક-ભાષ્ય ઉપરની પોતાની ટીકામાં સ્વીકાર્યા છે.

૬ આ ગદ્યખંડ હેલારાજના 'પ્રકીર્ણપ્રકાશ'માં મળે છે; વાક્યપદીય ૩-૧-૫૨.

૭ यद्यस्ति न तर्हि भविष्यति। अथ भवति न तर्ह्यस्ति इत्युच्यते। (પૃ. ૫૪)

તેથી ભર્તૃહરિ ભાષ્યકારના અર્થદર્શનની જીવંત પરંપરાની વધારે નજીક હોય એમ લાગે છે. કૈયટને આવી પરંપરાનો પ્રત્યક્ષ પરિચય હોય એમ જણાતું નથી, કારણ કે એક વિચારની ચર્ચા કરતાં ભર્તૃહરિ અનેક મતોને ખડા કરી શકે છે જ્યારે કૈયટ એક જ મતને અનુસરીને ચાલે છે, જ્યાં મતાન્તર આપે છે ત્યાં તે મોટે ભાગે ભર્તૃહરિનો જ હોય છે.[૧]

ભર્તૃહરિને કૃષ્ણ યજુર્વેદની 'તૈત્તિરીય સંહિતા,' એના બ્રાહ્મણગ્રંથ, 'માનવશ્રૌતસૂત્ર' 'તૈત્તિરીય આરણ્યક,' 'માનવ ગૃહ્યસૂત્ર' અને મીમાંસા સૂત્ર' જિહ્વાગ્રે છે. મીમાંસાની અનેક સૂક્ષ્મ અને ક્લિષ્ટ વિગતોનો તેમને બરાબર પરિચય છે. તેમણે કરેલી 'ઊહ'ની વિગતપૂર્ણ ચર્ચા[૨] અને उद्वासन, विनियोग, अपूर्व, पुरोडाश, दर्शपूर्णमास, प्रयाजानुयाजौ, तनूनपात्, आज्य વગેરે પારિભાષિક શબ્દોનો ઉપયોગ આ વાતને સિદ્ધ કરે છે.

'મહાભાષ્ય'ની ઉપલબ્ધ સંપૂર્ણ ટીકાના લેખક કૈયટ (ઈ. સ. ૧૦૫૦) ઉપર ભર્તૃહરિ અને તેમના બંને ગ્રંથો 'પ્રદીપિકા' અને 'વાક્યપદીય'નું કેટલું બધું ઋણ છે તે જાણતા આશ્ચર્ય થાય છે. કૈયટ 'હરિ' અથવા 'ભર્તૃહરિ'ને ચાર વાર સ્મરે છે.[૩] તે જણાવે છે કે 'હરિ'એ બાંધી આપેલા સેતુ ઉપરથી પંગુની જેમ ચાલતાં ભાષ્યરૂપી સાગરને તરી શક્યો છું.

---

૧ (અ) अक्तपरिमाणस्य शब्दस्य धातुसंज्ञागतस्य च लोपे नैवास्ति प्रसङ्गो गुणवृद्ध्योः किं प्रतिषेधेन, अतो वृत्तिकारो व्याचष्टे धातोर्लोपः धातुलोपः धात्वेकदेशनिमित्त आर्धधातुक इति। अपर एवमाह धातोश्च एकदेशस्य च लोपो धातुलोपः धातुलोप निमित्त इति। योऽपि कृत्स्नस्य धातोर्लोपोऽसावपि धातुलोपः।...... अयमेव चार्थो वृत्तिकारैः प्रदर्शितः। 'પ્રદીપિકા', પૃ. ; સ્વામીનાથન્, પૃ. ૧૩૧.

(બ) अन्ये वर्णयन्ति सर्वमिदं भाष्यं परपक्षोच्चाटणमात्रे निर्दिष्टम्। यदुक्तं भवता अङ्गेन संयोगो विशेष्यते।...... अपरे वर्णयन्ति अनेन ग्रन्थेन एतदुपपादयति। 'પ્રદીપિકા', પૃ.  સ્વામીનાથન્, પૃ. ૧૫૮.

(ક) अर्थप्रदर्शनमेतत् न तु पाठः। पाठस्तु तथाभूतः कर्तव्यो यथायमर्थो लभ्यते। 'પ્રદીપિકા', પૃ.  સ્વામીનાથન્, પૃ. ૧૬૯

(ડ) केचिन्मन्यन्ते-द्वौ रेफावप्येव चाङ्गमात्र इति। ते ईषत्स्पृष्टकरणत्वात्प्रयत्नभेदं मन्यन्ते। अपरे वर्णयन्ति...... । केचिन् मन्यन्ते सकलश्च रेफः लकारश्चा-ज्विभक्तिश्चार्धमात्रेति।

૨ કૈયટ: विस्तरेण तु भर्तृहरिणा प्रदर्शितः ऊहः। પ્રદીપ, મહાભાષ્ય, પૃ. ૧

૩ (અ) तथापि हरिबद्धेन सारेण ग्रन्थसेतुना।
क्रममाणः शनैः पारं तस्य यातोऽस्मि पङ्गुवत्॥ પ્રદીપ, મંગલ શ્લોક ૭

(બ) विस्तरेण तु भर्तृहरिणा प्रदर्शित ऊहः।
મહાભાષ્ય, ऊहः खल्वपि ૧.૧.૧ આહ્નિક ૧

કૈયટ 'વાકયપદીય'નો પણ ઉલ્લેખ કરે છે.[1] કૈયટે નોંધેલાં અને કવચિત્ ચર્ચેલાં પાઠાન્તરો ભર્તૃહરિની 'પ્રદીપિકા'માં મળે છે.[2]

કૈયટકૃત 'પ્રદીપ' વ્યાખ્યાની અને ભર્તૃહરિની 'પ્રદીપિકા'ની સરખામણી કરતાં 'પ્રદીપ'કાર માટે પ્રદીપિકાની ઉપયોગિતા સિદ્ધ થાય છે.[3]

---

(ક) अत एव एतत्प्रतिकमुपादाय हरिणा—'अस्याक्षरसमाम्नायस्य वाग्व्यवहारजनकस्य न कश्चित्कर्ताऽस्त्येवमेव वेदे पारम्पर्येण स्मर्यमाण'मिति व्याख्यातम्। કૈયટ, મહાભાષ્ય આહ્નિક. ૧.૧.૨

(ડ) यथोक्तं हरिणा ग्रहणाग्रहणे ग्रहणाभावः। કૈયટ, મહાભાષ્ય, સૂત્ર ૨.૧.૨.

૧ निपातानां च द्योतकत्वं वाकयपदीये निर्णीतम्।
કૈયટ, મહાભાષ્ય अथ शब्दानुशासनम्। કીલહૉર્ન પૃ. ૧

૨ (અ) यस्तु प्रयुङ्क्ते कुशलो विशेषैः। પ્રદીપિકા પૃ. ૨૪
अन्येषां ग्रन्थः कुशलो विशेषैः इति।
કૈયટ, મહાભાષ્ય 'यस्तुप्रयुङ्क्ते' કીલહૉર્ન પૃ. ૨

(બ) अन्येषां ग्रन्थो यदयुक्ता वहन्ति अनुपदिष्टाः श्रूयन्ते। પ્રદીપિકા પૃ. ૧૬૮
यतोऽनुपदिष्टास्ततोऽयुक्ता इत्यर्थः। क्वचित्तु च शब्दो न पठ्यते।
કૈયટ, મહાભાષ્ય પૃ. ૨૮

(ક) सककारस्य इत्यन्येषां ग्रन्थः। त एवमाहुः सह ककारेण अर्थवत्ता
પ્રદીપિકા પૃ. ૧૭૪

કૈયટ सककारस्य એવો પાઠ સ્વીકારીને ચાલે છે મહાભાષ્ય પૃ. ૩૨

૩ (અ) वैदिकानां लौकिकत्वेऽपि प्राधान्यख्यापनाय पृथगुपादानम्। यथा ब्राह्मणा आयाता वसिष्ठोऽप्यायातः। પ્રદીપ, મહાભાષ્ય પૃ. ૧

(प्राधान्य)ख्यापनार्थं वैदिकानां पृथगुपादानम्। प्राधान्यस्यापि हि सामान्येऽप्यन्तर्भूतस्य पृथगुपदेशो दृश्यते ब्राह्मणा आयाता वसिष्ठोऽप्यायात इति। પ્રદીપિકા પૃ. ૧

(બ) यदि च द्रव्यानुशासनं विवक्षितमभविष्यत् अथ द्रव्यानुशासनमेवावक्ष्यत्—પ્રદીપ, મહાભાષ્ય પૃ. ૧

द्रव्यानुशासनं चेद्विवक्षितमभविष्यत् एवमेवावक्ष्यत् द्रव्यानुशासनमिति।
પ્રદીપિકા પૃ. ૪

(ક) क्वचित्तु तिङ्क्रमपरिग्रहप्रसङ्गात् सह शेषेण सप्त कारकाणि विभक्तिशब्दाभिधेयानीति व्याचक्षते। પ્રદીપ, મહાભાષ્ય પૃ. ૩

अथ सह शेषेण कारकाणि सप्त विभक्तयः। પ્રદીપિકા પૃ. ૨૯

કૈયટ અને ભર્તૃહરિના ટીકાગ્રંથોની સરખામણીથી બીજી એક વાત પણ એ સિદ્ધ થાય છે કે સમયના પ્રવાહની સાથે વ્યાકરણગ્રંથોના અભ્યાસમાં ઓટ આવવા લાગી. પાતંજલ મહાભાષ્યમાં પાણિનીય સૂત્રોના સાર્વત્રિક ઊહાપોહ અને સૂક્ષ્મ ચર્ચા કરતાં જે અસંખ્ય વાર્તિકો અને શ્લોકવાર્તિકો મળે છે, વ્યાકરણચર્ચાને પરિપુષ્ટ કરતાં સુભાષિતો અને શ્લોકખંડો પ્રાપ્ત થાય છે અને સામાન્ય લોકવ્યવહારમાંથી જે સુંદર ઉદાહરણો ઉદ્ધૃત થયાં છે તે સ્થિતિ ધીમે ધીમે અદૃષ્ટ બનતી ગઈ. પતંજલિના શિષ્યોમાં પણ વ્યાકરણ આગમ ભ્રષ્ટ થતો ગયો, વ્યાડિનો 'સંગ્રહ' નામે વિપુલ ગ્રંથ અસ્ત પામ્યો. ભાષ્યના અર્થબોધની આવી દુર્નિવાર સ્થિતિને ઊલટાવવાના સફળ પ્રયત્નો ભર્તૃહરિની 'પ્રદીપિકા'માં માલૂમ પડે છે. વિવિધ વ્યાખ્યાપરંપરાઓ, પાઠાન્તરોની ચર્ચા, વૈદિક ઉલ્લેખો અને યજ્ઞક્રિયાઓ વિષેનાં પ્રસંગકથનોથી ભરપૂર એવી ભર્તૃહરિવ્યાખ્યાની પદ્ધતિ પણ કૈયટના સમયમાં અસ્ત પામી. ધર્મકીર્તિની જેમ ભર્તૃહરિને પણ સાક્ષાત્ શિષ્ય પ્રાપ્ત થયો ન હતો એમ લાગે છે. આમ ભર્તૃહરિએ પુનઃપ્રસૃત કરેલાં વ્યાકરણાગમ અને ભાષ્યાર્થ પરંપરા સ્વદેહમાં જ જરાને પામ્યાં. ભર્તૃહરિને પ્રાપ્ત થયેલ ટીકાકાર હેલારાજ તેના પછી લગભગ સાતસો વર્ષે થયો. આ સમયે વાક્યપદીયના ગ્રંથમાં પણ ગ્રંથપાત થયો હતો. કુલ્લરાજ જેવા ઓછા જાણીતા ટીકાકારોમાંથી એ ગ્રંથપાતનું પુનસ્સંધાન કરવાના પ્રયત્નો હેલારાજે કર્યા.

ભર્તૃહરિનો 'પ્રદીપિકા' ગ્રંથ મહાભાષ્યમાં પ્રથમ અધ્યાયના પહેલાં ત્રણ પાદથી આગળ પહોંચ્યો નહિ હોય. આપણને મળતી હસ્તપ્રત તો એથી ય ઓછું પ્રમાણ (પહેલાં સાત આહ્નિક-સુધીની ટીકા જેટલું) દર્શાવે છે. વાક્યપદીય પછીનો આ બીજો ગ્રંથ હોઈ ભર્તૃહરિ એને પૂર્ણ

(૩) वार्तिककारेण करणत्वेन सामान्यरूपतया चाभेदेन विषयो निर्दिष्टः । भाष्यकारस्तु अधिकरणत्वं व्यक्तिभेदाद्वीप्सां च प्रतिपादयति । પ્રદીપ, મહાભાષ્ય પૃ. ૧૭

वाक्यकारः सामान्यकरणं निर्दिशति । भाष्यकारो भेदमधिकरणभावं च वीप्सा-सप्तमीभ्यां कथयति । પ્રદીપિકા પૃ. ૧૧૧

(ઈ) कार्ये को विशेष इति प्रश्नः । પ્રદીપ, મહાભાષ્ય, પૃ. ૨૨
कार्यगतं विशेषं पृच्छति । પ્રદીપિકા પૃ. ૧૩૬

(મ) सन्ध्यक्षराणीत्यन्वर्था पूर्वाचार्यसंज्ञा संधीयमानावयवत्वात् ।
પ્રદીપ, મહાભાષ્ય, પૃ. ૨૨

सन्ध्यक्षराणीति पूर्वाचार्यसंज्ञा एषा तेषां धात्वर्थसंधीयमानावयवत्वात् ।
પ્રદીપિકા પૃ. ૧૩૭

(ન) अनुनासिकेनैव परसवर्णेन भाव्यमिति नियमाभावाद्रेफः प्राप्नोति । तस्य चासिद्धत्वाद्रोरीति रेफो नास्ति । પ્રદીપ, મહાભાષ્ય, પૃ. ૨૭

अत्र चानुनासिकेन एव परसवर्णेन भवितव्यमित्यस्य विशेषस्यानुपादानतया परसवर्णानुनासिको रेफः प्राप्नोति । परसवर्णस्यासिद्धत्वात् रोरीति रेफो नास्ति । પ્રદીપિકા પૃ. ૧૬૩

કરે તે પહેલાં જ તે મૃત્યુ પામ્યા એમ કલ્પી શકાય; અથવા ગ્રંથનો વિસ્તાર અને ઘટાટોપ જોતાં તે પૂર્ણ થવા માટે સર્જાયો જ ન હતો; કદાચ ભર્તૃહરિએ પોતે જ એને અપૂર્ણ રહેવા દીધો હોય; આ બાબતમાં એક આશ્ચર્યકારક ઘટના એ છે કે 'મહાભાષ્ય' ઉપરની પોતાની ટીકામાં સ્થળે સ્થળે હરિકારિકાઓને ટાંકવાની ટેવવાળા કૈયટ अनेकाल् शित्सर्वस्य (પા. ૧-૧-૫૫) સૂત્રભાષ્ય સુધીની પોતાની ટીકામાં વાક્યપદીયમાંની એક પણ કારિકાને ઉદ્ધૃત કરતાં નથી, કારિકાઓ ઉદ્ધૃત કરી શકાય એવા અનેક સંદર્ભો અને પ્રસંગો હોવા છતાં. કૈયટની ગ્રંથપદ્ધતિ ઉપરથી એમ લાગે છે કે 'પ્રદીપિકા' ગ્રંથ એમને જેટલો મળ્યો તેટલો અને ત્યાંસુધી એમણે એનો પૂર્ણ ઉપયોગ કર્યો અને અનુસરણું કર્યું અને ત્યાર પછી 'વાક્યપદીય'નો આશ્રય લીધો; આમ એમનો 'ગ્રન્થસેતુ' એટલે માત્ર 'પ્રદીપિકા' નહિ પણ 'પ્રદીપિકા' તથા 'વાક્યપદીય' એ બંને ગ્રંથો. હરિ અને ભર્તૃહરિ એમ બે ભિન્ન વ્યક્તિઓ હતી; 'વાક્યપદીય'કાર તે હરિ અને 'પ્રદીપિકા'કાર તે ભર્તૃહરિ એમ પણ કહી શકાશે નહિ, કારણ કે હરિકારિકાઓ બંને નામે અનેક લેખકો—દાર્શનિકોના ગ્રંથોમાં ઉદ્ધૃત થઈ છે.

'પ્રદીપિકા' અને 'વાક્યપદીય'ના લેખક એક જ છે તે બાબત બંને ગ્રંથોમાંનાં અનેક સ્થળોની ચર્ચાના પરસ્પરાશ્રયથી સિદ્ધ થાય છે. અસંખ્ય સ્થળોમાંનાં કેટલાંક નીચે પ્રમાણે છે:

૧ एवं प्रत्यक्तापरभावश्च चैतन्योपाधिरित्यर्थः। પ્રદીપિકા પૃ. ૫૯૪

प्रत्यक्तापरभावश्चाप्युपाधिः कर्तृकर्मणोः।
तयोः श्रुतिविशेषेण वाचकौ मध्यमोत्तमौ ॥ વાક્યપદીય ૩.૧૦.૧

૨ परमार्थदर्शनेन सर्वत्रैवायं प्रविभागो नास्ति।
शास्त्रव्यवहारे तु क्वचिच्छब्दार्थानुगमेन प्रविभागः। પ્રદીપિકા પૃ. ૫૯૪

शास्त्रेषु प्रक्रियाभेदैरविद्यैवोपवर्ण्यते।
अनागमविकल्पा तु स्वयं विद्योपवर्ण्यते ॥ વાક્યપદીય ૩.૧૪.૭૮

૩ तत्र कार्यपक्षे स्फोट एव संयोगात् विभागात् संयोगविभागाभ्यां वा निष्पद्यते।
પ્રદીપિકા પૃ. ૧૫૭

यः संयोगविभागाभ्यां करणैरुपजन्यते।
स स्फोटः शब्दजा शब्दाः ध्वनयोऽन्यैरुदाहृताः ॥ વાક્યપદીય ૧.૧૦૨

૪ इदं विष्णुर्विचक्रमे इत्यत्रैक एव विष्णुशब्दोऽनेन शक्तिः सन्निधिर्दैवतमध्यात्ममधियज्ञं चात्मनि नारायणे चषाले च तया शक्त्या प्रवर्तते। પ્રદીપિકા પૃ. ૪૦૮

एको मन्त्रस्तथाध्यात्ममधिदैवमधिक्रतु।
असंकरेण सर्वार्थो भिन्नशक्तिर्व्यवस्थितः ॥ વાક્યપદીય ૨.૨૫૪

૫ स एव शब्दोऽर्थविशेषे कस्मिंश्चिदसाधुरित्येतदाख्याने यथा गोणिशब्दः सास्नादिमत्यसाधुस्तथा। પ્રદીપિકા પૃ. ૨૩

अश्वगोण्यादयः शब्दाः साधवो विषयान्तरे।
निमित्तभेदात् सर्वत्र साधुत्वं तु विवक्षितम् ॥ વાક્યપદીય ૧.૧૪૯

## ભાગવૃત્તિ :

ભર્તૃહરિને એક ત્રીજી કૃતિ 'ભાગવૃત્તિ'ના કર્તા ગણાવવાનો પ્રયત્ન થયો છે. આપણે જોઈશું તેમ આ પ્રયત્નમાં ઝાઝી સફળતા મળે તેમ નથી. પ્રો. સતીશચન્દ્ર ચક્રવર્તીએ[1] સૌ પ્રથમ આપણું ધ્યાન આ દિશામાં દોર્યું હતું. શરણદેવની 'દુર્ઘટવૃત્તિ'માંના ઉલ્લેખ ઉપરથી તેમણે અનુમાન તારવ્યું છે કે ભાગવૃત્તિના કર્તા ભર્તૃહરિ હતા.[2]

ભાગવૃત્તિ નામે ટીકાગ્રંથનો ઉલ્લેખ દસમા સૈકા પછીના અનેક વૈયાકરણોએ કર્યો છે. તેમાં સીરદેવથી માંડીને સૃષ્ટિધરાચાર્ય સુધીના વૈયાકરણો મુખ્ય છે. 'ભાગવૃત્તિ'ના ઉલ્લેખો પુરુષોત્તમદેવ[3] (ઈ. સ. ૧૧૫૦), શરણદેવ[4] (ઈ. સ. ૧૧૭૨), હરદત્ત[5] (ઈ. સ. ૧૧૪૦), સીરદેવ[6] (ઈ. સ. ૧૧૦૦), ઉજ્જ્વલદત્ત[7] (ઈ. સ. ૧૨૦૦ થી ૧૨૫૦), માધવ[8] (ઈ. સ. ૧૩૦૦ થી ૧૩૫૦), અને સૃષ્ટિધર[9] (ઈ. સ. ૧૭૫૦)માં મુખ્યત્વે મળે છે. આ બધા લેખકોને મતે ભાગવૃત્તિ કાશિકાનું ખંડન કરે છે અને કાલિદાસ, માઘ, ભારવિ વગેરેના કેટલાક પ્રયોગોને પ્રામાણિક ઠેરવે છે.[10]

---

૧ પ્રસ્તાવના પૃ. ૨, 'ભાષાવૃત્તિ'; રાજશાહી ૧૯૧૮ અને પ્રસ્તાવના, 'કાશિકા-વિવરણપંજિકા', રાજશાહી ૧૯૨૨.

૨ उपराम उदयाम इत्येव भवतीति भर्तृहरिणा भागवृत्तिकृता चोक्तम् ।—દુર્ઘટવૃત્તિ પા.સૂ. ૮.૩-૩૭ રેનુ, પેરીસ ૧૯૩૫; 'ભાષાવૃત્તિ'ના ટીકાકાર 'સૃષ્ટિધરાચાર્ય' પણ આવી જ વાત કરે છે: उपशब्देन केवलं पीडेरेव योगः इति भागवृत्तौ भर्तृहरिः । 'ભાષાવૃત્ત્યર્થ વિવૃતિ,' પૃ. ૧૯૩).

૩ 'ભાષાવૃત્તિ', પૃ. ૨૩૫, ૩૧૦, ૩૭૪; ચક્રવર્તી રાજશાહી ૧૯૧૮.

૪ 'દુર્ઘટવૃત્તિ', પૃ. ૩૪, ૪૦, ૭, ૧૫, ૧૭, ૧૮, ૫૨, ૫૩, ૮૩, ૮૭, ૯૭, ૧૦૦, ૧૧૩, ૧૧૭, ૧૧૯, ૧૨૫.

૫ 'પદમંજરી', પા. સૂ. ૬.૧.૯.

૬ 'પરિભાષાવૃત્તિ', પરિભાષા ૪ અને ૨૯.

૭ 'ઉણાદિવૃત્તિ' ૨.૧૦૯.

૮ 'માધવીય ધાતુવૃત્તિ', कित् भ्वादि ધાતુ ૫૨

૯ 'ભાષાવૃત્ત્યર્થવિવૃત્તિ' પૃ. ૧૯૩; ચક્રવર્તી ૧૯૧૮.

૧૦ (અ) वारुणीमदविशङ्कमथाविश्वक्षुषोऽभवदसाविव रागः ।
(માઘ. ૧૦.૯) इति व्यवहितप्रयोगः प्रमादेन इति भागवृत्तिः । ઉજ્જ્વલદત્ત 'ઊણાદિસૂત્રવૃત્તિ' ૨.૧૦૯

(બ) साहाय्यमित्यपि ब्राह्मणादित्वादिति जयादित्यः ।
नेति भागवृत्तिः । ભાષાવૃત્તિ, પા. સૂ. ૫.૧.૧૩૨

(ક) कथं चिक्रंसयाकृत्रिम पत्रिपङ्क्तेरिति माघः (૩.૫૧)
उच्यते गृहेर्जिघृक्षया इति पाठे इति भागवृत्तिः । દુર્ઘટવૃત્તિ, પા. સૂ. ૭.૨.૩૬.

શ્રીપત્તિદત્ત અને તેના ટીકાકાર,[1] 'ભાગવૃત્તિ'ના કર્તા તરીકે વિમલમતિને ગણાવે છે. ગોપીચન્દ્ર[2] જણાવે છે કે ભાગવૃત્તિમાં બે વિભાગ હતા: પ્રથમ વિભાગમાં ચાર અધ્યાયમાં 'ભાષાભાગ'ની ચર્ચા કરવામાં આવી છે અને બીજા વિભાગમાં ચાર અધ્યાયમાં છાન્દસભાગની ચર્ચા કરવામાં આવી છે.

'ભાગવૃત્તિ'નો કર્તા ગમે તે હોય પરંતુ તે ભર્તૃહરિ હોઈ શકે નહિ, કારણ કે આ ગ્રંથ 'કાશિકા'નો ઉલ્લેખ કરે છે. વળી શરણદેવના ઉલ્લેખમાં[3] સ્પષ્ટ રીતે બે વ્યક્તિઓનો ઉલ્લેખ છે. સૃષ્ટિધરાચાર્ય જેવા અઢારમા સૈકાના ગ્રંથકાર પર પ્રાચીન પરંપરાના જ્ઞાન માટે આધાર રાખી શકાય નહિ. ભાગવૃત્તિના લેખક તરીકે કોઈક વિમલમતિને પણ ગણાવવામાં આવ્યા છે. આમ 'ભાગવૃત્તિ' નામે પાણિનીય સૂત્રવૃત્તિ ઈસુના આઠમા સૈકાથી માંડીને અગિયારમાં સૈકા સુધીમાં થયા. પૂર્વ ભારતના વૈયાકરણોમાં એમના ઉલ્લેખો સવિશેષ હોવાથી 'ભાગવૃત્તિ'-કાર વિમલમતિને પૌરસ્ત્ય વૈયાકરણ ગણવા જોઈએ.

ભર્તૃહરિની 'પ્રદીપિકા' અને 'ભાગવૃત્તિ'ની સરખામણી કરતાં જણાય છે કે 'પ્રદીપિકા'-નો ઉદ્દેશ શાસ્ત્રચર્ચાનું ગૌરવ સમુન્નત કરવાનો છે, અર્થવિચારના જે દાર્શનિક સંદર્ભસ્થાનો મહાભાષ્યમાં છે તેને સ્ફુટ કરવાનો અને સમગ્ર વ્યાખ્યાનપદ્ધતિની સમૃદ્ધિ બતાવવાનો છે. 'ભાગવૃત્તિ'નો ઉદ્દેશ પાણિનીય પ્રયોગોનું પ્રમાણત્વ સાબિત કરી કવિઓ અને લેખકોમાંના અપાણિનીય રૂપોના પ્રસંગો તરફ ધ્યાન દોરવાનો છે. તે ખંડનૈકચક્ષુ છે. જ્યારે ભર્તૃહરિ શાસ્ત્રચક્ષુ છે.

'ભાગવૃત્તિ' તેના સમયમાં અને પછી પણ ઘણી પ્રસિદ્ધ હોવી જોઈએ, કારણ કે પુરુષોત્તમ-દેવ પોતાની કૃતિ 'ભાષાવૃત્તિ'નું મહત્ત્વ દર્શાવતાં 'ભાગવૃત્તિ'નો ગૌરવપૂર્વક ઉલ્લેખ કરે છે.[4]

## વાક્યપદીયના ટીકાકારો :

ભર્તૃહરિએ 'વાક્યપદીય'નાં પ્રથમ બે કાંડ બ્રહ્મ અથવા આગમકાંડ અને વાક્યકાંડ–ઉપર સ્વોપજ્ઞવૃત્તિ રચી છે. 'કાવ્યપ્રકાશ'માં[5] મમ્મટ 'વાક્યપદીય'માંના એક ગદ્યખંડને,

---

૧ 'કાતન્ત્રવૃત્તિપંજિકા', સમાસપાદ ૧.

૨ સંક્ષિપ્તસાર ટીકા ૨.૧૭૨૯.

૩ भर्तृहरिणा भागवृत्तिकृता चोक्तम्। દુર્ઘટવૃત્તિ પા. સૂ. ૮.૩.૩૭

૪ काशिकाभागवृत्त्योश्चेत् सिद्धान्तं बोद्धुमस्ति धीः।
तदा विलोक्यतां भ्रातर् भाषावृत्तिरियं मम ॥
ભાષાવૃત્તિ, અંતિમ શ્લોક

૫ કાવ્યપ્રકાશ, ૨.૨; કાવ્યપ્રકાશકારે ઉદ્ધૃત કરેલા આ શબ્દો હેલારાજની તૃતીયકાંડ ઉપરની ટીકામાં (૩.૩.૫૨) પ્રાપ્ત થાય છે: अथ संसर्गदर्शने स्वतो गौर्न गौः गोत्वाभिसंबन्धात् गौरिति ब्रह्मकल्पं साक्षाद्व्यवहार्यमेव द्रव्यं परोपधीयमानरूपविशेषं व्यवहारमनुपतति।

'उक्तं च वाक्यपदीये। गौः स्वरूपेण न गौः गोत्वाभिसंबन्धात्तु गौः इति।' ટાંકે છે. નાગેશ પણ સ્વરચિત 'લઘુમંજુષા'માં 'વાકયપદીય'ની વૃત્તિમાંનાં હોય તેવાં વાકયો ઉદ્ધૃત કરે છે. अनादिनिधनं ब्रह्म इत्याद्यश्लोके हरिग्रन्थेऽपि स्पष्टमेतत्, तत्त्वादप्रच्युतस्य वस्तुनो इत्यादि।[1] આ શબ્દો સ્પષ્ટ રીતે 'વાકયપદીય'ના પ્રથમ કાંડના પ્રથમ શ્લોકની વૃત્તિનો જ ઉલ્લેખ કરે છે.

પુણ્યરાજ અને હેલારાજનાં કથનો ઉપરથી પણ ભર્તૃહરિની સ્વોપજ્ઞવૃત્તિની રચના સિદ્ધ થાય છે. હેલારાજ જણાવે છે કે તેની પ્રથમ બે કાંડની ટીકા (અત્યારે અનુપલબ્ધ) ભર્તૃહરિની સ્વવૃત્તિને જ અનુસરે છે.[2] પુણ્યરાજ પણ જાહેર કરે છે કે 'પદકાંડ'ના લક્ષણ સમુદ્દેશ વિભાગમાં શબ્દાર્થની ચર્ચા ભર્તૃહરિએ કરી છે એવું તેને સ્વમુખે જ સ્વવૃત્તિમાં પ્રતિપાદન છે.[3] આ ઉપરાન્ત અન્ય સ્થળે ભર્તૃહરિની સ્વવૃત્તિમાંની ચર્ચાનો નિર્દેશ કરતાં પુણ્યરાજ જણાવે છે કે 'ભર્તૃહરિએ (टीकाकृता) સ્વવૃત્તિમાં બાધાસમુદ્દેશની ચર્ચા કરી છે.'[4] આવૃત્તિ એટલે 'મહાભાષ્ય પ્રદીપિકા' નહિ પણ વાકયપદીયની સ્વવૃત્તિ, કારણ કે, 'પ્રદીપિકા'નો ઉલ્લેખ હમેશાં 'ટીકા' તરીકે થયો છે, અને ભર્તૃહરિનો 'ટીકાકૃત્' કે 'ટીકાકાર' તરીકે.[5]

'સ્વોપજ્ઞવૃત્તિ' અને વાકયપદીયના એકકર્તૃત્વના મુદ્દાની આથી વિશેષ ચર્ચા અમે કરતા નથી, કારણ કે શ્રી ચારુદેવશાસ્ત્રીએ એમની 'વાકયપદીય' બ્રહ્મકાણ્ડની પ્રસ્તાવનામાં આ મુદ્દાની સવિસ્તર ચર્ચા કરી છે. તેમના મત પ્રમાણે ભર્તૃહરિએ વાકયપદીયના પ્રથમ બે કાંડ ઉપર સ્વવૃત્તિ રચી છે.[6] ભર્તૃહરિની આ 'સ્વવૃત્તિ' બૃહતી અને લઘ્વી એમ બે સ્વરૂપે મળે છે. આપણને મળતી વૃત્તિ તે બૃહતી છે. સંભવ છે કે આ બૃહદ્વૃત્તિનો કોઈક વિદ્વાને પોતાને મનફાવતો સંક્ષેપ કર્યો હોય અને આ સંક્ષેપ ઉત્તર ભારતમાં અને ખાસ કરીને કાશીમાં પ્રસિદ્ધ થયો હોય. આ જ કારણે પ્રથમ બે કાંડની આપણને મળતી અને પુણ્યરાજની કૃતિ તરીકે પ્રસિદ્ધ એવી વૃત્તિ જાણે સ્વોપજ્ઞવૃત્તિનો સાર હોય તેમ લાગે છે.

---

૧ एकस्य तत्त्वादप्रच्युतस्य भेदानुकारेणासत्यविभक्तान्यरूपोपग्राहिता विवर्तः। स्वप्नविषय-प्रतिभासवत्।

૨ काण्डद्वये यथावृत्ति सिद्धान्तार्थःसतत्त्वतः।
प्रबन्धो विहितोऽस्माभिरागमार्थानुसारिभिः॥ પ્રકીર્ણપ્રકાશ મંગલ શ્લોક ૧

૩ एतेषां च वितत्य सोपपत्तिकं सनिदर्शनं स्वरूपं पदकाण्डे लक्षणसमुद्देशे विनिर्दिष्टमिति ग्रन्थकृतैव स्ववृत्तौ प्रतिपादितम्। પુણ્યરાજ ટીકા, વાકયપદીય ૨.૭૯ થી ૮૫

૪ एषा च टीकाकृता स्ववृत्तौ सा च तुल्यबलेष्वसंभवादित्यादिना बहुप्रकारा दर्शिता। પુણ્યરાજ, વાકયપ્રદીય ૨.૭૯ થી ૮૫

૫ त्वतलोरर्थकथनं टीकायां हरिणा कृतम्। ભટ્ટોજી દીક્ષિત, વૈયાકરણસિદ્ધાન્તકારિકા. ૪૩

૬ ચારુદેવશાસ્ત્રી, વાકયપદીય પ્રથમ કાંડ અને દ્વિતીય કાંડ ભાગ ૧ અને ૨; પ્રો. સુબ્રહ્મણ્ય ઐયર આ પ્રથમ બે કાંડની સ્વોપજ્ઞટીકાસહિતની વાકયપદીયની આવૃત્તિ તૈયાર કરી રહ્યા છે જે પૂનાથી પ્રસિદ્ધ થવાની છે.

પુણ્યરાજ અને હેલારાજની ટીકાઓની પહેલાં પણ વાક્યપદીય ઉપર ટીકાઓ રચાઈ હશે એવા નિર્દેશો આ બન્નેની ટીકાઓમાંના 'अन्ये व्याचक्षते,' 'अपरे व्याचक्षते' જેવા ઉલ્લેખો ઉપરથી મળે છે.

**પુણ્યરાજ :**

પુણ્યરાજ વિષે કંશી માહિતી પ્રાપ્ત થતી નથી. એને વિષે કોઈ કલ્પના કરવી પણ મુશ્કેલ છે. કાશીથી સંપાદિત થયેલ 'વાક્યપદીય' અને તેની ટીકાની આવૃત્તિમાં ટીકાગ્રંથના લેખક પુણ્યરાજ છે એમ માનવામાં આવતું હતું. આ ગ્રંથની અન્યત્ર મળતી હસ્તપ્રતો ઉપરથી તેમજ ભર્તૃહરિની 'સ્વવૃત્તિ' ઉપરથી જણાય છે કે પુણ્યરાજને નામે આરોપવામાં આવેલ ટીકાગ્રંથ માત્ર 'સ્વોપજ્ઞવૃત્તિ'નો ઝડપથી કરેલો સાર જ છે. આવી સ્થિતિ બ્રહ્મકાંડની ટીકા પૂરતી તો નિશ્ચિત જ છે.

'વાક્યપદીય'ના દ્વિતીય કાંડના ટીકાકાર તરીકે પુણ્યરાજને સ્વીકારી શકાય. તેની ટીકાનું નામ 'પ્રકાશ' ટીકા છે. બીજા કાંડને અંતે આ ટીકા, પદ્યમાં, 'વાક્યપદીય'ના વિષયોની સંગતિ આપે છે.[1] વિષયસંગતિ નિરૂપતી આ કારિકાઓ પરસ્પર સુબદ્ધ નથી તેમજ તેમનો ક્રમ પણ વ્યવસ્થિત નથી. કોઈ વિદ્વાન લહિયાએ પણ આવી વિષયસંગતિ આપી હોય તેવો સંભવ કાઢી નાંખવા જેવો નથી.

પુણ્યરાજની 'પ્રકાશ' ટીકાનો નિર્દેશ નાગેશ સ્વરચિત 'લઘુમંજુષા'માં કરે છે.[2] પુણ્યરાજ પોતે કુમારિલનો[3] અને કેટલાંક સુભાષિતોનો[4] ઉલ્લેખ કરે છે. આ બધા ઉલ્લેખો ઉપરથી પણ પુણ્યરાજના સમયનો નિશ્ચય થતો નથી.

---

૧ 'વાક્યપદીય', અભ્યંકર અને લીમયે, પરિશિષ્ટ ૨

૨ 'લઘુમંજુષા', બનારસ; પૃ. ૮૧૭, ૧૩૬૮, ૧૪૫૭ વગેરે

૩ શ્લોકવાર્તિક, બનારસ, પૃ. ૫૨૭; પ્રકાશ, ૨.૬૪ અને ૮૮, ૮૯

૪ (અ) देहे लाजितबोधिसत्त्व વગેરે (વા. ૫. ૨.૨૪૯)
કુન્તક; વક્રોક્તિજીવિત. પૃ. ૫૯

(બ) इन्दुस्वर्णैणमातङ्ग...વગેરે (વા. ૫. ૨.૮૧)
ભામહ; કાવ્યાલંકાર, ૨.૯૦

(ક) मणिः शाणोल्लीढः ...વગેરે (વા. ૫. ૨.૮૭)
ભર્તૃહરિ; નીતિશતક શ્લો. ૩૫

(ડ) किं तारुण्यतरोरियम्...વગેરે (વા. ૫. ૨.૮૭)
વામન; અલંકારસર્વસ્વ પૃ. ૪૩

(ઈ) रामोऽसौ भुवनेषु...વગેરે (વા. ૫. ૨.૮૮)
હેમચંદ્ર; કાવ્યાનુશાસન પૃ. ૩૯

પુણ્યરાજની ' પ્રકાશ ' ટીકા સરળ અને સ્પષ્ટ છે. કારિકામાંના તથ્યને તે સ્પષ્ટરૂપે રજૂ કરે છે. ઐતિહાસિક પદ્ધતિ કે તૌલનિક પદ્ધતિ તેમાં વિશેષ દેખાતી નથી. અસંત સૂક્ષ્મ ચર્ચા કે ખંડનમંડનનો ઘટાટોપ આ ટીકામાં દેખાતો નથી, તેમ છતાં અનેક અવતરણો અને પ્રસંગ-કથનો તે રજૂ કરે છે. ભર્તૃહરિના બીજા કાંડના શ્લોક ૭૭ થી ૮૯ સુધીની ટીકામાં અનેક સુભાષિતો અને વૈદિક શ્લોકો કે ગદ્યખંડોનો તેમણે અવતાર કર્યો છે. આમ વિશદતા એનું ધ્યેય હોવાથી વાક્યકાંડનાં મુશ્કેલ સ્થળો સમજવામાં આ ટીકા ઘણી ઉપયોગી છે. આ ટીકા પણ સ્વોપજ્ઞવૃત્તિનો સાર છે એમ કહેવા માટે દ્વિતીય કાંડની સ્વોપજ્ઞવૃત્તિની પ્રાચીન હસ્તપ્રતોનો તૌલનિક અભ્યાસ જરૂરી છે.

## હેલારાજ :

' વાક્યપદીય 'ના ટીકાકારોમાં હેલારાજ વધારે જાણીતા છે કાશ્મીરના રાજા મુક્તાપીડના મંત્રી લક્ષ્મણના વંશમાં ઊતરી આવેલ ભૂતિરાજનો તે પુત્ર હતો. તે કૈયટનો ઉલ્લેખ કરે છે. તેના સમય અંગે આ પૂર્વમર્યાદા ગણી શકાય. પાણિનીય દર્શનનું વ્યાખ્યાન કરતાં ' સર્વદર્શનસંગ્રહ '-કાર હેલારાજનો ઉલ્લેખ કરે છે. આમ હેલારાજ ઈસવી સનના અગિયારમા અને ચૌદમા સૈકાની વચ્ચેના સમયમાં થયા.

તૃતીય કાંડ ઉપરની ' પ્રકીર્ણપ્રકાશ ' ટીકા ઉપરાંત હેલારાજે પ્રથમ બે કાંડ ઉપર પણ ટીકા રચી હતી. આપણને અનુપલબ્ધ આ ટીકાનું નામ ' શબ્દપ્રભા ' હતું.[1] આ ઉપરાંત હેલારાજે ' ક્રિયાવિવેક, '[2] ' વાર્તિકોન્મેષ '[3] અને ' અદ્વયસિદ્ધિ 'ની[4] રચના કરી હતી.

ભર્તૃહરિના સિદ્ધાન્તની ઉત્તમ ચર્ચા હેલારાજની ટીકામાં જેવી મળે છે તેવી અન્યત્ર મળતી નથી. કારિકાનાં અન્વય અને પદચ્છેદ કરતાં પહેલાં કારિકાનિર્દિષ્ટ સિદ્ધાન્તતત્ત્વને તે રજૂ કરે છે. દર્શનગ્રંથોમાં તેનું નૈપુણ્ય, પાણિનીય સિદ્ધાન્તની તેની પકડ અને ભર્તૃહરિગ્રંથનું તેનું સ્પષ્ટ દર્શન આ ટીકાકારના કાર્યને અદ્ભુત અને આશ્ચર્યપ્રેરક બનાવે છે. તત્ત્વદર્શન કરાવતાં કરાવતાં કોઈ

---

૧ (અ) काण्डद्वये यथावृत्ति सिद्धान्तार्थसतत्त्वतः ।
प्रबन्धो विहितोऽस्माभिरागमार्थानुसारिभिः ॥

પ્રકીર્ણપ્રકાશ, પ્રસ્તાવના શ્લો. ૨

(બ) विस्तरेणागमप्रामाण्यं अस्माभिः प्रथमकाण्डे शब्दप्रभायां निर्णीतमिति तत एवावधार्यम्—પ્રકીર્ણપ્રકાશ ૩.૧.૪૬

(ક) क्रमाख्या हि कालशक्तिः ब्रह्मणो जन्मवत्सु पदार्थेषु...नापरो द्रव्यभूतः काल इति अध्याहितकलां यस्य..भावभेदस्य योनयः ॥
इति शब्दप्रभायां निर्णीतोऽयमर्थः । પ્રકીર્ણપ્રકાશ ૩.૧.૩

૨ પ્રકીર્ણપ્રકાશ ૩.૧.૫૦.

૩ પ્રકીર્ણપ્રકાશ, ૩.૧૩.

૪ પ્રકીર્ણપ્રકાશ ૩.૨.૧૫

પણ દાર્શનિક સિદ્ધાન્તના પ્રવાહમાં તે તણાઈ જતા નથી. તેમને બરાબર ખ્યાલ છે કે પોતે વ્યાકરણસિદ્ધાન્તની ચર્ચા કરવા બેઠા છે, કોઈ અન્ય દાર્શનિક સિદ્ધાન્તસ્થાપના કરવા નહિ. તેમને મન શાબ્દ વ્યવહાર એ જ વ્યવહાર છે અને શબ્દાર્થ એ જ અર્થ છે.[1] તેમની વિદ્વત્તાનાં દર્શન 'પ્રકીર્ણપ્રકાશ'ના શબ્દે શબ્દે થયા વિના રહેતાં નથી. તે વ્યાડિ, વાજપ્પાયન, વાર્તિકકાર અને નિરુક્તકારનાં વચનોને વારંવાર ઉદ્ધૃત કરતા રહે છે. બૌદ્ધ અને વેદાન્ત સિદ્ધાન્ત તથા મીમાંસાનાં લક્ષણ તેમને જિહ્વાગ્રે છે. કારિકાઓના અર્થદર્શન વખતે તે અનેક પાઠાન્તરો ચર્ચે છે અને પૂર્વાચાર્યોની ટીકાપ્રવૃત્તિનો લાભ લે છે. શબ્દાર્થ કરતાં સિદ્ધાન્તાર્થનું જ સ્પષ્ટતયા અનુશીલન કરવું તે તેમની નેમ છે. પોતાના વાચકો પાસેથી વિષયના પૂર્ણ જ્ઞાનની તે અપેક્ષા રાખે છે એટલે ઉદ્ધૃત કરાતાં વચનોને તે મહદંશે અધૂરાં રાખે છે. 'પ્રકીર્ણપ્રકાશ'માંથી પણ કેટલોક ગ્રંથપાત થયો છે તેથી ફુલ્લરાજ નામના ટીકાકારનાં વચનોથી તેને પૂર્ણ કરવામાં આવ્યો છે.[2]

### ફુલ્લરાજ :

'વાક્યપદીય'ના તૃતીય કાંડના એક બીજા ટીકાકારનું નામ મળે છે. તેમનું ફુલ્લરાજ એવું અભિધાન હતું. એમની ટીકાનો અત્યંત અલ્પ ભાગ મળતો હોવાથી તથા એ ટીકાભાગ કેવળ પદાર્થનો જ બોધ કરાવતો હોવાથી અને કાલાનુક્રમની દૃષ્ટિએ એમાં કશી માહિતી નહિ હોવાથી આ ફુલ્લરાજને વિષે બીજું કશું કહી શકાશે નહિ. પદકાંડની કાશીની આવૃત્તિનાં પૃષ્ઠ ૨૧૮ થી ૨૧૪ સુધીનો ભાગ 'इतो ग्रन्थपातसंधानाय फुल्लराजकृतिलिख्यते એવા શબ્દોથી રજૂ થયો છે. કોઈક પંડિતમન્ય લહિયાની આ રચના હોય એટલું જ એને માટે કહેવાનું બસ થશે.

### સૂર્યનારાયણ શુક્લ :

ભર્તૃહરિના 'વાક્યપદીય'ની ટીકાઓનો ઉલ્લેખ સૂર્યનારાયણ શુક્લની 'ભાવપ્રદીપ' વ્યાખ્યાના નિર્દેશ વિના અધૂરો છે. કાશિક છાત્રોના પરીક્ષાકાર્ય માટે રચાયેલી આ ટીકા વિદ્દ્ભોગ્ય પણ છે. બ્રહ્મકાંડની કારિકાઓના હરેક પદનું એમાં સ્પષ્ટ વિવરણ હોવા ઉપરાંત ઐતિહાસિક તેમજ તૌલનિક પદ્ધતિનું અનુકરણ છે. સંદર્ભપ્રાપ્ત વિષયને તે સ્પષ્ટ રીતે રજૂ કરે છે એમ હંમેશાં વ્યાકરણ, મીમાંસા, ન્યાય અને વેદાન્તના વિચારો સાથે તેની તુલના કરે છે. અર્વાચીન પદ્ધતિની સુંદર ટીકાના અનવદ્ય નમૂનારૂપે આ ટીકા છે એમ નિઃશંક કહી શકાય.

[ ક્રમશઃ ]

---


૧ नास्माभिर्दर्शनविवेकः प्रारब्धः । किन्तु शाब्दे व्यवहारे यदङ्गं; तत्परीक्ष्यम् । इह व्याकरणे, न वस्त्वर्थोऽर्थः किंतु शब्दार्थोऽर्थः । 'પ્રકીર્ણપ્રકાશ' ૩.૯.૫૮

૨ इतो ग्रन्थपातसन्धानाय फुल्लराजकृतिर्लिख्यते 'પ્રકીર્ણપ્રકાશ', બનારસ, પૃ. ૨૧૪

# સંસ્કૃત સાહિત્યમાં મહાકાવ્યો

બિપિનચંદ્ર હી. કાપડિયા

સાહિત્ય[૧] શબ્દ માટે સંસ્કૃતમાં મૂળ શબ્દ કાવ્ય[૨] છે. તે કાવ્યના મુખ્ય બે પ્રકારો છે: દૃશ્ય અને શ્રવ્ય. દૃશ્યના રૂપક તથા ઉપરૂપક જેના અનુક્રમે ૧૦ અને ૧૮ ભેદો છે. શ્રવ્ય કાવ્યના કથા, આખ્યાયિકા, મહાકાવ્ય, ખંડકાવ્ય, ઊર્મિકાવ્ય, મુક્તક, ચમ્પૂ વગેરે પ્રકારો છે જે નિમ્ન-લિખિત તાલિકા પરથી જોઈ શકાય છે.




ઉપર્યુક્ત વર્ણન પ્રમાણે મહાકાવ્ય શ્રવ્યકાવ્યનો પ્રકાર છે. જેવી રીતે સંસ્કૃત સાહિત્યમાં દૃશ્યકાવ્યોમાં નાટક વધુ ખેડાયેલો પ્રકાર બન્યો તેવી રીતે શ્રવ્યકાવ્યોમાં મહાકાવ્ય પણ લોકપ્રિય બન્યું છે. રામાયણ-મહાભારતને આર્ષ મહાકાવ્યની સંજ્ઞા પ્રાપ્ત થઈ છે. તેનાથી ભિન્ન પ્રકારના તથા ભિન્ન પ્રયોજન ધરાવતા બુદ્ધચરિત, રઘુવંશ, કુમારસંભવ, કિરાતાર્જુનીય, શિશુપાલવધ, નૈષધીય, ભટ્ટિ-કાવ્ય જેવાં વિકાસફલકમાં ક્રમે ક્રમે પરિવર્તનો ઝીલી રહેલાં મહાકાવ્યોને અલંકૃત, વિદગ્ધ કે કલાસંપન્ન મહાકાવ્યો ગણાવી શકાય. અંગ્રેજીમાં પણ 'એપિક ઑફ ગ્રોથ' અને 'એપિક ઑફ આર્ટ' એમ બે

---

૧ સાહિત્ય શબ્દ તેના વિશાળ અર્થમાં સહ અર્થાત્ સાથે પરથી બનેલો છે. માનવજીવનની સાથે રહેનાર, માનવના હૃદયની સાથે રહેનાર, માનવ આત્માની સાથે રહેનાર એવો અર્થ કરીને પ્રાચીન કવિઓના મતે સામાન્ય જીવનમાંથી મળતા સામાન્ય આનંદ કરતાં વિશિષ્ટ પ્રકારના અવનવા અનુભવ કરાવે તે સાહિત્ય.

૨ કવ્ બોલવું, અસામાન્ય રીતે બોલવું.

વિભાગો બતાવવામાં આવે છે. ઉપર ગણાવેલાં મહાકાવ્યોમાંથી રઘુવંશથી માંડીને નૈષધીય એ પાંચ મહાકાવ્યો સંસ્કૃત સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તે સંસ્કૃત સાહિત્યના પાંચ પ્રાણો મનાય છે. રામાયણ–મહાભારત પછી પાણિનિનાં પાતાળવિજય, જામ્બવતી વિજય, અશ્વઘોષનું સૌન્દરાનન્દ, કુમારદાસનું જાનકીહરણ, પ્રવરસેનનું સેતુબન્ધ, રત્નાકરનું હરવિજય, હરિશ્ચન્દ્રનું ધર્મશર્માભ્યુદય ભટ્ટિનું રાવણવધ કે ભટ્ટિકાવ્ય એ નોંધપાત્ર મહાકાવ્યો છે. રાવણવધ એ વ્યાકરણ-કાવ્ય છે. આના જેવું સંસ્કૃત અને પ્રાકૃત વ્યાકરણના નિયમો બતાવનારું કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું કાવ્ય દ્વયાશ્રય અને કુમારપાલચરિત છે. આવી જાતનાં મહાકાવ્યોને શાસ્ત્રકાવ્ય[1] કહેવાય છે, જેનું બીજું ઉદાહરણ ભૌમકનું રાવણાર્જુનીય છે. કૃષ્ણનું હરિવિલાસ, ક્ષેમેન્દ્રનાં ભારતમંજરી તથા રામાયણ-મંજરી, મંખનું શ્રીકૃષ્ણચરિત, વામનભટ્ટબાણનું નલાભ્યુદય, રાજનકનું ધાર્મિક મહાકાવ્ય હરચરિતચિન્તામણિ, શ્રીવરનું જયરથકથાકૌતુક, નીલકંઠ દીક્ષિતનું ગંગાવતરણ જેવાં ૧૮મી સદી સુધી મહાકાવ્યો રચાતાં ગયાં છે. એક જ શ્લોકની પંક્તિમાંથી બે, ત્રણ, પાંચ, સાત અર્થો નીકળે એવાં મહાકાવ્યો પણ સંસ્કૃત સાહિત્યમાં દૃષ્ટિગોચર થાય છે. ભૌમકના મહાકાવ્ય રાવણાર્જુનીયમાં મહાભારત તથા રામાયણની કથાને આધારે રાવણ તથા અર્જુનને સ્પર્શે એવી રીતે પ્રત્યેક શ્લોકમાંથી બબ્બે અર્થો નીકળે છે. સંધ્યાકરના રામપાલચરિતમાંથી એક રામને અને બીજો રામપાલને (ઈ. સ.ની ૧૧મી સદી) સ્પર્શે એવી રીતે બે અર્થો નીકળે છે. રાઘવપાણ્ડવીયમાં રામ તથા પાણ્ડવોને સ્પર્શતા બે અર્થો છે, શ્રુતકીર્તિના તખલ્લુસ હેઠળ ૧૧૨૩–૧૧૪૦માં દિગંબર જૈન ધનંજયનું તે દ્વિસંધાનકાવ્ય છે. હરદત્તના રાઘવ-નૈષધીયમાં રામ તથા નળને સ્પર્શતા બે અર્થો છે, રાઘવ-પાંડવયાદવીયમાં રામ, પાંડવો તથા યદુવંશના શ્રીકૃષ્ણને સ્પર્શતા ત્રણ ત્રણ અર્થો નીકળે છે. આવી જાતના કાવ્યને **द्विसंधानकाव्य** કહેવામાં આવે છે. દ્વિસંધાનકાવ્ય ઉપરાંત નૈષધીયમાં જ્યાં સરસ્વતી પાંચ નળનો પરિચય આપે છે તે ૧૩મા સર્ગમાં એક શ્લોકમાંથી ઇન્દ્રને, યમને, અગ્નિને, વરુણને, નળને સ્પર્શે એવી રીતે પાંચ અર્થો નીકળે તેવા શ્લોકો છે. સપ્તસંધાનકાવ્ય છે જેમાં સાત સાત અર્થો નીકળે છે. **राजानो ददते सौख्यम्** જેવા વાક્યમાંથી એક લાખ જેટલા અર્થ ઘટાવવા પ્રયત્ન કરાય છે. આવી કક્ષાનાં કાવ્યો અત્યંત અટપટાં હોય છે. ટીકા વગર સમજી ન શકાય એવાં દુર્ગમ હોય છે; એમાં શબ્દચાતુર્યને પ્રાધાન્ય અપાય છે.

આલંકારિકોમાં ભામહ, દંડી, રુદ્રટ, ભોજ, અગ્નિપુરાણ, કાવ્યાલંકાર, ઈશાનસંહિતા, વિશ્વનાથ[2] જેવાંએ મહાકાવ્યની જુદી જુદી વ્યાખ્યાઓ આપી છે. તેમની વ્યાખ્યાઓમાં ખાસ તાત્ત્વિક ભેદ નથી. સાતમા સૈકામાં થઈ ગયેલા કાવ્યાદર્શકાર દંડીએ મહાકાવ્યનું સંક્ષિપ્ત તથા સુંદર લક્ષણ નીચે પ્રમાણે આપ્યું છેઃ—

---

૧ ક્ષેમેન્દ્ર પ્રમાણે. આવી જાતનું બીજું કાવ્ય હલાયુધનું કવિરહસ્ય છે. જેમાં વર્તમાન કાળનાં રૂપાખ્યાનો તથા રાષ્ટ્રકૂટ વંશના કૃષ્ણરાજ ત્રીજાની પ્રશસ્તિ છે જે દક્ષિણમાં ઈ. સ. ૯૪૦–૯૫૬માં રાજ્ય કરતા હતા.

૨ પંદરમી સદીના પ્રખર આલંકારિક વિશ્વનાથે પણ સાહિત્યદર્પણ પરિચ્છેદ ૬, શ્લો. ૩૧૫-૩૨૫માં મહાકાવ્યની વ્યાખ્યા લગભગ આવી જ આપી છે.

सर्गबन्धो महाकाव्यमुच्यते तस्य लक्षणम् ।
आशीर्नमस्क्रिया वस्तुनिर्देशो वापि तन्मुखम् ॥
इतिहासकथोद्भूतमितरद्वा सदाश्रयम् ।
चतुर्वर्गफलायत्तं चतुरोदात्तनायकम् ॥
नगरार्णवशैलर्तुचन्द्रार्कोदयवर्णनैः ।
उद्यानसलिलक्रीडामधुपानरतोत्सवैः ॥
विप्रलम्भैर्विवाहैश्च कुमारोदयवर्णनैः ।
मन्त्रदूतप्रयाणाजिनायकाभ्युदयैरपि ॥
अलंकृतमसंक्षिप्तं रसभावनिरन्तरम् ।
सर्गैरनतिविस्तीर्णैः श्रव्यवृत्तैः सुसन्धिभिः ।
सर्वत्र भिन्नवृत्तान्तैरुपेतं लोकरञ्जकम् ।
काव्यं कल्पान्तरस्थायि जायते सदलंकृतिः ॥
न्यूनमप्यत्र यैः कश्चिदङ्गैः काव्यं न दुष्यति ।
यद्युपात्तेषु सम्पत्तिराराधयति तद्विदः ॥
गुणतः प्रागुपन्यस्य नायकं तेन विद्विषाम् ।
निराकरणमित्येष मार्गः प्रकृतिसुन्दरः ॥
वंशवीर्यश्रुतादीनि वर्णयित्वा रिपोरपि ।
तज्जयान्नायकोत्कर्षकथनं च धिनोति नः ॥

હવે દંડીની વ્યાખ્યાને કેન્દ્રસ્થાને સ્થાપી તથા અન્ય આલંકારિકોએ કરેલી વ્યાખ્યાઓમાં પ્રાપ્ત થતી વિશેષતાઓ સાથે સમન્વય સાધી મહાકાવ્યોનાં ઘટકતત્ત્વો નીચે પ્રમાણે તારવી શકાય :

મહાકાવ્ય શબ્દ જેવી રીતે મહાભારત શબ્દ સમજાવ્યો છે, જેમ કે **महत्त्वात् भारवत्त्वात् च महाभारतमुच्यते** (લંબાણ તથા ગૌરવને લીધે મહાભારતને મહાભારત તરીકે સંબોધવામાં આવે છે) તેવી રીતે મહાકાવ્યને પણ **महत्काव्यम्** અથવા **महतां काव्यं** (વિસ્તાર હોય તેવું દીર્ઘ કાવ્ય અથવા મહાન ઉમદા પાત્ર વિષેનું કાવ્ય તે મહાકાવ્ય છે). મહાકાવ્યની કથાવસ્તુના સાનુકૂળ વિભાગો પાડવામાં આવે છે જેને સર્ગ કહેવામાં આવે છે. રામાયણ જેવા આર્ષકાવ્યના કાણ્ડો તથા પ્રત્યેક કાણ્ડના વિભાગોને સર્ગ કહેવામાં આવે છે. આવી જાતના સર્ગબદ્ધ દીર્ઘ કાવ્યનું વસ્તુ ત્રણ રીતે શરૂ થઈ શકે. આશીર્વાદથી (જેમ કે કિરાતનો શ્રીથી; રઘુવંશનો પ્રારંભ **वागर्थौ इव संपृक्तौ**થી થયો છે), નમસ્કારથી (રઘુવંશના પ્રથમ શ્લોકને આ દૃષ્ટિએ પણ ઘટાવી શકાય) તથા વસ્તુનિર્દેશથી (કુમારસંભવમાં **हिमालयो नाम नगाधिराजः** શ્લોક આના દૃષ્ટાન્ત તરીક ગણાવી શકાય. શિશુપાલમાં વસ્તુનિર્દેશ તથા આશીઃ બંને પ્રથમ શ્લોકમાં છે). મહાભારત-રામાયણ જેવાં આર્ષકાવ્યો પણ નમસ્કારથી શરૂ થયેલાં છે. મહાભારત-રામાયણનું વસ્તુ ઇતિહાસમાંથી લેવામાં આવ્યું છે; રઘુ, કુમાર, શિશુપાલ, નૈષધનું વસ્તુ પણ ઇતિહાસોદ્ભવ ગણી શકાય. આ અને અર્વાચીન મહાકાવ્યો જેમાં દયાનન્દ તથા મહાત્મા ગાંધી પર લખેલાં

કાવ્યોને સદાશ્રયવાળાં કહી શકીએ. નાટકની કથાવસ્તુ સત્યયુગ સિવાયના યુગના બનેલા પ્રસંગો પર આધારિત હોવી જોઈએ એવો નિયમ છે; મહાકાવ્ય વિષે આવો કોઈ નિયમ કોઈ આચાર્યે કર્યો હોય તેવી સ્પષ્ટતા કરી નથી. ઉપલબ્ધ બધાં સંસ્કૃત મહાકાવ્યો સર્ગબદ્ધ છે. નાટકની કથાવસ્તુના સ્વાભાવિક વિકાસ માટે પાંચ સંધિઓ—જેવી કે મુખ, પ્રતિમુખ, ગર્ભ, વિમર્શ કે અવમર્શ તથા નિર્વહણની જરૂર રહે છે તેવી રીતે सुसन्धिभिः[1] સૂચવે છે કે અહીં પણ આ સંધિઓ યથાવકાશ આવશ્યક છે. નાટકની જેમ વસ્તુના આધિકારિક તથા પ્રાસંગિક એવા ભેદો મહાકાવ્યની કથાવસ્તુના સંદર્ભમાં પણ સંભવી શકે છે. આર્યધર્મની પ્રણાલિ પ્રમાણે જીવન તેમ જ સાહિત્યનું ધ્યેય ચાર પુરુષાર્થો સિદ્ધ કરવાનું છે. તદનુરૂપ મહાકાવ્યનું ફળ પણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આપનારું હોવું જોઈએ. મહાકાવ્યનો નાયક ધીરોદાત્ત હોવો જોઈએ અને तत्रैको नायकः (એક જ નાયક હોવો જોઈએ) એમ પણ વિધાન છે. શિશુપાલવધમાં તથા નૈષધીય જેવામાં નળ જેવો એક જ નાયક છે જ્યારે રઘુવંશમાં રઘુવંશમાં ઉત્પન્ન થયેલા દિલીપ, અજ, દશરથ, રામાદિ, અનેક નાયકો પણ હોઈ શકે છે (एकवंशभवा भूपाः कुलजा बहवोऽपि वा).[2] તે નાયક સુર કે અભિજાત ક્ષત્રિય હોઈ શકે છે. નાયકના સર્વમાન્ય ગુણો ઉપરાંત ધીરોદાત્ત નાયકના કેટલાક વિશેષ ગુણ નીચે પ્રમાણે છે:—

महासत्त्वोऽतिगम्भीरः क्षमावानविकत्थनः ।
स्थिरो निगूढाहंकारो धीरोदात्तदृढव्रतः ॥

પરંતુ, રઘુવંશમાં અગ્નિવર્ણ જે છેલ્લો રાજા છે તે દુર્વર્તનવાળો છે. તે સિવાયના બધા રાજા चतुर उदात्त છે.

મહાકાવ્યનો પટવિસ્તાર સુગ્રથિત થાય તે માટે તેમાં સમુદ્ર, પર્વત, ઋતુઓ, ચંદ્રોદય, સૂર્યોદય જેવાં બાહ્ય પ્રકૃતિનાં વર્ણનો, જલક્રીડા, રતિક્રીડા, મદિરાપાન જેવાં વ્યક્તિગત કે સામૂહિક જીવનને સ્પર્શતાં વર્ણનો; વિરહ, વિવાહ, પુત્રોત્પત્તિ જેવા કૌટુમ્બિક જીવનને સ્પર્શતા પ્રસંગોનું આલેખન કરતાં વર્ણનો, મંત્રણા, દૂતપ્રેષણ, યાન, યુદ્ધ, જય, પરાજય વગેરે રાજકીય પાસાંઓને સ્પર્શ કરતાં વર્ણનો હોવાં જોઈએ. મહાકાવ્યના હ્રાસયુગમાં આ વર્ણનોમાં વિવેક જળવાયો નથી આવાં ઉપરછલ્લાં વર્ણનો તેમના વૈવિધ્ય અને વિસ્તારને લીધે કથાવસ્તુને કચડી નાંખે છે. વર્ણનોના મોહમાં રહેલા ભયસ્થાન પ્રત્યે સજાગ રહી રુદ્રટે અંગુલિનિર્દેશ કર્યો છે, પરંતુ તે તરફ કવિઓએ ઉપેક્ષા સેવી છે.

કવિ તથા નાયકના નામ ઉપરથી મહાકાવ્યનું નામાભિધાન થાય છે. ભટ્ટિકાવ્ય, રઘુવંશ, નૈષધીય તેનાં દૃષ્ટાન્તો છે. મહાકાવ્યમાં ઓછામાં ઓછા આઠ સર્ગો તથા વધારેમાં વધારે ત્રીસ સર્ગો હોવા જોઈએ. (अष्टसर्गात् न तु न्यूनं त्रिंशत्सर्गात् न चाधिकम् । ईशानसंहिता.) રઘુવંશમાં ૧૯, શિશુપાલમાં ૨૦, કુમારસંભવમાં ૧૭ સર્ગો છે તેમ રત્નાકરના હરવિજય જેવા મકાકાવ્યમાં ૩૦ થી વધારે ૫૦ સર્ગો છે. દરેક સર્ગમાં ઓછામાં ઓછા ત્રીસ અને વધુમાં વધુ

---

૧ કિરાતમાં સર્ગ ૧-૩માં મુખસન્ધિ, ૪-૫માં પ્રતિમુખસન્ધિ, ૬-૧૧માં ગર્ભ સન્ધિ, ૧૨-૧૭માં અવમર્શ સન્ધિ તથા ૧૮માં નિર્વહણ સન્ધિ છે.

૨ વિશ્વનાથઃ સાહિત્યદર્પણ પરિચ્છેદ ૬, શ્લો. ૩૧૬.

બસો શ્લોકો હોવા જોઈએ. દરેક સર્ગનું નામકરણ તે સર્ગમાં આવતા મુખ્ય વિષયને ધ્યાનમાં રાખી પાડવામાં આવે છે. સામાન્ય રીતે, દરેક સર્ગમાં એક જ છંદમાં શ્લોકો રચવાનો નિયમ છે; પરંતુ કવિ પોતાનું છંદપ્રભુત્વ બતાવવા કોઈ એક સર્ગ વિવિધ વૃત્તમાં[1] લખે તો તેનો વાંધો નથી (नानावृत्तमयः क्वापि सर्गः कश्चन दृश्यते। विश्वनाथ साहि. श्लो. ३२१). સર્ગનો અંત સૂચવવા એક કે વધારે શ્લોકો બીજા છંદમાં રચવાની પ્રથા છે. બાળકાણ્ડ, સુંદરકાણ્ડ, કિષ્કિન્ધાકાણ્ડ વગેરેમાં પણ આ સ્થિતિ દૃગ્ગોચર થાય છે. પ્રત્યેક સર્ગના અંતે ભાવિ સર્ગના કથાપ્રસંગનું સૂચન થાય તે જરૂરી મનાયું છે.

પ્રત્યેક મહાકાવ્ય ઉપમા, રૂપક, વિભાવના, વિનોક્તિ, સહોક્તિ, દૃષ્ટાંત, અર્થાન્તરન્યાસ, ઉત્પ્રેક્ષા જેવા વિવિધ અલંકારોથી વિભૂષિત થયેલું હોય છે. જેવી રીતે નાટકમાં શૃંગાર કે વીર રસ પ્રધાન હોય છે તેવી રીતે મહાકાવ્યમાં વીર, શૃંગાર અને શાન્ત રસમાંથી ગમે તે એક રસ પ્રધાન[2] હોય છે; પ્રધાનેતર રસો માટે પણ અવકાશ મળે છે. ગૌણ રસ મર્યાદામાં રહે તે આવશ્યક હોય છે. મહાકાવ્ય રસ તથા ભાવોથી પરિપૂર્ણ હોય છે. કુમાર કે નૈષધમાં શૃંગાર, રાવણવધ કે કિરાતમાં વીર તથા બુદ્ધચરિતમાં શાંતરસ પ્રધાનરસ છે.

કાવ્યનો એટલે કે સાહિત્યનો ઉદ્દેશ મનોરંજન છે. મહાકાવ્ય પણ ઇતિહાસનિષ્ઠ કથાનો આશ્રય લેતું હોવાથી લોકરંજ કરે છે. રામાયણ જેવું આર્ષ કાવ્ય જ્યાં સુધી પર્વત, નદી વગેરે હશે ત્યાં સુધી એટલે કે કલ્પાન્તરસ્થાયી છે. પ્રાયશઃ મહાકાવ્યમાં ઉપર્યુક્ત લગભગ બધાં લક્ષણો સમાવિષ્ટ થતાં હોય છે, પરંતુ જો કોઈ એકાએક અંશનો અંકોડો તેમાં તૂટતો હોય તો તે દોષવાળું ઠરતું નથી. નાયકના ગુણોત્કર્ષની સરખામણીમાં પ્રતિનાયકનાં દૂષણોથી તે ઊતરતી કક્ષાનો બતાવાય છે. અભિજાત ક્ષત્રિય શ્રીકૃષ્ણના હાથે શિશુપાલનો વધ શિશુપાલવધમાં થયો છે. મહાકાવ્યમાં ખલની નિંદા તથા સજ્જનોનાં ગુણગાન ગાવાં જોઈએ કિરાતાર્જુનીય, રઘુવંશ વગેરેમાં શત્રુના વંશ, વીર્ય, જ્ઞાનાદિનું વર્ણન કરીને, તેના પર નાયક વિજય પ્રાપ્ત કરી શકે છે અને તે રીતે નાયકનો ઉત્કર્ષ બતાવાય છે (જુઓ રામાયણ, શિશુપાલવધ, કુમારસંભવ વગેરે) જે આપણને આનંદ આપે છે.

મહાકાવ્યમાં જેવી રીતે નાયક કે નાયકો હોય છે તેવી રીતે પ્રતિનાયક પણ હોય છે. આ પ્રતિનાયક અત્યંત ખલ કે દુષ્ટ હોય છે જે બધા દુર્ગુણોનો ભંડાર હોય છે છતાં પણ તેની પોતાની મહત્તા હોય છે, જેમ કે રાવણ કે શિશુપાલ. બીજી કક્ષાનો પ્રતિનાયક સર્વગુણસંપન્ન, ઉમદા કુળનો, વીર્યવાન, મહાન વગેરે ગુણોથી યુક્ત પણ હોઈ શકે છે છતાં પણ નાયક તેના પર વિજય પ્રાપ્ત કરી મહત્તા પ્રસ્થાપિત કરે છે, જેમ કે કિરાતાર્જુનીયમાં અર્જુનનો પ્રતિસ્પર્ધી પ્રતિનાયક સાક્ષાત્ ભગવાન શિવ કિરાતના સ્વરૂપમાં છે.

મહાકાવ્યની શૈલી અત્યંત ઉદાત્ત અને ગૌરવવંતી હોય છે. ભારવિની વાણી પ્રકૃતિમધુરા

---

૧ શિશુપાલમાં ચોથો સર્ગ, રઘુવંશમાં નવમો સર્ગ, ભટ્ટિકાવ્ય વગેરે.

૨ शृङ्गारवीरशान्तानामेकोऽङ्गी रस इष्यते। अङ्गानि सर्वेऽपि रसाः सर्वे नाटकसन्धयः॥
विश्व. साहि. परि. ६; श्लो. ३१७

છે. તેણે ભાવ અને રસનું તાદાત્મ્ય સાધ્યું છે. ભારવિની વાણી નાળિકેર ફળના જેવી છે. મહાકાવ્યની શૈલી માધુર્ય, ઓજસ્ તથા પ્રસાદયુક્ત હોવી જોઈએ. કાલિદાસની શૈલી[1] દ્રાક્ષપાક જેવી છે, ભારવિની નાળિકેરપાક જેવી છે, શ્રીહર્ષની વિદ્વદૌષધમ્ જેવી છે. માઘનો શબ્દભંડોળ એટલો વિપુલ અને વ્યાપક હતો કે તેને માટે કહેવાયું છે કે नवसर्गगते माघे नवशब्दो न विद्यते । શબ્દભંડોળમાં માઘ કાર્લાઈલની તોલે આવી શકે છે.

જેવી રીતે બાણનાં કાદમ્બરી તથા હર્ષચરિતને ધ્યાનમાં રાખી કથા તથા આખ્યાયિકાની વ્યાખ્યા આપવા પ્રયત્ન કરાયો છે તેવી રીતે ભામહ અને દંડી જેવા આલંકારિકોએ ભારવિનું કિરાતાર્જુનીય જેવું મહાકાવ્ય સામે રાખી મહાકાવ્યનું લક્ષણ આપ્યું હોય તેમ લાગે છે; કારણ કે, ભામહ કે દંડી જેવા કોઈ પણ આલંકારિકો રઘુકાર કાલિદાસની પહેલાં થયેલા નથી.

સંસ્કૃત ભાષામાં લખાયેલાં મહાકાવ્યોની જેમ પ્રાકૃત તથા અપભ્રંશમાં પણ મહાકાવ્યો લખાયાં છે. પ્રવરસેનનું રાવણવહ કે સેતુબંધ પ્રાકૃત મહાકાવ્ય છે.

૧૮મી સદી પછી પણ અદ્યાવધિ ૨૦મી સદીમાં પણ મહાકાવ્ય લખવામાં આવ્યાં છે તેનું એક ઉદાહરણ વિશ્વનાથ દેવશર્મન ( રાજા બહાદુર અથગરના ) જેણે પોતે ૧૯૧૩ના જાન્યુઆરીમાં વિન્ટર્નિટ્સને પોતાના મહાકાવ્ય રૂકિમણીપરિણયની ( કલકત્તા ૧૯૧૩ ) એક નકલ આપી હતી. આ મહાકાવ્ય ૧૧ સર્ગનું છે જેના પર તેની પટ્ટરાણીએ ટીકા લખી છે. અર્વાચીન આલોચનાના આધારે આપણે કહી શકીએ કે કવિની પ્રતિભાની મુખ્ય કસોટી મહાકાવ્ય લખવાની શક્તિમાં છે. અતિમહાન વ્યક્તિ કે યુગના મહાન જીવન કે મંથનોની આલોચના કરવી એ મહાકાવ્યનો મુખ્ય ઉદ્દેશ ગણાતો. જીવનનું એક સર્વવ્યાપી, વિશાળ, સમગ્ર દર્શનભર્યું ચિત્ર આપવું તે મહાકાવ્યનું મુખ્ય કાર્ય બને છે. આ દર્શન માટે જીવનના અતિ ઊંડા અભ્યાસની, માનવ મનનાં ઊંડાણોના આમૂલક અન્વેષણની આવશ્યકતા રહે છે, વિશાળ જીવનદૃષ્ટિ તથા સર્વવ્યાપી સંવેદન વિના આ જાતનું લખાણ શક્ય ન બને, આવું ચિત્ર આપનાર કવિની સર્જનપ્રતિભા પણ મહાન હોવી જોઈએ. સંસ્કૃત સાહિત્ય આવાં અનેક મહાકાવ્યો સર્જી શક્યું છે તે સંસ્કૃત સાહિત્યની પ્રૌઢી સૂચવે છે.

સામાન્ય રીતે મહાકાવ્યની વ્યાખ્યા દંડી તથા વિશ્વનાથના સાહિત્યદર્પણને કેન્દ્રમાં રાખી આપવામાં આવે છે. પરંતુ **રુદ્રટના કાવ્યાલંકાર**માં કંઇક નવીન દૃષ્ટિએ તે આપી છે જે નીચે પ્રમાણે છે:—અધ્યાય ૧૬, શ્લો. ૨-૧૯.

सन्ति द्विधा प्रबन्धाः काव्यकथाख्यायिकादयः काव्ये ।
उत्पाद्यानुत्पाद्या महल्लघुत्वेन भूयोऽपि ॥ २ ॥

तत्रोत्पाद्या येषां शरीरमुत्पादयेत्कविः सकलम् ।
कल्पितयुक्तोत्पत्तिं नायकमपि कुत्रचित्कुर्यात् ॥ ३ ॥

पञ्जरमितिहासादिप्रसिद्धमखिलं तदेकदेशं वा ।
परिपूरयेत्स्ववाचा यत्र कविस्ते त्वनुत्पाद्याः ॥ ४ ॥

---

૧ કાલિદાસની શૈલી તથા શબ્દગુંફન માટે કહેવાયું છે કે:—

घृतक्षीरद्राक्षामधुमधुरिमा कैरपि पदैर्विशिष्यानाख्येयो भवति रसनामात्रविषयः ।

तत्र महान्तो येषु च विततेष्वभिधीयते चतुर्वर्गः ।
सर्वे रसाः क्रियन्ते काव्यस्थानानि सर्वाणि ॥ ५ ॥
ते लघवः विज्ञेया येष्वन्यतमो भवेच्चतुर्वर्गात् ।
असमग्रानेकरसा ये च समग्रैकरसयुक्ताः ॥ ६ ॥
तत्रोत्पाद्ये पूर्वं सन्नगरीवर्णनं महाकाव्ये ।
कुर्वीत तदनु तस्यां नायकवंशप्रशंसां च ॥ ७ ॥
तत्र त्रिवर्गसक्तं समिद्धशक्तित्रयं च सर्वगुणम् ।
रक्तसमस्तप्रकृतिं विजिगीषुं नायकं न्यस्येत् ॥ ८ ॥
विधिवत्परिपालयतः सकलं राज्यं च राजवृत्तं च ।
तस्य कदाचिदुपेतं शरदादिं वर्णयेत्समयम् ॥ ९ ॥
स्वार्थं मित्रार्थं वा धर्मादि साधयिष्यतस्तस्य ।
कुल्यादिष्वन्यतमं प्रतिपक्षं वर्णयेद्गुणिनम् ॥ १० ॥
स्वचरात्तदूताद्वा कुतोऽपि वा शृण्वतोऽरिकार्याणि ।
कुर्वीत सदसि राज्ञां क्षोभं क्रोधोर्धचित्तगिराम् ॥ ११ ॥
संमन्त्र्य समं सचिवैर्निश्चित्य दण्डसाध्यतां शत्रोः ।
तं दापयेत्प्रयाणं दूतं वा प्रेषयेन्मुखरम् ॥ १२ ॥
अथ नायकप्रमाणे नागरिकाक्षोभजनपदाद्रिनदीः ।
अटवीकाननसरसीमरुजलधिद्वीपभुवनानि ॥ १३ ॥
स्कन्धावारनिवेशं क्रीडां यूनां यथायथं तेषु ।
रव्यस्तमयं संध्यां संतमसमथोदयं शशिनः ॥ १४ ॥
रजनीं च तत्र यूनां समाजसंगीतपानशृङ्गारान् ।
इति वर्णयेत्प्रसङ्गात्कथां च भूयो निबध्नीयात् ॥ १५ ॥
प्रतिनायकमपि तद्वत्तदभिमुखममृष्यमाणमायान्तम् ।
अभिदध्यात्कार्यवशान्नगरीरोधस्थितं वापि ॥ १६ ॥
योद्धव्यं प्रातरिति प्रबन्धमधुपीति निशि कलत्रेभ्यः ।
स्ववधं विशङ्कमानान्संदेशान्दापयेत्सुभटान् ॥ १७ ॥
संनह्य कृतव्यूहं सविस्मयं युध्यमानयोरुभयोः ।
कृच्छ्रेण साधु कुर्यादभ्युदयं नायकस्यान्ते ॥ १८ ॥
सर्गाभिधानि चास्मिन्नवान्तरप्रकरणानि कुर्वीत ।
संधीनपि संश्लिष्टांस्तेषामन्योन्यसंबन्धात् ॥ १९ ॥

રુદ્રટના કાવ્યાલંકાર પર નમિસાધુએ ટીકા લખી છે. રુદ્રટની વ્યાખ્યામાં ધ્યાન ખેંચે એવાં તત્ત્વો નીચે પ્રમાણે તારવી શકાય એવાં છે :—

બે પ્રકારના પ્રબંધો હોય છે: ઉત્પાદ્ય અને અનુત્પાદ્ય જે મોટાં તથા નાનાં હોઈ શકે છે. કિરાતાર્જુનીયમાં કવિ ઇતિહાસપ્રસિદ્ધ કથાના એક અંશને પોતાની કલ્પના પ્રમાણે આલેખી શકે છે. જે પદ્યમય મોટા પ્રબન્ધો છે તેમાં ચતુર્વર્ગફલપ્રાપ્તિ વર્ણવાય છે તથા જેમાં બધા રસો હોય છે ( सर्वे रसाः ). ઉત્પાદ્ય મહાકાવ્યના પ્રારંભમાં સ્વનગરીનું વર્ણન તથા નાયકના વંશની પ્રશંસા કરાય છે ( શ્લો. ૭ ). આ નાયક ત્રિવર્ગમાં સક્ત, ત્રણે શક્તિથી સમૃદ્ધ, સર્વગુણસંપન્ન, પ્રકૃતિમાં પ્રિય તથા વિજિગીષુ હોવો જોઈએ. સંજોગ પ્રમાણે શરદ વગેરેનું વર્ણન કરવું. તે પોતાને માટે કે મિત્ર માટે ધર્મની સાધના કરતો હોય. રાજકુળ સિવાયનો ગુણવાળો તેનો પ્રતિપક્ષ હોવો જોઈએ (૧૦). પ્રતિપક્ષ સાથે કેવી રીતે કાર્ય પતાવવું તે ૧૦-૧૨માં સમજાવ્યું છે. નગરાદિનું વર્ણન, પ્રસંગાનુસાર અવાન્તર કથાને પણ તેમાં સ્થાન મળી શકે (૧૫). નાયકના સ્થાનને માન્ય ન કરતો, તેની સામે ચડાઈ કરતો, તેને ન ગણકારતો, કાર્યને લીધે નગરીને ઘેરો ઘાલીને રહેલો હોય છતાં પણ તૈયાર થયેલો, વ્યૂહનો જેણે આશ્રય લીધો છે તેવા નાયકનો અંતમાં વિજય જ થવો જોઈએ ( ૧૮ ). આવું મહાકાવ્ય સર્ગબદ્ધ તથા નાટકીય તત્ત્વો, સાંધઓથી મુક્ત હોવું જોઈએ ( ૧૯ ). આવા કાવ્યમાં જીવનનાં બધાં મહત્ત્વનાં પાસાંનું વર્ણન સંભવે છે, યુદ્ધ જેવી કોઈ પ્રધાન ઘટના તથા સાહસિક કાર્યના આશ્રયથી અલંકૃત વર્ણન, પ્રકૃતિચિત્રણ થવું ઘટે. આવા કાવ્યમાં અલૌકિક કે અતિપ્રાકૃત તત્ત્વ હોય પરંતુ મનુષ્યકૃત અસંભવ કે અસ્વાભાવિક ઘટના ન હોઈ શકે. શું રુદ્રટની પાસે એવું કોઈ મહાકાવ્ય હતું કે જેને સામે રાખીને તેણે ઉપર્યુક્ત મહાકાવ્યની વ્યાખ્યા ૧૬મા અધ્યાયમાં આપી છે? અન્ય આલંકારિકો કરતાં રુદ્રટની વ્યાખ્યા કંઈક નવી ભાત પૂરે છે.

જેવી રીતે સંસ્કૃતમાં મહાકાવ્યો રચાયાં તેવી રીતે પ્રાકૃત તથા અપભ્રંશમાં સ્વતંત્ર રીતે પ્રબન્ધકાવ્યો અને મહાકાવ્યની રચના થઈ છે. સંસ્કૃત મહાકાવ્યની જેમ પ્રાકૃત તેમ જ અપભ્રંશ મહાકાવ્યમાં ભિન્ન ભિન્ન સર્ગમાં ભિન્ન ભિન્ન છંદની યોજના લુપ્ત થતી ગઈ છે. પ્રાકૃતમાં રચાયેલા મહાકાવ્યમાં સર્ગને આશ્વાસ કહે છે. તેમાં સ્કન્ધક તથા ગલિત છંદનો પ્રયોગ થતો હોય છે. અપભ્રંશ મહાકાવ્યમાં સર્ગને કુડવક તથા અપભ્રંશને યોગ્ય વિવિધ છંદો હોય છે.

प्राकृतैर्निर्मिते तस्मिन्सर्गा **आश्वास**संज्ञकाः ।
छन्दसा **स्कन्धकेनैतत्क्वचिद्गलितकैर**पि ॥ सा. द. ६.३२६

ઉદાહરણ તરીકે સેતુબન્ધ તથા વિશ્વનાથનું કુવલયાશ્વચરિતમ્.

**अपभ्रंशनिबद्धेऽस्मिन् सर्गाः** कुडवकाभिधाः ।
तथापभ्रंशयोग्यानि च्छन्दांसि विविधान्यपि ॥ सा. द. ६.३२७

અપભ્રંશમાં સંધિ હોય છે, જેને માટે સાહિત્યદર્પણકાર કુડવક શબ્દ પ્રયોજે છે. પ્રત્યેક સંધિ અનેક કુડવકોની બને છે, પ્રત્યેક કુડવકમાં **પજ્ઝટિકા**દિ અનેક છંદો હોય છે જેની સમાપ્તિ **ઘત્તા**થી થાય છે. સંધિનો આરંભ **ધ્રુવકથી** થાય છે. કોઈ મહાકાવ્ય કાણ્ડમાં વિભક્ત કરાય છે જે અનેક સંધિનું બનેલું હોય છે. ઉપલબ્ધ અપભ્રંશ મહાકાવ્યો પ્રાયશઃ ધાર્મિક દષ્ટિથી લખાયેલાં છે.

સામાન્ય રીતે જોતાં મહાકાવ્યોનાં લક્ષણો વાલ્મીકિ, માઘ, કાલિદાસ, ભારવિ જેવા પ્રાચીન કવિઓનાં કાવ્યો સામે રાખી નિર્ણીત કરાયાં હોય એમ લાગે છે. પ્રાચીન મહાકાવ્યોની પરંપરા ૧૬મી સદીથી માંડીને અદ્યાવધિ ચાલુ રહી છે. પ્રા. શ્રીધર ભાસ્કર વર્ણેકરે તેમના મરાઠી પુસ્તક " अर्वाचीन संस्कृत साहित्य ( १७ व्या शतका पासून १९६० पर्यंतच्या संस्कृत साहित्याचें पर्यावलोचन ) નામના ગ્રન્થમાં પૃ. ૧૮–૪૭માં આવાં અર્વાચીન મહાકાવ્યો વિષે ચર્ચા કરી છે. તેમાંનાં કેટલાંક કાવ્યોનો નિર્દેશ કરી લેખ સમાપ્ત કરીએ: રામાયણકાવ્ય, રાઘવીય, યાદવરાઘવીય, કૃષ્ણાભ્યુદય, યાદવવિજય, ઉમાપરિણય, મીનાક્ષીપરિણય, લક્ષ્મીનારાયણચરિત, નલાભ્યુદય, પ્રતિનૈષધ, ઉત્તરનૈષધ, ભારતપારિજાત, દયાનન્દદિગ્વિજય, પતંજલિચરિત, યશોધરચરિત્ર, વગેરે. ઉપર્યુક્ત પૃષ્ઠોમાં જે વિવિધ મહાકાવ્યોની નામાવલિ આપવામાં આવી છે તે બતાવે છે કે આવાં કાવ્યો જુદા જુદા ધર્મો, સંપ્રદાયો, સાધુપુરુષો, સંત મહાત્માઓને આશ્રીને લખવામાં આવેલાં છે. સંસ્કૃત ભાષા મૃત નથી પરંતુ મહાકાવ્ય જેવો સાહિત્યનો પ્રકાર પણ ખેડી શકાયો છે તે તેની સજીવતા પ્રતિપાદિત કરે છે.

# તારાપુરની દંતકથા અને પુરાવસ્તુ

રમણલાલ નાગરજી મહેતા

ખેડા જિલ્લાનાં તારાપુર માટે એક પ્રચલિત દંતકથા 'ચરોતર સર્વ સંગ્રહે' (ભાગ ૧, પૃ. ૮૧૨) નોંધી છે, તે અત્રે ઉદ્ધૃત કરી છે. "અસુરોને દેવો વચ્ચે થયેલા દેવાસુર-સંગ્રામો તો પ્રસિદ્ધ છે. એક દેવાસુર-સંગ્રામમાં અસુરો હાર્યા એટલે તેમની વચ્ચે તારક નામનો અસુર થયો. એણે પરિયાત્ર પર્વત (અરાવલ્લી) પર બ્રહ્માનું તપ કર્યું કે જેથી તે દેવોને હરાવી શકે. બ્રહ્માએ કહ્યું કે નાના બાળક સિવાય તેને બીજું કોઈ મારી શકશે નહીં. તારકે મહીસાગર સંગમ ઉપર પોતાને માટે તારકપુર નામનું નગર વસાવ્યું ને દેવો સાથે યુદ્ધ કરી તેમને હરાવ્યા. દેવો બ્રહ્મા પાસે ગયા એટલે બ્રહ્માએ કહ્યું કે તેને બાળક મારી શકશે. આથી દેવોએ શિવના બાળક પુત્ર કાર્તિકેયને તેને મારવા કહ્યું. કાર્તિકેયે તારકનો વધ કર્યો અને દેવો અસુરો પર વિજયી થયા. આની ખુશાલીમાં તેમણે મહીસાગરસંગમ પાસે વિજયનો સ્તંભ રોપ્યો આ સ્થાન સ્તંભતીર્થ તરીકે પંકાયું જે પાછળથી ખંભાત થયું."[1] આ દંતકથા કેવી રીતે વિકસી એનું અધ્યયન કરવાની તક મળતાં તેનો વિકાસ અત્રે વર્ણવ્યો છે.

આ ગ્રંથમાં આ કથા સંગ્રહાઈ તે પહેલાં ખંભાત માટે રત્નમણિરાવ ભીમરાવ જોટેનો ખંભાતનો ઇતિહાસ પ્રસિદ્ધ થયો હતો. આ ઇતિહાસમાં પૃ. ૨૪ પર ખંભાત તાલુકાનાં તારાપુર તથા ખંભાત માટે કેટલીક દંતકથાઓ પ્રચલિત હતી તેને "માટે મહાસ્કંદ પુરાણનો એક આખો અવાંતર ખંડ ભરેલો છે. તેમાં કાર્તિકેયે કરેલા તારકાસુરના વધથી માંડીને મહીસાગરસંગમ ઉપર બ્રાહ્મણોનું સંસ્થાન કેવી રીતે થયું એની કથાઓ આપેલી છે" એમ વિધાન જોવા મળે છે.

આ દંતકથામાં ઐતિહાસિક સત્ય છે એમ માનીને તેનો આધાર લઈને તેને પૌરાણિક તથા ઐતિહાસિક ઠરાવવાનો પ્રબળ પ્રયત્ન શ્રી રત્નમણિરાવે કર્યો છે.[2] તેઓ તારાપુર પણ દૈત્યોએ વસાવ્યું એમ માને છે, પરંતુ તેની ચોક્કસ કાલગણના આપવાને બદલે સાહિત્યનો સમય આપીને અટકી જાય છે.

'ચરોતર સર્વ સંગ્રહ' રત્નમણિરાવના અભિપ્રાયથી આગળ વધીને તારાપુર માટે જણાવે છે કે "ત્રણેક હજાર વર્ષ પૂર્વે તારક મહીસાગરસંગમે કોઈ અગત્યનું મથક રહ્યું હશે ને એ દૃષ્ટિએ એના અવશેષોની તપાસ મહત્ત્વની થઈ પડે તેમ છે."[3]

---

૧ પુ. છ. શાહ અને ચં. દુ. શાહ, 'ચરોતર સર્વ સંગ્રહ' ભાગ ૧, પૃ. ૮૧૨.

૨ રત્નમણિરાવ ભીમરાવ જોટે, ખંભાતનો ઇતિહાસ, પ્રકરણ ૪ તથા પરિશિષ્ટ अ, आ, इ, उ.

૩ 'ચરોતર સર્વસંગ્રહ'ના સંપાદકો જણાવે છે કે આ માહિતી શ્રી અમૃત વ. પંડ્યાએ તેમને આપી છે.

આમ આખી દંતકથાને ઇતિહાસનું સ્વરૂપ મળ્યું. ખંભાત પાસેનાં નગરાનાં ઉત્ખનન વખતે મળેલા પુરાવાઓ તપાસતાં આ દંતકથા પણ તપાસવાની જરૂર ઊભી થઈ અને તેની તપાસ પરથી જે હકીકતો મળી તે અત્રે રજૂ કરી છે.

આખી દંતકથાને ઐતિહાસિક સત્ય બનાવવાનાં ઉપરોક્ત પ્રયાસોને પરિણામે તેમાંની હકીકતોને સમયાંકન આપ્યું, તથા તેને સ્કંદ પુરાણાન્તર્ગત કૌમારિકા ખંડનો ટેકો મળ્યો છે એમ જણાવવાથી તેની ઐતિહાસિકતા સ્વીકારાઈ. પરંતુ આ સ્થળની વિગતો મેળવતાં એક હકીકત સ્પષ્ટ થતી જતી હતી કે સ્થળ-તપાસ સિવાય આ ગામોનો ઇતિહાસ આપવામાં આવ્યો છે, આથી તારાપુરની સ્થળ-તપાસ કરવામાં આવી અને તેના બળે જે હકીકતો મળી તેની ચર્ચા કરતાં પહેલાં, તારાપુર માટેની દંતકથા પરથી જે હકીકતો મળે છે તેની નોંધ કરીએ :

તારાપુરની દંતકથાને ઐતિહાસિક સ્વરૂપ મળતાં, તેના પરથી પાંચ મુદ્દા મળે છે.

(૧) તારાસુર દૈત્યે તારાપુર વસાવ્યું.

(૨) તારકનો વધ કર્યા પછી જે સ્થળે વિજયસ્થંભ રોપ્યો તે સ્થળે સ્તંભતીર્થ વસ્યું.

(૩) તારકાસુરનો વધ કર્યા પછી કાર્તિકેયે યજ્ઞ કરાવેલો જેની રાખ તારાપુરના દૈત્યના ટેકરા પર છે.

(૪) મહીસાગરસંગમ પર ત્રણેક હજાર વર્ષ પૂર્વે તારકપુર અગત્યનું મથક હશે.

(૫) તારાપુર પછી નગરા વસ્યું અને તેની પછી ખંભાત વસ્યું.

તારાપુર, નગરા અને ખંભાતમાંથી મળી આવતી પ્રાચીન વસ્તુઓનાં અધ્યયનને પરિણામે આ સ્થળોએથી જે પ્રકારની હકીકતો પ્રાપ્ત થઈ છે તે અત્રે રજૂ કરવાથી અહીંની પુરાવસ્તુ સામગ્રીનો ખ્યાલ આવશે.

તારાપુરની આજુબાજુ લાલાશ પડતી કાળી જમીનની નીચેથી મરડિયાવાળી જમીન દેખાય છે. તે કુદરતી જમીન છે. એની નીચે માનવ વસાહતનાં એંધાણ અહીં મળવાં મુશ્કેલ છે. આ જમીન બન્યા પછી ગુજરાતના આ ભાગમાં ગામો અને નગરોનો વિકાસ થયો છે. એ રીતે તારાપુર પણ વસ્યું હોવાના પુરાવાઓ, તારકાસુર દૈત્યના ટેકરાને નામે જાણીતો ટેકરો પૂરા પાડે છે.

તારાપુરનો આ દૈત્યનો ટેકરો સર્વે નં. ૨૪૯૦ વાળું ૩ એકર અને ૩૩ ગુંઠાવાળું ખેતર છે. એ ખેતરની પૂર્વ બાજુએ નાર જવાની નેળ છે. દક્ષિણે આ ખેતરનો ટેકરો સપાટ જમીનમાં ભળી જાય છે. પશ્ચિમ દિશાએ આ ટેકરાની પાસે જૂનો ગાડાં રસ્તો અને પાકો ડામરનો રસ્તો છે. ઉત્તર તરફ નાર જવાની નેળ અને તેની ઉત્તરે સોમનાથ મહાદેવ સ્મશાન તથા તળાવનો ખાડો હોય એવી જગ્યા છે. તેની ઉત્તર દિશાએ હાઈસ્કુલનું મકાન, વાવ, તળાવ અને તારાપુરની હાલની વસાહત આવેલી છે.

તારાપુરના દૈત્યના ટેકરાની તપાસ કરતાં જણાય છે કે તે પીળી મરડિયાવાળી જમીન પરની કાળાશ પડતી કુદરતી જમીન પર તૈયાર થયો છે. આ જમીન નાર જવાની નેળની બન્ને બાજુએ સ્પષ્ટ દેખાય છે. અને તે જમીનમાં નાર જવાની નેળ તૈયાર થયેલી છે તેથી હાલની નેળની સપાટીથી આશરે આઠેક ફૂટ ઊપર આ કુદરતી જમીન છે.

આ કુદરતી જમીનની ઉપર આશરે પંદરેક ફૂટ ઊંચાઈવાળા આ ટેકરાનો ઉત્તર તરફનો ભાગ ખેતી કરતાં કરતાં ઊતરી ગયો હોય એમ લાગે છે. સારી હાલતમાં રહેલો ટેકરો વચ્ચેથી કેટલાંક વર્ષો પર કોઈએ ખોદ્યો હતો, પરંતુ તેમાંથી મળેલી વસ્તુઓ પર કોઈ જાતની નોંધ મળી નથી. આ ખાઈને લીધે ટેકરો બે ભાગમાં વહેંચાઈ જતો લાગે છે. એ ખાઈ કુદરતી જમીન સુધી ખોદવામાં આવી હતી એમ ખાઈનું તળ તપાસતાં માલમ પડે છે.

દૈત્યના ટેકરાનો રાખોડીઓ રંગ ત્યાંની માનવ વસાહતનું પરિણામ છે. ઘણી પ્રાચીન વસાહતો આ પ્રકારના વિશિષ્ટ રંગથી આજુબાજુની કુદરતી જમીનથી જુદી પડે છે. આ વિશિષ્ટ રંગ માનવોએ પોતાના ઉપયોગને માટે બાળેલાં બળતણની રાખ તથા વાપરેલા પદાર્થો વગેરેની કુદરતી જમીન સાથે મેળવણી થતાં તૈયાર થાય છે, અને તેથી તે માનવ-વસાહતનું સૂચન કરે છે.

આ માનવ વસાહત પર રહેતા લોકો જે પદાર્થો વાપરતા હતા તેની તપાસ કરતાં ત્યાંથી નીચે પ્રમાણે વસ્તુઓ મળી આવી હતી :

૧. લાલ ઓપવાળાં વાસણો,
૨. ભૂખરા રંગનાં વાસણો,
૩. લાલ ચિતરેલાં વાસણો,
૪. લાલ અને કાળાં બરછટ વાસણો,
૫. કાળાં ઘૂંટેલાં વાસણો,
૬. લાલ ઘૂંટેલાં વાસણો,
૭. ઈંટો,
૮. શંખની બંગડીઓ,
૯. લોખંડના કાટોડા,

આ તમામ વસ્તુઓ માનવકૃત હોઈ તે ક્યારે બની હશે તેની માહિતી જુદે જુદે સ્થળે ઉત્ખનનોમાંથી પદાર્થો કયા થરોમાંથી મળ્યા તે તપાસવાથી મળશે.

લાલ ઓપવાળાં વાસણો એ ગાળેલી માટીનાં સારી રીતે પકવેલાં વાસણો છે. વડોદરા, વડનગર, ટીંબરવા, દેવની મોરી, શામળાજી, નગરા, સોમનાથ, વરીઆવ વગેરે સ્થળોએ થયેલાં ઉત્ખનનોમાં તે ક્ષત્રપ સમયથી જ મળતાં હોવાના પુરાવાઓ પ્રાપ્ત થાય છે. આ વાસણોના વિવિધ સ્થળેથી મળેલા પુરાવાઓને આધારે તે ઈસવી સનની પ્રથમ સહસ્રાબ્દિના પૂર્વાર્ધનાં ગણાય છે. તેથી તારાપુરમાંથી મળેલાં આ વાસણો પણ આ જ યુગનાં ગણવાં જોઈએ.

લાલ ઓપવાળાં વાસણોની સાથે એવી જ બનાવટનાં પણ ભૂખરાં કાળાશ પડતાં વાસણો પણ સમકાલીન યુગમાં અસ્તિત્વ ધરાવતાં હોવાના પુરાવાઓ પણ ઉત્ખનનોમાંથી મળ્યા હોઈ આ વાસણો પણ કોઈ બીજા યુગનો પુરાવો આપતાં નથી.

લાલરંગનાં સાધારણ પ્રકારનાં વાસણોપર સફેદ રંગે ચિત્રો દોરવાની પરિપાટી ગુજરાતના ઘણા ભાગોમાં જોવામાં આવે છે. આ પરિપાટી ઉપર જણાવેલાં વાસણો કરતાં કંઈક અર્વાચીન યુગનાં દર્શન કરાવે છે.

બરછટ લાલ અને કાળાં વાસણો બનાવવાની પરિપાટી વડોદરા, વડનગર શામળાજી વગેરે સ્થળોએ થયેલાં ઉત્ખનનોથી ઉપર જણાવેલાં લાલ ઓપવાળાં વાસણો તથા ભૂખરાં કાળાશ પડતાં વાસણો જેટલી જૂની હોવાનું સમજાય છે. આ વાસણો ઈ. સ.ની પ્રથમ સહસ્રાબ્દિ પછીના કાળમાં જોવામાં આવતાં નથી. કાળાં ઘૂંટેલાં તથા લાલ ઘૂંટેલાં વાસણો સામાન્ય વપરાશનાં હોઈ તેની બનાવટ લાંબા સમય સુધી ચાલુ રહેલી છે. તેથી કાલગણના માટે તેનો વિશેષ અર્થ રહેતો નથી.

શંખની બંગડીઓનો ઉપયોગ એક કાળે ભારતના ઘણા ભાગોમાં થતો હતો. તારાપુરમાં સાદી બંગડી તથા વચ્ચે ઘીસી પાડેલી ચૂડી એવા બે પ્રકારો મળ્યા હતા. આ બન્ને પ્રકારો સમ-કાલીન છે. ખાસ કરીને કાચની બંગડી વાપરવાનો રિવાજ છેલ્લાં પાંચસો વર્ષમાં ઘણો વધ્યો અને શંખવલય બનાવવાનો ઉપયોગ નાશ પામ્યો.

તારાપુરમાં શંખની બંગડી મળી છે તે ત્યાં બનાવવામાં આવતી હશે એ દર્શાવતો શંખનો વચ્ચેનો દાંડો તેમ જ શંખના કાપેલા કકડા જેવા નકામા ટૂકડાઓ મળ્યા નથી. કદાચ અહીં શંખની બંગડી બનાવવાનો ઉદ્યોગ આ ટેકરા પર નહીં ચાલતો હોય. જો તારાપુરમાં આ ઉદ્યોગ ન હોય તો તે નગરાથી આયાત થતી બંગડીઓ હશે એવી કલ્પના થઈ શકે. જો તારાપુરમાં બીજી જગ્યાએથી શંખની બંગડીના ઉદ્યોગ સૂચક પુરાવા મળે તો તે ઉદ્યોગ તારાપુરમાં હતો એમ ગણાય.

તારાપુરના મલેકના ઢાળ પાસે ઈંટેરી ઇમારતના અવશેષો છે. આ અવશેષોમાં ૩૫·૫૬ × ૨૨·૯ × ૬·૪ સેં. અને ૧૮·૧ × ૨૨·૯ × ૭·૬ સેં.ના કદની ઈંટો છે. આ અવશેષોની ઉપર આધુનિક વસાહત છે તેથી નીચેની વસાહત કેટલી જૂની છે એ કહી શકાય નહીં. પરંતુ અહીંથી મળતી ઈંટો ક્ષત્રપથી મૈત્રકકાળ સુધી વપરાતી હતી એમ જુદાં જુદાં ઉત્ખનનોમાંથી મળેલા પુરાવા પરથી કહી શકાય. જો આ ઈંટો વપરાયેલી ઇમારત આ યુગ પછીની હોય તો સંભવ છે કે અહીંની ઈંટો બીજે કોઈ સ્થળેથી ખોદી કાઢીને વાપરવામાં આવી હોય.

તારાપુરમાંથી કાંટોડા મળે છે. આ કાટોડા ભેગા કરીને તેની મંડુર ભસ્મ બનાવનાર વૈદ્યના જણાવ્યા મુજબ તેમાંથી લોખંડ ઉપરાંત ક્વચિત્ ચાંદી પણ નીકળે છે. આ હકીકત પરથી જણાય છે કે તારાપુરમાં લોખંડનો સામાન બનાવનાર લોકો રહેતા હશે અને સાથે સાથે ચાંદી શોધનાર લોકો પણ હશે. આ ઉદ્યોગો ક્યારે ચાલતા હશે એ કહી શકાય નહીં. તેને માટે વધુ પુરાવા અપેક્ષિત્ છે. ભારતના આ ભાગમાં લોખંડનો ઉદ્યોગ ઈ. સ. પૂર્વે પ્રથમ સહસ્રાબ્દિ કરતાં વધારે જૂનો સાબિત કરવા માટે હજુ કોઈ પુરાવા મળ્યા નથી. તારાપુરમાંથી મળેલી ખંડિત મૂર્તિઓ ખંભાત કૉલેજમાં લાવવામાં આવી છે. પારેવા પથ્થરની સોલંકી શૈલીમાં ઘડાયેલી આ મૂર્તિઓ પરથી એક અનુમાન થઈ શકે કે તે ડુંગરપુરની ખાણોમાંથી નીકળેલા પથ્થરોની છે.

તારાપુરના દૈત્યના ટેકરાની ઉત્તરે આવેલી વાવ ખરતા પથ્થરની બનાવેલી છે. તેમાં દાખલ થતાં ડાબા હાથે એક આરસપહાણનો શિલાલેખ છે તે સંવત ૧૫૧૮માં તૈયાર થયો છે. ગણપતિનાં સ્તવનથી શરૂ થતો આ શિલાલેખ વાવ બંધાયાની હકીકત આપે છે તે પરથી તે વાવ ઈ. સ. ૧૪૬૨માં બંધાઈ હશે એમ દર્શાવે છે. આ લેખ તેમ જ વાવનાં ભારોટિયાં પરનો લેખ વધુ સંશોધનો માગે છે.

તારાપુરમાંથી મળેલા પદાર્થોને બળે તેનો ઈતિહાસ દર્શાવતી રૂપરેખા આ પ્રમાણે અપાય :

ઈસવી સનની શરૂઆતની સદીઓમાં માણસોએ જ તારાપુરના દૈત્યના ટેકરાવાળી જગ્યા પર ગામ વસાવ્યું. જ્યારે આ ગામ વસ્યું તે પહેલાં તેની નજીકનું નગરા ગામ જૂનું હોવાના પુરાવાઓ ઉત્ખનનમાં મળ્યા છે. તારાપુરમાંથી મળી આવતી વસ્તુઓ પૈકી આશરે બે હજાર વર્ષ કરતાં કોઈ પણ જૂની વસ્તુ મળી નથી તેથી તેનો ઈતિહાસ બે હજાર વર્ષ કરતાં જૂનો ગણવા માટે કોઈ જાતનો આધાર નથી. તેથી તેને ત્રણેક હજાર વર્ષ જૂનું ગણવા માટે વધુ પુરાવાઓ મેળવવાની જરૂર છે.

ઈ. સ.ની પ્રથમ સહસ્રાબ્દિમાં આ દૈત્યના ટેકરા પર સારી આબાદી હશે. ત્યાંના લોકો પાસેના મોટા નગર 'નગરા' સાથે વ્યાપારાદિ સંબંધોથી જોડાયેલા હશે. નગરાથી ઉત્તર ભારત જતા માર્ગો તારાપુર થઈ ને પૂર્વ તરફ અથવા ઉત્તર તરફ આગળ વધતા હશે અને એ ધોરી માર્ગ પરનું તારાપુરના દૈત્યના ટેકરાવાળું નાનું ગામ હશે. અહીંના લોકોમાં માટીનાં વાસણો ઘડનાર અને ઈંટો પાડનાર કુંભારો, શંખની બંગડી કે લાલ ઓપવાળાં માટીનાં વાસણો લાવનાર વેપારીઓ, લોખંડનાં ઓજારો બનાવનાર લુહારો અને ચાંદીની વસ્તુઓ બનાવનાર સોનીઓ આ ગામના બીજા લોકોની સાથે રહેતા હશે.

દૈત્યના ટેકરા પરનું ગામ નાશ પામ્યા પછી હાલના તારાપુર ગામનો વિકાસ થયો હોય એમ લાગે છે. સોલંકી શૈલીની મૂર્તિઓ તથા મહંમદ બેગડાના વખતની વાવ તેમ જ ઉપર્યુક્ત વસ્તુઓ આ નગરની છેલ્લાં બે હજાર વર્ષની માનવપ્રવૃત્તિનાં એંધાણ છે. આમ તારાપુર છેલ્લાં બે હજાર વર્ષથી અસ્તિત્વ ધરાવતું મહત્ત્વનું કેન્દ્ર હોવાનું સમજાય છે.

તારાપુરમાં પ્રચલિત આખ્યાયિકા મૂળ સ્કંદપુરાણાન્તર્ગત કૌમારિકા ખંડની કથાનો પ્રચાર થયા પછી વિકસેલી હોવાનો સંભવ છે. કૌમારિકા ખંડમાં 'તામ્રપ્રાકાર' નામનાં નગરનો બે વખત ઉલ્લેખ છે, પ્રથમ વાર જ્યારે તારકાસુર દેવોને હરાવીને નગરમાં આવે છે ત્યાં તેનો ઉલ્લેખ આપતાં કૌમારિકા ખંડ જણાવે છે કે,

"महीसागरकूलस्थं तारकः पूरं बली।
योजनद्वादशायामं ताम्रप्राकारशोभितम्" ॥ ૨૧–૨૧૯

આ શ્લોકમાં તારકપુરનો ઉલ્લેખ નથી પણ માત્ર તામ્રપ્રાકાર શોભિત પુરનો ઉલ્લેખ છે. એ જ રીતે જ્યારે સ્કંદ તારકના નગરને ઘેરો ઘાલે છે ત્યારે પણ મહીના ઉત્તર તટ પર આવેલા તામ્રપ્રાકારવાળા નગરનો ઉલ્લેખ છે. ત્યાં પણ તારાપુરનો નહીં પણ અસંદિગ્ધ રીતે ખંભાતનો નિર્દેશ છે.

આ કૌમારિકા ખંડના ઉલ્લેખો સ્પષ્ટ રીતે ખંભાતના છે. અને તેને તારાપુર સાથે લેવાદેવા નથી, તેથી એમ લાગે છે કે સત્તરમી સદી[1] પછી જ્યારે આ કથા વધુ વિકસી ત્યારબાદ તેનું તારાપુર પર આરોપણક રવામાં આવ્યું, પરંતુ તેનો સાર્વત્રિક સ્વીકાર થયો નથી. ઈ. સ. ૧૯૧૦માં પ્રસિદ્ધ થયેલા કૌમારિકા ખંડની પાદટીપમાં તેને ખંભાયત ગણ્યું છે તેમ જ ૧૯૬૧માં કુમારિકા ખંડનું ગુજરાતી ભાષાંતર કરનાર શ્રી નર્મદાશંકર ભટ્ટ પણ આ નગરને ખંભાત જ ગણે છે અને એ રીતે કૌમારિકા ખંડને અક્ષરશઃ અનુસરે છે.

આ પરિપાટી પ્રચલિત હોવા છતાં તારાપુર માટે પણ એવી જ દંતકથા વિકસી એ તેનાં નામ સાથેનાં તારાકાસુરના સામ્યને લીધે જ શકચ બન્યું. આમાં પૌરાણિક શ્લોકનો અર્થ વિસર્ગલોપથી વિકૃત કરવામાં આવ્યો હોય એમ લાગે છે.

તારાપુરને તારકાસુરનું ગામ બનાવ્યું એટલે ત્યાં જ તેનો વધ દંતકથાકારે કરાવ્યો. અહીં મંદિરો ન હતાં એટલે મૂળ વાતમાં ફેરફાર કરીને કાર્તિકેયે અહીં યજ્ઞ કર્યો એવો પાઠભેદ કર્યો. તારાપુરના દૈત્યના ટેકરાનો રાખોડીઓ રંગ યજ્ઞની કલ્પનાને પુષ્ટિ આપે એવો હતો અને તેથી આ માનવવસાહત યજ્ઞની રાખ બની.

આ સ્કન્દપુરાણના કૌમારિકા ખંડની કથાનું પરિવર્તિત સ્વરૂપ વધુ કલ્પનાનું કારણ બન્યું. તેને ત્રણેક હજાર વર્ષની પ્રાચીનતા આપી અને પુરાણોક્ત મહીસાગરસંગમ પર તેને લાવવાની જરૂર ઊભી થતાં આખો મહી નદીનો પ્રવાહ ઉત્તર તરફ વાળવાની વિચારશ્રેણી જન્મી.

આમ મૂળ પુરાણનું પરીક્ષણ કર્યા સિવાય તેની પછી વિકસેલી કથાને સત્ય માનવાથી આખો મહીસાગરનો પ્રવાહ બદલવાની કલ્પના થઈ, પરંતુ મહિસાગરે આવું વહેણ બદલ્યાનો, જૂના પ્રવાહના અવશેષોરૂપી કોઈ પુરાવો આપી શકાય એમ નથી. અને મૂળ પુરાણનો આધાર લેવાથી પ્રવાહ બદલવાની કોઈ જરૂર રહેતી નથી.

આમ તારાપુર માટે વિકસેલી કૌમારિકા ખંડની ખંભાતની કથા પછીની આખી દંતકથા સ્થળ-તપાસને પરિણામે ઐતિહાસિક હકીકત નથી એમ સમજાય છે. મૂળ અઢારમી સદીમાં કે ત્યારબાદ વિકસેલી કથાને ઐતિહાસિક મનાવવાનો પ્રયત્ન રત્નમણિરાવે કર્યો અને તેને માટે જરૂરી કલ્પનાઓ કરી, પરંતુ સ્થળ-તપાસને પરિણામે આ દંતકથા એ માત્ર લોકકથા છે એ સ્પષ્ટ રીતે સમજાય છે. તે ઇતિહાસ નથી, પરંતુ સ્થળ પર દેખાતા ભૂસ્વરૂપને સમજાવવાનો ધાર્મિક કક્ષાએ થયેલો પ્રયાસ છે એમ નિઃશંક પુરવાર થાય છે.

---

૧ ર. ના. મહેતા, કૌમારિકાખંડ અને ખંભાત, સ્વાધ્યાય, જન્માષ્ટમીઅંક, પુ. ૨, અંક ૪, ૧૯૬૫.

# ગુજરાતનું પ્રાચીન બંદર ખંભાત

**નરોત્તમ વાળંદ**

ગુર્જર ભૂમિ પર મહી અને સાબરમતીના પ્રવાહ વચ્ચે ખંભાતનું સંસ્થાન એવી રીતે આવેલું છે કે જાણે માતા પોતાના બેઉ હાથ વડે બાળકને ઊંચકીને રમાડતી ન હોય! પ્રાચીન ગુર્જર રાજલક્ષ્મીના લલાટ તિલક તરીકે જો પાટણ ગણાય, તો ભરૂચ અને ખંભાત એ બે તેનાં કુંડળો છે.

સ્કંદપુરાણના કૌમારિકા ખંડમાં જણાવ્યા પ્રમાણે ખંભાત અને એની આસપાસનો સાત કે ચૌદ કોશનો વિસ્તાર 'કુમારિકા ક્ષેત્ર'ને નામે ઓળખાતો હતો. ખંભાતનાં સ્તમ્ભતીર્થ (કે સ્કમ્ભતીર્થ), ત્રંબાવતી (કે તામ્રલિપ્તિ), મહીનગર, ભોગવતી, પાપવતી, કર્ણાવતી અને ખંભાયત એ સાત નામ ગણાયાં છે. તેમાં 'સ્તમ્ભતીર્થ' એ સપ્રમાણ ગ્રંથો અને લેખોમાં વપરાતું નામ છે; તામ્રલિપ્તિ અને મહીનગર એ પૌરાણિક નામો છે, જ્યારે બાકીનાં નામ લોકપરંપરાથી પ્રાપ્ત થયેલાં છે. ગુજરાતી જૈન વાર્તાઓ, પ્રાચીન રાસાઓ અને પ્રાકૃત ચૂર્ણીગ્રંથોમાં 'તામલિતિ' કે 'તામ્રલિપ્તિ' બંદરનો ઉલ્લેખ મળે છે. પ્રભચન્દ્રસૂરિના સંવત ૧૩૩૪માં રચાયેલા 'પ્રભાવક ચરિત્ર'માં પણ આ બાબત સ્પષ્ટ પુરાવો મળે છે. સ્કંદપુરાણમાં ખંભાતનો 'તામ્રવતી' તરીકે ઉલ્લેખ થયો છે. ખંભાત મહી નદીને કાંઠે આવેલું હોવાથી, તેને 'મહીનગર' અથવા 'મહીસાગર સંગમ ક્ષેત્ર' તરીકે પણ ઉલ્લેખવામાં આવેલ છે. મહીસાગર સંગમ-ક્ષેત્રે સ્તંભ (અર્થાત્ ગર્વ) કર્યો તેથી તેનું નામ સ્તમ્ભતીર્થ પણ પડયું એવો સ્કંદપુરાણના કૌમારિકા ખંડમાં ઉલ્લેખ છે.

કુમાર કાર્તિકેયે ખંભાતના સ્થળમાં તારકાસુર દૈત્યને મારી ત્યાં વિજયસ્તંભ રોપ્યો અને સ્તંભેશ્વર શિવલિંગનું સ્થાપન કર્યું એટલે તે સ્થળનું નામ સ્તંભતીર્થ પડયું એમ પુરાણકાર કહે છે. આચાર્યશ્રી હેમચંદ્ર स्त નો વિકલ્પે थ અને ख થાય એમ પ્રાકૃત વ્યાકરણમાં આદેશ આપે છે, એટલે 'સ્તમ્ભતીર્થ'માંથી 'ખંભઈત્થ' થઈને 'ખંભાયત' થયું. 'ખંભાયત' કે 'ખંભાઈત' નામ મુસ્લિમ ઇતિહાસકારોએ વાપરેલું છે. એનું ટૂંકું રૂપ 'ખંભાત' થયું.

'ખંભાત'માંનો 'ખંભ', 'સ્તંભ'ને બદલે 'સ્કંભ'માંથી વધુ સ્વાભાવિક હોઈ, 'સ્કંભતીર્થ'માંથી 'ખંભાત' નામ મળ્યું હોવાનો સંભવ વધુ છે. રત્નમણિરાવ જોટેએ તેમના 'ખંભાતનો ઇતિહાસ'માં 'સ્કંભતીર્થ'માંથી 'ખંભાત' આવવાનો મત રજૂ કર્યો છે. તેઓ જણાવે છે કે 'સ્કંભ' એ વૈદિક દેવ છે અને એનો અર્થ 'શિવનું જ્યોતિર્મય લિંગ' એવો થાય છે. ઘણા પ્રાચીન કાળથી ગુજરાતના આ કિનારા પર લિંગ પૂજાનો આરંભ થયો છે. તેથી 'સ્કંભતીર્થ' પરથી 'ખંભાયત' થઈને 'ખંભાત' નામ પડયું હશે. સ્કંભનો સ્તંભાકાર

શિવલિંગમાં અધ્યારોપ થયો છે. શિવનાં અનેક નામોમાં એક વિષ્કંભિન્ છે. એમાં 'સ્કંભ્' ધાતુ છે, અને એનો અર્થ 'સ્તંભ' પણ થાય છે. આમ 'સ્તંભ' અને 'સ્કંભ' એકબીજાના પર્યાય શબ્દો ગણી શકાય.

શ્રી. ઉમાશંકર જોશી તેમના 'પુરાણોમાં ગુજરાત' પુસ્તકમાં 'ખંભાત' નામમાંના છેલ્લા 'આત' ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું જણાવે છે. એ 'આત' 'આદિત્ય'માંથી આવ્યો માનીએ તો તે આદિત્યપૂજા અર્થાત્ સૂર્યપૂજાના પુરાવારૂપે ગણી શકાય. તેથી 'સ્તમ્ભાદિત્ય'માંથી ખંભાઇચ્ચ, ખંભાઈજ્જ, ખંભાઈત્ત અને ખંભાત એમ સહેલાઈથી વ્યુત્પત્તિ સાધી શકાય એમ છે. તે સ્થળે સૂર્યપૂજાના માહાત્મ્ય અંગે ત્યાં નારદે ભટ્ટાદિત્યરૂપે સૂર્યમૂર્તિની સ્થાપના કર્યાનું સ્કંદપુરાણ કહે છે.

પ્રાચીન સમયથી ખંભાત શૈવતીર્થ હતું. 'ખંભાત'ના સંસ્કૃત નામમાંનો 'સ્તમ્ભ' કે 'સ્કમ્ભ' શબ્દ તેને લિંગપૂજાનું ધામ ગણાવે છે. પુરાણમાં ખંભાતને રુદ્રક્ષેત્ર કહેલું છે. ગુજરાતનો પશ્ચિમ કિનારો લિંગપૂજાના સ્થાન તરીકે ગણાતો હતો. તેમાંયે સ્તમ્ભતીર્થ, હાટકેશ્વર (વડનગર) અને સોમનાથ એ ત્રણ લિંગપૂજાનાં મુખ્ય કેન્દ્રો હતાં. પરમ માહેશ્વર ગણાતા સોલંકી રાજાઓના સમયમાં ગુજરાતમાં શૈવ ધર્મ ખૂબ જોરમાં રહ્યો હતો.

ઈ. સ.ની સાતમી સદીમાં અર્થાત્ વલભી અને રાષ્ટ્રકૂટના સમયના ખંભાતમાં બૌદ્ધોનું જોર જામ્યું હતું. ખંભાતથી ત્રણ ચાર માઈલ દૂર આવેલા નગરા ગામમાંથી મળી આવેલા પ્રાચીન અવશેષોમાં એક ટેકરા પર ભૂરા પથ્થરની બુદ્ધનાથની મોટી મૂર્તિ પણ છે. ગુજરાતના પશ્ચિમ કિનારા પર છઠ્ઠીથી આઠમી સદી સુધીના અરસામાં બૌદ્ધ ધર્મીઓની મોટી વસ્તી હતી. એવા ઈ. સ. ૬૩૯–૪૦માં આવેલા ચીની મુસાફર હ્યુએનસંગ અને ઈ. સ. ૧૧૦૦માં આવેલા આરબ મુસાફર અલ ઇદ્રીસીનાં વર્ણનો પરથી જાણવા મળે છે. બૌદ્ધ ધર્મની અસર ત્રીજાથી તેરમા શતક સુધી અહીં ઓછીવત્તી રહેલી.

સોલંકીઓના સમયમાં શૈવધર્મ પ્રચલિત હોવા છતાં જૈન ધર્મને પણ ગુજરાતમાં સારું ઉત્તેજન મળ્યું હતું. જૈન વેપારીઓએ ખંભાતને ખૂબ સમૃદ્ધ બનાવ્યું હતું. મોટા મોટા જૈન પ્રાસાદો ત્યાં બંધાયા હતા. મહાન જૈનાચાર્ય કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિએ ખંભાતમાં દીક્ષા લીધી હતી એ બહુ જાણીતી હકીકત છે.

'ખંભાત'માંનો 'આત' પ્રત્યય અહીં પ્રવર્તતી આદિત્યપૂજા અર્થાત્ સૂર્યપૂજાનો પુરાવો આપે છે. નગરા ગામેથી મળેલા પ્રાચીન અવશેષોમાં જયાદિત્યનું સૂર્યમંદિર પણ મળી આવ્યું છે. કહેવાય છે કે પ્રાચીન ખંભાત હાલ જ્યાં નગરા ગામ છે, ત્યાં વસ્યું હતું.

મુસ્લિમ સત્તાના અમલ દરમ્યાન અહીં મુસ્લિમોની વસ્તી સારા પ્રમાણમાં થઈ હતી. ઈ. સ. ૧૩૪૫માં ઇબ્ન બટુટા નામનો મુસાફર ચીન જતાં ખંભાત આવ્યો હતો. તેણે શહેરની સુંદર મસ્જિદોનું વર્ણન નોંધ્યું છે. ઈ. સ. ૧૭૩૦થી તો ખંભાત એક સ્વતંત્ર નવાબી સંસ્થાન તરીકે અસ્તિત્વમાં આવ્યું હતું. ખંભાતની જુમ્મા મસ્જિદ ગુજરાતની જૂની મસ્જિદોમાંની એક ગણાય છે. રેતિઆ પથ્થર(sand-stone)ની આ મસ્જિદ બંધાયાની તારીખ ૫મી જાન્યુઆરી, ઈ. સ. ૧૩૨૫ની મળી છે.

પ્રાગૈતિહાસિક સમયથી ખંભાત એક સારા બંદર તરીકેની પ્રતિષ્ઠા પામ્યું છે. જ્યાંથી જળમાર્ગે તેમ જ સ્થળમાર્ગે એમ બેઉ પ્રકારે વ્યવહાર થઈ શકે તેવા વેપારી મથકને પ્રાકૃતમાં 'દ્રોણમુખ' કહેવામાં આવે છે. જૈન આગમસાહિત્ય ઉપરની ટીકાચૂર્ણીઓમાં 'તામ્રલિપ્તિ'ને દ્રોણમુખ તરીકે વર્ણવેલું છે.

વલભીના સમયથી ખંભાતનો ઇતિહાસ પૌરાણિક અંધકારમાંથી નીકળે છે. ખંભાતની ભૂમિ પર વલભીના રાજાઓની સત્તા હતી. ઈ. સ. ૯૪૨થી સોલંકી સત્તા ગુજરાતમાં આવી ત્યારથી ખંભાતની ચડતી શરૂ થઈ. એ સમયે ખંભાત પાટણના રાજાઓના મુખ્ય અધિકારી કે દંડનાયકનું મુખ્ય સ્થાન ગણાતું. ગુજરાતનું નૌકાસૈન્ય ઘોઘા અને ખંભાતમાં રહેતું હતું. એ પછી લગભગ પાંચ સૈકા સુધી ખંભાત ભારતના સૌથી મોટા અને સમૃદ્ધ બંદર તરીકે ઓળખાયું.

ઈ. સ. ૧૧૦૦માં આવેલો આરબ મુસાફર અલ ઇદ્રીસી ખંભાતને ગુજરાતનું સારું શહેર કહે છે અને તે નૌકાસૈન્યનું જાણીતું થાણું હતું એમ વર્ણન કરે છે. ઈ. સ. ૧૨૪૧માં ભીમદેવ બીજાના રાજ્ય વખતે લવણપ્રસાદ અને એના પુત્ર વીરધવલના મંત્રીઓ તરીકે વસ્તુપાલ-તેજપાલની નિમણૂક ખંભાત બંદરના અધિકારી તરીકે થઈ હતી. ૧૩મી સદીમાં આવેલો મુસાફર માર્કોપોલો ખંભાતને હિન્દુસ્તાનની પશ્ચિમનું મોટું રાજ્ય કહે છે. અમદાવાદના સુલતાનોના સમયમાં ગુજરાતની નૌકાપ્રવૃત્તિનું કેન્દ્ર ખંભાત હતું અને ચોર્યાસી બંદરનો વાવટો અહીં ફરકતો. પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના સંપર્કસાધક સમા આરબ અને ઈરાની વેપારીઓની અહીં વસાહતો હતી. સૂરતની ચડતી થયા પહેલાં ખંભાત ઉત્તર અને પશ્ચિમ ભારતના મુસ્લિમો માટે 'મક્કાનું મુખબાર' ગણાતું. ખંભાતના દક્ષિણ તરફના જે દરવાજેથી મક્કા જનારાં વહાણો ઊપડતાં તે આજે પણ મક્કાઈ દરવાજો ગણાય છે.

ઈ. સ.ની ૧૧મીથી ૧૬મી સદી એ ખંભાતનો બંદર તરીકેનો સુવર્ણકાળ છે. સિંધુ નદીના મુખ આગળ એકે સારું બંદર તે કાળે ન હોવાથી, ઉત્તર ભારત અને પંજાબનો માલ પણ પરદેશમાં નિકાસ થવાને માટે ખંભાત બંદરે આવતો. મુસ્લિમ સમયમાં ખંભાત એશિયાના વેપારનું કેન્દ્ર હતું. ખંભાતનો માલ ઈરાન, અરબસ્તાન, આફ્રિકા અને ચીન સુધી જતો. ૧૬મી સદીમાં આવેલા મુસાફર બારબોસાએ ખંભાતને સુંદર શહેર તરીકે વર્ણવ્યું છે. તે લખે છે કે ખંભાતના વેપારીઓ મોમ્બાસામાં ઘર કરીને રહેતા હતા અને તેઓ ખંભાતનો માલ આફ્રિકાના લોકોને આપીને જોખ્યા વગર સોનું બદલામાં લેતા. એમાં સો ટકા ઉપર નફો કરતા. અકીક, રંગીન, બારીક અને રેશમી કાપડ, લાખ, હાથીદાંતની વસ્તુઓ, શેતરંજી, કામળા, ગળી એ બધી વસ્તુઓની ખંભાતથી પરદેશમાં નિકાસ થતી. ખંભાતમાં ચામડાનો મોટો વેપાર હતો. ખંભાતના ચંપલ અને જોડા ખાસ વખણાતા અને તેની પરદેશ નિકાસ થતી. અરબસ્તાન બાજુ ચામડાં જતાં અને તેની રંગબેરંગી અને સોનેરી ભાતીગળ ચટાઈઓ બનતી. હિન્દના બીજા ભાગોમાંથી આવીને ખંભાતથી એટલું બધું કાપડ પરદેશ જતું કે તે 'દુનિયાનું વસ્ત્ર' કહેવાતું.

ઈ. સ. ૧૫૭૩થી ખંભાત સમ્રાટ અકબરની સત્તા નીચે આવ્યું. 'મિરાતે અહમદી'ની હકીકત પ્રમાણે, અકબરે ખંભાત બંદરની મહેસૂલમાંથી શાહજાદા સલીમ(જહાંગીર)ને દર વર્ષે એક લાખ રૂપિયા આપવાનો હુકમ કર્યો હતો. ખંભાતની વાર્ષિક આવક એ વખતે પાંચ લાખ રૂપિયા ગણાતી હતી. આ વખતે અંગ્રેજોએ વેપારાર્થે ગુજરાતમાં આવવા પ્રયત્ન કરવા માંડ્યો.

ઈ. સ. ૧૫૮૩માં, ઇંગ્લેન્ડની રાણી ઈલિઝાબેથે પોતાના વેપારીઓને વેપારની પરવાનગી અંગે અકબર બાદશાહ પર કાગળ લખી આપેલો, તેમાં અકબરને 'ખંભાતના રાજા' તરીકે સંબોધ્યો હતો આમ, ખંભાતની સમૃદ્ધિ એટલી બધી હતી કે પશ્ચિમના દેશોના લોકો ગુજરાતને ખંભાતનું રાજ્ય અને ગુજરાતના રાજાને ખંભાતનો રાજા કહેતા હતા.

ઈ. સ. સોળમા સૈકાની આખરમાં ખંભાતનો વેપાર ઘસાવાની શરૂઆત થઈ હતી. ખંભાતના અખાતના મથાળાનો ભાગ પુરાતો ગયો અને એનો વેપાર ધીરે ધીરે જુદાં જુદાં બંદરોમાં વહેંચાઈ ગયો. પશ્ચિમ ભારતના મુખ્ય બંદર તરીકે સૂરત આગળ આવતાં ખંભાતની જાહોજલાલી ઓછી થતી ગઈ. અમદાવાદની ગુજરાતી સલ્તનતનો નાશ થયા પછી ખંભાતની ઊતરતી કલા થઈ.

અગત્યના વેપારી મથક હોવા બાબતે ખંભાતની ભૌગોલિક અનુકૂળતા ખાસ નોંધપાત્ર છે. ગુજરાતમાં ખંભાતને મધ્યબિંદુ કરીને પૃથ્વીના નકશા ઉપર એક મોટું વર્તુળ દોરીએ તો અમેરિકાને બાદ કરતાં સુધરેલી દુનિયાનો ઘણો ખરો ભાગ તેમાં આવી જાય છે. એક બાજુ દક્ષિણમાં થઈને જાવા, બ્રહ્મદેશ વગેરે દેશો અને બીજી બાજુ પશ્ચિમમાં રાતો સમુદ્ર અને ઈરાની અખાતની આસપાસના દેશો એ બધામાં ખંભાતનું સ્થાન મધ્યમાં હોઈ, તે સર્વ દેશોના સંપર્કમાં રહી શક્યું હતું.

સમૃદ્ધ બંદર હોવા ઉપરાંત ખંભાત અન્ય પ્રકારે પણ મહત્ત્વનું સ્થાન ધરાવતું હતું. સોલંકી યુગમાં ખંભાત એક મોટું વિદ્યાધામ હતું. પાટણ, ખંભાત અને ભરૂચમાં વસ્તુપાલે મોટા ખર્ચે ત્રણ જ્ઞાનભંડારો અથવા પુસ્તકાલયો સ્થાપ્યાં હતાં. ૧૨મી સદીના 'સંગીત રત્નાકર' પુસ્તકમાં એક રાગનું નામ 'ખંભાઇતિ' આપેલું છે. તે બતાવે છે કે ખાસ રાગને નામ આપી શકે એટલો સંગીતનો શોખ ખંભાતમાં વધેલો હોવો જોઈએ. ૧૬મી–૧૭મી સદીના જૈન રાસાઓમાં પણ 'ખંભાતી' રાગના ઉલ્લેખો નજરે પડે છે. ૧૭મી સદીમાં થઈ ગયેલા જૈન રાસકવિ ઋષભદાસ, સં. ૧૬૨૦માં થયેલા કવિઓ—વિષ્ણુદાસ અને શિવદાસ, સં. ૧૬૮૪માં થઈ ગયેલા કવિ ભૂધરદાસ અને તે પછી તેમના પુત્ર અખ્યાનકાર અવિચલ—એ સર્વેની સાહિત્ય-પ્રવૃત્તિનું ઉદ્ભવસ્થાન ખંભાત હતું. મુસ્લિમ કવિ અબ્દુર રહેમાને ઈ. સ. ૧૪૨૦માં લખેલ દૂતકાવ્ય 'સંદેશક રાસ'માં ખંભાતનું અલંકારસમૃદ્ધ વર્ણન મળે છે.

ખંભાતના પ્રાચીન ઉદ્યોગોમાંથી આજે તો માત્ર થોડોક કાપડ વણવાનો અને અકીકના પથ્થરોનો સામાન બનાવવાનો ઉદ્યોગ ચાલે છે. ઈ. સ. ૧૯૫૮માં ખંભાત પાસેના લુણેજ આગળથી ખનિજ તેલ સાંપડયું છે અને ખંભાતના દરિયાકિનારે વિશેષ ખનિજ તેલ પ્રાપ્ત કરવાના પ્રયોગો થઈ રહ્યા છે. એ પ્રયોગોના પ્રથમ પરિણામરૂપે ત્યાંથી ગૅસ સાંપડયો છે. એ પ્રયોગો મહદંશે સફળ થાય અને ખંભાતનો એક બંદર તરીકે પુનરુદ્ધાર થાય તો, ખંભાત મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરી લેશે, એમાં શંકા નથી.

(આકાશવાણી પરથી અપાયેલો વાર્તાલાપ, થોડાક ફેરફાર સાથે આકાશવાણીના સૌજન્યથી)

# કવિ રામની બે પ્રાચીન રચનાઓ

મંજુલાલ મજમુદાર

પ્રાચીન ગુજરાતી કાવ્યોની શોધખોળને અંગે સને ૧૯૨૨ની સાલમાં મહાકવિ પ્રેમાનંદના 'સુદામાચરિત્ર'ની સટીક આવૃત્તિ તૈયાર કરતી વખતે, સુદામાના વસ્તુને અનુલક્ષીને રચાયેલાં તેમના પુરોગામીઓનાં પ્રાચીન કાવ્યોની શોધ ચલાવી હતી. તેના પરિણામે, કવિ સોમકૃત 'સુદામા-સાર'—સુદામાની શ્રીકૃષ્ણે કરેલી 'સાર' (સાહાય્ય)નું, લગભગ સંવતના સોળમા શતકના પહેલા ચરણમાં રચાયેલું કાવ્ય, વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરના સંગ્રહમાંથી મળી આવ્યું હતું.

તે જ વખતે એક બીજું, સાત નાનાં પદમાં રચેલું 'અમૃતકચોલાં—રાધાકૃષ્ણક્રીડાગીત' નામનું પ્રાસાદિક ખંડકાવ્ય, કવિ રામનું રચેલું મારા જોવામાં આવ્યું હતું. આ **પોથી અંક ૬૦૯૪**નાં માત્ર બે જ પાનાં છે: બન્ને બાજુ દેવનાગરી લિપિમાં કાવ્ય ઉતારેલું છે. દરેક પાનામાં ૧૩ પંક્તિ અને આશરે ૪૪ શબ્દ છે. લખાણમાં સર્વત્ર પડિ(પ્રતિ)માત્રાનો ઉપયોગ તેની પ્રાચીનતા સૂચવે છે. પોથીનો લહિયો પંડિત જગનાથ છે. મુખ્ય કાવ્યને છેડે એક છૂટક પદ ઉતારેલું છે: તેનો વિષય પણ રાધા અને કૃષ્ણના પ્રેમનો છે.

કવિ રામ ('રામન્યુ સ્વામી')નું નામ છઠ્ઠા અને સાતમા પદમાં અંકિત છે. છેવટનું છૂટક પદ 'રાણ કે પ્રભુ'—એવી છાપ બતાવે છે: મને વહેમ રહે છે કે 'રામ કે પ્રભુ'ને બદલે સ્ખલનથી, 'રાણ કે પ્રભુ' લખાયું છે.

આ 'અમૃતકચોલાં'માંથી કડવું ૪થું, અંધેરીમાં ૧૯૪૧માં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદની બેઠકને પ્રસંગે, 'ચમત્કારયુક્ત કવિતા'—એ મથાળાવાળા 'સાહિત્ય વિભાગ'ના લેખમાં મેં ઉતાર્યું હતું. રાધાકૃષ્ણની વિનોદભરેલી પ્રશ્નોત્તરી સંબંધી એ લેખમાં વિસ્તારથી લખ્યું છે. (જુઓ, 'કવિતા' માસિકનો ડિસેમ્બર ૧૯૪૧નો અંક: વર્ષ ૧, અં ૫). જેવાં, શિવપાર્વતીના સંવાદરૂપ મુક્તકો સુભાષિત તરીકે પ્રસિદ્ધ છે (સરખાવો कस्त्वं शूलि, मृगय भिषजं, नीलकंठः प्रियेऽहम्। વગેરે) તેવું, સત્યભામા અને કૃષ્ણને ઉદ્દેશીને રચાયેલું સંવાદાત્મક સંસ્કૃત સુભાષિત અહીં સરખાવવા ઉતાર્યું છે, જેથી કવિ રામની કવિતાનો આ સ્વાદ સુલભ બનશે; પ્રાકૃત કવિઓ સંસ્કૃત સાહિત્યના સંસ્કારના બળથી જ રસભરી કવિતા રચી શકતા હતા એ આ ઉપરથી સ્પષ્ટ જાણી શકાય છે:—

(स्रग्धरा)

अंगुल्या कः कपाटं परिहरति?, कुटिले माधवः, किं वसन्तो?
नो चक्रि, किं कुलालो?, न हि धरणीधरः, किं द्विजिह्वः फणीन्द्रः?।
नाऽहं घोराहिमर्दी, किमुत खगपति?, नो हरिः, किं कपीन्द्रः?
—इत्येवं सत्यभामाप्रतिवचनजितः पातु वश्चक्रपाणिः ॥

મૂલમાં, યથોચિત ફેરફાર પણ કવિએ યોજ્યો છેઃ અયુક્ત પ્રતિ-ઉત્તરથી શ્રીકૃષ્ણને રખે ખોટું લાગી ગયું હોય, એવા ભાવથી રાધા, ઓછી ઓછી થઈ જાય છે. પોતાનો અપરાધ માનીને, એ શ્રીકૃષ્ણને શરણે જાય છે—આટલો સુભાષિત કરતાં અહીં વિશેષ છે.

આ નાના કાવ્યનો, વિષય જેવો મહત્ત્વનો છે તેવો, તેનો રચનાબંધ પણ ધ્યાન ખેંચે તેવો છે. 'પદ'નું નામ 'કડવું' એમ આપેલું છેઃ પ્રાકૃત શબ્દ कडवकम्—'કડી' અથવા 'તૂક'નો સમૂહ—ઉપરથી તે બન્યો જણાય છેઃ 'આખ્યાન'—રચનાના પછીના યુગમાં, તે વિશેષ પરિચિત બનતો ગયો છેઃ કવિ દયારામભાઈએ આ 'કડવું' શબ્દ પર શ્લેષ ઘટાવીને, પોતાના રસપૂર્ણ 'રુક્મિણીવિવાહ'ના ખંડોનું નામ 'મીઠું' એવું રાખ્યું હતુંઃ જેમાં 'કડવા'ની કડવાશ નથી.

કાવ્યને 'ગીત' સંજ્ઞા આપી છે, અને તેનો રાગ 'ધન્યાશ્રી' એમ જણાવ્યો છેઃ છેવટના પદનો રાગ પણ 'ધનાસી' લખ્યો છેઃ તે ઉપરથી, એ પણ રામકવિની રચના માનવાનું મન થાય છે. રચનાબંધની દૃષ્ટિએ જોઈએ તો, કડવાની કડીઓની રચના માત્રામેળ 'હરિગીત'ના 'સમ' અને 'વિષમ' પ્રકારો-રૂપે યોજાઈ છે. કડવાની ઉત્થાનિકારૂપે આવતી પહેલી કડી (જેને 'ત્રૂટક' એવું પોથીમાં ઓળખાવ્યું છે)—માં આખા પદના ભાવાર્થનું સૂક્ષ્મ સૂચન થાય છેઃ પહેલી કડીના છેલ્લા ચરણમાં આવતા શબ્દથી, બીજી કડીનો, ઉપાડ થાય છેઃ તેમ પદની છેલ્લી તૂકનો છેલ્લો શબ્દ, પ્રારંભની કડીનું પુનરાવર્તન કરાવવા માટે, કવિ યોજે છેઃ 'કુંડળિયા'માં થતી શબ્દની 'કુંડળી'નું અહીં સ્મરણ થાય છે.

ઉપર ગણાવી તેવી 'સાંકળી'ની યોજના, આ ગીતને સુબદ્ધ બનાવે છે: તેમ જ બીજી વિશિષ્ટતા તે, ચરણની અંદર આવતો 'અંતર્યમક' છે: 'ત્રિભંગી' અથવા 'સારસી' નામથી પ્રસિદ્ધ ડિંગળના છંદનું એટલું સામ્ય અહીં દેખાય છે. એ સુવિદિત છે કે પાઠ્ય એવા 'કાવ્ય'માં અને 'ગીત'માં પ્રાસ, અનુપ્રાસ અને યમક જેવા શબ્દાલંકારો ગીતમાધુર્યમાં સારો એવો ઉમેરો કરે છે: તેમ અહીં પણ થયું છે. *

બીજી "વૈષ્ણવગીત"ની રચના, અન્ય રીતે પ્રાપ્ત થઈ છેઃ મુરબ્બી સ્વર્ગસ્થ દી. બ. કેશવલાલ ધ્રુવે કોઈ પાના ઉપરથી ઉતારેલી એવી, એક ઝાંખી પેન્સિલની નકલ, મને પ્રાપ્ત થઈ હતી. એ રચનાને છેડે 'इति विष्णवगीतं ।' એમ લખેલું હતું: જો કે આખી રચનાનો બંધ 'ચોપાઈ'નો છેઃ પ્રાચીનોમાંથી માંડણની 'પ્રબોધબત્રીશી'માં 'ષટ્પદી' (છપ્પય)ની જેવી ત્રૂટક રચના છે, અને અખા ભક્તના 'છપ્પા' નામથી ઓળખાતી એવી જ ફુટકર રચનાઓ છે—(જો કે એને, એકસૂત્રે બાંધી રાખનાર કેટલીક તૂકોનું જૂથ એમાં બનાવેલું છે ખરું:) તેવું આ 'વૈષ્ણવ ગીત' છે. તુલસીદાસજીના 'રામચરિત માનસ'માંની "ચોપાઈઓ" વિશિષ્ટ પ્રકારે જેમ ગેય છે તેમ, આ ૫૧ કડીની રચના તે દૃષ્ટિએ જ 'ગીત' નામથી ઓળખાવી હશે એમ માનવું પડે છે.

અજૈન કવિઓનાં પ્રકીર્ણ કાવ્યોમાં ભાગ્યે જોવામાં આવતી એવી રચના સંબંધી વિગતો, આ 'વૈષ્ણવ ગીત'માં આપેલી છે. સંવત ૧૫૮૭માં ('આસો માસિ, શુદિ પખિ તેરસિ')

---

* 'અમૃત કચોલાંની સપ્તપદી' નામથી આ કાવ્ય, 'રાજરત્ન રમણલાલ દેસાઈ અભિનંદન ગ્રંથ' (૧૯૪૨)માં પ્રગટ કર્યું હતું.

તળાજા નગરીમાં આ વૈષ્ણવ કવિએ વૈષ્ણવનાં લક્ષણો, વૈષ્ણવની ત્રુટિઓ, વૈષ્ણવના આવશ્યક ધર્મો—વગેરે સંબંધી તેમાં નિરૂપણ કર્યું છે. તળાજા નગરી, એ જૈનોનું તીર્થસ્થાન છે: એક વખતે એ બૌદ્ધ તીર્થ પણ હતું, એમ ત્યાંના એભલમંડપના વિહાર ઉપરથી કહી શકાય છે: એટલે અહિંસા, સત્ય, અસ્તેય, શીલ અને બ્રહ્મચર્ય—એ સંબંધી આચાર—ધર્મ, ત્યાં વિશેષે વખણાતો હોય એમાં આશ્ચર્ય નથી.

પ્રસ્તુત 'વૈષ્ણવ ગીત'માં વૈષ્ણવ અને જૈન આચારવિચારનું સુંદર મિલન જોવા મળે છે: આવી મુખ્ય પંક્તિઓ અહીં જાડાં બીબાંમાં બતાવી છે. જૂનાગઢના નરસિંહ મહેતાનું 'વૈષ્ણવ જન'નું પદ પણ, અહીં સ્થળે સ્થળે બીજરૂપે દર્શન દે છે: જૈનમતની સ્પષ્ટ અસરના દ્યોતક એવા કેટલાક શબ્દો અને વિચારો આમાં ગૂંથાયેલા છે: રાત્રિ—ભોજનનિષેધ, અણગળ જળનો ઉપયોગ, જીવ—હિંસાભર્યો લોક-આચાર, બ્રહ્મચર્યપાલન માટેની તકેદારી, વગેરેની ચર્ચા તેમાં છે. આ ઉપરથી કહી શકાય કે જૈન તથા અજૈન સમાજોમાં સમરસપણે, પાયાના ધર્મવિચારોનો પ્રચાર, થઈ રહ્યો હતો. વળી ભાંડ અને ભવાઈ જેવાં અશ્લીલ લોકનાટચો સામેનો નિષેધ પણ નોંધપાત્ર છે.

કાવ્યની ભાષામાં તેના પ્રાચીનપણાના સંસ્કાર સ્પષ્ટ જણાય છે: ભાલણની 'કાદમ્બરી'-ની છાયાની ભાષાનું, કેટલુંક રૂપસામ્ય એમાં દેખાય છે. એકંદરે, 'વૈષ્ણવ' મત સંબંધી ચર્ચા કરતું આ, અને ઉપર જોયું તે 'રાધાકૃષ્ણ ક્રીડાગીત'—એક રીતે ગુજરાતના ધાર્મિક ઇતિહાસ—પર સારો પ્રકાશ પાડે છે: એક વખતે, આચાર્ય આનંદશંકરભાઈએ ચર્ચા ઉપાડી હતી કે ગુજરાતમાં કૃષ્ણભકિતની દેખાતી જ્વાળાઓ પહેલાં ગુજરાતમાં જ હતી કે તે બહારથી આવી હતી ?—આ ચર્ચામાં 'અસ્તિપક્ષ'માં ઉમેરવા જેવી, રામકવિની આ બે રચનાઓ છે.

વૈષ્ણવતાના નિરૂપણમાં 'રામ' શબ્દ, કેટલીક વાર તેના અસલ ધાત્વર્થમાં યોજાયો હોય, એમ આ 'વૈષ્ણવ ગીત' પરથી લાગે છે: પ્રાણીમાત્રના અંતરમાં રમી રહ્યા છે તે 'રામ': પ્રેમાનંદના 'દશમસ્કંધ' (અધ્યાય ૮)માં ભગવાન કૃષ્ણનાં નામ ગર્ગાચાર્યે પાડ્યાં ત્યારે વળી કહ્યું છે કે—

"એનું રૂપ નેત્રમાં રમી રહ્યું છે, મોહ્યું ગોકુળ ગામ;
દર્શનથી આરામ ઉપજે, માટે નામ એનું 'રામ'".

અહીં 'રામ' શબ્દ ભગવાન માટે, તેમજ કવિને પોતાને માટે પણ વિવક્ષિત છે: જેમ 'અખો કહે' કે 'કહે અખો': તેમ: પ્રસ્તુત કાવ્યની એક વિશિષ્ટતા નોંધવા જેવી છે: તે એ કે તેમાંની કેટલીક ચોપાઈની ચોથી પંકિત 'ધ્રુવપદ'ની જેમ કવિએ આપી છે. આ રીતે, તેમાં નીચેનાં ત્રણ ચરણ ચોપાઈને છેડે યોજ્યાં છે:

પહેલું ધ્રુવપદ છે: **"કહુ, રામનઈ તે કિમ ગમઈ?"**: અને તેની ૧૫ ચઉપાઈ છે:
બીજું ધ્રુવપદ છે: **"કહિ શ્રીરામ, વૈષ્ણવજન તેહ"**: અને તેની ૨૨ ચઉપાઈ છે:
ત્રીજું ધ્રુવપદ છે: **"કહિ શ્રીરામ, વૈષ્ણવ મઝ ગમઈ"**: તેની ૧૧ ચઉપાઈ છે:

છેલ્લી ત્રણમાં સ્થળનામ બતાવ્યાં છે:

મુ. કેશવલાલભાઈના મતે, કડી ૫૦માં ‘વિષ્ણુવં મીઠઈ’—એટલે વૈષ્ણવ મીઠુએ આ પ્રમાણે રચના કરી—એમ ઘટાવવાનો આશય જણાય છે. ‘મીઠો’ નામે સૌરાષ્ટ્રનો સંત કવિ તો અઢારમા શતક પછી થયો છે—જેનું ‘રાસવર્ણન’ બહુ પ્રસિદ્ધ છે: “હરિ વેણુ વાય છે, રે હો વનમાં” જેવાં પદો આ મીઠા કવિનાં છે: એટલે આ રચના કવિ રામની છે એમ માનવામાં વાંધો જણાતો નથી. ‘મી ઠઈ’-‘ઠાઈ’ (સ્થાન)ના અર્થમાં લઈએ તો, શંકાને કારણ રહેતું નથી. (જુવો, ‘વૈષ્ણવ ગીત’ કડી ૩૧).

[૧]

કવિ રામ-રચિત

## અમૃત-કચોલડાં—રાધાકૃષ્ણક્રીડા ગીત

॥ ९० ॥ श्रीकृष्णाय नमः । अथ अमृतकचोलां लिख्यते ।

### કડવું ૧

(રાગ ધન્યાશ્રી)

અમૃત-કચોલડાં રે। ધન્ય તોરી આંખડીઆંઈ ।
નિર્મલ નિરખતડાં રે। પોઈણિ-પાંખડીઆંઈ ॥ ત્રૂટક ॥ ૧ ॥
પોઈણિ-પંખી, સુઅંખિ તોરી, માહિં રેંખા રાતીઆં ।
મુનિ ધ્યાન ચૂકઈ, મીંટિ મૂંકઈ, ભરિહ યૌવન-માતીઆં ॥ ૨ ॥
તેરી ભમુહિ દંડ કોદંડ કાંમિનિ, તરુણ તીનાં તાંણીઆં ।
કટાક્ષ-કેરાં બાંણ બાલા!, મરમ મૂકી જાંણીઆં ॥ ૩ ॥
મન મસ્ત-કેરા મોહ મોટા, મારતી મૃગ-નયણી ।
સુંસરાં ચાલઈ, ઘાય સાલઈ, દુઃખ દિઈ દિન રયણી ॥ ૪ ॥
એહના ડસ્યા, એક ડગ ન મંડઈ, કાલી કીકી સાપિણી ।
વિષ વિષમિ ઘાર્યા, મોહિ માર્યા, પ્રીતિ ઐઈસી પાપિણી ॥ ૫ ॥
ખંજન-નયણી, ખંતિ જોતાં, તેજિ તારા-લોચની ।
અમૃત-કચોલાં રે, આંખિ તોરી, પ્રતક્ષિ પેખૂં હૂં પોઈણી ॥ ૬ ॥ ૭ ॥

*

### કડવૂં ૨

ચંદલુ જીતલુ રે, વદન સકોમલિઈ ।
સિરિહિં સીંદૂર ભરી રે, સુરતર પરિમલઈ ॥ ત્રૂટક ॥ ૧ ॥
પરિમલઈ સુરતર કુસુમ સિરિવરિ, મોહિ મધુકર રણઝણઈ ।
ભૂમી-તણા મઈ ભૂપ જીતા, ઈંદ્ર આંણિયા આંગણઈ ॥ ૨ ॥
લહકંતિ ચમરી, રાજકુમરી, કુબરિ સોહઈ રાખડી ।
કાંમીય જન-મનિ, સરસ સાકર, મધુર મીંઠી દ્રાખડી ॥ ૩ ॥

ઝબકંતિ ઝાલિ, સુગાલિ ગોરી, નાગ નવસર તોરણાં ।
ખીટલી ખીલી, શ્રવણિ સોહઈ, મોરલી મોતી–ઘણાં ॥ ૪ ॥

નાસિકા દીપક–અગ્ર મોતી, સોહતી શશિવયણી ।
સોલ કલા સંપૂર્ણ ભાવઈ, ઉદય અશ્વન રયણી ॥ ૫ ॥

ડસન યોતિસ જ્યોતિ હીરા, દીપઈ જિમ દાડિમ–કુલી ।
અહિવલ્લી રંગ, સુઅધર–બિંબ કિ, પેખિ પ્રવાલી પાતલી ॥ ૬ ॥

કોકિલાકંઠી, અમૃતવાંણી, રાંમ રસણિં આલવઈ ।
ગોવ્યંદ ગાન, કરંતી ગોપી, ચતુરનાં ચિત ચાલવઈ ॥ ૭ ॥

ચિત ચાલવઈ, એ ચતુર નારી, ભાવઈ ભૂધિર મનિ ભલઉ ।
શશી–કલા સોહઈ, વદનિ વનિતા, ચતુરિ જીતુ એણિ ચાંદલઉ ॥ ૮ ॥

*

## કડવું ૩

ઉરિ વરમંડન રે, હીઈ માહરઈ હારલુ ।
પીન પયોહર રે, રાખિસિ વચિં નાહલુ ॥ ત્રૂટક ॥ ॥ ૧ ॥

નાહલા–કારણિ નિત નવેહૂં, કનક કલસ અમી ભરિયા ।
શ્રીફલ શ્રીપતિ અતિ વાલ્હા, ભેટિ કારણિ ઉરિ ધરિયા ॥ ૨ ॥

જે કસણિ કંચૂ, ગયણિ ગુડિયા, સબલ સૂર–સિઉં ભડિયા ।
જે રૂપિં પૂરા, તપિં સૂરા, તેહ પાડિવુ પડિયા ॥ ૩ ॥

પડિયા, પણિ પાખરિયા દીસઈ, ખ્યાંતિ કરિ ખ્યામોદરી ।
કેસરી જીતુ, કટિ – કુંલિ, ચિત્રાલંકીં સુંદરી ॥ ૪ ॥

ચરણે તિ નેઉર, સરસ વાજઈં, પેખિ પાંન્હી પાતલી ।
નખતેજ–દર્પણિ, મુકખ નિરખઈ, અંગૂઠા–સમી આંગુલી ॥ ૫ ॥

આંગુલી–સમી, સુજ્યોતિ ઓપઈ, પ્રીય પ્રાંણજીવન માહેલુ ।
અતિ સુઘટ ઘડીઉ, રતનિ જડીઉ, હરિ હીઆનું હારલુ ॥ ૬ ॥

*

## કડવૂં ૪

ઊગટિ અંગિ કરૂં રે, સેજડી કુસુમિ ભરૂં ।
અગર ઊખેવું રે, કપૂરિં દીવઉ કરૂં ॥ ત્રૂટક ॥ ૧ ॥

કપૂરિં દીવઉં, કરૂં ઊઅરિ, કાયા કસ્તૂરી ભરૂં ।
આપણા સ્વામી–કાજિ મિલવા, અધિક આદર હૂં કરૂં ॥ ૨ ॥

માઝિમ રાતિં મંદિરિ આવિઉ, કરઈ પ્રહાર કમાડીઈ ।
[રાધા] "અણજાંણિ ઊતર, કિસિઉ દીજઈ ?, બાર નહીંઅ ઊઘાડીઈ" ॥ ૩ ॥

[કૃષ્ણ] "માનિની, હૂં માધવ આવિઉ, બાલા, બોલ તે દીજીઈ" ।
[રાધા] "માધવ માસ વસંત, કંતા, રિતિ-વિના સિઉં કીજીઈ ?" ॥ ૪ ॥

[કૃષ્ણ] "માધવ નહીં, હૂં ચક્રપાંણિ, ગોપીવર ગોપાલ" ।
[રાધા] "નીંચ—સરિસુ નેહ કેહૂ ?, જા પરુ, કોલાલ" ॥ ૫ ॥

[કૃષ્ણ] "કોલાલ નહીં, હૂં ધરણીધર,"
[રાધા] "તુ સરપ સારિઉ એહ ।
વિસહર-તણૂ, વીસાસ કેહૂ, જેહ પીડઈ દેહ ?" ॥ ૬ ॥

[કૃષ્ણ] "વિસહર નહીં, હૂં વિરક-મર્દન,"
[રાધા] "તુ કિસ્યું વિહંગ ? ।
પંખિ-સરસી પ્રીતિ કેહી, જેહ વિડારઈ અંગ ?" ॥ ૭ ॥

[કૃષ્ણ] "તારુણી રાધા,"
[રાધા] "કહિ તસ્કર સુધઉ,"
[કૃષ્ણ] "કૃષ્ણ,"
[રાધા] "નિશાચર નહીં, નાથ !" ।
અપરાધ જાંણી, આવી આઘુ, બલિં ઘાલી બાથ ॥ ૮ ॥

ભુજબંધ બાંધી, સ્નેહ સાધી, ભલૂં ઉરિસ્યૂં ભીડિઃ ।
નખઘાત દેઈ, કંડિ લેઈ, અધર-ડસણે પીડિ ॥ ૯ ॥

તવ હસી, હરિસ્યૂં બોલઈ રાધાઃ "શ્રીકૃષ્ણ-ચલણે અણસરૂં ।
આપણા સ્વામી કાજિ મિલવા, અંગિ ઊગટિ હૂં કરૂં" ॥ ૧૦ ॥

*

## કડવું ૫

સુણઉ મેરિ સાજની રે, આજૂની વાતડીઆં ।
મૂન્હઈ શ્રીરંગ સેજિં મિલિઉ રે, રમૂં રંગિ રાતડીઆં ॥ ત્રૂટક ॥ ૧ ॥

રંગિ રમૂં રજની, સુણઉ સજની, ભઈણી, મઈ પ્રીઉ પાઈયા ।
સોભાગસુંદર સગુણમંદિર બાંહિ ધરી ગલઈ લાઈયા ॥ ૨ ॥

રહી અંગ આપી, વિરહ વ્યાપી, નેહ થાપી નાહ મિલિઉ ।
મુઝ હૃદઈ લાઈ, પ્રેમ પાઈ, સરસ સાકર-પાંહિં ગલિઉ ॥ ૩ ॥

શશિકલા-સુંદર, સ્વામિ મેરુ, નવલયૌવન નેહ ।
વાંછતાં વાલંભ આવીઉ, જિમ જેઠ માસિં મેહ ॥ ૪ ॥

ઈમ નેહ તરુણી, મેઘવરણી, પ્રથમ સંગમિ નાથ ।
કુચ કંઠ પીડી, હૃદઈ ભીડી, બલિઈ ઘાલી બાથ ॥ ૫ ॥

કસ્તૂરી અંબર એકઠાં, દિન દિન અધિકુ વાસ ।
એક–એક–પાંહિં, ગુણિ આગલી, અનઈ કરઈ વિવિધ વિલાસ ॥ ૬ ॥

મોરી બાંહ મોડી, ચીર છોડી, કસણ ત્રોડી, કટિ ગ્રહી ।
લાજવા લાગી, પછઈ જાગીઃ પેખું તાં પ્રીઉડુ નહીં ! ॥ ૭ ॥

પ્રીયુ નહીં ય પાસઇ, મનિ વિમાંસઈ, કહૂં કહાંણી રાતિની ।
આજ સખી, મઈ સુપન લાધું ! સુણઉ માહરી સાજની ॥ ૮ ॥

*

## કડવું ૬

મઈ સિધિ લાધી રે, ઉષા–દેસડઈ ।
લિખાનઈ પાડવીઉ રે, કહિજ્યો સંદેસડઉ ॥ ત્રૂટક ॥ ૧ ॥

" સંદેસડુ એક સુણિન મોરુ, વિપ્ર કહિજ્યો વીંનતી ।
વિરહ-કેરી વેદ ભેદન, આજ લગઈ ન જાંણતી ॥ ૨ ॥

ન જાંણતી જે જેમ જલચર, કિમઈ જીવીઈ એ જંત ।
ઘરિ આવિ વહિલુ, પ્રેમ પહિલુ, ક્રિપાસાગર કંત ॥ ૩ ॥

જિમ ચાતક–પ્રીતિં પાવસ આવઈ, ઊષધી માહિ અંગ ।
જિમ કમલિ મધુકર પ્રેમ પાંમઈ, હંસ સરિ બહૂ રંગ " ॥ ૪ ॥

આપી લેખ, નઈ વિપ્ર બોલઈ, સુણિઉ કૃષ્ણિ સંદેસડઉ ।
**રામ**-ચુ સ્વામી રાધા પામી, ધન્ય ઉષા–દેસડઉ ॥ ૫ ॥

*

## કડવું ૭

ચતુરિ ચંપાવની રે, પહિરિ પટુલડી ।
ચટકલુ ચોલ–તણુ રે, ઓઢણિ ચૂંનડી ॥ ત્રૂટક ॥ ॥ ૧ ॥

ચૂંનડી ઓઢણિ ફિરત મોતી, સોહઈ સોવન–ઘૂઘરી ।
કરિ કનક કંકણુ, ચૂડી રૂડી, વાંકિ વીંટી મૂંદ્રડી ॥ ૨ ॥

નવ તરુણી, નવ રસ, નવલ યૌવનિ, નાહ–નેહ જ પાલીઈ ।
રંગિ રમઈ રાધા, પ્રેમબાધા, ભવ–તણઉ ભય ટાલીઈ ॥ ૩ ॥

પાંન ફૂલ, તંબોલ સેજિં, જેહિ હરિ સ્વાંમી મિલિઉ ।
વિરહ–કેરૂ વ્યાપ, અંગિઈ તાપ, સંગિઈ સવિ ટલિઉ ॥ ૪ ॥

**રામ**–ચુ સ્વામી રાધા પામી, રમઈ ભંભર–ભોલીઆં ।
રલિયાતિ કીધી, હદઈ લીધી, પહિરિ પીત પટુલીઆં ॥ ૫ ॥

*

इति अमृतकच्चोलां । राधाकृष्णक्रीडागीतं ।

૫૬

( રાગ ધન્યાસી )

રાધે ખંજન નયન સમારે ।
સદા–રંગીલે, રસિક રૅસીલે, પ્રેમ રતન પ્રીઉ તારે—રાધે૦
ધનુષ ચઢાહિ અમી સર સામિનિ, કુછુઅ ઊજલ, કુછુ કારે—રાધે૦
અંજન-રેખ દીઈ મૃગનયની, કાંમબાણુ કિઉં મારે ?—રાધે૦
ચૂઆ ચંદન, અગર કુમકુમા, સોળ શૃંગાર સારંગ અંગિ સારે—રાધે૦
*રામ કે પ્રભુ રાધા-રંગિ ખેલતુ, સુખહિં સેજિ સિધારે—રાધે૦

—इति ध्रुपद । पं. जगनाथ ।

*

[ ૨ ]

કવિ રામકૃત

( જૈનમત-સંમત )

## વૈષ્ણુવ ગીત

### કહુ રામ–નઈ તે કિમ ગમઈ ?

સાંભલિ સાંમી શ્રી રઘુનાથ । કરુંઅ વીનતી જોડી હાથ ।
કહઈ ' વિષ્ણુવ ' નઈ આપ-છંદિઈ રમઈ । કહુ, રામ-નઈ તે કિમ ગમઈ ? ॥ ૧ ॥

મનિ મઇલું, માયા મુખિ ધરઈ । વીસાસી, પર-નઈ છેતરઈ ।
સ્વાંપ્યા-દ્રોહ ઉપરિ જે ભમઈ । કહુ, રામ-નઈ તે કિમ ગમઈ ? ॥ ૨ ॥

વિષ્ણુ-કથા ગુણુ ગાઈ ગીત । ઉંબરિ હીયડું, વડલઈ ચીતિ ।
નારી પીયારી-સરિસુ રમઈ । કહુ, રામ-નઈ તે કિમ ગમઈ ? ॥ ૩ ॥

પૂજઈ દેવ, નિ કરીય સનાન । ક્ષણુ નવિ છંડઈ વિષયા-ધ્યાંન ।
ઇણિ પરિ તીરથ કરતુ ભમઈ । કહુ, રામ-નઈ તે કિમ ગમઈ ? ॥ ૪ ॥

કાષાંબર ધોતી પહિરણુઈ । सहसनाम गीता મુખિ ધરઈ ।
દાસી વેસ્યા-સરિસુ રમઈ । કહુ, રામનઈ તે કિમ ગમઈ ? ॥ ૫ ॥

ગોપીચંદન-તિલક અંગિ તે કરઈ । તુલસી-મંજરિ મસ્તકિ ધરઈ ।
ઊમા રગીઉ–સંગિઈ રમઈ । કહુ રામ-નઈ તે કિમ ગમઈ ? ॥ ૬ ॥

ઉત્તમ મધ્યમ-નઈ ઘરિ જાઈ । ઇંદ્રી-પરવસિ મઇલાં થાઈ ।
વરણાવરણુ છાંડી જે રમઈ । કહુ, રામ-નઈ તે કિમ ગમઈ ? ॥ ૭ ॥

---

* મૂળમાં ' રાણુ કે પ્રભુ ' છે.

*

વ્રત પાલઈ તે એકાદસી। હરિવાસર ધ્યાઈ દ્વાદસી।
**કરઈ હિંસ્યા નઈ આહેડિઈ જમઈ**। કહુ, રામ-નઈ તે કિમ ગમઈ? ॥ ૮ ॥

શાસ્ત્ર-તણા લોપ જે કરઈ। અખાદ વસ્તુ જાણી આદરઈ।
**કહઈ વૈષ્ણવ, નઈ રાતિઈ જમઈ**। કહુ, રામ-નઈ તે કિમ ગમઈ? ॥ ૯ ॥

ગર્ભિણી-સરિસુ જે વિચરઈ। પાંતિ-ભેદ સાથી-સિઉં કરઈ।
બાલ વૃદ્ધ ઊલંઘી જમઈ। કહુ, રામ-નઈ તે કિમ ગમઈ? ॥ ૧૦ ॥

સર્વ ભૂતનું વાસી રહઈ। 'વાસુદેવ' સહુ કો ઈમ્ કહિ।
તે જાણી-નઈ પર-નઈ દમઈ। કહુ, રામ-નઈ તે કિમ ગમઇ? ॥ ૧૧ ॥

વિષ્ણુ-તણી શંકા નવિ ગણઈ। નિર્ભયપણઈ વિષ્ણુવ-નઈ હણઈ।
મદિરા-પાની-થિઉ રંગઈ રમઈ। કહુ, રામ-નઈ તે કિમ ગમઇ? ॥ ૧૨ ॥

વેદ ચ્યારિ ઉદ્ધાર્યા જેણિ। જીવ યોનિ નીપાઈ તેણિ।
બ્રહ્મ-સરૂપ જાણી જે દમઈ। કહુ, રામ-નઈ તે કિમ ગમઈ? ॥ ૧૩ ॥

પરઠઈ ગોકુલ, પરઠઈ દેવ। અહનિસ સારઈ તેહની સેવ।
તેહ-નઈ ભાંજઈ, તેહનઇં નમઈ। કહુ, રામ-નઇં તે કિમ ગમઈ? ॥ ૧૪ ॥

**હણઈ જીવ, નઈ બોલઈ 'ધર્મ'**। દયા-તણુ નહિ જાણઈ મર્મ।
મનિ અહંકારી, કહંનઈ નવિ નમઈ। કહુ, રામ-નઇં તે કિમ ગમઈ? ॥ ૧૫ ॥

*

## કહિ શ્રીરામ, વૈષ્ણવ-જન તેહ

'વૈષ્ણવ' 'વૈષ્ણવ' સહૂ કો કહઈ। વૈષ્ણવપણું જન વિરલુ લહઈ।
**જીવ-દયા-ધર્મ પાલઈ જેહ**। [કહિ શ્રીરામ] વૈષ્ણવ જન તેહ ॥ ૧૬ ॥

સુખ-સંસાર અસાર મનિ ધરઈ। વાનપ્રસ્થનુ મનોરથ કરઈ।
'કેવલ વૈકુંઠ' વંછઈ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ જન તેહ ॥ ૧૭ ॥

આગમ-સિદ્ધાંત જેહનઈ મનિ ગમઈ। શ્રોતા-સરિસુ અહનિસિ રમઈ।
મોક્ષાર્થી વિતપન્ના તેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ જન તેહ ॥ ૧૮ ॥

માયા-રહિત ક્રિયા જે કરઈ। રાગ દ્વેષ મમતા પરિહરઇ।
આપોપૂં ન વિખાણઇ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ જન તેહ ॥ ૧૯ ॥

ભાંડ ભવાઈ કતૂહલ થાઈ। ફાગ-ખેલિઈ નવિ જોવા જાઈ।
વેસ્યા નાટિક ન જોઈ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ જન તેહ ॥ ૨૦ ॥

**નર-નારી જિહાં ક્રીડા કરઈ। થાનક જાણી તે પરિહરઈ।**
કામ-કથા ન વાંછઈ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ જન તેહ ॥ ૨૧ ॥

પરનારી દેખી મન-માંહિ। જાણઈ એહના પ્રણમઉં પાય।
'માતા' ભણિ-નઈ માંગઈ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ જન તેહ ॥ ૨૨ ॥

વિશ્વજનેતા કહીઈ નારી। અવતરસિઉ એ ઉદર-મઝારિ।
—એહ ભાવ મનિ આણુઈ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૨૩ ॥

પવિત્ર ગાત્ર ગંભીર મતિ સાંન। ચિત્ત અહંકાર નહી અભિમાંન।
ગર્વપણુઉં નવિ આણુઈ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૨૪ ॥

સદા સકોમલ બોલઈ વયણુ। કહિના દોષ ન દેખઈ નયણિ।
અવગુણુ કહિંના નવિ ભાખઈ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૨૫ ॥

છેદઈ કાપઈ નઈ ઘાસવઈ। તુહિ અવગુણુ નવિ દાખવઈ।
ચંદનની-પરિ શીતલ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૨૬ ॥

અગનિ મુખિ આણી-નઈ ધરઈ। આપ દહઈ, પર-નઈ ગુણુ કરઈ।
અગર-તણા-પરિ શીતલ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૨૭ ॥

તાડન તાપન કોઈ ન કરઈ। મલિનપણુઉં તુહિ નવિ ધરઈ।
સુવર્ણ-તણી-પરિ સગુણ સનેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૨૮ ॥

અધો-મુખ ધરતાં ઉરધ ધરઈ। અહનિસિ કામ જે દહન જ કરઈ।
આશા-માંહિ નિરાસીઉ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૨૯ ॥

કંદર્પ-તણા દર્પ જે હરઈ। વિષયા-સંગતિ મનિ નવિં ધરઈ।
બ્રહ્મચારી-સિંઉ રમઈ નિત જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૩૦ ॥

બ્રહ્મ રાંખવા કરઈ ઉપાય। પહિલૂં દ્દઢ મન રાખઈ ઠાઈ।
દૃષ્ટિરાગ નિવારઈ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૩૧ ॥

યોવન-ભરિ એકલી નારી। કિમ્હ ન જાઈ તે ઘરિ બારિ।
તેહના શબ્દ ન વાંછઈ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૩૨ ॥

હાવ-ભાવ જિહાં નારી કરઈ। તે દેખી પગ પાછા ભરઈ।
યોવન-બલિ પદ ભંજઈ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૩૩ ॥

બ્રહ્મ-તણું રખોપૂં કરઈ। જાણુઈ રખે કોઈ પરહરઈ।
તસ-કારણિ વલી જાગઈ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૩૪ ॥

તપ જપ સંયમ મનિ નિર્મલ ધરઈ। નિદ્રા આહાર અલ્પ જે કરઈ।
સદાચાર-સંતોષી જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૩૫ ॥

છંડી સૂર શશિહરિ ઘરિ જાઈ। અમૃત પામી-નઈ વિષ ખાઈ।
કાલ-લહરી નિવારઈ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૩૬ ॥

અંતરિ રામ અછઈ કોઈ સાર। તાસ-તણુ નવિ લાભઈ પાર।
તેહનઈ ઉલખી ધ્યાસીઈ જેહ। [કહિ શ્રીરામ] વૈષ્ણુવ જન તેહ ॥ ૩૭ ॥

*

## કહિ શ્રીરામ, વૈષ્ણવ મઝ ગમઈ

સર્વ ભૂત-સિઉ મૈત્રી કરઈ। શત્રુ મિત્ર બે સમવડિ ધરઈ।
આપ દમઈ, પર-નઈ નવિ દમઈ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ મઝ ગમઈ ॥ ૩૮ ॥

અમૃત વાંણી મુખિ ઉચરઈ। મનસા વાચા કપટ નવિ ધરઈ।
સત્ય સૌચ અહનિસિ રમઈ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ મઝ ગમઈ ॥ ૩૯ ॥

વસ્તુ પીયારી દેખી કરી। અણ-આપી નવિ લીઈ હરી।
થાપણિ તુલવઈ કેહની કિમ્હઈ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ મઝ ગમઈ ॥ ૪૦ ॥

એકભુક્ત દિન મધ્યે કરઈ। **નિશાભોજન સવિ પરહરઈ।**
ગ્રહસ્થ-થિકુ રતિ સાઈ રમિ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ મઝ ગમઈ ॥ ૪૧ ॥

દેવ ગુરુ નિત કરીય પ્રણામ। ધરઈ ધ્યાન જગદીસર નામ।
અતિત્થકાલ સાચવી-નઈ જમઈ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ મઝ ગમઈ ॥ ૪૨ ॥

**અણગલ જલ જે મુખિ નવ ધરઈ**। જાંણી દોષ ભક્ષણ નવિ કરઈ।
જ્ઞાન-સરિસુ અહનિસિ રમઈ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ મઝ ગમઈ ॥ ૪૩ ॥

ઉત્તમ-સરિસુ અહનિસિ રમઈ। મધ્યમ મારગ સવિ પરહરઈ।
સહજિઈ શીલ સંતોષિ રમઈ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ મઝ ગમઈ ॥ ૪૪ ॥

સરતિ સારુ પાલઈ વ્રત નીમ। જે નવિ લોપઈ તેહનિ સીમ।
નિર્મલ ચિત્તસ્વભાવિઈ રમઈ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ મઝ ગમઈ ॥ ૪૫ ॥

**પરિઘલ દાન દયા મનિ વસઈ**। પરોપકારઈ મન ઉલ્હસઈ।
લજ્જા-દાક્ષિણ્ય-સરિસુ રમઈ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ મઝ ગમઈ ॥ ૪૬ ॥

ગંગા યમના સરસતી વહઈ। પરમહંસ તીણિઈ સંગમિ રહઈ।
રૂંધી પવન તેહ-સિંઉ રમઈ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ મઝ ગમઈ ॥ ૪૭ ॥

અનાહત શબ્દ વાજઈ છઈ જિહાં। ધરીય ધ્યાન મન રાખઈ તિહાં।
અષ્ટ કર્મ જે ઈણિપરિ દમઈ। [કહિ શ્રીરામ] વૈષ્ણવ મઝ ગમઈ ॥ ૪૮ ॥

**સંવત પંનર સત્યાસીઈ**। જ્ઞાન બુદ્ધિ આંણી મનિ હીઈ।
ભવસાયર ઊતરવા પાર। શાસ્ત્ર મથી-નઈ કાઢિઉ સાર ॥ ૪૯ ॥

નયરિ **તલાજઈ** આસો માસિ। શુદિ પખિ તેરસિ મન ઉલ્હાસિ।
વિષ્ણવ મી ઠઈ જોઈ વિચાર। પ્રબંધ રચીઉ પર-ઉપકાર ॥ ૫૦ ॥

**ભણસિઈ** ગુણસિઈ જે એકચિત્ત। તેહનિ હોસિઈ નિર્મલ મતિ।
ભાવ ધરિ જે આરાધસિઈ। **શિવસુખ** સંપતિ તે પામસિઈ ॥ ૫૧ ॥

**ઇતિ વિષ્ણવ ગીત**

# ગણિતશાસ્ત્રનું સ્વરૂપ અને તેની ઉપયોગિતા

ન. મા. ભટ્ટ

૧. ગણિતશાસ્ત્ર એ વિજ્ઞાનની એક શાખા છે. પરંતુ પદાર્થવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, જીવશાસ્ત્ર વગેરે વિજ્ઞાનની બીજી શાખાઓથી તે ઘણી રીતે ભિન્ન છે. વિજ્ઞાનની આ બીજી શાખાઓ ભૌતિક જગતનો અભ્યાસ કરે છે અને તેની સંકલ્પનાઓ ભૌતિક જગતના વાસ્તવિક પદાર્થો પર રચાયેલી હોય છે. વિજ્ઞાનની બીજી શાખાઓ વાસ્તવિક જગત સાથે ગાઢ સંબંધ ધરાવે છે, પરંતુ ગણિતશાસ્ત્ર અમુક સ્વયંસ્વીકૃત માન્યતાઓ કે સંકલ્પનાઓ પરથી, નિગમનિક તર્કશાસ્ત્ર (Deductive Logic), જેને આપણે શુદ્ધ તર્કશાસ્ત્ર પણ કહી શકીએ, તેનો જ ઉપયોગ કરે છે અને તે પરથી નવા સિદ્ધાંતો અને નિયમો સાબિત કરે છે. આ મૂળ સંકલ્પનાઓને અનુરૂપ પદાર્થો વાસ્તવિક જગતમાં હોય એ આવશ્યક નથી અને કોઈક સંકલ્પનાને સંપૂર્ણપણે અનુરૂપ પદાર્થ ભૌતિક જગતમાં મળી આવે તો તે આકસ્મિક ગણાય. ગણિતશાસ્ત્રની બિંદુ, અવકાશ, સંખ્યા વગેરે કલ્પનાઓને સંપૂર્ણપણે અનુરૂપ પદાર્થો ભૌતિક જગતમાં અસ્તિત્વમાં હોતા નથી. તેથી આપણે કહીએ છીએ કે ગણિતશાસ્ત્ર અરૂપ (Abstract) છે. ગણિતશાસ્ત્રની શરૂઆત આપણે અમુક સ્વયંસ્વીકૃત સંકલ્પનાઓથી કરીએ છીએ, પરંતુ તે પછી તો ફક્ત શુદ્ધ તર્કશાસ્ત્રનોજ ઉપયોગ આપણે કરીએ છીએ અને શુદ્ધ તર્કશાસ્ત્ર દ્વારા જ આપણે નવા સિદ્ધાંતો અને પરિણામોનું પ્રતિપાદન કરીએ છીએ. વિજ્ઞાનની બીજી શાખાઓમાં તો, પ્રયોગો કરી, પ્રયોગોનાં પરિણામો પરથી નિયમો તારવવામાં આવે છે અને આગમનિક તર્કશાસ્ત્ર (Inductive Logic)-નો ઉપયોગ કરવામાં આવે છે. ગણિતશાસ્ત્ર પ્રયોગાત્મક નથી તેમજ આગમનિક તર્કશાસ્ત્રનો તે ઉપયોગ કરતું નથી. ફક્ત બુદ્ધિ અને તર્કશાસ્ત્ર વાપરી, તે અનેક પરિણામોનું પ્રતિપાદન કરે છે. ગણિતશાસ્ત્રનો અભ્યાસ એ શુદ્ધ તર્કશાસ્ત્રની સુંદર તાલીમ આપે છે. તેથી, આપણા અભ્યાસક્રમોમાં, તર્કશાસ્ત્રને બદલે વિકલ્પ તરીકે ગણિતશાસ્ત્રને પસંદ કરવા દેવામાં આવે છે. આ ઉપરાંત, ગણિતશાસ્ત્રીય તર્કશાસ્ત્ર (Mathematical Logic)માં તર્કશાસ્ત્રની સંકલ્પનાઓને જે સુદૃઢ અને વિશદ સ્વરૂપ આપવામાં આવે છે, તે પણ ગણિતશાસ્ત્રનું તર્કશાસ્ત્રીય સ્વરૂપ વ્યક્ત કરે છે.

૨. સામાન્ય માણસને જે સહેલાઈથી સ્વીકાર્ય કે સત્ય લાગે તેને સાબિત કરવાની જરૂર ગણિતશાસ્ત્રીઓને ઘણી વખત લાગે છે અને અમુક પ્રસંગોમાં તો સાચી સાબિતી આપવામાં વર્ષોનાં વર્ષો વીતી જાય છે. કોઈ સપાટીમાં, એક અપ્રતિચ્છેદી બંધ વક્ર દોરીએ તો તે વક્ર, સપાટીને આંતર અને બહિર એમ બે ભાગમાં વહેંચે છે તે જૉર્ડનના પ્રમેયને સાબિત કરવાની જરૂર સામાન્ય માણસને ન લાગે, પણ ગણિતશાસ્ત્રના ટૉપોલોજી (Topology) નામના વિષયમાં, જૉર્ડનને આ પ્રમેયની સાબિતી આપવાની જરૂર લાગી અને તેની સાબિતી પણ તેણે આપી. આશ્ચર્યની બાબત તો એ છે કે જૉર્ડને આપેલ સાબિતી પાછળથી ભૂલભરેલી માલૂમ પડી અને તેની સાચી સાબિતી કેટલાંય વર્ષો પછી ગણિતશાસ્ત્રને મળી. ગણિતશાસ્ત્રના અમુક સિદ્ધાંતો તથા પરિણામોની

સાબિતીઓ ખૂબ જ અટપટી તથા બુદ્ધિયુક્ત હોય છે અને આ કાર્ય ઘણું અઘરું હોય છે. ગણિતશાસ્ત્રના પ્રમેયો અને પરિણામો સાબિત કરવામાં અને કહેવાતી સાબિતીઓને ભૂલભરેલી ઠરાવવામાં, ગણિતશાસ્ત્રીઓ કેટલી તીક્ષ્ણ બુદ્ધિ અને તર્કશાસ્ત્રીય શક્તિ વાપરે છે તેના અનેક દાખલાઓથી ગણિતશાસ્ત્રનો ઇતિહાસ ભરપૂર છે.

૩. આપણે જોયું કે ગણિતશાસ્ત્રની શરૂઆત આપણે અમુક સ્વયંસ્વીકૃત માન્યતાઓ કે સંકલ્પનાઓથી કરીએ છીએ અને તે માન્યતાઓ કે સંકલ્પનાઓ પરથી શુદ્ધ તર્કશાસ્ત્ર દ્વારા નવા સિદ્ધાંતો અને પરિણામોનું આપણે પ્રતિપાદન કરીએ છીએ. ગણિતશાસ્ત્રનો ઇતિહાસ દેખાડે છે કે ગણિતશાસ્ત્ર તેની પ્રાથમિક સ્વયંસ્વીકૃત માન્યતા અને સંકલ્પનાઓને તથા તેમાંથી સાબિત થતાં પરિણામોને વધારે અને વધારે અરૂપ અને વધારે અને વધારે વ્યાપક ( Generalized ) સ્વરૂપ આપવા સતત પ્રયત્ન કર્યા કરે છે. ગણિતશાસ્ત્રની પ્રાથમિક સંકલ્પનાઓનો ઉદ્ભવ વાસ્તવિક પદાર્થોમાંથી થયો હોય, પરંતુ વાસ્તવિકતામાંથી અરૂપ સંકલ્પનાઓ તથા વ્યાપક નિયમો ગણિતશાસ્ત્ર શોધવા માગે છે. આપણે એમ કહીએ કે વાસ્તવિક જગતનાં બંધનો છોડી, ગણિતશાસ્ત્ર અરૂપ અને વ્યાપક પ્રદેશમાં વિહાર કરવા માગે છે, તેને બંધન છે ફક્ત તેની પ્રાથમિક સંકલ્પનાઓનું અને તર્કશાસ્ત્રનું.

૪. ગણિતશાસ્ત્ર, કોઈ એક સંકલ્પનામાં, વિશેષ અને વિશેષ અરૂપતા અને વ્યાપકતા કેવી રીતે લાવે છે તેનો એક સરળ અને જાણીતો દાખલો આપણે લઈશું : બે માણસો, બે ખુરસી, બે ઝાડ, એ પરિચિત વાસ્તવિકતામાંથી ગણિતશાસ્ત્રને ‘ બે ’ સંખ્યાની અરૂપ સંકલ્પના મળી. તેમાંથી, ધનપૂર્ણાંક સંખ્યાઓની વિશેષ વ્યાપક સંકલ્પના વિકસી. આગળ જતાં, ધન અને ઋણ પૂર્ણાંક સંખ્યાઓ તેમજ શૂન્યની સંકલ્પનાઓ યોજવામાં આવી. તેનાથી આગળ વધતાં, ઉત્તરોત્તર, અપૂર્ણાંક સંખ્યાઓ, પરિમેય અને અપરિમેય સંખ્યાઓ અને અંતે ‘ કાલ્પનિક ’ (Complex, Imaginary) સંખ્યાની સંકલ્પના મળી. આ ‘ કૉમ્પ્લેક્સ ’ સંખ્યાને કાલ્પનિક ( Imaginary ) સંખ્યાનું નામ આપવામાં આવ્યું અને તેને દર્શાવવા $x + iy$, જ્યાં $i = \sqrt{-1}$ છે, તે પદ્ધતિ વપરાઈ તે યોગ્ય ન હતું. તેનાથી સંખ્યાની આ વ્યાપક સંકલ્પનાને સમજવામાં અને તે સંકલ્પનાને વિશેષ વ્યાપક બનાવવામાં મુશ્કેલી પડી. બીજી જાતની સંખ્યાઓ જેટલી જ વાસ્તવિક આ સંખ્યા એક દૃષ્ટિએ છે. જ્યારે આ સંખ્યાને $x + iy$ ને બદલે દ્વિક સંખ્યા $(x, y)$થી દર્શાવવાનું કાસ્પર વેસલ નામના ગણિતશાસ્ત્રીએ સૂચવ્યું ત્યારે સંખ્યા સંબંધી સંકલ્પના એક નવા વિકાસ તબક્કામાં પ્રવેશી. ત્યાર પછી, આ દિશામાં આગળ વધીને, ઓગણીસમી સદીમાં હેમિલ્ટને, દ્વિક સંખ્યાને બદલે ત્રિક સંખ્યાની સંકલ્પનાને રજૂ કરી અને તે પર આધારિત ક્વૉટર્નીઅન ( Quaternion ) નામના એક નવા અને ઉપયોગી વિષયની રચના કરી. આના મૂળમાં રહેલ સંકલ્પનાને વધારે વિકસાવી, સીલ્વેસ્ટર અને કેઈલીએ મેટ્રીકસ એલ્જીબ્રા ( Matrix Algebra )નો નવો વિષય રચ્યો.

૫. સંખ્યાની સંકલ્પનામાં, એક બીજી જ દૃષ્ટિએ, એક નવી અને ક્રાંતિકારી સંકલ્પના ઓગણીસમી સદીમાં રજૂ થઈ તે નોંધવા જેવી છે. સાધારણ માણસને ૧, ૨, ૩,.........એમ અનંત સંખ્યાની સંકલ્પના તદ્દન સરળ લાગે. પરંતુ, ઘણાં વર્ષો પહેલાં, ગેલીલીઓએ એક

વિરોધાભાસી કોયડો રજૂ કર્યો હતો, તે આ પ્રમાણે છે: દરેક ધનપૂર્ણાંક સંખ્યાને નિશ્ચિત વર્ગ (Square) છે, જે વર્ગ પણ ધનપૂર્ણાંક સંખ્યા છે. માટે જેટલી ધનપૂર્ણાંક સંખ્યાઓ છે તેટલી જ સંખ્યાઓ તેના વર્ગોની હોવી જોઈએ. છતાં, ધનપૂર્ણાંક સંખ્યાઓમાં, ૨, ૩, ૫,... સંખ્યાઓ એવી છે કે જે ધનપૂર્ણાંક સંખ્યાઓના વર્ગો નથી. તો પછી, ધનપૂર્ણાંકોની સંખ્યા અને તેના વર્ગોની સંખ્યા સરખી કેવી રીતે હોઈ શકે? આ દેખાડે છે કે અનંત સંખ્યાની આપણી સમજણમાં ક્યાંક કચાશ છે. આજ મુશ્કેલીને "હીલ્બર્ટ હોટેલ" નામથી ઓળખાતા એક રમૂજી દૃષ્ટાંત દ્વારા રજૂ કરવામાં આવે છે. એક હોટેલમાં અનંત સંખ્યાના ઓરડાઓ છે. તેના વ્યવસ્થાપક પાસે એક ગ્રાહકે આવી ઓરડાની માગણી કરી. વ્યવસ્થાપકે જવાબ આપ્યો કે, "બધા ઓરડાઓ અપાઈ ગયા છે, પણ હું તમને એક ઓરડો કાઢી આપીશ." તેણે દરેક ઓરડાના રહેનારને તેના ઓરડા પછીના ઓરડામાં જવાની આજ્ઞા આપી. એક નંબરવાળા ઓરડાનો રહેનાર બીજા નંબરવાળા ઓરડામાં, બીજા નંબરવાળા ઓરડાનો રહેનાર ત્રીજા નંબરવાળા ઓરડામાં,......, n નંબરવાળા ઓરડાનો રહેનાર n + 1 નંબરવાળા ઓરડામાં,...... ગયો, અને એક નંબરવાળો ઓરડો ખાલી પડ્યો તે નવા ગ્રાહકને આપવામાં આવ્યો. આવા વિરોધાભાસોના ઉકેલ માટે કેન્ટર નામના ગણિતશાસ્ત્રીએ અનંત સંખ્યાઓની શ્રેણી વિષે નવી અને ક્રાંતિકારી સંકલ્પનાઓ રજૂ કરી, તેમાંથી નવાં પરિણામો મેળવ્યાં અને નવા સંશોધન પ્રશ્નો ઉપસ્થિત કર્યા. કેન્ટરની ટ્રાન્સફાઈનાઈટ (Transfinite) સંખ્યાઓની સંકલ્પના હજુ સુધી વ્યવહારોપયોગી નીવડી નથી, છતાં તે એક સુંદર ગણિતશાસ્ત્રીય સર્જન છે.

૬. આ તો સંખ્યાની મૂળભૂત સંકલ્પનાના વિકાસની આપણે વાત કરી, પણ હવે, સંખ્યા વિષેના નિયમોની આપણે વાત કરીએ. અંકગણિતના સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકારના જે નિયમો છે તેનાથી વધારે મૂળભૂત અને વધારે સરળ તેમજ વધારે સુંદર (elegant) નિયમો મેળવી શકાય કે કેમ તે પ્રશ્નનો ઉત્તર ગણિતશાસ્ત્રીઓ ઘણા સમયથી શોધી રહ્યા હતા. આ દિશામાં વિચાર કરતાં, ગણિતશાસ્ત્રીઓને ગ્રૂપ (Group), રીંગ (Ring), ફીલ્ડ (Field)ની નવી અને વ્યાપક સંકલ્પનાઓ સૂઝી અને તે અંગેના સંખ્યાના મૂળભૂત નિયમો લાધ્યા. કોઈ સમૂહના પદાર્થો વચ્ચે અંકગણિતના સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, શૂન્ય, એકમ વગેરેને મળતા અમુક નિયમો હોય તો તે સમૂહને ગ્રૂપ કહેવામાં આવ્યો અને તે પ્રમાણે રીંગ અને ફીલ્ડની સંકલ્પનાઓ યોજવામાં આવી. સમૂહના આ પદાર્થો અથવા તો તત્ત્વો, સંખ્યાઓ હોઈ શકે, રેખિક રૂપાંતર (Linear Transformation) હોઈ શકે કે ક્રમચય (Permutation) પણ હોઈ શકે. આ નવી સંકલ્પનાઓ ગણિતશાસ્ત્રમાં ખૂબ ફળદ્રુપ નીવડી અને ગણિતશાસ્ત્રના બીજા અંગોના વિકાસમાં તે ઉપયોગી નીવડી, તેમજ પદાર્થ-વિજ્ઞાનમાં તેનો વ્યાવહારિક ઉપયોગ ઘણો જ ફળદાયી નીવડ્યો.

૭. ઓગણીસમી સદીમાં ભૂમિતિના ક્ષેત્રમાં પણ નવી અને ક્રાંતિકારી સંકલ્પનાઓનું સર્જન થયું અને તે પર આધારિત નવા વિષયો રચાયા. પુરાતન કાળથી, યુક્લીડીઅન (Euclidian) ભૂમિતિ, તર્કશાસ્ત્રીય શુદ્ધતા અને વાસ્તવિકતાના આદર્શ નમૂના તરીકે ગણિતશાસ્ત્રમાં સ્વીકારાતી હતી, છતાં તેની પ્લેફેરની સમાંતર લીટીઓ વિષેની સ્વયંસ્વીકૃત માન્યતા તેમજ બીજી કેટલીક મૂળભૂત સંકલ્પનાઓ કેટલાક ગણિતશાસ્ત્રીઓને દોષયુક્ત લાગતી હતી અને તેને

સુધારવા તેઓ પ્રયત્ન કરતા હતા. રીમાન અને બીજા ગણિતશાસ્ત્રીઓએ યુક્લીડીઅન ભૂમિતિની સપાટ અવકાશની સંકલ્પનાને તિલાંજલિ આપી, વક્ર સપાટીવાળા અવકાશની સંકલ્પના રજૂ કરી અને નોન–યુક્લીડીઅન ભૂમિતિની રચના કરી. આ જ દિશામાં ખૂબ આગળ વધીને, વીસમી સદીમાં, આલ્બર્ટ આઈન્સ્ટાઈને આપેક્ષિકતા ( Relativity )નો જે સિદ્ધાંત આપ્યો તે ગણિતશાસ્ત્રના ઇતિહાસમાં, કલ્પના, સર્જન અને બુદ્ધિનો એક ઉત્કૃષ્ટ નમૂનો છે.

૮. ભૌતિક જગતના પદાર્થો અને તેની વાસ્તવિકતાથી દૂર જઈ, સંકલ્પનાઓને વિશેષ અરૂપ અને વ્યાપક બનાવી, શુદ્ધ તર્કશાસ્ત્ર વાપરી, ગણિતશાસ્ત્ર પોતાનો વિકાસ સાધે છે. એમ તો કહી શકાય નહિ કે વિજ્ઞાનમાં થતી નવી નવી શોધખોળોથી ગણિતશાસ્ત્રી અજ્ઞાત રહે છે અથવા તો તેની સંકલ્પનાઓ માટે તે ભૌતિક જગતમાંથી પ્રેરણા મેળવતો નથી; પરંતુ કહેવાતી વાસ્તવિકતા અને પ્રચલિત માન્યતાઓનાં બંધન ગણિતશાસ્ત્રી સ્વીકારતો નથી. જો ગણિતશાસ્ત્રનો વિષય આવો કાલ્પનિક અને અવાસ્તવિક હોય તો આવા શુષ્ક અને અતિતર્કશાસ્ત્રીય વિષયનો વ્યવહારમાં શું ઉપયોગ હોઈ શકે ? વિજ્ઞાનના વિકાસમાં ગણિતશાસ્ત્રે આપેલ મૂળભૂત અને મહત્ત્વના ફાળાના સાચા મૂલ્યાંકનથી વિજ્ઞાનશાસ્ત્રીઓ જ નહિ પણ કેટલાક ગણિતશાસ્ત્રીઓ પણ અપરિચિત છે. 'ગણિતશાસ્ત્રનો ઉપયોગ શું ?' એ પ્રશ્ન વિજ્ઞાનના વિકાસમાં ગણિતશાસ્ત્રે જે અગત્યનો ભાગ ભજવ્યો છે તેનું અજ્ઞાન દેખાડે છે. એ તો સત્ય છે કે ગણિતશાસ્ત્રી તેની સંકલ્પનાઓને વધારે અને વધારે અરૂપ અને વ્યાપક બનાવવા પ્રયત્ન કરે છે અને ભૌતિક જગતની દેખાતી વાસ્તવિકતાથી તે વધારે અને વધારે દૂર જતો હોય તેમ લાગે છે; છતાં આશ્ચર્યજનક અને વિરોધાભાસી સત્ય તો એ છે કે ગણિતશાસ્ત્રની અવાસ્તવિક સંકલ્પનાઓ અને તેમાંથી પ્રતિપાદિત સિદ્ધાંતો અને નિયમો ભૌતિક જગતની રચના અને તેનું કાર્ય સમજવા માટે ખૂબ જ ઉપયોગી માલૂમ પડચા છે. જો દેખાતી વાસ્તવદર્શી સંકલ્પનાઓના બંધનમાંથી મુક્ત થઈ, ગણિતશાસ્ત્રે નવી અરૂપ અને વ્યાપક સંકલ્પનાઓ યોજી ન હોત તો આજનો ભૌતિક વિજ્ઞાનનો આટલો મહાન વિકાસ થયો ન હોત. આ પ્રસ્તાવના સમર્થનમાં ગણિતશાસ્ત્રના ઇતિહાસમાંથી ઘણા દાખલાઓ આપી શકાય.

૯. ટાઈકોબ્રાહેના ગતિના નિરીક્ષણ આંકડાઓ પરથી કેપ્લરે જ્યારે ગ્રહોની કક્ષાના અગત્યના નિયમો તારવ્યા, ત્યારે આ વિષયમાં અરૂપ અને વ્યાપક મૂળભૂત સિદ્ધાંત રચવાના કાર્યમાં એક અગત્યનું પગલું મંડાયું. સત્તરમી સદીમાં, આઈઝેક ન્યૂટને, તેમાંથી ગુરુત્વાકર્ષણની નવીન અને ક્રાંતિકારી સંકલ્પના યોજી. ન્યૂટને યાંત્રિકી ( Mechanics )નાં ગણિતશાસ્ત્રીય મૂળતત્ત્વો આપ્યાં, જે આજે પણ સામાન્ય ઉપયોગ માટે પાયાના સિદ્ધાંતો તરીકે વિજ્ઞાનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ન્યૂટન એક મહાન ગણિતશાસ્ત્રી હતો અને તેની ગુરુત્વાકર્ષણની સંકલ્પના અને તે ક્ષેત્રમાંની તેની અન્ય શોધો અરૂપતા અને વ્યાપકતાની દિશામાં એક સીમાચિહ્ન છે. આપણે જાણીએ છીએ કે વિજ્ઞાનના વિકાસમાં ન્યૂટનનું ગણિતશાસ્ત્રીય સંશોધન ખૂબ જ ઉપયોગી થઈ પડ્યું. વિજ્ઞાનમાં ન્યૂટનને ખૂબ બિરદાવવામાં આવે છે ખરો. પરંતુ તેના સંશોધનની મૂળભૂત સંકલ્પનાની સાચી સમજણ ઓછી દેખાય છે. ગુરુત્વાકર્ષણ એ એક અદ્ભુત ગણિતશાસ્ત્રીય સંકલ્પના હતી અને ભૌતિક જગતની હકીકતોને સમજાવવા માટે, તેમાંથી નિયમો તારવી ભવિષ્ય-કથન કરવા માટે તથા આ ક્ષેત્રમાંના વિજ્ઞાનના વિકાસ માટેની એક નવી કેડી હતી. પરંતુ આ સંકલ્પના પર વાસ્તવિકતાના પડનું આરોપણ કરી, ગુરુત્વાકર્ષણને એક ભૌતિક ક્રિયા

ગણી, આ સંકલ્પનાના મૂળ ગણિતશાસ્ત્રીય સ્વરૂપને આપણે ભૂલી ગયા. આનું પરિણામ એ આવ્યું કે આ વિષયનો વિકાસ કરવા માટે, કુદરતના નિયમોને વધારે ચોકસાઈથી આલેખવા માટે ન્યૂટન જેવા એક બીજા મહાન ગણિતશાસ્ત્રી આલ્બર્ટ આઈન્સ્ટાઈનની ત્રણેક સદીઓ સુધી આપણે રાહ જોવી પડી.

૧૦. આઈન્સ્ટાઈનનો આપેક્ષિકતા ( Relativity )નો સિદ્ધાંત એ પદાર્થવિજ્ઞાનમાં ગણિતશાસ્ત્રના ઉપયોગનું એક ઉત્તમ દૃષ્ટાંત છે. નવીન અને ક્રાંતિકારી સંકલ્પનાઓ પર રચાયેલ એક સંપૂર્ણ સિદ્ધાંત આપવામાં આઈન્સ્ટાઈને ઉચ્ચ કોટિની પ્રજ્ઞા અને ગણિતશાસ્ત્રીય શક્તિ દેખાડી એટલું જ નહિ પણ અસાધારણ કલ્પના અને હિંમત દેખાડી. સદીઓથી સારું કામ આપતી મહાન ન્યૂટનની ગુરુત્વાકર્ષણની સંકલ્પના, સપાટ અવકાશ અને યુક્લીડીઅન ભૂમિતિનો તેણે ત્યાગ કર્યો. તરંગી ગણિતશાસ્ત્રીઓએ ઓગણીસમી સદીમાં આપેલ નોન–યુક્લીડીઅન ભૂમિતિ અને વક્ર અવકાશની નવી ભૂમિતિનો તેણે ઉપયોગ કર્યો. તેની સંકલ્પનાને એક સંપૂર્ણ સિદ્ધાંતમાં વિકસાવવા માટે એક નવા જ ટેન્સર કેલ્ક્યુલસ ( Tensor Calculus )નો તેણે ઉપયોગ કર્યો અને તેના કાર્યને ઉપયોગી નવાં ગણિતશાસ્ત્રીય સાધનો રચ્યાં. ભૌતિક અવકાશ-સમયના સાતત્યને ( Space-Time Continuum ) તેણે વક્ર અવકાશરૂપે રજૂ કર્યું. પદાર્થવિજ્ઞાનના ભૌતિક નિયમોને તેણે અવકાશ અંગેના ભૂમિતીય નિયમોનું સ્વરુપ આપી નવા નિયમોનું પ્રતિપાદન કર્યું અને અવકાશ, સમય, દ્રવ્ય, શક્તિ વગેરે પદાર્થવિજ્ઞાનની સંકલ્પનાઓ તથા તે અંગેના નિયમોમાં ક્રાંતિકારી પરિવર્તનો તેણે આણ્યાં. આપણે જાણીએ છીએ કે આઈન્સ્ટાઈનના આપેક્ષિકતા ( Relativity )ના સિદ્ધાંતમાં આજના અણુયુગનાં મંડાણ છે. આઈન્સ્ટાઈને તેનો સિદ્ધાંત નિરીક્ષણ આંકડાઓ પર બંધબેસે તે રીતે રચ્યો ન હતો. પ્રચલિત વાસ્તવિક મનાતી સંકલ્પનાઓને ઠોકર મારી, નવી સંકલ્પનાઓ, નવું ગણિતશાસ્ત્ર અને અસાધારણ બુદ્ધિ વાપરી, આઈન્સ્ટાઈને તેનો સિદ્ધાંત રચ્યો હતો. તે સિદ્ધાંત એટલો બધો અરૂપ અને ગણિતશાસ્ત્રીય હતો કે આઈન્સ્ટાઈને જ્યારે ૧૯૦૫માં એક નાની પુસ્તિકામાં આ સિદ્ધાંત પ્રસિદ્ધ કર્યો ત્યાર પછી દસ વર્ષ બાદ પણ તેને સારી રીતે સમજનારા દસ ગણિતશાસ્ત્રીઓ આખી દુનિયામાં ન હતા. આ સિદ્ધાંત પરથી, આઈન્સ્ટાઈને, આત્મવિશ્વાસથી અમુક ભવિષ્યકથનો કર્યાં અને તેના સિદ્ધાંતની કસોટી માટે આહ્વાન આપ્યું. વર્ષો પછી, નિરીક્ષણ અને પ્રયોગોના આંકડાઓ પરથી, આઈન્સ્ટાઈને કરેલાં ખગોળશાસ્ત્રીય અને પદાર્થવિજ્ઞાન અંગેનાં ભવિષ્યકથનો સાચાં માલૂમ પડ્યાં. અહીં નિર્દેશ કરવાની જરૂર છે કે આઈન્સ્ટાઈનનો આપેક્ષિકતા (Relativity)-નો સિદ્ધાંત એ એક અંધારા પ્રદેશમાં ગણિતશાસ્ત્રીય કૂદકો હતો અને તે કૂદકો સફળ થયો નહોત તો પણ આ સિદ્ધાંત ગણિતશાસ્ત્રીય દૃષ્ટિએ મહાન ગણાત. અલબત્ત, ગણિતશાસ્ત્રીય શક્તિની દૃષ્ટિએ, આવાં ઉચ્ચ કોટિનાં ઘણાં સંશોધનોથી ગણિતશાસ્ત્રનો ઇતિહાસ ભરપૂર છે.

૧૧. આપણે અગાઉ જોયું હતું કે હેમિલ્ટનની ક્વૉટર્નિયન ( Quaternion )ની સંકલ્પના વિકસાવી, ઓગણીસમી સદીમાં, સીલ્વેસ્ટર અને કેઈલીએ મેટ્રીક્સ એલ્જીબ્રા ( Matrix Algebra )નો એક નવો વિષય રચ્યો હતો. બુદ્ધિમાન પણ તરંગી ગણિતશાસ્ત્રીઓની કલ્પના અને તર્કનું આ પરિણામ ગણિતશાસ્ત્રના એક અજ્ઞાત ખૂણે વર્ષો સુધી પડ્યું રહ્યું અને જૂજ ગણિતશાસ્ત્રીઓ તે વિષે કંઈક જાણતા. વીસમી સદીની શરૂઆતમાં, ટર્નબુલ અને એઈટ્કને આ

વિષય પરની વર્ષોની ધૂળ ખંખેરી, તેને સરળ, વ્યવસ્થિત અને આકર્ષક સ્વરૂપમાં રજૂ કર્યો. છતાં પણ કેટલાંક વર્ષો સુધી તો આ વિષય બિનઉપયોગી રહ્યો અને ઘણા થોડા ગણિતશાસ્ત્રીઓ આ વિષયનું જ્ઞાન ધરાવતા હતા. અચાનક, સાંખ્યિકી ( Statistics )ના નવા અને ઊગતા વિષયના વિકાસમાં મેટ્રીકસ એલ્જીબ્રાનો વિષય ખૂબ ઉપયોગી માલૂમ પડચો અને તે વિષયનો વિકાસ અને ઉપયોગ ઝડપથી થવા માંડચો. આજે તો સાંખ્યિકીમાં જ નહિ, પરંતુ પદાર્થવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, જીવશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, યાંત્રિકી વગેરે જ્ઞાન અને વિજ્ઞાનની અનેક શાખાઓમાં મેટ્રીક્સ એલ્જીબ્રાનો બહોળો ઉપયોગ થાય છે અને આ વિષયને સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોમાં સ્થાન આપવામાં આવે છે.

૧૨. પદાર્થવિજ્ઞાનના ઈલેક્ટ્રો-મેગ્નેટિઝમ ( Electro-Magnetism )ના ક્ષેત્રમાં, ફેરેડેએ નવા પ્રયોગો યોજી, ઘણાં જ અગત્યનાં નિરીક્ષણો કર્યાં અને તે પરથી આ વિષયના કેટલાક નિયમો રચાયા. આ નિયમો અને પરિણામો પરથી, મેક્સવેલે ઈલેક્ટ્રિક અને મેગ્નેટિક બળો અને તેના ફેરફારોના દરો સંબંધી નવી ગણિતશાસ્ત્રીય સંકલ્પનાઓ રજૂ કરી, તે વિષેનાં મૂળભૂત અવકલન સમીકરણો ( Differential Equations ) રચી, આ વિષયના જ્ઞાનને અરૂપ ગણિતશાસ્ત્રીય સ્વરૂપ આપ્યું. આ ગણિતશાસ્ત્રીય અવકલન સમીકરણોના રૂપ ઉપરથી જણાયું કે પ્રકાશના આંદોલનોને મળતું આંદોલનાત્મક સ્વરૂપ ઈલેક્ટ્રોમેગ્નેટિક ક્રિયાઓના પ્રચાલનનું છે. આ ગણિતશાસ્ત્રીય સંશોધન તુરત તો ઉપયોગી નીવડયું નહિ, પરંતુ આ સંશોધનમાંથી પ્રેરણા મેળવી, રેડીઓ આંદોલનો વિષે હર્ટ્ઝે જે પ્રયોગો કર્યા અને પછી આ વિષયમાં જે અદ્ભુત પ્રગતિ થઈ તેનું મૂળ મેકસવેલના ગણિતશાસ્ત્રીય સંશોધનમાં છે.

૧૩. સત્તરમી સદીમાં કેટલાક ગણિતશાસ્ત્રીઓ દ્યૂતની રમતોની હારજીતની સંભાવિતા ( Probability )ઓ માપવાની ગણિતશાસ્ત્રીય બૌદ્ધિક કસરતમાં રસ લેતા હતા. આ અંગેની વિચારણામાંથી સંભાવિતાના સિદ્ધાંતનો ઊગમ થયો અને અઢારમી સદીમાં લાપ્લાસ અને બીજા ગણિતશાસ્ત્રીઓએ આ વિષયને સારી રીતે વિકસાવ્યો. થોડાંક વર્ષો સુધી તો ફક્ત થોડાક ગણિતશાસ્ત્રીઓ આ વિષયમાં રસ લેતા હતા, પરંતુ ઓગણીસમી અને વીસમી સદીમાં, સંભાવિતાની સંકલ્પનાને નવું વ્યાવહારિક સ્વરૂપ આપી, કાર્લ પીઅર્સન, રોનાલ્ડ ફીશર અને બીજા ગણિતશાસ્ત્રીઓએ સાંખ્યિકી ( Statistics ) નામનું એક નવું શાસ્ત્ર રચ્યું તે વ્યયવહારમાં ખૂબ જ ઉપયોગી નીવડયું. આ વિષયનું સ્વરૂપ કંઈક નવીન છે અને તેમાં આગમનિક તર્કશાસ્ત્ર ( Inductive Logic )નો પણ અમુક રીતે ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ આ વિષય ગણિતશાસ્ત્રીય છે, તેનો ઉદ્ભવ ગણિતશાસ્ત્રમાંથી થયો છે અને ગણિતશાસ્ત્રનો તેમાં સારી રીતે ઉપયોગ કરવામાં આવે છે. સાંખ્યિકી ( Statistics )નો ઉપયોગ આજે જ્ઞાન અને વિજ્ઞાનની અનેક શાખાઓમાં, ઉદ્યોગમાં, વાણિજ્ય અને વ્યાપારમાં, માનસશાસ્ત્રમાં, અર્થશાસ્ત્રમાં, વગેરે અનેક સ્થળોએ વિશાળ પ્રમાણમાં થાય છે અને તેથી સાંખ્યિકી એ આજે વિજ્ઞાનની એક સ્વતંત્ર શાખા ગણાય છે. છતાં સાંખ્યિકી ગણિતશાસ્ત્રની ઉપયોગિતાનું એક સુંદર ઉદાહરણ છે.

૧૪. ગણિતશાસ્ત્ર અને સાંખ્યિકીની સંકલ્પનાઓનો ઉપયોગ કરી, ગણિતશાસ્ત્રી નોર્બર્ટ વીનરે, વીસમી સદીમાં, સાયબર્નેટીકસ ( Cybernetics ), એટલે કે પ્રાણી અને યંત્રમાં નિયંત્રણ

અને સંચાર અંગેનું શાસ્ત્ર રચ્યું અને તે પરથી આજના અદ્દ્ભુત ઈલિક્ટ્રોનિક કોમ્પ્યુટર (Electronic Computer)ની રચના શકય બની. અલબત્ત, આ ઈલિક્ટ્રોનિક કોમ્પ્યુટર, એન્જીનીઅરીંગ અને ટેકનોલોજીની પણ એક મહાન સિદ્ધિ છે, પણ તેની મૂળભૂત સંકલ્પના, તેના અમુક સિદ્ધાંતો તથા તેનું ગણિતશાસ્ત્ર આપવામાં અને તેનો વિકાસ સાધવામાં વીનરનો ફાળો અમૂલ્ય છે. વૈજ્ઞાનિક સંશોધનમાં આજે ઈલિક્ટ્રોનિક કોમ્પ્યુટર મહત્ત્વનો ફાળો આપી રહ્યું અને વ્યવહારમાં તે ઘણું ઉપયોગી નીવડયું છે. અર્થશાસ્ત્રને વૈજ્ઞાનિક સ્વરૂપ આપવા માટે આજે ગણિતશાસ્ત્રનો ઉપયોગ ઘણી સફળતાથી થઈ રહ્યો છે અને પ્રાચીન અર્થશાસ્ત્રની જગ્યાએ ઈકોનોમેટ્રીક્સ (Econometrics) નામના એક નવા અર્થશાસ્ત્રે સારી પ્રગતિ કરી છે. ઑપરેશન રીસર્ચ (Operation Research) નામનો એક નવો વિષય આજે વિકાસ પામી રહ્યો છે, તેમાં ગણિતશાસ્ત્ર અને સાંખ્યિકીની મદદથી વિશાળ અને અનેકવિધ પ્રશ્નનો ઉકેલ લાવી શકાય છે. જ્ઞાન અને વિજ્ઞાનની અનેક શાખાઓમાં ગણિતશાસ્ત્રનો ઉપયોગ ઘણી મોટી સફળતાથી અને વધતા જતા પ્રમાણમાં આજે થઈ રહ્યો છે. ગણિતશાસ્ત્રના અભ્યાસ અને સંશોધનને આજે વધતું જતું મહત્ત્વ અપાઈ રહ્યું છે. બુદ્ધિના વિકાસ માટે, ગણિતશાસ્ત્રનો અભ્યાસ ઉપયોગી માલૂમ પડયો છે. એમ પણ માલૂમ પડયું છે કે ગણિતશાસ્ત્રની અરૂપ સંકલ્પનાઓની તાલીમ, ઉદ્યોગોના સંચાલનમાં, રાજ્યવહીવટમાં, કૂટ પ્રશ્નોના ઉકેલમાં, મદદરૂપ થાય છે. માનવ સંસ્કૃતિના વિકાસમાં પણ ગણિતશાસ્ત્રે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

૧૫. ગણિતશાસ્ત્રને શુદ્ધ ગણિતશાસ્ત્ર (Pure Mathematics) અને વ્યાવહારિક ગણિતશાસ્ત્ર (Applied Mathematics) એમ બે વિભાગમાં ઘણી વખત વહેંચવામાં આવે છે અને વિજ્ઞાનશાસ્ત્રીઓ, એન્જીનીઅરો અને ટેકનોલોજિસ્ટોમાં એવી માન્યતા પ્રવર્તે છે કે તેમને માટે તો ફક્ત વ્યાવહારિક ગણિતશાસ્ત્ર જરૂરનું છે. તેઓ એમ આગ્રહ રાખે છે કે તેમના વિદ્યાર્થીઓ માટે ગણિતશાસ્ત્રની મૂળભૂત સંકલ્પનાઓની જરૂર નથી, તેથી તે વિદ્યાર્થીઓને તુરત જ ગણિતશાસ્ત્રના વ્યાવહારિક ઉપયોગ પર લઈ જવા જોઈએ. આ વિચારસરણીના મૂળમાં ગણિતશાસ્ત્રનું *સ્વરૂપ અને તેની ઉપયોગિતાનું* અજ્ઞાન અને ગેરસમજણ છે. ખરી રીતે તો ગણિતશાસ્ત્રના શુદ્ધ અને વ્યાવહારિક એમ બે અલાયદા સ્વતંત્ર વિભાગો નથી. કહેવાતા વ્યાવહારિક ગણિતશાસ્ત્રમાં પણ મૂળભૂત સંકલ્પનાઓ અને સિદ્ધાંતો હોય છે. શુદ્ધ ગણિતશાસ્ત્રમાં પણ ઉપયોગોનાં દૃષ્ટાંતો હોય છે. જો શુધ્ધ ગણિતશાસ્ત્ર ન હોય તો વ્યાવહારિક ગણિતશાસ્ત્ર ક્યાંથી આવવાનું છે? આમ છતાં, ગણિતશાસ્ત્રીઓએ યાદ રાખવું જોઈએ કે ગણિતશાસ્ત્રને જો પ્રગતિશીલ રાખવું હોય તો તેના વ્યાવહારિક ઉપયોગ તરફ દુર્લક્ષ કરવું જોઈએ નહિ. જ્ઞાનનો ઉપયોગ થવો જોઇએ અને તે પણ માનવકલ્યાણ માટે. ગણિતશાસ્ત્રમાં આપણી મુશ્કેલી એ છે કે કયું જ્ઞાન ક્યારે ઉપયોગી થશે તે આપણે અગાઉથી જાણી શકતા નથી. ગણિતશાસ્ત્રનું અમુક જ્ઞાન તો નિરૂપયોગી રહેવાનું જ. વ્યાવહારિક ઉપયોગનો વિશેષ આગ્રહ રાખવામાં ભય એ છે કે ગણિતશાસ્ત્ર જડ અને નિષ્પ્રાણ બની જાય. ગણિતશાસ્ત્રનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે ગણિતશાસ્ત્ર ઉપયોગી છે અને તેથી ભવિષ્યમાં તે ઉપયોગી નીવડશે જ. તે માટે જરૂરી છે શ્રદ્ધા, ધીરજ અને ગણિતશાસ્ત્રના વિકાસ માટેની તપશ્ચર્યા.

૧૬. ગણિતશાસ્ત્ર અરૂપ અને અવાસ્તવિક સંકલ્પનાઓ પર રચાયેલું હોવા છતાં ભૌતિક જગતના નિયમો સમજવા માટે આટલું બધું ઉપયોગી હોવાનું શું કારણ હશે ? ભૌતિક જગતના નિયમો સમજાવવાની ગણિતશાસ્ત્રીય સંકલ્પનાઓની અદ્દ્ભુત શક્તિ વિષે ઘણા વિજ્ઞાનશાસ્ત્રીઓએ ઊંડું આશ્ચર્ય અનેક વખત વ્યક્ત કર્યું છે અને અનેક કલ્પનાઓ કરી છે. જેઈમ્સ જીન્સે તો કહ્યું છે કે આ વિશ્વનો રચનાર ઇશ્વર એક ગણિતશાસ્ત્રી હોવો જોઈએ. આ કથન કદાચ, ગણિતશાસ્ત્રનાં ગુણગાન ગાતા એક ગણિતશાસ્ત્રીની કાવ્યમય કલ્પના ગણાય ! ગણિતશાસ્ત્ર અંતે તો માનવનિર્મિત છે અને માનવબુદ્ધિની સ્વાભાવિક મર્યાદાઓથી પર તો તે હોઈ શકે નહિ. માનવબુદ્ધિ, ગણિતશાસ્ત્ર દ્વારા, આ વિશ્વની રચના અને કાર્યના અવિચલ નિયમો શોધવામાં અંતે સફળ થશે ખરી ? આ પ્રશ્ન આપણને કલ્પના અને તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં લઈ જાય છે. આપણે તો પ્રખ્યાત ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી લેબેગના કથનમાં આશ્વાસન લઈશું કે ગણિત શાસ્ત્રીએ, એ જ્યાં સુધી ગણિતશાસ્ત્રી રહેવા માગે છે ત્યાં સુધી, તત્ત્વજ્ઞાનમાં માથું મારવું નહિ. તેથી, અંતમાં, ગણિતશાસ્ત્રની અરૂપતા અને ઉપયોગિતા પર ભાર મૂકી, આ પ્રશ્નને આપણે પ્રશ્ન જ રહેવા દઈએ તે ઇષ્ટ છે.

# ગ્રન્થાવલોકન

**લિરિક અને લગરિક :** લેખક : શ્રી ચન્દ્રવદન ચી. મહેતા, પ્રકાશક : શિવજી આશર, સ્વાતિ પ્રકાશન, ૨૨૬ સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ–૩, પૃ. સંખ્યા ૩૩૮ + ૧૨ = ૩૫૦; કિંમત સાડા છ રૂપિયા.

આ પુસ્તકની ‘ લગરિક ’ નામે પ્રસ્તાવનામાં લેખક કહે છે : ‘ આવી જાતનો સંગ્રહ કદાચ આ પહેલો જ હશે. ’ આ વાત સાચી નથી. આજથી નવેક વર્ષ પૂર્વે ‘ ત્રિવેણી ’ નામે આ પ્રકારનો ગ્રંથ પ્રગટ થયો છે. જેમ અહીં એક ભાગ કવિતા સંબંધી, બીજો ભાગ નાટક સંબંધી અને ત્રીજામાં રેડિયો વાર્તાલાપથી માંડી રેડિયોરૂપક સુધીનો સમાસ થયો છે તેમ ‘ ત્રિવેણી ’માં પણ વાર્તાઓ, કાવ્યો અને નિબંધો સંગ્રહાયાં છે.

વિવિધ પ્રકારનાં નાટકોના સમર્થ લેખક, નવીન ભાવોના ગાનાર અગ્રણી કવિ, રંગદર્શી પ્રવાસલેખક, સરળતા ને નિખાલસતાના ગુણે મંડિત આત્મકથાના લેખક, સફળ અદાકાર, દષ્ટિવંત દિગ્દર્શક, રસિક વક્તા અને ઉત્સાહી પ્રૉફેસર તરીકે શ્રી ચંદ્રવદન મહેતા ગુજરાતને અજાણ્યા નથી જ. એક સારા અભ્યાસી વિવેચક તરીકે શ્રી મહેતા ગુજરાતને અત્યાર સુધી સુજ્ઞાત નહોતા તે આ ‘ લિરિક અને લગરિક ’ ગ્રંથના પ્રકાશનથી હવે થાય છે.

‘ લિરિક અને લગરિક ’ના પ્રથમ વિભાગના ‘ સુંદરજી બેટાઈનું કાવ્ય : સદ્‌ગત ચન્દ્રશીલાને ’ એ નામના પાંચમા લેખની ( પૃ. ૬૧ ) શરૂઆતમાં તેઓ લખે છે : “ જે મારો ધર્મ નથી, જે કામ મેં કર્યું નથી, તેવું કામ માથે લઈ બેઠો છું. શું કરું ? હાથ હાથમાં ન રહ્યો. ” એમના સમગ્ર વિવેચન-વ્યાપાર માટે પણ આ વિધાન એટલું જ સાચું છે.

પ્રથમ વિભાગનો ‘ લિરિક ’ નામે લેખ શ્રમ અને અભ્યાસનિષ્ઠાનો દ્યોતક છે. એ લેખ વાણી-અર્થની પ્રવાહિતા ( Lyrical quality ) અને રસાળતાના ગુણે મંડિત છે; જ્યારે બીજો લેખ ‘ સૉનેટ ’ કંઈક અંશે ક્લિષ્ટ છે. આ વિભાગના બાકીના લેખોમાં બાલમુકુન્દ દવેકૃત ‘ પરિક્રમા ’, વેણીભાઈ પુરોહિતકૃત ‘ દીપ્તિ ’ તેમ જ ‘ સિંજારવ ’, શ્રી બેટાઈકૃત ‘ સદ્‌ગત ચન્દ્રશીલાને ’ અને ‘ નિગ્રિટ્યુડ કાવ્યસાહિત્ય ’—એ કાવ્યસંગ્રહો અને કાવ્યસાહિત્ય સંબંધે વિવેચન છે. આમાંથી કેટલાકમાં કાવ્યસંગ્રહની મૂલ્યાંકનની દૃષ્ટિ છે તો કેટલાકમાં ગમી ગયેલા કાવ્યનું રસાસ્વાદ કરાવવાનો રંગદર્શી અને કવિતાઈ પ્રયત્ન છે. ‘ દીપ્તિ ’નો રસાસ્વાદ કરાવતાં તેઓ આ રીતિથી સભાન બની લખે છે : “ પણ આપણે એમ એકેક કાવ્ય કે એમાંના ભાવ યા એમાંની મનોરમ ઉક્તિઓ લઈ વાગોળવા બેસીશું તો પાર કયારે આવશે ” ? ( પૃ. ૫૬ ). આ વિભાગમાંના ‘ પરિક્રમા ’ અને ‘ સદ્‌ગત ચન્દ્રશીલાને ’—એ બે વિવેચનલેખો શ્રી મહેતાની સહૃદયી વિવેચનાના સુંદર સફળ નમૂના છે.

બીજા વિભાગમાં નાટક સંબંધે નાનામોટા કુલ્લે સાત લેખો છે. ‘ નક્કર હકીકતોનો ટૂંક સાર ’ એ ટાંચણિયો-લેખ ગુજરાતી નાટકસંશોધન માટે કાચી સામગ્રી પૂરી પાડે છે.

'રંગભૂમિનાં સો વર્ષ'માં ઐતિહાસિક દૃષ્ટિ અને વિગતોની ચોક્કસાઈ જોવા મળે છે. અલબત્ત, મૂળે આ લેખ અંગ્રેજીમાં લખાયેલો. બીજા કોઈએ એ અંગ્રેજી લેખનો અનુવાદ કરેલો છે. અનુવાદકનું નામ આપ્યું હોત તો ? 'નાટકનો ઇતિહાસ, અભિનય અને રજૂઆત'માં વક્તવ્યની સચોટતા, અભ્યાસનું ઊંડાણ અને પૂર્વપશ્ચિમની નાટકવિષયક તુલનાત્મક દૃષ્ટિ વગેરેનો સારો એવો ખ્યાલ મળે છે. જગતભરમાં ગઈ સાલ શેક્સ્પિયરની ચતુર્થશતાબ્દી નિમિત્તે સારસ્વતસત્રો ઉજવાયાં. 'શેક્સ્પિયરની ગુજરાતી રંગભૂમિ ઉપર અસર' એ વિગતસભર લેખ વિશ્વવિખ્યાત નાટ્યકાર શેક્સ્પિયરની પ્રતિભાને આપેલો ઉચિત અર્ઘ્ય છે. 'નાટકકાર નવલરામ'માં તેઓ નવલરામને આ રીતે બિરદાવે છેઃ "મોલિયેર સવાસો વર્ષોમાં ગુજરાતમાં તેમજ બીજા પ્રાંતોમાં ભારોભાર ઉતારાયો છે, અને પચાવાયો પણ છે, એમાં નવલરામની પહેલ અને એમ કરવાની એની જિકર ધન્યવાદને પાત્ર છે, એમ તો ખચિત જ કહેવું પડે" (પૃ ૧૫૯). 'શ્રી શ્રીધરાણીનાં નાટકો'એ આ વિભાગનો સર્વોત્તમ વિવેચન–લેખ છે. શ્રી શ્રીધરાણીનાં કાવ્યોનું અવલોકન કરતાં શ્રી ઉમાશંકર જોષીએ તેમનાં અનેક કાવ્યોમાં નાટ્યાત્મકતાના અંશો દર્શાવ્યા છે. શ્રી શ્રીધરાણીનાં નાટકોનું અવલોકન કરતાં શ્રી મહેતા તેમાં કાવ્યાત્મકતા જુએ છે ને વાચકોને બતાવે છેઃ 'શ્રી શ્રીધરાણીની આ કૃતિઓમાં અર્ક કાવ્યનો છે, મહેક નાટકની છે.' (પૃ. ૧૭૬). "'ગુલાબ' ગુજરાતી ભાષામાં છપાયેલું પહેલું મૌલિક નાટક"—એ 'છપાયેલું પહેલું' નાટક હશે, પણ શ્રી મહેતાનો આ લેખ વાંચ્યા પછી એની મૌલિકતાની છાપ મન પર પડતી નથી.

ત્રીજા વિભાગની શરૂઆતમાં 'રેડિયો નાટિકા' અને 'રેડિયો નાટક–રૂપક'નું સાચું હાર્દ સમજાવતા બે સારા લેખો છે. 'નરસિંહરાવ દીવેટિયા–અધ્યાપક તરીકે'—એ રેખાચિત્રના આલેખનમાં આત્મીયતાનાં ઉષ્મા–ઉત્કટતા ઠીક ઠીક ઊતર્યાં છે. આ વિભાગને અંતે 'બહેરામજી મલબારી', 'દેડકાની નવી પાંચશેરી' અને 'ગુજરાતદર્શન' એ ત્રણ રેડિયો–રૂપકો આપ્યાં છે. તેમાં 'બહેરામજી મલબારી'વાળું ખૂબ સફળ રૂપક ગણાવી શકાય. એમાંનું માતૃભક્તિનું મહિમ્નસ્તોત્ર તો સાચે જ ઉત્કટ ને હૃદયસ્પર્શી છે. 'દેડકાની નવી પાંચશેરી' સંબંધે 'લગરિક' નામે પ્રસ્તાવનામાં શ્રી મહેતા લખે છેઃ "આ નમ્ર લેખકનું એવું માનવું છે કે જાતને જેમ જેમ ટોકીએ તેમ તેમ કોઈની કરડી નજરનું, કે લોકની અલાબલાનું કંઈક નિવારણ થાય, એટલે એ હેતુથી નૂતન દર્દૂર પંચશેરીકા–ત્રીજા અવતારે લખાણી તે અહીં ઉમેરી છે." 'આ નમ્ર લેખક'ના ઉક્ત હેતુને સમભાવપૂર્વક સમજી માન્ય રાખ્યા બાદ પણ એટલું કહેવાનું પ્રાપ્ત થાય છે કે આ 'દેડકાની નવી પાંચશેરીના અગાઉના અવતારોમાં આની તુલનાએ સુરુચિનું તત્ત્વ વિશેષ વરતાય છે. ગુજરાતદર્શનમાં પૂતળી અને વૈતાળ એ બે પાત્રોનો ઉચિત રીતે કરેલો વિનિયોગ સાર્થક લાગે છે.

વેણીભાઈના 'સિંજારવ'ના અવલોકનવાળા લેખમાં નાનાલાલના કાવ્ય 'ગિરનારને ચરણે' ને બદલે 'ગિરનારને ખોળે' (પૃ. ૫૯) લખે છે તે સહેજ શીર્ષક-ફેર છે. વળી, ત્રીજા વિભાગમાં 'હાસ્યરસના લેખકોની અછડતી યાદી'વાળા લેખમાં માંડણ બંધારાને શિરોહીને બદલે ભરૂચનો વતની ગણાવ્યો છે (પૃ. ૨૧૫) તે વિગતદોષ છે. 'લિરિક અને લગરિક'માં જોડણીની એકવાક્યતાનો અભાવ પણ ઠીક ઠીક વરતાય છે. 'ભટનું ભોપાળું',—'ભટ્ટનું ભોપાળું', 'હેમલેટ'–'હેમ્લેટ', 'દીવેટિયા'–'દિવેટિયા', 'લગરિક'–'લગરીક'—વગેરે તેનાં દૃષ્ટાંતો છે. 'નરસિંહરાવ દીવેટિયા–અધ્યાપક તરીકે'–એ રેખાચિત્રમાં શ્રી દીવેટિયા શ્રી મહેતાને

પ્રથમ મળે છે ત્યારે કહે છે : તમે ' ચન્દ્રવદન ! ભયંકર અનુસ્વારશત્રુ છો '. ' લિરિક અને લગરિક ' વાંચ્યા બાદ આજે ય સ્વ. નરસિંહરાવની એ વાત એટલી જ સાચી લાગે છે !

એકંદરે, શુષ્ક પંડિતની નહીં પણ રસિક કવિજીવની અભ્યાસપ્રતીતિ કરાવતા, ક્યાંક ધારાવાહી ને તાજી લખાવટે મંડિત તો ક્યાંક ટાંચણિયા-શૈલીએ ખંડિત, ક્યાંક મર્મ-મજાકે ને વાર્તાલાપી-કલા( Conversational Style )એ કમનીય તો ક્યાંક કવચિત્ વિષયાન્તરે પણ શૈલીની પ્રત્યક્ષતાને કારણે રસિક વાચન પૂરું પાડતા શ્રી મહેતાના આ સંગ્રહનું ' લગરિક ' નહીં પણ ઝાઝેરું સન્માન કરીએ છીએ.

**રણજિત પટેલ ( અનામી )**

* * *

**સભાશૃંગાર**—સંપાદક : અગરચંદ નાહટા; પ્રકાશક : નાગરી પ્રચારિણી સભા, વારાણસી; મૂલ્ય રૂા. ૯ = ૦૦. પૃ. ૨૨ + ૩૨૦ + ૩૪.

' સભાશૃંગાર ' આપણી પ્રાચીન ભારતીય વર્ણક–સાહિત્યની પરંપરાને જૂની ગુજરાતી–રાજસ્થાનીમાં પ્રતિબિંબિત કરતો ગ્રન્થ છે. વર્ણક ગદ્યસાહિત્ય સંસ્કૃત, પ્રાકૃત, પાલિ અને અન્ય પ્રાદેશિક ભાષાઓમાં પ્રાપ્ત થાય છે. ' વર્ણક ' માટે પ્રાકૃત શબ્દ ' વણ્ણઓ ' છે અને આ પ્રકારના સાહિત્યનો વિકાસ જોતાં, સૌથી પ્રથમ તે પ્રાકૃત સાહિત્યમાં લિખિત સ્વરૂપે પ્રાપ્ત થાય છે. દેવર્ધિગણિ ક્ષમાશ્રવણે, ઈ. સ. પાંચમા સૈકામાં જૈન આગમોના પુનર્ઘટનનું મહાન ઐતિહાસિક કાર્ય વલભીમાં હાથ ધર્યું, ત્યારે ભારતભરના ભણ્ડારો માટે આગમોની નકલો તૈયાર થતી હતી. તે સમયે, આગમોમાં અન્તર્ગત કરવાના સંખ્યાબંધ વિષયોનાં કર્ણમંજુલ, લયયુક્ત અને રાગબદ્ધ ગદ્યનાં, નક્કી કરેલા શબ્દસમૂહો ધરાવતાં વર્ણનો નિયત થયાં. આ વર્ણનોમાં સ્થાન પામેલા વિષયો અને તે દ્વારા વ્યક્ત થતી સમૃદ્ધિ, ગુપ્ત સમ્રાટોના સુવર્ણયુગમાંથી ચાલ્યા આવ્યાં હોય, એવી સંભાવના, ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ, આ ગ્રન્થની ' ભૂમિકા 'માં રજૂ કરે છે. પરંતુ અલિખિત સ્વરૂપમાં, મૌખિક લોકસાહિત્યરૂપે, વર્ણક-સાહિત્ય ગુપ્ત સમય કરતાં પણ પ્રાચીન હોવાની એક પ્રબળ શકયતા છે.

ડૉ. ભોગીલાલ સાંડેસરાએ ' વર્ણક 'નો પરિચય આ પ્રમાણે આપ્યો છે : ' ...' વર્ણક ' એટલે કોઈ પણ વિષયના વર્ણનની પરંપરાથી લગભગ નિશ્ચિત થયેલી એક ધાટી. અક્ષરના, રૂપના, માત્રાના અને લયના બંધનથી મુક્ત છતાં પદ્યમાં લેવાતી બધી છૂટ ભોગવતા પ્રાસયુક્ત ગદ્ય--' બોલી 'માં ઘણુંખરું વર્ણકોની રચના થયેલી હોય છે... '[1] સભારંજની શૈલીમાં લખાયલા આ સાહિત્યપ્રકારનો ઉપયોગ, કથાકારો અને પ્રવચનકારો, શ્રોતાઓના મનોરંજન માટે કરતા હોવા જોઈએ.

' સભાશૃંગાર ' સાથે સરખાવી શકાય એવી આ પહેલાં પ્રસિદ્ધ થયેલી કૃતિઓમાં પ્રાચીન ગુજરાતી કૃતિ ' પૃથ્વીચન્દ્રચરિત્ર ', મૈથિલી ભાષામાં રચાયેલ ' વર્ણક–રત્નાકર ', પ્રાચીન

---

૧ સાંડેસરા ( ડૉ. ), ભો. જ.-સંપાદિત : ' વર્ણક–સમુચ્ચય ', ભાગ ૧, પ્રતિપરિચય, પૃ. ૯.

ગુજરાતી વર્ણકોનો સંગ્રહ 'વર્ણક–સમુચ્ચય, ભાગ ૧' અને 'વર્ણક–સમુચ્ચય, ભાગ ૨'[1] તેમ જ સંસ્કૃત વર્ણક–કૃતિઓ '**गीर्वाणपदमञ्जरी**' અને '**गीर्वाणवाङ्मञ्जरी**'[2] ગણાવી શકાય.

'સભાશૃંગાર'ના વિદ્વાન સંપાદકે, આખા સંગ્રહના દસ ભાગ પાડ્યા છે અને છેલ્લે પરિશિષ્ટમાં બે સંસ્કૃત અને એક પ્રાચીન મારુ-ગૂર્જર એમ ત્રણ વર્ણકકૃતિઓ આપી છે. કુલ પાંચ હસ્તપ્રતો પરથી તૈયાર કરેલ આ સંપાદનમાં, શ્રી. નાહટાજીએ, મૂળ હસ્તપ્રતોનાં વર્ણનો, વિષયવાર અલગ પાડી, પાંચે ય હસ્તપ્રતોનાં વર્ણનોને દસ વિભાગમાં વહેંચી નાખ્યાં છે. વર્ણનોના દસ વિભાગ આ પ્રમાણે છે: ૧. દેશ, નગર, વન, પશુ, પક્ષી, જલાશય; ૨. રાજ, રાજપરિવાર, રાજસભા, સેના, યુદ્ધ; ૩. સ્ત્રી, પુરુષવર્ણન; ૪. પ્રકૃતિવર્ણન, પ્રભાત, સંધ્યા, ઋતુ આદિ; ૫. વિદ્યાઓ અને કલાઓ; ૬. જાતિઓ, ધંધા અને વ્યક્તિવિશેષ; ૭. દેવ, વેતાલ, શાકિની, સિદ્ધ, વ્યક્તિ આદિ; ૮. જૈન ધર્મ; ૯. સામાન્ય નીતિવર્ણન; ૧૦. ભોજન આદિ.

આ વર્ણનોમાં, પ્રાદેશિક લોકજીવનની તત્કાલીન રહેણીકરણી, ભોજન, પહેરવેશ, રીત-રિવાજ, ધાર્મિક માન્યતાઓ, રાજવહીવટ, લોકોના વિવિધ વ્યવસાય, આભૂષણ, ઘરેણાં, સુશોભનની વસ્તુઓ, સુશોભન-વૃક્ષો આદિ સમાજવિદ્યા, અર્થશાસ્ત્ર, ભાષા, કલા, રાજનીતિશાસ્ત્ર, ધર્મ આદિ વિષયો પર ઘણી સામગ્રી પ્રાપ્ત થાય છે. આ સામગ્રી અભ્યાસીઓને પ્રાદેશિક અને ભારતીય સાંસ્કૃતિક ઇતિહાસ માટે અતિ ઉપયોગી થઈ પડે તેવી છે. આવી અધ્યયનક્ષમ કૃતિના સંપાદન માટે શ્રી. નાહટાજી અભિનંદનને પાત્ર છે.

અહીં પુસ્તકના સંપાદન અંગે એક ઊભી થયેલ સમસ્યાનો ઇશારો કરવો ઇષ્ટ છે. કર્તાનું મૌલિક કર્તૃત્વ, સ્થળ અથવા જે તે પ્રદેશ અને રચનાસમય તેમ જ લેખનસમય વગેરેની સ્પષ્ટ છાપ અને સંસ્કાર, પુસ્તકના દસ વિભાગનાં વર્ણનોમાં દૃષ્ટિગોચર થતાં નથી. વિદ્વાન સંપાદકે જે તે હસ્તપ્રતમાં પ્રાપ્ત થયેલી કૃતિઓ, વિષયવાર વર્ણનો છૂટાં પાડ્યા વિના, 'વર્ણક-સમુચ્ચય, ભાગ ૧'ની માફક, સંગ્રહમાં અન્તર્ગત કરી હોત તો, ભાષા, સાંસ્કૃતિક સામગ્રીની પ્રાચીનતા, કર્તાનું કર્તૃત્વ અને પ્રાદેશિક અસર, તેમના અસલ સ્વરૂપમાં જળવાઈ રહેત. બીજી આવૃત્તિ વખતે, પાંચે ય કૃતિઓનું સંકલન, મૂળ હસ્તપ્રતોમાં પ્રાપ્ત થયેલ કૃતિઓ પ્રમાણે થાય તો તે ઔચિત્યપૂર્ણ થશે.

'સભાશૃંગાર'માં જે વર્ણક-સાહિત્ય પ્રાપ્ત થાય છે, તે જ પ્રકારનું સાહિત્ય, ઉપર દર્શાવ્યું છે તેમ પ્રાચીન ગુજરાતી અને મૈથિલીમાં મળે છે; મરાઠી કૃતિ મુક્તેશ્વરકૃત 'મહાભારત'માં મળતાં આ ગદ્યસાહિત્યનાં અવતરણો, ડૉ. ઉમાકાન્ત શાહે '**गीर्वाणपदमञ्जरी**' અને '**गीर्वाणवाङ्मञ्जरी**'ની પ્રસ્તાવનામાં આપ્યાં છે. ડૉ. દિનેશચન્દ્ર સેને નોંધ કરી છે (Bengali Language and Literature) કે, શ્રોતાજનોમાં કથારસ જાગૃત કરવાને માટે, દરેક બંગાલી કથકે, કેટલાંક પૌરાણિક પાત્રોનાં વર્ણન મોઢે કરી રાખવાં પડે છે. એટલે બંગાળીમાં પણ આવું વર્ણકસાહિત્ય અલિખિત સ્વરૂપમાં, મૌખિક પરંપરા દ્વારા વ્યાપક બનેલું છે.

---

૧ જુઓ ઉપર્યુક્ત નિવેદન.

૨ શાહ (ડૉ.) ઉમાકાન્ત પ્રે.–સંપાદિત 'गीर्वाणपदमञ्जरी' અને 'गीर्वाणवाङ्मञ्जरी, મ. સ. યુનિવર્સિટી ઓરિયેન્ટલ સિરીઝ, ગ્રન્થાંક ૪; ૧૯૬૦.

આવા પ્રકારનાં ગદ્યવર્ણનો, નક્કી કરેલાં બીબામાં ઢાળેલી શૈલીમાં વારંવાર આવર્તન પામતાં હોઈ, કંટાળાજનક લાગે છે, એવી એક ફરિયાદ છે; પણ આ પ્રકારના ગદ્યમાં વિચાર, વાણી, આદિની અભિવ્યક્તિની જે જુદી જુદી ભંગિઓ અને છટાઓ વરતાય છે, તેમાં બોલાતી ભાષાનું જે બળ છે, અને ભાવાનુરૂપ સ્વરના આરોહ-અવરોહ અનુભવાય છે તે આ સાહિત્ય-પ્રકારનું આગવું સૌન્દર્ય છે.

વર્ણક-સાહિત્યની સામગ્રી સાંસ્કૃતિક ઇતિહાસના પુનર્ઘટનમાં ઉપયોગી થઈ શકે છે, તદ્ ઉપરાંત ભાષાવૈજ્ઞાનિક દૃષ્ટિએ, ધ્વનિપ્રક્રિયા, રૂપઘટનપ્રક્રિયા, શબ્દકોશ અને વાક્યરચનાને અનુલક્ષી, વર્ણકોના ગદ્યની ભાષાકીય ખૂબીઓના અધ્યયન માટે તે વિશાળ અને વ્યાપક ક્ષેત્ર પૂરું પાડે છે.

**સોમાભાઈ ધૂ. પારેખ**

*     *     *

## સાભાર સ્વીકાર

**કર્મસિદ્ધાંત સંબંધી સાહિત્ય :** લેખક—હીરાલાલ ર. કાપડિયા, પૃ. ૧–૨૨૦, રૂા. ત્રણ; પ્રકાશક શા. મઘરાજજી ખુમાજી વાદણવાડીવાળા, હાલ-મુ. વાઈ (મહારાષ્ટ્ર).

**લોકશાહીનું સ્વરૂપ :** લેખક—પુરુષોત્તમ માવળંકર, પૃ. ૧–૭૨, ૮૦ ન. પૈ. પ્રકાશક—બાબુપ્રસાદ પી. મહેતા, જ્ઞાનકૌશલ્ય પ્રચાર સમિતિ, ચાણસ્મા, જિ. મહેસાણા.

**સામ્યવાદી ચીન આત્મપ્રતારણાને પંથે :** લેખક—સુભદ્રા ગાંધી, પૃ. ૧–૧૦૪, રૂા. ૨=૦૦ પ્રકાશક—'વિશ્વમાનવ,' વતી ભોગીલાલ ગાંધી, રામજી મંદિર પોળ, વડોદરા.

**રાજ્યબંધારણના કાયદાનો પ્રચાર :** અનુવાદક—ગિરીશ છો. પટેલ, પૃ. ૧–૪૮૦, રૂા. ૧૨=૫૦. પ્રકાશક—શ્રી કંચનલાલ ચંદુલાલ પરીખ, રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.

**ગ્રહાષ્ટક વત્તા એક :** લેખક—ચુનીલાલ મડિયા, પૃ. ૧–૨૩૨, રૂા. ૪–૫૦; પ્રકાશક—કનુભાઈ કે. વોરા, વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ, પ્રા. લિ., ૩, રાઉન્ડ બિલ્ડીંગ, કાલબાદેવી રોડ, મુંબઈ–૨,

**કચ્છનું ગુજરાતી સાહિત્ય :** લેખક—રામસિંહજી રાઠોડ, પૃ. ૧–૩૨, પ્રકાશક—ગુજરાત સાહિત્ય સભા તરફથી મંત્રી ચૈતન્યપ્રસાદ મો. દીવાનજી, બેલેન્ટાઈનની હવેલી, ત્રણ દરવાજા, અમદાવાદ–૧.

**સામ્યવાદી ચીન—ખેડૂતોની દુર્દશા :** લેખક—ભોગીલાલ ગાંધી, પૃ. ૧–૧૪૪, રૂા. ૨=૭૫ પ્રકાશક—'વિશ્વમાનવ' વતી ભોગીલાલ ગાંધી, રામજી મંદિર પોળ, વડોદરા.

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂા. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **કહેવત કથાનકો**—પ્રણવતીર્થજી | ૬=૫૦ |
| ૨ | **પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા | ૪=૭૫ |
| ૩ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૪ | **આપણું વિશ્વ**—છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૫ | **આપણી ખનિજસંપત્તિ**—ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૬ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૭ | **મીરાંબાઈ–એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર | ૬=૭૫ |
| ૮ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૯ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૧૦ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૧૧ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૧૨ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૩ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૪ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૫ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |

## શ્રી સયાજી ગ્રામવિકાસમાલા

| | | |
|---|---|---|
| ૧ | **ઘઉં**—માર્તંડ શિવભદ્ર પંડ્યા | ૩=૦૦ |
| ૨ | **આબાદીને માર્ગે**—કેશવલાલ વ્યાસ | ૧=૭૫ |
| ૩ | **લોકનાટ્ય અને ગામડું**—જશવંત ઠાકર | ૧=૨૦ |
| ૪ | **ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—કાન્તિલાલ સી. પટવા | ૨=૩૦ |
| ૫ | **સમાજશિક્ષણ**—શાન્તિલાલ શાહ | ૨=૮૦ |

પ્રાપ્તિસ્થાન:

**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**
**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**
**વડોદરા**

## આવતી કાલ કદાચ આપત્તિકાળ પણ હોય

ભાગ્યોદય કે આપત્તિ, સુખસંતોષ કે સંતાપ—આવતી કાલનું નિર્માણ શું હશે તે કોણ જાણી શકે?

તમારાં સ્વજનો પોતાની સલામતી માટે તમારા પર આધાર રાખે છે; અથવા ભાવિનો પ્રતિકાર કદાચ તમારે એકલાએ પણ કરવો પડે, એટલે ગમે તે સંજોગો માટે તમારે તૈયાર રહેવું જ જોઈએ.

અને આ વિષયમાં બરોડા બૅન્ક તમને હંમેશ સહાયરૂપ બની શકે છે.

આ બૅન્કમાં માત્ર એક રૂપિયાથી બચત ખાતું ખૂલી શકે છે. તમારું નિયમિત રોકાણ ગમે તેટલું ઓછું હોય તોપણ ૪%નું વ્યાજ તેની સતત વૃદ્ધિ કરતું રહેશે, અને પરિણામે રોજિંદા જીવનમાં તમને નવા આત્મવિશ્વાસનું દર્શન થશે.

વિવિધ પ્રકારની બચતયોજનાઓમાંથી પસંદગી કરો :—

- ★ **બચત ખાતું**
- ★ **રિકરિંગ ડિપોઝીટ ખાતું**
- ★ **સગીર બચત ખાતું**
- ★ **ફિક્સ્ડ ડિપોઝીટ ખાતું**

બરોડા બૅન્કની તમારી સ્થાનિક શાખાના મૅનેજરને મળો. તેઓ દરેક પ્રકારના ખાતા વિશે મિત્રભાવે તમને સલાહ આપશે અને તમારા પોતીકા પ્રશ્નની ચર્ચા કરશે.

### નિયમિત બચત કરો

# ધી બૅન્ક ઑફ બરોડા લિમિટેડ

(સ્થાપના: ૧૯૦૮) હેડ ઑફિસ: **વડોદરા**

અમારી સઘળી સેવાઓ વિશે માહિતી આપતી પુસ્તિકા **'આપણી સેવા કરવા સદા તત્પર'** મફત મેળવવા માટે લખો.

શિક્ષણ, સાહિત્ય, કળા અને સંસ્કારવિષયક અભ્યાસપૂર્ણ લેખો પ્રસિદ્ધ કરતું તથા લોકસભાના પ્રથમ અધ્યક્ષ સદ્દગત દાદાસાહેબ માવળંકરની અપ્રગટ 'રોજનીશી'માંથી; 'વિચારાંકુર;' 'મધપૂડો' જેવા નિયમિત વિભાગો પ્રગટ કરતું અને ઇતિહાસ, રાજકારણ તથા અન્ય સમાજવિદ્યાઓ-વિષયક મનનીય વાચનસામગ્રી પીરસતું વિચાર અને વિવેચનનું સામયિક

# અભ્યાસ

સંપાદક: **પુરુષોત્તમ ગણેશ માવળંકર**

'અભ્યાસ'માં પ્રગટ થયેલ વિવિધ લેખમાળાઓને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરતા હોઈ આજદિન સુધી પ્રગટ થયેલ 'અભ્યાસ' પુષ્પ તરીકે ઓળખાતાં નીચેનાં પુસ્તકો ઉપલબ્ધ છે:

| | | રૂ. પૈ. |
|---|---|---|
| * ભારતમાં આંકડાશાસ્ત્ર (બીજી આવૃત્તિ) | ડી. એસ. સેવક | ૪=૦૦ |
| * ભારતમાં સાંસ્કૃતિક ઇતિહાસની રૂપરેખા | જયદેવ મો. શુક્લ | ૪=૫૦ |
| * સામાન્ય મનોવિજ્ઞાન | વિ. સ. વણીકર | ૨=૫૦ |
| * ભારતીય અર્થકારણની રૂપરેખા | ન. ઉ. રાજગુરુ | ૪=૦૦ |

* **'અભ્યાસ'** ૧૯૬૧ થી દર મહિનાની છેલ્લી તારીખે પ્રસિદ્ધ થાય છે.

* અગાઉના ચાર વર્ષના પૂરા સેટની દરેકની કિં. રૂપિયા બાર. ટપાલખર્ચ, સેટ દીઠ રૂપિયા બે.

* વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦/-. પરદેશમાં રૂા ૧૫/- અગર શિલિંગ ૨૦/-. મ. ઑ. યા ચેકથી નીચેના સરનામે જ મોકલશો :

**'અભ્યાસ' કાર્યાલય, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ-૧**

*With best compliments*
*from*

# Sarabhai Chemicals

( Karamchand Premchand Private Limited )

**Manufacturers and Distributors of**
**SQUIBB**

**Medicinals in India**
**Wadi Wadi, BARODA**

વાચકોને પુસ્તકોની સૃષ્ટિમાં રમમાણ રાખનારું માસિક

# "ગ્રંથ"

તંત્રી: યશવંત દોશી

## "ગ્રંથ"ના કેટલાક વિભાગો

* પ્રગટ થતાં લગભગ તમામ ગુજરાતી પુસ્તકોની સમીક્ષા
* મહત્ત્વનાં અંગ્રેજી પુસ્તકોની સમીક્ષા
* હિન્દી અને બીજી ભારતીય ભાષાઓનાં અત્યંત મહત્ત્વનાં પુસ્તકોની સમીક્ષા
* અંગ્રેજીમાં લખનારા ભારતીય લેખકોનાં લખાણોનું વિવેચન
* આધુનિક યુરોપીય સાહિત્યના વિકાસ વિષે અભ્યાસયુક્ત લેખમાળા
* વિવિધ વિષયો ઉપર વાંચવા જેવાં પુસ્તકોની સંદર્ભસૂચિ
* ઇતિહાસ-સર્જક પુસ્તકો
* એક વર્તમાન ગુજરાતી નવલકથાકારના લેખનની સમીક્ષા કરતી લેખમાળા
* જગતની એક શ્રેષ્ઠ સાહિત્યકૃતિ અને તેના લેખક વિષે વિવેચનાત્મક લેખ
* એક ઉત્તમ અથવા અત્યંત લોકપ્રિય અથવા અતિશય ચર્ચાસ્પદ બનેલી કૃતિનો સાર
* ગ્રંથપાલો જેની ઉપરથી સીધાં કાર્ડ બનાવી શકે તેવી વર્ગીકૃત પદ્ધતિએ અપાતી નવાં પુસ્તકોની યાદી

ઉપરના વિભાગો જોતાં પ્રત્યેક પુસ્તકપ્રેમીને ખાતરી થશે કે 'ગ્રંથ'નું વાચન શાથી અનિવાર્ય છે.

**વાર્ષિક લવાજમ ૧૦ રૂપિયા**
**પરદેશમાં ૨૦ શિલિંગ**

પરિચય ટ્રસ્ટ
૧૯-૨૧, હમામ સ્ટ્રીટ,
**મુંબઈ-૧**

જ્યોતિ

# પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દૃષ્ટિએ **જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ** ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.


૪" થી ૨૪"વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિઃ કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવઃ ૩૦૧ ફૂટ સુધી.



*Quality is our Creed*

**જ્યોતિ લિમિટેડ, વડોદરા-૩**

JY-884-GJ EVEREST



# સંઘરી રાખેલું સોનું



## દેશના
## વિકાસ-કાર્ય માટે
## ઉછીનું આપો

દેશને સોનાની જરૂર છે—ઉદ્યોગ માટે, ખેતી માટે અને સંરક્ષણ માટે. તમારું પડતર સોનું દેશને ઉપયોગમાં આવતું નથી, રાષ્ટ્રના ઉજ્જવલ ભાવિ અર્થે તેનું રોકાણ કરો— સુવર્ણ બૉન્ડમાં રોકો. રાષ્ટ્ર-નિર્માણ અર્થે તમારું સોનું વપરાય છે ત્યારે તે વધુ ઝળહળે છે. સુવર્ણ બૉન્ડના રૂપમાં તે વિશેષ મૂલ્યવાન બને છે.

**સ્ટેટ બૅન્ક**
**આપની સેવામાં**

LPE Aiyars. S. 91 GJ

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂ. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલ ખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
**વડોદરા.**

**સંપાદક**

---

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ફેબ્રુઆરી ૧૯૬૬.



કૌમારી

( આઠમા સૈકાનું મનોહર શિલ્પ : કારવણ )

ફોટો કૉપીરાઈટ : ડૉ. ઉમાકાન્ત શાહ